વસંત

બાલશિક્ષણ પ્રચારમાળા

ગુચ્છ પહેલો

320
D

1600104

Jyotsna
Vasant Shodhan

બાલશિક્ષણ પ્રચારમાળા

ગુચ્છ પહેલો

પ્રકાશક
નાનાભાઈ, ગિજુભાઈ
ભાવનગર ; ૦-૧૧-૦
કિંમત આઠ આના

પહેલી આવૃત્તિ સંવત ૧૯૭૭
બીજી આવૃત્તિ સંવત ૧૯૮૨
ત્રીજી આવૃત્તિ સંવત ૧૯૮૬



મુદ્રકઃ
પારી. ભીખાભાઇ ગોપાળજી
શ્રીસરસ્વતી છાપખાનું : ભાવનગર

નિવેદન

વસંત બાલશિક્ષણ પ્રચારમાળાના દાતા શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહ ભાવનગરવાળા (હાલ મુંબઇ)ને અભિનંદન ઘટે છે. તેમણે અમારા હાથમાં રૂા. ૫૦૦૦)ની રકમ મૂકીને તેમાંથી માબાપને ઉપયોગી એવું સાહિત્ય તૈયાર કરી–કરાવી પ્રગટ કરવાનું ઈચ્છયું.

તેમની ઇચ્છાનુસાર અત્યાર સુધીમાં ચોગણીશ પુસ્તિકાઓ અને એક **મોન્ટીસોરી પદ્ધતિ** નામનું પુસ્તક અમે પ્રગટ કર્યાં છે. મધ્યમ સ્થિતિનાં આપણાં માબાપો સહેલાઇથી ખરીદી શકે માટે આ પુસ્તકોને પડત કિંમતથી પણ ઓછે દાતાની ઈચ્છાથી વેચવામાં આવે છે.

ઉપર લખ્યાં ચોગણીશ પુસ્તકોના બે ગુચ્છો ગોઠવ્યા છે. અમને ખાતરી છે કે માબાપો ભાઇ હીરાલાલની આ સખાવતની કદર કરશે અને અમારા પ્રયત્નોને પુસ્તકો મગાવી વધાવી લેશે.

વસંત બાલશિક્ષણ પ્રચારને અંગે આ એક કામ છે. બીજાં કામો જુદી જુદી રીતે ચાલે છે. અહીં તો માત્ર આટલું પુસ્તિકાઓ સંબંધે જ.

આપણા દેશના શ્રીમંત જનો બાળઉછેર શિક્ષણના કાર્યને આવી રીતે મદદ આપવા દ્રવ્ય આપે એ આપણી પ્રગતિનું શુભ ચિન્હ છે. અન્ય શ્રીમંત જનો પોતાના ધનને આવે માર્ગે વાળવા પ્રેરાશે તો ભાઇ હીરાલાલનું દાન એ રીતે પણ સફળ થશે.

– **નાનાભાઈ-ગિજુભાઈ**

અનુક્રમણિકા

૧	સ્વતંત્ર બાલશિક્ષણ	ગિજુભાઇ
૨	બાળકોનાં રમકડાં	તારાબેન
૩	શિક્ષણના બ્હેમો	ગિજુભાઇ
૪	બાળજીવનમાં ડોકિયું	ગિજુભાઈ
૫	બાળકોનું બ્હીવું	ગિજુભાઇ
૬	બાલમંદિરમાં	ગિજુભાઇ
૭	બાળકોનો પહેરવેશ	તારાબેન
૮	બાળકોનો બોરાક	ગિજુભાઇ
૯	બાળકોની કુટેવો	ગિજુભાઇ

સ્વતંત્ર બાલશિક્ષણ

ડૉ. મોન્ટીસોરી

યુરોપીય કેળવણીનો ઇતિહાસ જુઓ કે સમર્થ કેળવણીકારોની નામાવલિ તરફ દૃષ્ટિ નાખો તો માલૂમ પડશે કે એમાં કોઇ પણ સ્થળે સ્ત્રીનું નામ નથી. પહેલવહેલી જ એક સ્ત્રી કેળવણીકાર ઉત્પન્ન કરવાનું માન ઇટાલીને ઘટે છે. ડૉ. મોન્ટીસોરીની પહેલાં થઈ ગએલા સર્વ કેળવણી-શાસ્ત્રીઓ ઉપલકિયા જ્ઞાનવાળા અને કેટલેક અંશે સિદ્ધાન્તી હતા. કેળવણીના ઇતિહાસમાં આ પહેલી જ વખતે એક જુદા જ ક્ષેત્રમાંથી ડૉ. મોન્ટીસોરી આપણી સમક્ષ ખડાં થાય છે, અને કેળવણીના સત્ય સિદ્ધાન્તોની અપૂર્વ મીમાંસા રજુ કરે છે. મૅડમ મોન્ટીસોરીમાં માનવવંશશાસ્ત્રી, શરીરશાસ્ત્રી, માનસ-શાસ્ત્રી, તત્ત્વવેત્તા અને કેળવણીશાસ્ત્રી એ બધાનું

એકલી સાથે દર્શન થાય છે. બાળકે અને બાળમંગ-
જનાં એ ખાસ અભ્યાસી છે. પોતે અપરિણિત છતાં.
માતાઓની પણ તે માતા છે; અને બાળકોનાં મહાન
સરસ્વતી છે. બાળકોનો નવયુગ પ્રવર્તાવનાર, જડવાદ:
અને પરાધીનતાની બેડીમાંથી મનુષ્યજાતિને ઉદ્ધા-
રવાનો આરંભક પ્રયત્ન કરનાર ડૉ. મોન્ટીસોરી છે..

ઇટાલીની સ્વાતંત્ર્યની લડતના છેલ્લા દિવ-
સોમાં ડૉ. મોન્ટીસોરીનો જન્મ થયો હતો.
એના કુટુંબને ધંધાથી કે પરંપરાથી કેળવણી સાથે.
સંબંધ ન હતો, છતાં અગિયાર વર્ષની ઉંમરે
આ સ્ત્રીને દુનિયામાં બહાર પડીને કંઇક કામ
કરવાનો આવેશ આવ્યો. આ વખતે ઇટાલીમાં
સ્ત્રીની પહલી હલકા દરજ્જાની મનાતી હતી. બહુ
બહુ તો સ્ત્રીઓ માત્ર મહેતીજીના ધંધા માટે લાયક
ગણાતી અને તેમાં પડતી. બીજા ધંધામાં સ્ત્રીનો
પ્રવેશ તે વખતની સમાજ સહન કરી શકતી
નહોતી. મૅડમ મોન્ટીસોરીએ પ્રથમ તો મહેતીજીના
ધંધામાં પડવાનો વિચાર કર્યો. પરંતુ તે વખતે
ચાલી રહેલા શિક્ષણના પ્રકારમાં તેનું મન ખૂંચ્યું
નહિ. તુરત જ તેણે ઇજનેરીનો અભ્યાસ કરવાનું
શરૂ કર્યું. એ જમાનામાં સ્ત્રીઓ ભાગ્યે જ ભણતી.
તેથી ઇજનેરી શાળામાં મોન્ટીસોરી એકલી જ
સ્ત્રીવિદ્યાર્થી હતી, અને તેથી તેને પુરુષ વિદ્યા-

વીઓની વચ્ચે રહીને અભ્યાસ કરવામાં અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. સવારે મોન્ટીસોરીને તેની માતા શાળાએ પહોંચાડવા જતી, તો સાંજે તેને તેનો પિતા શાળાએથી તેડી લાવવા જતો. વર્ગમાં તેને છોકરાઓથી અલગ બેસવું પડતું. ભોજન કે વિશ્રાન્તિના સમયે તેને શાળાના એકાદ ઓરડામાં ભરાઈ રહેવું પડતું, અને બારણા પાસે પોલિસચોકીની વ્યવસ્થા કરવી પડતી. પરંતુ આ સઘળી મુશ્કેલીઓ આ બાઈને મન હિસાબમાં નહોતી, કારણ કે તેનું લક્ષ ગણિતશાસ્ત્રના અભ્યાસમાં હતું. શાળા તો માત્ર એક સાધન હતું. આ શાળામાં રહી તે એક સમર્થ ગણિતશાસ્ત્રી બની. સમય જતાં તેનું મન ડાક્તરી તરફ ગયું. ઇટાલીના એ દિવસોમાં ડાક્તરી અભ્યાસ માટે મોન્ટીસોરી પહેલવહેલી જ સ્ત્રીવિદ્યાર્થી તરીકે બહાર પડનાર હતી. લોકમત તેથી વિરુદ્ધ હતો, તેમ છતાં છોકરાની શાળામાં અનેક મુશ્કેલીઓ વચ્ચે તેણે પોતાનો અભ્યાસ શરૂ રાખ્યો, અને ડાક્તરીના લાંબા અને કઠિન અભ્યાસ પછી રોમની વિદ્યાપીઠની એમ. ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. આ એમ. ડી. ની ઉપાધિ મળ્યા પછી રોમની મગજના દર્દીની ઇસ્પિતાલમાં તેને મદદગાર ડાક્તર તરીકે જગ્યા મળી. આ સ્થળે વિશેષતઃ તેને મૂઢ અને

૪

મંદબુદ્ધિનાં બાળકોની સંભાળ રાખવાનું કામ

હતું. એ કામમાં તેને અત્યન્ત રસ પડવા લાગ્યો, અને તેણે સેગુઇને યોજેલી જડબુદ્ધિને સુધારવાની શિક્ષણપદ્ધતિનો અભ્યાસ શરૂ કર્યો. અહીં અમુક સમય કામ કર્યા પછી દાક્તરી દૃષ્ટિથી મનુષ્યજીવનનું અવલોકન તેને અપૂર્ણ લાગ્યું અને મનુષ્ય જીવનને તત્ત્વદૃષ્ટિથી વિલોકવાનો તેને વિચાર થયો. તેથી તે ફરી વાર રોમની વિદ્યાપીઠમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા દાખલ થઇ. ત્યાં ચાર વર્ષ ગાળી તે વિષયનો અભ્યાસ પૂરો કર્યો. દાક્તરના અને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી તેના મનમાં સ્ફૂર્યું કે મૂઢ બાળકોને એકલા દાક્તરી ઉપાયો કરતાં શિક્ષણ વિષયક ઉપાયોથી સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે તો સફળતા મળે. ટુરીનમાં ભરાએલી સને ૧૮૯૮ની કેળવણી પરિષદમાં પોતાના આ વિચારો તેણે પ્રકટ કર્યા. તેના ભાષણથી કેળવણીના ક્ષેત્રમાં એક નવો જ પ્રકાશ પડ્યો, અને કેળવણીની દુનિયામાં નવી જાગૃતિ આવી. ત્યાંના વિદ્યાધિકારીએ મૂઢ બાળકોને કેમ સમજવાં તથા તેમને નવીન પદ્ધતિથી કેમ કેળવવાં એ વિષય ઉપર રોમની વિદ્યાપીઠમાં ભાષણો આપવા માટે ડૉ. મોન્ટીસોરીને આમંત્રણ કર્યું. ડૉ. મોન્ટીસોરીની આ પ્રવૃત્તિથી ઓર્થોફ્રેનિક સ્કૂલ

જન્મી. આ શાળામાં ડૉ. મોન્ટીસોરીએ સને ૧૮૯૮ થી ૧૯૦૦ સુધી મૂઢ બાળકોને શિક્ષણ આપવાનું કામ જાતે કર્યું, તે માટે શિક્ષકોને તૈયાર કર્યા, અને લંડન તથા પારીસ જઈ મૂઢ બાળકોની શાળાઓ અને પ્રચલિત પદ્ધતિઓનો અભ્યાસ કરી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો. મૂઢ બાળકોના શિક્ષણના કાર્યમાં ડૉ. મોન્ટીસોરીને અપૂર્વ ફતેહ મળી. પોતે યોજેલી પદ્ધતિથી મૂઢ બાળકોને તેણે વાંચવા લખવાનું કામ એટલું બધું સુંદર શીખવ્યું કે જ્યારે તેઓને અમૂઢ બાળકોની શાળામાં પરીક્ષા માટે મોકલવામાં આવ્યાં ત્યારે તેઓ અમૂઢ બાળકોની સાથે હરીફાઇ કરવામાં ફતેહમંદ નીવડ્યાં. આ પરિણામથી લોકો છક થઇ ગયા. જેમણે આ પરિણામો જોયાં હતાં તેઓએ તો આ કિસ્સાને જાદુઇ કિસ્સો માન્યો. ડૉ. મોન્ટીસોરીને જે આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું તે એ હતું કે અમૂઢ બાળકો સરખી જ ઉંમરે મૂઢ બાળકો જેવાં કેમ રહ્યાં હશે ? ડૉ. મોન્ટીસોરીના મનમાં વિચાર આવ્યો કે જો અમુક પદ્ધતિથી મૂઢ બાળકોને અમૂઢ બાળકો જેટલાં જ (સરખી ઉંમરે) શક્તિમાન કરી શકાય તો અને એ જ પદ્ધતિ અમૂઢ બાળકોને પણ લાગુ કરાય તો ઘણાં અસાધારણ પરિણામો આવી શકે ખરાં. શિક્ષણની

દિશા મૂઢ તેમ જ અમૂઢ બાળકો. માટે એક જ રાખવામાં મોન્ટીસોરીને કાંઇ વાંધો હોય એમ જણાયું નહિ. કારણ કે બંને કોટિનાં બાળકો માટે શિક્ષણનું ધ્યેય એક જ હતું. ઉક્ત વિજયથી તથા સરગી, લૉમ્બ્રોસો અને જેવાનના વિચારોથી મોન્ટીસોરીની માન્યતા દૃઢ થઇ. ફરી વાર તેણે સેગુઇનનાં પુસ્તકોનો અભ્યાસ આરંભ્યો અને એનાં લખાણનો આત્મા બરાબર સમજાય તે માટે ફ્રેન્ચ ભાષામાં લખાએલાં એનાં લખાણોનો ઇટાલિયન ભાષામાં પોતાને સારૂ જ અક્ષરશઃ તરજુમો કર્યો.

સને ૧૯૦૭માં ડૉ. મોન્ટીસોરીને પોતાના વિચારો અમલમાં મૂકવાની તક મળી. રોમન સ્થાપત્ય મંડળના અધિકારીને ટેનેમેન્ટમાં વસતાં ૩ અને ૭ વર્ષ વચ્ચેની વયનાં તમામ બાળકોને એકાદ શિક્ષકની દેખરેખ નીચે રાખી કામમાં અને રમતમાં ગૂંથવાનો વિચાર આવ્યો; અને તેણે આ કામમાં મદદ આપવા ડૉ. મોન્ટીસોરીને વિનતિ કરી. ડૉ. મોન્ટીસોરીએ આ બાળકો ઉપર પોતાના મન્તવ્ય પ્રમાણે કેળવણીના અખતરા કરવાનું સ્વીકાર્યું, અને સને ૧૯૦૭ના જાન્યુઆરીમાં ઇટાલીમાં પહેલવહેલું બાલમંદિર ઉઘડ્યું. આ પ્રવૃત્તિને અપૂર્વ ઉત્તેજન મળ્યું. તરત જ આવી

૭

જાતની શાળાઓ ઇટાલીમાં ફેલાઇ. મૂઢ બાળકોને માટે જે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે જ પદ્ધતિનો ઉપયોગ આ મંદિરોમાં થતો હતો. વખત જતાં અને અનુભવ વધતાં શરૂઆતની પદ્ધતિમાં ઘણા ફેરફારો થયાં. હાલ એ પદ્ધતિનું નિર્ણિત સ્વરૂપ ડૉ. મોન્ટીસોરીએ લખેલા 'મોન્ટીસોરી પદ્ધતિ' નામના પુસ્તકમાં જોઇ શકાય છે.

ડૉ. મોન્ટીસોરીનો અખતરો હજી અપૂર્ણ છે. અત્યારે તેણે ૭ થી ૧૪ વર્ષની ઉંમર વચ્ચેનાં બાળકો માટે પણ યોગ્ય પદ્ધતિ શોધી કાઢી છે, અને તે ઉપર બે પુસ્તકો અને સાહિત્યો તૈયારં છે. આ બે પુસ્તકો The Advanced Montessori Method ને લગતાં છે, જેનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) Spontaneous Activity in Education.

(૨) Montessori Elementary Material.

જન્મથી ત્રણ વર્ષ સુધીનાં બાળકોની કેળવણીના અને ચૌદ વર્ષ ઉપરનાં બાળકોની કેળવણીના પ્રયોગો તો હજી ચાલુ જ છે.

૨

મોન્ટીસોરી પદ્ધતિનું ધ્યેય

મોન્ટીસોરી પદ્ધતિ, જેને શિક્ષણશાસ્ત્રમાં પદ્ધતિના નામથી ઓળખવામાં આવે છે તેવી એક પદ્ધતિ નથી; કેટલાક અણસમજુ લોકો માને છે તેમ તે નાનાં બાળકોને કાંઇક ચાવીની જેમ એકાદ સહેલી યુક્તિથી શીખવી દેવાની પણ યોજના નથી. એ પદ્ધતિ મનુષ્યજીવનના ધ્યેયનું કેળવણીના ક્ષેત્રમાં સહજ પરિણામ છે. તે એક ફિલસુફી છે. જેમ કેળવણીની બીજી કોઇ યોજના પાછળ કોઇ એક ચોક્કસ ધ્યેય હોય છે, તેમ જ મોન્ટીસોરી પદ્ધતિની કેળવણીની યોજના પાછળ ચોક્કસ ધ્યેય છે.

અત્યારે દુનિયાનું ધ્યેય 'સ્વાતંત્ર્ય' થતું જાય છે. છતાં એ ધ્યેયનું ખરું સ્વરૂપ લોકો સમજી ન શકતા હોય એમ સાચા વિચારકોને લાગે છે. યુરોપમાં સ્વતંત્રતાના દિવસો ઘણા વખતથી શરૂ થઇ ચૂકયા છે ખરા, પણ સ્ત્રીઓના સ્વાતંત્ર્ય સામે હજી પણ લડતો ચાલતી જોવામાં આવે છે. હજી સ્ત્રીઓ પુરુષો જેવું સ્વાતંત્ર્ય સંપૂર્ણપણે મેળવે તેમાં સ્વાતંત્ર્યપ્રિય લોકોને પણ સખત વાંધો છે. અને જેઓ અત્યારે બાળકોના સ્વાતંત્ર્યની વાતો કરે છે તેઓ તો એકદમ

પાગલ જ મનાય છે. સ્વાતંત્ર્યના સિદ્ધાન્તને અનુસરીને દુનિયામાંથી ગુલામીનો વિરોધ કરનારાઓ આજે હજારોની ગુલામી સહી રહ્યા છે; અને વધારેમાં વધારે તેઓ કરી શકતા હોય તો એટલું જ કે તેઓ શ્રીમંતાઇની ગુલામીમાંથી લોકોને મજુરીની ગુલામીમાં ધસડે છે. આમ હોવાથી જ આજે સ્વતંત્ર ગણાતી પ્રજા હડતાળીયાની ગુલામીમાં આવી પડી છે. સ્વતંત્ર કહેવાતી પ્રજા બે વિરોધી આદર્શોની જાળમાં જકડાઇ છે. (૧) દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા, અને (૨) અનાયાસ. લોકોનો એક વર્ગ એવો છે કે જે પોતે પોતાના દ્રવ્યબળથી બીજાને પરાધીન રાખવા માગે છે અને બીજા પાસે કામ કરાવી પોતે આરામ લેવા ચાહે છે. આ વર્ગ ધનિકોનો છે. બીજો વર્ગ મજુરોનો છે. એ વર્ગની વૃત્તિ પણ કામ ન કરવા તરફ છે. આથી ધનિકો મજુરોની ગુલામીમાં અને મજુરો ધનિકોની ગુલામીમાં સપડાયા છે, અને સ્વતંત્રતાના આદર્શો હોવા છતાં પૂરી પરાધીનતામાં આવી પડ્યા છે.

મોન્ટીસોરી પદ્ધતિનું ધ્યેય ખરી સ્વતંત્રતા છે. મનુષ્યની ખરી સ્વતંત્રતા સ્વાવલંબન ઉપર છે. પરાવલંબનનો નાશ એ જ સ્વતંત્રતાનો પાયો છે. ખરી સ્વતંત્રતામાં માણસ માણસનો ગુલામ

નથી. એટલું જ નહિ પણ માણસ પોતાનો પણ ગુલામ નથી; એ વિચાર મોન્ટીસોરી પદ્ધતિની પાછળ રહેલો છે. સ્વાતંત્ર્ય એટલે અપરાધીનતા એટલું જ નહિ પણ આત્મસંયમ પણ સાથે, એ સિદ્ધાન્ત મોન્ટીસોરીની શિક્ષણ પદ્ધતિમાં વણાએલો છે. આ સિદ્ધાન્ત સ્વાભાવિક સિદ્ધાંત છે એમ તેણે પ્રયોગોથી સિદ્ધ કર્યું છે, અને તેથી જ તેણે પોતાની પદ્ધતિનું ઘોરણ આ સિદ્ધાંત ઉપર રચ્યું છે.

માણસ સ્વભાવથી જ સ્વતંત્રતાપ્રિય છે, અને તેથી કામ કરવાની વૃત્તિ તેના સ્વભાવમાં જ રહેલી છે. સ્વભાવને અનુકૂળ કામથી માણસ થાકતું નથી, પણ ઉલટું આળસુ થઈ પડ્યા રહેવાથી માણસ થાકી જાય છે, એવું પ્રયોગોથી સાબીત થયું છે. થાક અને આરામ એ બે બાબતો વિષે હાલની કલ્પના જ ભૂલભરેલી છે, એમ ડૉ. મોન્ટીસોરીનું કહેવું છે.

ડૉ. મોન્ટીસોરીનો કેળવણીશાસ્ત્રમાં ફાળો

ડૉ. મોન્ટીસોરીનું ઉક્ત ધ્યેય એ કાંઈ તેમનો પોતાનો માત્ર માનસિક ખ્યાલ નથી, પરંતુ અનેક અખતરાનું ચોક્કસ પરિણામ છે. મોન્ટીસોરી પોતે ડાક્તર છે, વિજ્ઞાનશાસ્ત્રી છે.

ફાકતરો જંતુઓનો અભ્યાસ કરતી વખતે સ્વા-
ભાવિક રીતે જંતુ જે પરિસ્થિતિમાં રહેતું હોય
તેવી જ પરિસ્થિતિ ઉપજાવીને તેમાં તે જંતુને
મૂકી તેનો અભ્યાસ દૂરથી કરે છે, અને જંતુની
આસિયતો વગેરે શોધે છે. વનસ્પતિશાસ્ત્રી પણ
વનસ્પતિને જે પરિસ્થિતિ સ્વાભાવિક હોય છે તે
પરિસ્થિતિમાં રાખીને વનસ્પતિનો અભ્યાસ કરે છે;
અર્થાત્ તેમને તેમના સ્વભાવ ઉપર જવા દે છે
અને તેના ગુણદોષ વગેરેનો અભ્યાસ કરે છે. ડૉ.
મોન્ટીસોરીએ પણ આવી જ રીતે બાળકોને વન-
સ્પતિ કે જંતુની પેઠે આસપાસ કૃત્રિમ સ્થિતિ ઉભી
કર્યા વિના તેમના કુદરતી સ્વભાવ ઉપર જવા
દઇ તેમનું બારીક અવલોકન કરીને બાળકેળવણીના
સિદ્ધાન્તો રચ્યા છે. મોન્ટીસોરી પદ્ધતિનો મુખ્ય
અને પ્રથમ સિદ્ધાન્ત એ છે કે કોઇ પણ મનુ-
ષ્યને બીજો મનુષ્ય કેળવણી આપી શકતો જ
નથી. માણસે પોતાની કેળવણી માટે પોતે જ
પ્રયત્ન કરવો જોઇએ, નહિ તો તે કદિ પણ કેળ-
વણી લઇ શકે નહિ. આનો અર્થ એ છે કે મનુ-
ષ્યનો વિકાસ શીખવાની કંઇ પણ આન્તર પ્રેરણા
ઉપર આધાર રાખે છે. શીખવાની પ્રેરણા–ઇચ્છા જ
ન થાય તો માણસ કદિ પણ શીખી શકે નહિ.
આ સિદ્ધાન્તનો સાર ડૉ. મોન્ટીસોરી કહે છે કે

બાળક અને શિક્ષકને સીધો સંબંધ નથી જ. બાળકને શિક્ષણના કારણથી જ્ઞાન થતું નથી, પરંતુ શિક્ષણશાસ્ત્રીઓના અવલોકનથી બાળકોના સ્વાભાવિક વિકાસને બંધબેસતી જે પદ્ધતિ યોજવામાં આવી છે તે પદ્ધતિનાં સાધનોના પ્રત્યાઘાતથી બાળકને જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ સિદ્ધાન્તમાંથી પદ્ધતિનાં બે સૂત્રો જન્મ્યાં છે: એક બાળકનું સ્વાતંત્ર્ય અને બીજું સ્વતઃઆવિર્ભાવ. આ વિષે આગળ ઉપર મારા વિચારો આપીશ.

બીજો સિદ્ધાંત એ છે કે પ્રત્યેક બાળક બીજા બાળકથી શરીર, મન અને આત્માથી ભિન્ન છે, માટે જ તેમના વિકાસની વ્યવસ્થા વ્યક્તિગત હોવી જોઇએ. કોઇ કોઇ બાબતમાં કેટલાંક બાળકોમાં સામ્ય હોઇ શકે, પરંતુ તેથી તેમને એક સમૂહ ગણીને તેમના શિક્ષણનું નિર્માણ થઇ શકે નહિ. આથી વર્ગવ્યવસ્થાને અવકાશ રહેતો નથી, તેમ જ ચડતા ઉતરતા સમૂહનાં ધોરણો પણ બાંધી શકાય નહિ.

ત્રીજો સિદ્ધાન્ત એ છે કે પ્રત્યેક બાળક પ્રત્યેક દિવસે પોતાના વિકાસમાં આગળ વધતું જાય છે; તેથી પ્રત્યેક દિવસે તે આગલા દિવસથી ભિન્ન અને નવું નવું થતું જાય છે; અને તે કઇ રીતે નવું નવું બનતું જશે તેનો પૂર્વ ખ્યાલ

બાંધી શકાતો નથી. તેથી ચોક્કસ અભ્યાસક્રમ કે સમયપત્રકની સગવડ આ પદ્ધતિમાં રહેતી નથી.

ચોથો સિદ્ધાંત એ છે કે બાળકોનો સ્વભાવ જ એવો છે કે તેમને અનુકૂળ પરિસ્થિતિમાં —યોગ્ય વાતાવરણમાં મૂકો એટલે તે પોતાની મેળે જ પોતાની જાતને કેળવવા સારૂ પોતાના વિકાસને પોષક પ્રવૃત્તિ જ લઇ લેવાનાં. ડૉ. મોન્ટીસોરીના આ સિદ્ધાન્તોને પરિણામે એની શાળાઓમાંથી ભય, લાલચ, શિક્ષા અને ઇનામોનો બહિષ્કાર કરવામાં આવ્યો છે; વર્ગશિક્ષણ અને ધોરણશિક્ષણને તિલાંજલિ આપી છે; સમયપત્રક અને ચોક્કસ અભ્યાસક્રમને પણ અલ્પ સ્થાન રહે છે; સમયનો બચાવ અને રસ ઉત્પન્ન કરવાના પ્રશ્નો આપોઆપ ઉડી જાય છે; આસનોની ચોકસાઇ અને તેને લીધે પાટિયું રાખવાનું સ્થાન, શિક્ષકે મોટા અક્ષરે લખવું, નબળી આંખ કે કાનવાળાને પાસે બેસારવા વગેરે ઘણી ઘણી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. અત્યાર સુધી શિક્ષક પોતે જ બાળકોને બદલે કામ કરનાર હતો, તેને બદલે હવે બાળક પોતાની જાતે જ કામ કરતું થયું છે. શાન્ત, સંતોષભરી સ્વતંત્ર હીલચાલને નિયમન ગણવામાં આવી છે.

ઉપલક નજરે ઘણાંઓને એવું લાગે છે કે ડૉ. મોન્ટીસોરીના વિચારોમાં નવીનતા નથી; એવા વિચારો તો કેળવણીના ક્ષેત્રમાં છૂટાછવાયા અનેક સ્થળે જોવામાં આવે છે. આ વાત સાચી છે; પરંતુ એ વિચારો મોહક શબ્દજાળ સિવાય બીજું કંઇ જ નહોતું એમ ડૉ. મોન્ટીસોરીએ માન્યું છે, અને સિદ્ધ કરી બતાવ્યું છે. એ વિચારોનું બરૂં સ્વરૂપ અત્યાર સુધી કોઈ ઓળખી શક્યા નહોતા, અને વિચારપુરઃસર અમુક પદ્ધતિનું નિર્માણ તો બિલકુલ કરી શક્યા નહોતા. આમ થવામાં વિચારકોનો દોષ નહોતો; એમના સમયની પરિસ્થિતિ જ દોષપાત્ર હતી.

બાળકના સ્વાતંત્ર્ય વિષેનો મૂળ વિચાર શોધવા જઇએ તો અંગ્રેજ ફિલસુફ જૉન લૉક સમીપ પહોંચાય. રૂસોની 'એમિલિ'માં તો એ વિચારનું સ્પષ્ટ દર્શન થાય છે. હરબર્ટ અને ફ્રોબેલ તેના મોટા હિમાયતી દેખાય છે. ફ્રોબેલે એ જ વિચારને અનુસરી સાધનોની યોજના પણ કરેલી, પરંતુ તે લગભગ નિષ્ફળ જેવી. આ બધા શાસ્ત્રીઓને સ્વાતંત્ર્યના સિદ્ધાન્તનું બ્યાખ્ય આવેલું એમ કહો તો કાંઇ ખોટું નથી. પણ તેમાંનો કોઇ તે બ્યાખ્યને સ્થૂળ સ્વરૂપ આપી શક્યો નથી એ ચોકસ વાત છે. ડૉ. મોન્ટી-

સોરીએ પોતાના વિચારોને સ્થૂળ સ્વરૂપ આપ્યું એ જ તેનો કેળવણીમાં જબરજસ્ત ફાળો છે. આ ફાળો તે શી રીતે આપી શકી છે તે જાણવા જેવું છે. મોન્ટીસોરી પોતાની પદ્ધતિનું મંડાણ શરીરશાસ્ત્ર અને પ્રયોગસિદ્ધ માનસશાસ્ત્રની ઉપર જ રચે છે, અને એમાં જ એનો ખરો ફાળો છે. અત્યાર સુધી શરીરશાસ્ત્રની ઉપર કોઈ પણ કેળવણીકારે કેળવણીનું ઘોરણ રચ્યાનું જાણવામાં આવ્યું નથી; અને જે માનસશાસ્ત્ર ઉપર કેળવણીનું ઘોરણ થોડે ઘણે અંશે રચાયું છે તે ઘરને ખૂણે બેસી માનસશાસ્ત્ર વાંચી જઈને રચાયું છે એમ ડૉ. મોન્ટીસોરીની માન્યતા છે. ડૉ. મોન્ટીસોરી માને છે કે શરીર, ઇંદ્રિયો અને મન એ બધાં માનસિક વિકાસનાં સ્થૂળ સાધનો છે; તેમ જ માનસિક અને શારીરિક વિકાસને સ્થૂળ સ્વરૂપ આપનારાં પણ તે જ સાધનો છે. અર્થાત મન અને આત્માના વિકાસમાં ઇંદ્રિયો, મન અને આત્મા પરસ્પર આધાર રાખે છે. આથી જ કેળવણીનો પાયો શરીરવિદ્યાનુસાર ઠરાવ્યો છે, અને તેથી જ મોન્ટીસોરી પદ્ધતિમાં ક્રિયાત્મક પ્રેરણાત્મક અનુભવાત્મકને સ્થાન આપવામાં આવ્યું છે.

મોન્ટીસોરી પદ્ધતિનો બીજો આધાર પ્રયોગ-સિદ્ધ માનસશાસ્ત્ર છે. સ્વાભાવિક પરિસ્થિતિમાં બાળકોને વિચારવા દઇ ડૉ. મોન્ટીસોરીએ બાળકોના વિકાસનો માર્ગ ખોળી કાઢયો છે. અવલોકન અને અખતરા માર્ગ શોધવાનાં તેનાં સાધનો છે. અને બાળકોના અખતરા ઉપરથી તે એવા નિર્ણય ઉપર આવેલ છે કે બાળમનની આપણી માત્ર કલ્પના અને તેની વાસ્તવિકતા વચ્ચે તો જમીન આસમાન જેટલો ફરક છે. તેણે અનેક અખતરા કરી બાળમનના ઉંડાણમાં પ્રવેશ કર્યો છે. તેણે વિકાસના સ્વાભાવિક નિયમોને શાસ્ત્રીય દૃષ્ટિથી વિલોકયા છે, અને તદનુસાર વિકાસને પોષક થાય તેવાં સાધનો યોજ્યાં છે. ડો. મોન્ટીસોરી કહે છે કે બૌદ્ધિક કે માનસિક વિકાસનું બહિર્દર્શન બાળકની ઐચ્છિક એકાગ્રતા કે તલ્લીનતામાં, તથા જે કાર્યમાં બાળક તલ્લીન થાય તે કાર્યના ઉત્સાહપૂર્વક પુનરાવર્તનમાં થાય છે. તલ્લીનતા એ તંદુરસ્ત બાળકમાં સ્વાભાવિક વૃત્તિ છે. એ વૃત્તિ ન થાય ત્યાં સુધી તેનો વિકાસ અસંભવિત છે. બાળવૃત્તિની એવી સ્વાભાવિકતાને લીધે રસ, એકધ્યાન અને વ્યવસ્થા માટે કૃત્રિમ સાધનો ઉભાં કરવાની અનેક યુક્તિ પ્રયુક્તિની લેશ માત્ર જરૂર રહેતી નથી. પરાણે ઉત્પન્ન કરેલ

રસ અને તજ્જન્ય તલ્લીનતા તથા વ્યવસ્થાથી બધો વિકાસ અટકે છે અને માત્ર યંત્રવત ક્રિયાનું બળ વધે છે.

ડૉ. મોન્ટીસોરીની આ શોધથી હવે ભય અને લાલચ ઉપર રચાએલી શિક્ષણપદ્ધતિનું ભૂત ભાગી જાય છે, ડી ગાર્મોની રસ ઉપરની ફીલસુફી હવામાં ચાલી જાય છે અને હરબર્ટની રસ જમાવવાની શિક્ષણપદ્ધતિનું સ્થાન અલ્પ જેવું થઈ રહે છે. બાળકને સ્વતંત્ર રાખો, પરિસ્થિતિ અનુકૂળ કરી આપો, અને પછી જુઓ કે બાળક પોતાની મેળે જ પોતાની જાતને કેળવે છે. એ વખતે તે એકધ્યાન થશે, રસમાં તરબોળ થશે અને મુશ્કેલી વખતે સહજ પ્રશ્નપરંપરા ઉભી કરશે. ડૉ. મોન્ટીસોરીનો કેળવણીશાસ્ત્રમાં આ પ્રકારનો ફાળો મુખ્ય છે.

સ્વાતંત્ર્ય અને સ્વતઃઆવિર્ભાવના સિદ્ધાન્તો

જે મૂળ સિદ્ધાન્તો ઉપર મોન્ટીસોરી પદ્ધતિનું વ્યાવહારિક ઘોરણ રચવામાં આવ્યું છે તે સિદ્ધાન્તો સ્વાતંત્ર્ય અને સ્વતઃઆવિર્ભાવના (principle of Liberty અને principle of Spontaniety) છે. સ્વાતંત્ર્ય અને સ્વતઃ

આવિર્ભાવ ઉપર આ પદ્ધતિમાં જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેટલો ભાર બીજા કશાય ઉપર મૂકવામાં આવ્યો નથી. કારણ કે ડૉ. મોન્ટીસોરી એમ માને છે કે જો આ સિદ્ધાન્તોને બાળકોની કેળવણી પરત્વે યથાર્થ રીતે અમલમાં મૂકવામાં આવે તો બાળકનો, શાળાનો અને કેળવણીનો ઉદ્ધાર થઇ જાય.

સ્વાતંત્ર્યના સિદ્ધાન્તનો ખ્યાલ કંઇક આ પ્રમાણે છે. બાળક એક સેન્દ્રિય વ્યક્તિ છે; દરકોઇ સેન્દ્રિય વ્યક્તિનો સ્વભાવ એવો છે કે તે પોતાની જાતે પોતાના જ પ્રયત્નથી પોતાની વૃદ્ધિ કે પોતાનો વિકાસ શોધે છે; બાળક પણ એક સેન્દ્રિય વ્યક્તિ હોઇ તે પોતાનો વિકાસ પોતાની મેળે શોધે છે; પોતાનો વિકાસ શોધવાની બાળકની હીલચાલમાં આડે ન આવવું; પોતાની ઇન્દ્રિયો દ્વારા બાળક જે અનુભવો મેળવવા પ્રયત્નો કરી રહ્યું હોય તેમાં વિઘ્ન ન નાખવું; અર્થાત બાળક જે કંઇ કરવા તરફ વળે તે તેને કરવા દેવું. આને સ્વાતંત્ર્ય કહે છે.

ડૉ. મોન્ટીસોરી માને છે કે બાળકની પ્રવૃત્તિમાં વિરોધ કરવાથી બાળકમાં વિરોધનો વિચાર જન્મે છે, અને તેમાંથી ક્રોધ અને દુષ્ટતા ઉત્પન્ન

થાય છે. મૉન્ટીસોરીના સદ્‌ગુરુ સેગુઇનનો મત એવો છે કે બાળકમાં સ્વભાવથી જ દુષ્ટતા અને ક્રોધ નથી. આપણા અવિચારી દબાણ અને બાળકની સહજ પ્રવૃત્તિ સામેના આપણા વિરોધને લીધે ખાસ કરીને આપણે જ તેને તે અવગુણો બક્ષેલા છે. એક તરફ બાળક અને બીજી તરફ આપણે એકબીજાના વિરોધી થઇને લગભગ નિરંતર લડત ચલાવે જઇએ છીએ. બાળક અને મોટાંઓના પરસ્પરના વિરોધની સામે ડૉ. મૉન્ટીસોરી સખત વાંધો દર્શાવે છે, અને આપણા વિરોધમાંથી તથા આપણા દબાણમાંથી બાળકોને મુક્ત કરવા સારૂ તે સ્વાતંત્ર્યના સિદ્ધાન્તને આપણી સમક્ષ રજુ કરે છે.

બાળકને સ્વતંત્રતા આપવી તેનો અર્થ ખાસ કરીને એવો છે કે બાળક જે કાંઇ કરવા ઇચ્છે તે કરવા તે સ્વતંત્ર છે. એવું સંપૂર્ણ ભાન તેને થવા દેવું જોઇએ. અર્થાત્ બાળકની પરિસ્થિતિ એવી ન જોઇએ કે તેને સીધી કે આડકતરી રીતે એમ લાગે કે તે પોતાની હીલચાલમાં અસ્વતંત્ર છે. કારણ કે બાળક જ્યારે પોતાની જાતને જાણ્યે અજાણ્યે સ્વતંત્ર અનુભવી શકે છે ત્યારે જ તે વિકસે છે, પ્રફુલ્લિત થાય છે. બાળક જે કરે તે

તેને કરવા દેવું જોઇએ, તેનો અર્થ એવો નથી કરવાનો કે બાળકને ગમે તે કરવા માટે આપણે દૈવાધીન કરી મૂકીએ; અથવા તો એમ પણ નહિ કે સ્વાતંત્ર્યમાંથી ઉદ્ધતાઇના પ્રદેશમાં તે ઉતરી જાય તેમ થવા દેવું જોઇએ. બાળક વનસ્પતિ નથી તેમ જ તે જનાવર પણ નથી; જો કે વિકાસના કેટલાક સામાન્ય નિયમો બન્નેમાં સરખા જ છે: અર્થાત્ બાળક કેવળ પ્રેરણાને વશ નથી, તેમ તેનું જ્ઞાન પ્રેરણામાત્રથી મર્યાદિત પણ નથી. બાળક પોતાની જાતે જ વિકસી શકે છે એ વાત સાચી છે; પરંતુ જ્ઞાન લેવાની ક્રિયામાં પ્રેરણા તેને હમેશ મદદગાર ન હોવાથી બાળક કેટલું કે અણસમજ્યે કરી બેસે છે કે જે અટકાવીએ નહિ તો ચાલે જ નહિ. આનું કારણ બાળક સામાજિક પ્રાણી છે: સમાજમાં રહેનાર વ્યક્તિને સામાજિક જીવનની અને નૈતિક જીવનની ભાવના અને તદનુસાર વર્તન સ્વીકારવાં જ પડે. આથી કેળવણીની કોઇ પણ યોજના એવી નહિ થઇ જવી જોઇએ કે પરિણામે સામાજિક વ્યવસ્થાનું કે નીતિનું ધોરણ ઉથલી પડે. આ જ કારણથી સ્વાતંત્ર્યના ઉપર ડૉ. મોન્ટીસોરી બે બંધનો-મર્યાદા મૂકે છે:

(૧) બીજાના હક્કોનું સન્માન કે આપણી બીજાઓ પ્રત્યે ફરજ.

(૨) ખરાબ અને સારૂં એ બે ગુણોનો ભેદ.

ડૉ. મોન્ટીસોરી બાળકને એવું એક પણ કામ કરવા ન જ દે કે જે કામ નકામું, ભયંકર કે બીજાને નુકશાનકારક હોય અથવા પાપી કે અનીતિમય હોય. આવા પ્રકારના કામને દાબી દેવાની નિર્મૂળ કરવાની તેઓ ખાસ ભલામણ કરે છે. તેમ છતાં આપણી શાળાઓમાં જે બધું સારાને નામે ઓળખાય છે, અને બીજું જે બધું ખરાબ ગણી નિંદવામાં આવે છે, તે બધાંને તેવી જ રીતે સારૂં અગર ખરાબ છે એમ માનવાની ડૉ. મોન્ટીસોરી ના પાડે છે. આપણી નિશાળોમાં તો સારૂં એટલે હીલચાલરહિતપણું કે ચૈતન્યશૂન્યતા અને નઠારૂં એટલે હીલચાલ એમ મનાય છે. આવી માન્યતાનો ડૉ. મોન્ટીસોરી સખત વિરોધ કરે છે. તે માને છે કે સ્વાતંત્ર્ય એટલે જ પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ એટલે ભલાઇ.

સ્વાતંત્ર્યના સિદ્ધાન્તાનુસાર બાળકને અમુક કામ કરવાની ફરજ પાડી શકાય નહિ, એટલું જ નહિ પરંતુ તેને કામ કરવાને દમાણ કે લાલચ પણ દઇ શકાય નહિ. પોતાના વિકાસને પોષવા સારૂ બાળક પોતાની મેળે જ અનુકૂળ પરિસ્થિતિમાંથી યોગ્ય સાધનો લઇ શકે છે. એ કુદરતી

નિયમ છે: એ કુદરતી નિયમ પ્રવર્તતો હોય ત્યારે શિક્ષકે તો માત્ર દૃષ્ટા બની જવાનું છે; બાળક પોતાના વિકાસમાં કેમ વધે છે તે જોતા જવાનું અને જરૂર પડે તો જ તેને મદદ આપવાનું શિક્ષકનું કામ છે. આમાં જ શિક્ષકની ખરી કસોટી છે. કેવળ દૃષ્ટાની સ્થિતિમાં રહેવાનું કામ સહેલું નથી. તેમ છતાં બાળકના કોઇ અસદ્વર્તનના પ્રસંગો ઉપસ્થિત થાય તો તે બેશક શિક્ષક રોકી શકે જ, અને એવું અસદ્વર્તન કયું ગણવું તે પણ શિક્ષક જ નક્કી કરી શકે. આ પદ્ધતિના ખરા ઉપાસકમાં તો એ બાબતનો વિવેક આવી જ જાય છે. આ કામ ઘણું જ નાજુક છે. બાળક પણ એક અતિ નાજુક યંત્ર છે; તેની સાથે કામ પાડનાર માણસ નાજુકમાં નાજુક હથિયારોથી કામ કરી શકે તેવો હોવો જોઇએ. આ કામ (અસદ્વર્તનને દૂર કરવાનું) ઘણી જ ધીરજ અને ડહાપણથી કરવાનું છે. બાળકના દરેક અવગુણને નરમાશ અને દૃઢતાથી દાબી દેવાનો છે. ક્રોધના આવેશને બદલે દયા અને માયાની લાગણીથી બાળકના મન ઉપર પ્રકાશ પાડવાનો છે. પ્રત્યેક હુકમ એવો હોવો જોઇએ કે જેનો અમલ આપણે કરાવી શકીએ જ. અસદ્વર્તન કેવી રીતે દબાવવું તેના કેટલાક

દાખલા નીચે પ્રમાણે છે:

એક બાળક બીજા બાળકના ચાળા પાડે તો આપણે આપણી નાખુશી જાહેર કરી શકીએ; પરંતુ 'આમ કરવું બરાબ' અથવા 'ફરી વાર આવું કરશો નહિ' એમ કહેવાનો કંઈ અર્થ નથી. બાળકો લડતાં હોય તો તેમને છૂટાં પાડવાં અને તે માટે જરૂરી બળ વાપરવું ઠીક છે; પણ 'તમે લડશો નહિ' અને 'લડશો તો શિક્ષા કરવી પડશે' એમ કહેવું નકામું છે. ઉતાવળા બાળકને છેલ્લો વારો આપવો, બીજાનું બગાડી દેનારને બહાર બેસાડવો, એ ઉપાયો સ્વાતંત્ર્યના સિદ્ધાન્તની મર્યાદામાં ગણાય છે.

ઉક્ત પ્રકારનું સ્વાતંત્ર્ય આપવાથી શાળાની વ્યવસ્થામાં કોઈ પણ જાતનો વાંધો આવતો નથી. ખરી વ્યવસ્થા સ્વાતંત્ર્યમાંથી આવે છે; સ્વાતંત્ર્ય વિના વ્યવસ્થા સંભવી શકતી જ નથી. ડૉ. મોન્ટીસોરી પોતાના એક પુસ્તકમાં વ્યવસ્થિત વર્ગનું વર્ણન આ પ્રમાણે આપે છે:—

A room in which all children move about usefully, intelligently, and voluntarily without committing any rough or rude act, would seem to me (Dr. Montessori) a class-room

very well disciplined indeed.

હવે સ્વતઃ આવિર્ભાવનો સિદ્ધાન્ત તપાસીએ. આ સિદ્ધાન્ત સ્વાતંત્ર્યના સિદ્ધાન્તમાંથી ઉદ્ભવે છે. સ્વંતઃ આવિર્ભાવ એટલે બાળક મરજીમાં આવે તે કરવા મુખ્યત્યાર છે એટલું જ નહિ પણ મરજીમાં આવે તે ક્રમ પ્રમાણે કરવા સ્વતંત્ર છે. આ સિદ્ધાન્ત સ્વાભાવિક છે. બાળકનો વિકાસ બાળકની આંન્તરવૃત્તિ ઉપર અવલંબે છે. તેથી એ આન્તરવૃત્તિ જ્યારે જાગૃત થાય ત્યારે જ વિકાસ સંભવિત છે. બહારનું ગમે તેટલું વલણ કે આકર્ષણ આન્તરવૃત્તિની જાગૃતિ ન હોય તો નકામાં જ જવાનાં. આથી જ કંઈ પણ કરવામાં બાળકને સ્વતઃ આવિર્ભાવ આવવો જોઈએ અને તે આવે એટલે બાળકની ખરી કેળવણી શરૂ થવાની જ.

મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો

મોન્ટીસોરી પદ્ધતિમાં જે સાધનોનો વપરાશ છે તે સાધનોના સાધારણ રીતે બે વિભાગ પાડી શકાયઃ—

૧. વ્યવહારનાં સાધનો.

૨. પ્રબોધક સાહિત્યો.

આ સાધનો મોટે ભાગે લાકડાનાં બનાવેલાં છે. દેખાતી રીતે તે લેશમાત્ર આકર્ષક નથી. છતાં

આ સાધનો અદ્‌ભુત અને જાદુઇ ગણાય છે. ડૉ. મોન્ટીસોરીએ આ સાધનો કલ્પનાથી કે અધકચરા અખતરાઓ ઉપરથી કરેલ અનુમાનોને આધારે કરેલાં નથી. જુદી જુદી વયનાં અનેક બાળકોના કુદરતી વિકાસના નિરીક્ષણને પરિણામે આ સાધનોની યોજના થઇ છે. ડૉ. મોન્ટીસોરી માને છે કે અમુક અમુક વખતે બાળકોમાં વિકાસની ક્ષુધા ઉત્પન્ન થાય છે. એ ક્ષુધા તૃપ્ત કરવાને બાળકને જો યોગ્ય સાધન મળી રહે તો બાળક તેના ઉપર આકૃિન થાય છે અને તેના ઉપર એકધ્યાનથી ગમે તેટલો વખત કામ કરે છે. જે વસ્તુથી બાળકનું ધ્યાન સ્થિર થાય છે તે વસ્તુનો વપરાશ બાળક એકધ્યાનથી વારંવાર કર્યા કરે છે; તે વસ્તુ જ બાળકના સર્વદેશી વિકાસનું સાધન બને છે. જે સાધનોથી બાળકો રમે છે તે સાધનો મોન્ટીસોરી પદ્ધતિમાં આન્તરવિકાસની બહાર દેખાતી કસરત માત્ર છે. સાધનો દ્વારા રમતો। કે કસરત મોન્ટીસોરી પદ્ધતિનું ધ્યેય નથી પરંતુ રમતો કે કસરતો દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ મોન્ટીસોરી પદ્ધતિનું ધ્યેય છે. બેશક એ પદ્ધતિનાં સાધનોના વપરાશથી બાળકોમાં જુદી જુદી જાતનું જ્ઞાન ઉદ્‌ભવે છે અને તે જ્ઞાનથી બાળજીવન આનંદિત તથા સુખી થઈ જાય છે એ ખરું છે, છતાં તે

તો અવાન્તર પરિણામ જ છે.

સ્વાભાવિક રીતે પોતાનો વિકાસ શોધનાર બાળકને જે કોઇ પણ પ્રકારનું જ્ઞાન લેવાની તુરત જ જરૂર હોય તો તે જ્ઞાન પોતાની આસ-પાસની દુનિયાનું છે. આ દુનિયા આકારો, રંગો, જુદીજુદી જાતની સુંવાળી ખરબચડી સપાટીઓ, સુવાસો કુવાસો, અને સ્વાદ એસ્વાદથી ભરેલી છે. આ દુનિયામાં જીવવા માટે શરીર અને શરીરની સર્વ ઇન્દ્રિયોનો વિકાસ અસુસ આવશ્યક છે. આથી જ બાળક પોતે કુદરતી રીતે પોતાની શરીર-શક્તિ, ઇન્દ્રિયોની શક્તિ અને દુનિયાનો પરિચય વધારવા માટે શરૂઆતથી જ પ્રયત્ન કરે છે. વિના શિક્ષકે અને વિનાં પદ્ધતિએ જન્મથી જ પોતાનું આ કાર્ય શરૂ કરે છે અને જીંદગીભર તે ચાલુ રાખે છે. પરંતુ બાળકોમાં એકલી પ્રેરણાશુદ્ધિ નથી તેથી તેના પ્રયત્નો ઘણી વાર નેષ્ફળ થાય છે. તેના પ્રયત્નો પદ્ધતિસરના ન હોવાથી તેનો દુનિયાનો પરિચય અને શરીરનો વિકાસ વ્યવસ્થિત હોતા નથી. બાળકનો સર્વાંગી વિકાસ માટે જ્યારે વ્યવસ્થા ઉભી થાય ત્યારે જ બાળ-કને જે જાતનો વિકાસની ભૂખ છે તે જાગે છે, અને તે મટાડવા માટે યોગ્ય સાધનો મોન્ટીસોરી પદ્ધતિમાં છે. આ પદ્ધતિથી શીખનાર બાળકોને

દુનિયા સજીવ ભાસે છે. દુનિયામાં કળા, કૌશલ્ય, સાહિત્ય વગેરે જે અખૂટ અને અમૂલ્ય સાધનો કુદરતે છૂટે હાથે વેરેલાં છે તે તે ભાળી શકે છે અને જીવનમાં સ્વર્ગસુખ અનુભવે છે. આવો અનુભવ સઘળા સાચા મોન્ટીસોરી શિક્ષકોનો છે.

મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો એક જ દિવસે એક જ સપાટે બ્નેહુકમીથી ઉપજાવી કાઢ્યાં નથી. એ સાધનો તો એની મેળાએ જ નક્કી થયાં છે. બાળકે પોતે જ જુદી જુદી ઉંમરે પોતાના વિકાસ માટે કયાં કયાં સાધનો ઉપકારક છે તે વારંવાર બતાવી આપ્યું છે. ડૉ. મોન્ટીસોરી કહે છે કે મેં આ આ સાધનો સાચાં તરીકે સ્વીકાર્યાં તે પહેલાં અસંખ્ય સાધનોનો ત્યાગ કર્યો છે. આ જ સાધનો બાળકો માટે યોગ્ય છે એવું મને બાળમાનસશાસ્ત્રે જ શીખવ્યું છે. આ સાધનો સાચાં છે કે ખોટાં છે એ જાણવાની રીત એક જ છે, અને તે એ છે કે સાધનો બાળકને આકર્ષી શકે છે કે નહિ, અને બાળકમાં તે વારંવાર વાપરવાનું મન કરાવે છે કે નહિ. આ સાધનો બાળકો પાસે તેની ઉંમરની યોગ્યતા પ્રમાણે મૂકાવાં જોઇએ. બાળક કાં તો સાધનોનો ઉપયોગ કરશે જ નહિ, કાં તો સાધનોનો યથાર્થ ઉપયોગ

કરી થોડી જ વારમાં સાધન છોડી દેશે અથવા તો એ સાધનો પર તલ્લીન થઈ તે ઉપર પુનરાવર્તન કર્યા જ કરશે. ને બાળક સાધનને વાપરે જ નહિ તો વિચાર કરવાનો કે કાં તો બાળક તે સાધનો માટે યોગ્ય ઉંમરનું થયું નથી, કાં તો બાળક તેનો ઉપયોગ સમજતું જ નથી, અથવા તો બાળકની ઉંમર વધી જવાથી એ સાધનોમાં તે રસ લઇ શકે તેમ નથી. ને બાળક સાધનોનો ઉપયોગ સમજતું નથી એમ લાગે તો સાધન કેમ વાપરવું તે શિક્ષકે બતાવવાનું છે અને પછી બાળકના આવિર્ભાવ માટે રાહ જોવાની છે. અત્યાર સુધીના અખતરાઓથી સામાન્ય રીતે બાળકનો વિકાસ કયા ક્રમે થાય છે તે નક્કી થઇ ચૂકયું છે; અને તેને આધારે બાળવિકાસનાં સાધનોના વપરાશનો ક્રમ પણ નક્કી થયો છે. (આ ક્રમ આ વિષયના છેલ્લા પ્રકરણ તરીકે આપેલો છે.) છતાં બાળકે નિશ્ચિત ક્રમાનુસાર ચાલવું જ જોઇએ એમ કંઇ નથી; તેમ બાળક હરહમેશ નિશ્ચિત ક્રમ પ્રમાણે ચાલતું પણ નથી. ગમે તે એકાદ પગથિયાથી શરૂ કરે છે અને પાછળથી પ્રથમના પગથિયામાંથી પસાર થઇ જાય છે. આવો શિક્ષકનો અનુભવ છે. જો બાળક સાધનનો યથાર્થ ઉપયોગ કરી છોડી દે તો ક્રમમાં

આવતું પછીનું સાધન તેને ધરવાનું છે. જો બાળક તલ્લીન થઇ પુનરાવર્તન કર્યા જ કરે તો એમાં અટકાયત કરવાની નથી. કોઇ પણ વખતે બાળકને ઉત્તેજવાનું પણ કંઇ કારણ નથી.

મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનોનો ફતેહમંદ ઉપયોગ કરવા માટે કેટલીક બાબતો દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવા જેવી છે એ નીચે પ્રમાણે છેઃ—

૧= શિક્ષકે મોન્ટીસોરી સાધનો જેવાં વર્ણવવામાં આવ્યાં છે તેવાં જ વાપરવાની બાસ જરૂર છે. સાધનનો નાનામાં નાનો ભાગ કે સાધનને લગતી નાનામાં નાની વિગત બાળમાનસશાસ્ત્રાનુસાર નક્કી થએલી છે. આથી તેમાં કોઇ પણ જાતનો ફેરફાર કરવાનો નથી; અધૂરાં કે ખોટાં સાધનો વાપરવાનાં નથી. ડૉ. મોન્ટીસોરી કહે છે કે હું મારાં સાધનો વાપરવાની જરા પણ ભલામણ કરતી નથી. હું જો કોઇ પણ દેશમાં કેળવણીનો વડો અધિકારી હોઉં તો મારાં સાધનોના વપરાશ માટે જરા પણ હિમાયત કરું નહિ, પણ એમ કહું કે મારી શાળાઓનાં પરિણામો જુઓ, મારાં સાધનોને બરાબર વાપરો અને કહું છું તેવાં

પરિણામો આવે તો જ મારી પદ્ધતિનો સ્વીકાર કરો. સાધનોનો ગમે તેવો ફેરફાર કરી સાધનોના નિષ્ફળ પ્રયોગ માટે ડૉ. મોન્ટીસોરીની પદ્ધતિને દોષિત ઠરાવવા માટે ડૉ. મૉન્ટીસોરી ચોખ્ખેચોખ્ખી ના પાડે છે.

૨ શિક્ષકે સાધનોના સ્થૂળ વપરાશ માટે જ કેવળ વિચાર કરવાનો નથી. સાધનોનો વપરાશ તો બાળકો કરી શકે અને છતાં બાળકોમાં ધાર્યું પરિણામ જોઇ ન શકાય; સાધનોના યથાર્થ ઉપયોગ માટે તો સાધનો પાછળ પદ્ધતિનો જે આત્મા છે તેને શિક્ષકે પકડવાનો છે. આત્મા વિનાનું સાધનોનું ખોખું શિક્ષકને કાંઇ પણ લાભ આપી શકશે નહિ.

૩ જે સાધનો બાળકો પાસે મૂકવાનાં છે તે સાધનો શિક્ષકે જાતે જ બાળક બની જઇ વારંવાર વાપરવાનાં છે. આમ કરવાથી જ બાળકની દૃષ્ટિ શિક્ષકમાં આવી શકે છે અને એ દૃષ્ટિ મળતાં શિક્ષકમાં પદ્ધતિનો આત્મા આવી શકે છે.

૪ સાધનોનો જે ઉપયોગ નિર્મિત થયો છે તે જ ઉપયોગ બાળકો કરે તે માટે શિક્ષકે

અહુ કાળજી રાખવાની છે. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં અને મોન્ટીસોરી પદ્ધતિમાં આ સ્થળે મતભેદ છે. કોઇ પણ સાધનનો કોઇ પણ કલ્પિત ઉપયોગ કરવાની કિન્ડરગાર્ટન પદ્ધતિમાં છૂટ છે. આ છૂટનું કારણ એ છે કે કિન્ડરગાર્ટન પદ્ધતિમાં એવી માન્યતા છે કે બાળક જે કંઇ કરે છે તેથી તેની કલ્પના-શક્તિને પોષણ મળે છે; અને તેથી સાધનના નિશ્ચિત ઉપયોગ ઉપર કિન્ડરગાર્ટનમાં ભાર મૂકવામાં આવ્યો નથી. મોન્ટીસોરી પદ્ધતિની ખુબી જ એ છે કે તેનાં સાધનો દ્વારા બાળકો પોતાની જુદા જુદા પ્રકારની ભૂખ શાન્ત કરે છે. આથી મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનોનો ઉપયોગ અમુક રીતે કરવો જોઇએ એમ ઠરાવવામાં આવ્યું છે. ને જો બાળક સાધનોનો દુરુપયોગ કરે તો બાળક પાસેથી તે સાધન આસ્તેથી લઇ લઇ બાળકને જે દિશા તરફ જવાનું વલણ હોય તે દિશા તરફ તેને લઇ જાય તેવાં અન્ય સાધનો તેની પાસે મૂકવાનાં છે. દાખલા તરીકે બાળકનું ચલણ બંગલા બાંધવા તરફ હોય અને મિનારાના જુદા જુદા કદના ધનો વડે બંગલો બાંધવાનો આરંભ કરી ધનોનો દુરુપયોગ કરે તો

તેને ઇંટો અને ગારો આપીને કે ફેંકેલની લાકડાની ઇંટો આપીને તેના વલણને તૃપ્ત કરવું જોઇએ.

શિક્ષક કેવો હોવો જોઇએ

મોન્ટીસોરી પદ્ધતિમાં શિક્ષક કેવો હોવો જોઇએ? અત્યાર સુધીમાં જે શિક્ષણપદ્ધતિઓ રચવામાં આવી છે. તે પદ્ધતિઓ શિક્ષણના વિષયના અવલોકન ઉપર અને પદ્ધતિકારના કાલ્પનિક વિચારો ઉપર રચવામાં આવી છે. જેને શિક્ષણ આપવું છે તેનો પદ્ધતિ રચવામાં ભાગ્યે જ વિચાર કરવામાં આવ્યો છે. દાખલા તરીકે મૂળાક્ષરો શીખવવાની પદ્ધતિની યોજનામાં મૂળાક્ષરોના આકારોનો અને મરોડનો જ વિચાર કરવામાં આવેલો છે. તેમાંથી જ ખંડપદ્ધતિ અને કોપીબુક લેખનપદ્ધતિ જન્મી છે; પરંતુ એમાં બાળકના મનનો, મગજનો કે હાથના સ્નાયુઓનો વિચાર કરવામાં આવ્યો જ નથી. બાળકોનું વલણ લેખનની બાબતમાં કેવું હશે તેના વિચારને બદલે અક્ષરોનું વલણ કેવું છે તેનો જ વિચાર કરવામાં આવ્યો છે. કેળવણીનો વિષય પણ એક વૈજ્ઞાનિક વિષય થતો જાય છે. દાકતરો જન્તુનો અભ્યાસ કરવો હોય ત્યારે જંતુને

માફક આવે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી જન્તુને તેમાં મૂકી દૂરથી તેનું અવલોકન કરી તેના વિકાસના નિયમો શોધે છે. ખગોળવેત્તા ખગોળના જ્ઞાન માટે બરાબર દૂરબીન ગોઠવી બેસી રહે છે અને એ વિદ્યાનો અભ્યાસ કરે છે. તેમ જ બાળકને તેની સ્વાભાવિક સ્થિતિમાં વિલોકવાના અને તે ઉપરથી બાળકને સમજી લઇ, તે સમજણ ઉપર કેળવણીનું ઘોરણ રચવાના નવીન પણ વિજ્ઞાનદૃષ્ટિવાળા આદર્શોનો ઉદય કેળવણીના આકાશમાં થવા લાગ્યો છે. આ કાર્યમાં ડૉ. મોન્ટીસોરી પ્રમુખસ્થાને છે. ડૉ. મોન્ટીસોરી માને છે કે દરેક શાળા, શાળા માટી પ્રયોગશાળા બની જવી જોઇએ, અને બાળક વિષયોનું વિધેય માટી વિજ્ઞાનનું વિધેય થવું જોઇએ. આવી પ્રયોગશાળામાંથી જ શિક્ષણના સિદ્ધાંતો ઉપજી આવશે અને મનુષ્ય કેળવણીનો સંગીન પાયો નખાશે. આવી શાળાનો ઉદ્દેશ બાળકોને સુંદર રીતે શિક્ષણમાં યોજવાં એ એક જ નહિ હોઇ શકે. પરંતુ એ યોજનાને યથાર્થ રીતે અમલમાં મૂકે એવાં સાધનો પણ યોજવાં જોઇએ. આ સાધનોમાં મુખ્ય સાધન શિક્ષક છે. આ શિક્ષક કેવો હોવો જોઇએ તે અંગેનાં વિષય છે.

૧. શિક્ષકમાં પ્રથમ ગુણ અવલોકન કરવાનો હોવો જોઇએ. અવલોકન કરવાનું કાર્ય સહેલું નથી. માણસ જ્ઞાનવાન હોય અને એની કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો તેજ હોય છતાં તે અવલોકન ન કરી શકે એ અસ્વાભાવિક નથી. અવલોકન એ એક ટેવ છે. આથી જેને એ ટેવ પડી હોતી નથી તે માણસ અવલોકન કરી શકતો નથી. અવલોકન કરનારમાં અસાધારણ ધીરજની જરૂર છે. બાળકોને કંઇ પણ શીખવવાનું ન હોય છતાં બાળકોને તેમના વલણ પ્રમાણે વારંવાર દોરવાનું કામ જેવું તેવું નથી. બાળકને કંઇ શીખવી દઉં એ વૃત્તિને બદલે બાળકને જાતે શીખવા દેવાની વૃત્તિને ગતિ આપવાનું કામ, બાળક રખડે છે તેને બદલે તેણે શું કરવું અથવા બાળક નહિ શીખે તો તેનું શું થશે એ વિચારોને બદલે બાળકને વિનાપ્રયોજન રખડતું નથી અને યોગ્ય પરિસ્થિતિમાં તે અભણ રહેવાનું જ નથી એવો વિશ્વાસ રાખવાની દૃઢતા, એ જ શિક્ષકની ધીરજની કસોટી છે. 'હૈયું બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા' એને બદલે હૈયું બાળ્યું સારું પણ હાથ બાળવા નહિ એટલે

કે તટસ્થ ઉભા રહી બધું જોયા કરવું અને એકદમ શીખવવાના પ્રયત્નો કરવાને બદલે હૃદયને પરિતાપ આપવાનું કામ ધીરજ વિના બની શકતું નથી. બાળકોની સેવામાંથી મુક્ત થઇ તેના કેળવનાર થવામાં અખૂટ ધીરજ વિના ચાલતું નથી. ડૉ. મોન્ટીસોરીએ પોતે જ તાલીમ આપેલ શિક્ષકાઓને જ્યારે પહેલવહેલાં કહેવામાં આવ્યું કે હવેથી તમારે મોન્ટીસોરી શાળાઓ ચલાવવાની છે અને તેમાં તમારે દૃષ્ટા તરીકે જ કામ કરવાનું છે, ત્યારે તેઓએ કહ્યું: "અમે તો શિક્ષિકાઓ છીએ; અમારું કામ કાંઇક શીખવવાનું છે. દૃષ્ટા તરીકે જોવાનું કામ એ કંઇ કામ નથી." પરંતુ થોડા જ વખતમાં તેમની ખાતરી થઇ કે કોઈ પણ કામ અઘરામાં અઘરું હોય તો તે અવલોકનનું છે.

શિક્ષકમાં બીજો ગુણ વાણીના સંયમનો છે. કિન્ડરગાર્ટન કે બીજી શાળાઓના શિક્ષણનો બધો આધાર શિક્ષકની સુંદર, આકર્ષક, સ્પષ્ટ અને ખુલાસાવાળી વાણી ઉપર છે. શિક્ષક જેટલું વધારે સમજાવે ને બાળકો જેટલું વધારે સાંભળ્યા કરે તેટલું લાભ-

નાયક એવો જૂનો આદર્શ છે. મોન્ટીસોરી શિક્ષકનો આદર્શ એથી કેવળ વિરુદ્ધ હોવો જોઇએ. તેણે અનંતા સુધી મૌનનું કડક વ્રત ધારણ કરવું જોઇએ. જ્યાં ન છૂટકે, અથવા વ્યક્તિગત પાઠ આપતી વખતે વાણીપ્રયોગની આવશ્યકતા ઉભી થાય ત્યાં પણ શિક્ષકે વાણીના વપરાશમાં અતિ-કૃપણ થવું જોઇએ. મોન્ટીસોરી શાળામાં કામ કરનારા શિક્ષકના જીવનમાં ક્ષણે ક્ષણે એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે કે વાણીના સંયમ વિનાનો શિક્ષક મહાન ભૂલો જરૂર કરી બેસે. કેવી રીતે વર્ગમાં શિક્ષકે બોલવું એ સંબંધે જૂની પદ્ધતિના સઘળા નિયમોનો લાભ વાણીના સંયમ માત્રમાંથી ઉદ્ભવે છે.

૩ શિક્ષકનો ત્રીજો ગુણ નિરભિમાનપણાનો છે. જૂની પદ્ધતિનો શિક્ષક એમ માને છે કે પોતાના જ્ઞાનભંડારમાંથી બાળકોને જ્ઞાન-સમૃદ્ધિ આપવા પોતે તેની સમક્ષ ખડો થયો છે. તેની કલ્પના એવી હોય છે કે તેનું જ્ઞાન ખામીરહિત છે, અને તે એવી ભ્રમણામાં રહે છે કે દુનિયામાં બાળકોને શીખવવાનું કાર્ય સૌથી સહેલું અને નમાલું

છે. તેનો હમેશનો આગ્રહ એવો હોય છે કે બાળકને પોતે જે કંઇ શીખવે તે શીખવાને બાળક યોગ્ય જ છે અને તેમાં જ તેને લાભ છે. મોન્ટીસોરીના શિક્ષકે તો હમેશ એમ માનવાનું છે કે બાળક જ કેળવણી-શાસ્ત્રનું મૂળ છે. ત્યાંથી જ કેળવણીશાસ્ત્રનાં પાણી ભરવાનાં છે. એ માને છે કે બાળકને તે કંઈ આપી શકનાર નથી; માત્ર બાળકને તેના વિકાસમાં યથાશક્તિ પોતે મદદ કરનાર છે. બાળકો પાસેથી પણ શીખવાનું છે અને બાળકોથી આપણી ભૂલો આપણે સુધારી શકીએ એવું તે માને છે. તેની નમ્રતા એટલી બધી હોય છે કે તે હમેશ પોતાની કંઇ ભૂલ ન થાય, બાળકને કોઇ પણ જાતનો અન્યાય ન મળે તે માટે સાવધ રહે છે.

૪ મોન્ટીસોરીના શિક્ષકમાં જે ગુણો વિજ્ઞાન-શાસ્ત્રીમાં હોવા જોઇએ તે ગુણો પણ જરૂરના છે. નિરીક્ષણ કરવાની શક્તિ, ખંત, ઉદ્યોગ, ધીરજ, પરિણામને માટે ઉતાવળાપણું નહિ, તાત્કાલિક નિર્ણય કરવાની શક્તિ અને એકસાઈ વગેરે ગુણો વિના તેને ચાલે જ

નહિ. તેની દૃષ્ટિ એને બાળકની દૃષ્ટિનો મેળ, અને બાળક એક નાજુક યંત્ર છે એવો ખ્યાલ, તેના મનમાં ચોક્કસપણે ઠસવાં જોઇએ. આ ઉપરાંત માનસશાસ્ત્ર, શરીર-શાસ્ત્ર વગેરેનું જ્ઞાન તેનામાં ન હોય તો તે શિક્ષક તરીકે અપૂર્ણ છે.

૫ છેલ્લો અને અતિ મહત્ત્વનો ગુણ એ છે કે શિક્ષકને બાળકની વ્યક્તિમાં અસાધારણ વિશ્વાસ જોઇએ, બાળક પ્રત્યે તેને સંપૂર્ણ સહાનુભૂતિ જોઇએ અને ખાસ કરીને બાળકમાં અને મોન્ટીસોરી પદ્ધતિમાં ધાર્મિક લાગણી ધાર્મિક જુસ્સો અને શ્રદ્ધાભક્તિ જોઇએ.

આવા ગુણવાળો શિક્ષક મોન્ટીસોરી પદ્ધતિનો શિક્ષક થઇ શકે.

ફ્રોબેલ અને મોન્ટીસોરી શાળાઓમાં તફાવત

મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિનો જેમ જેમ પ્રચાર થવા લાગ્યો તેમ તેમ તે પદ્ધતિના ઉપાસકો અને વિરોધીઓ વધવા લાગ્યા. વિરોધીઓ બે પ્રકારના છે. એક પ્રકારના વિરોધીઓ એમ માને છે કે જેવી ફ્રોબેલની પદ્ધતિ છે તેવી જ

મોન્ટીસોરીની પદ્ધતિ પૅણ છે. ત્યારે બીજો પ્રકાર એમ માને છે કે મોન્ટીસોરી પદ્ધતિમાં કંઈ વિશેષતા નથી. જે આદર્શો કિન્ડરગાર્ટન પદ્ધતિના છે તે જ આદર્શો મોન્ટીસોરી પદ્ધતિના છે. સાધનોમાં જે કંઈ તફાવત છે તે મહત્ત્વનો નથી.

પહેલા પ્રકારના વિચારકોને કંઈ ઉત્તર આપવાપણું નથી કારણ કે તેઓ કેળવણીના ક્ષેત્રમાં સાપરાધ પ્રવેશ કરનારાઓ છે એવું નરી આંખે જોઈ શકાય છે. બીજા પ્રકારના વિરોધીઓને ઉત્તર આપી શકાય તેમ છે. એ ઉત્તર આ ચર્ચામાં આવી જશે.

પદ્ધતિઓમાં શો તફાવત છે તે બતાવતા પહેલાં બન્ને પદ્ધતિઓમાં સામ્ય કેટલું છે તે પ્રથમ જોઇએ. બન્ને પદ્ધતિમાં સામ્ય હોય જ કારણ કે બન્ને પદ્ધતિના સ્થાપકોનો ઉદ્દેશ એક જ—ત્રણથી ચાર વર્ષનાં બાળકોને ઉત્તમ પ્રકારની કેળવણી આપવાનો છે. બન્ને પદ્ધતિઓ ત્રણથી છ વર્ષનાં બાળકો માટે નિર્મિત થએલી છે. બાગાયત અને પ્રાણીસંરક્ષણનું જ્ઞાન આપવાની યોજના બન્ને પદ્ધતિમાં છે. રમતો અને સંગીત બન્ને પદ્ધતિના આત્મારૂપ છે. બાળકોને સુખી અને આનંદી રાખવાં એ બન્ને પદ્ધતિમાં

પ્રમુખપણે સ્વીકારાએલું છે. શિક્ષા અને કેપકાને બન્ને પદ્ધતિમાં અવકાશ નથી અને બાળકો માટે પ્રેમ અને સન્માન બન્ને પદ્ધતિના સૂત્ર રૂપે છે. આમ હોવા છતાં બન્ને પદ્ધતિમાં એટલો બધો ફરક છે કે લગભગ બન્ને પદ્ધતિઓ એકબીજીથી સામસામી કહી શકાય. બન્ને પદ્ધતિમાં મહત્ત્વનો ફેર નીચે પ્રમાણે નોંધી શકાય.

૧. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં શિક્ષક કેન્દ્રસ્થાને છે. શિક્ષકે જ બાળકને યુક્તિ પ્રયુક્તિથી અને રસથી શીખવવું જોઇએ. શિક્ષક જ બાળકના વિકાસ માટે જવાબદાર છે અને તેથી નિરન્તર તે પોતાને સોંપેલા બાળકના વિકાસ માટે સચિન્ત અને પ્રયત્નશીલ રહે છે. શિક્ષકનું જ કાર્ય જ્ઞાન રેડવાનું, રસ ઉત્પન્ન કરવાનું અને પ્રેમ મેળવવાનું છે. શિક્ષક બાળકોનો પ્રાણ છે, આધાર છે; શિક્ષક વિના બાળકો પોતાનું કામ પોતાની મેળે ક્ષણ વાર પણ ચલાવી શકતાં નથી.

મોન્ટીસોરી પદ્ધતિમાં શિક્ષકનું સ્થાન કંઇક જુદું જ છે. એમાં શિક્ષકની વ્યક્તિ છેક પાછળ પડી જવી જોઇએ; શિક્ષકે દૃષ્ટા રહી માત્ર પ્રેરક બનવું જોઇએ; બાળકને શીખવવાને

બદલે જાતે શીખવા દેવું જોઇએ; બાળકને પોતાની મુશ્કેલીઓ જાતે દૂર કરી પોતાનો વિકાસ કરવા માત્ર અનુકૂળતા કરી આપવી જોઇએ, અને વિકાસ માટે યોગ્ય પરિસ્થિતિ ઉત્પન્ન કરી બાળકોને એ પરિસ્થિતિમાં છૂટાં મૂકીને તેમને સ્વાતંત્ર્ય અને સ્વતઃ આવિર્ભાવના સિદ્ધાન્તોનો લાભ આપવો જોઇએ. શિક્ષકે પરિણામદર્શી થવા કરતાં વિજ્ઞાનની દૃષ્ટિથી બાળકનું અવલોકન કરી તેને અનુકૂળ વિકાસ લેવા દેવામાં સંતોષ માનવો જોઇએ. પરિણામને માટે જવાબદાર રહેવાની ચિન્તાને બદલે પોતે કેવી રીતે યોગ્ય શિક્ષક થઈ શકે તેની ચિન્તા કરવી જોઇએ. સીધી રીતે બાળકોના હૃદયમાં પેસવા કરતાં કેળવણીનાં સાધનો દ્વારા બાળકોના હૃદયમાં પેસી બાળકનાં પ્રેમ અને સન્માન પ્રાપ્ત કરવાં જોઇએ.

૨ કિન્ડરગાર્ટન પદ્ધતિમાં એવી માન્યતા છે કે સાધારણ રીતે બાળકો ૩ થી. ૬ વર્ષની ઉંમરે પરાવલંબી છે અને તેથી કિન્ડરગાર્ટન શાળામાં બાળકોને તેનાં નાનાં નાનાં કામોમાં મદદ આપવાનું કામ બહુ પ્રેમ અને

રસથી થાય છે અને તેમાં લીધેલ મહેનતની સફળતા માનવામાં આવે છે.

મોન્ટીસોરી પદ્ધતિ માને છે કે બાળક પોતે સ્વભાવથી જ પરાવલંબી થવું નાપસંદ કરે છે તેથી બાળકોને જેમ બને તેમ વેળાસર તેઓ સ્વાવલંબી બની બીજાની ગુલામીમાંથી છૂટી જાય તેવી વ્યવહારૂ યોજના મોન્ટીસોરી પદ્ધતિમાં કરવામાં આવી છે. આથી જ મોન્ટીસોરી પદ્ધતિમાં શરીરસંભાળ, લૂગડાં-લત્તાં પહેરવાની સફાઇ, શાળાની સ્વચ્છતા અને વ્યવસ્થા તથા પીરસણ વિધિના જ્ઞાન માટે વ્યવહારૂ શિક્ષણ ખાસ સ્થાન ભોગવે છે. કિન્ડરગાર્ટન શાળામાં આવી બાબતોનું દર્શન થતું નથી.

૩ કિન્ડરગાર્ટન પદ્ધતિમાં સમૂહશિક્ષણની વ્યવસ્થા છે ત્યારે મોન્ટીસોરી પદ્ધતિમાં વ્યક્તિશિક્ષણ જ પ્રધાનપણે છે. એક જ વિષયમાં એકી વખતે રસ લેનારાં બાળકોનો સમૂહ કુદરતી રીતે બની રહે એ સામે મોન્ટીસોરી પદ્ધતિનો વિરોધ નથી. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં ભલે આનંદથી પણ અમુક વખતમાં અમુક જ્ઞાન અને તે પણ બધાયને

આપવાનો વિચાર મુખ્ય હોવાથી, સમૂહ-શિક્ષણ પદ્ધતિ સ્વાભાવિક છે. પરંતુ મોન્ટી-સોરી પદ્ધતિમાં તો સ્વાતંત્ર્ય અને સ્વતઃ આવિર્ભાવનો જ સિદ્ધાન્ત પ્રવર્તતો હોવાથી વ્યક્તિશિક્ષણ વગર બીજો માર્ગ નથી.

૪ સમૂહશિક્ષણની પદ્ધતિમાંથી સ્વાભાવિક રીતે જન્મ પામતી કિન્ડરગાર્ટન શાળાની વર્ગ-વ્યવસ્થાની પદ્ધતિ મોન્ટીસોરી શાળાની વ્યવસ્થાથી જુદા પ્રકારની છે. ચોક્કસ જગ્યાએ હારબંધ બેઠેલાં બાળકો, ઇચ્છા-નુસાર હરવાફરવાની અને ઇચ્છાનુસાર કામ કરવાની રુકાવટ, મનોનુકૂળ વૃત્તિના અનુ-સરણ કરતાં નમ્ર અને પ્રેમભર્યા શિક્ષકના હુકમનું અનુસરણ કિન્ડરગાર્ટન શાળામાં વ્યવસ્થાને નામે ઓળખાય છે.

સહેલથી હેરવી ફેરવી શકાય તેવું ઉપ-સ્કર અને તેને શાન્તિથી અવાજ વિના યથેચ્છ ફેરવવાની પૂર્ણ છૂટ; ઇચ્છાનુકૂળ પણ નીતિ-મય, બીજાને નુકશાન ન પહોંચે તેવાં, ઉપ-યોગી, અતિ ઇજા ન કરે તેવાં, સદાચારદાર અને સામાજિક સભ્યતાભર્યાં તમામ કાર્યો કરવાની સ્વતંત્રતાને મોન્ટીસોરી પદ્ધતિમાં

વ્યંત્રસ્થાને નામે ઓળખવામાં આવે છે.

૫ કિન્ડરગાર્ટન પદ્ધતિમાં બાળકોના સ્વાતંત્ર્યની વાતો છે પરંતુ તે વાતો જ છે. વ્યવહારમાં તો કિન્ડરગાર્ટન શાળાની સઘળી પ્રવૃત્તિઓ સ્વયંપ્રેરિત નથી પરંતુ પરપ્રેરિત છે, એટલું જ નહિ પરંતુ એ પ્રવૃત્તિઓ સ્વયંપ્રેરિત વૃત્તિની વિઘાતક છે. કિન્ડરગાર્ટનમાં રમતો છે, સંગીત છે, કસરત છે, બાગકામ અને પ્રાણીસંરક્ષણ પણ છે; પરંતુ તે સઘળું પરપ્રેરિત છે. દેખીતી રીતે ઉક્ત વિષયોમાં બન્ને પદ્ધતિઓમાં સામ્ય જણાય છે પરંતુ વસ્તુતઃ તેમ નથી. મોન્ટીસોરી પદ્ધતિમાં સઘળું કામ સ્વયંપ્રેરિત છે. સ્વતઃ આવિર્ભાવને માર્ગે બાળક વળે તે માટે માત્ર સાધનોની યોજના છે.

કિન્ડરગાર્ટન પદ્ધતિ પૃથક્કરણ પદ્ધતિનો સ્વીકાર કરતી હોય એમ લાગે છે. મોન્ટીસોરી પદ્ધતિ સંયોગીકરણ પદ્ધતિ ઉપર રચવામાં આવી છે. બાળકનું વસ્તુનું નિરીક્ષણ હમેશ પૃથક્કરણાત્મક નથી પરંતુ સંયોગીકરણાત્મક છે, જ્યારે મોટાંઓનું અવલોકન પૃથક્કરણાત્મક છે પણ સંયોગીકરણાત્મક નથી. માનસશાસ્ત્રના એ નિયમને અનુસરીને

મોન્ટીસોરી પદ્ધતિ ચાલે છે. આથી જ ભૂમિતિની આકૃતિઓની વ્યાખ્યાનું જ્ઞાન ફ્રિન્ડરગાર્ટનની પદ્ધતિમાં પહેલું અને મોન્ટીસોરી પદ્ધતિમાં છેલ્લું આવે છે.

૭. ફ્રિન્ડરગાર્ટન પદ્ધતિમાં ઇચ્છા હોય કે ન હોય પણ બાળકમાં રસ ઉત્પન્ન કરી તેને શીખવવાનું છે; અને રસરૂપી ઉત્તેજક વસ્તુથી બાળકને માનસિક શ્રમ પડે છે. આથી તે પદ્ધતિમાં પ્રત્યેક વિષયશિક્ષણ માટે થોડો થોડો વખત રાખવામાં આવે છે ને દિવસના વધવાની સાથે ભણવાના વખતમાં ઘટાડો કરવામાં આવે છે. સાથે સાથે પ્રત્યેક ભણવાના સમય પછી વધતા જતા આરામના કાળને પણ મૂકવામાં આવે છે. મોન્ટીસોરી પદ્ધતિમાં આવું કશું જ નથી. મરજીમાં આવે ત્યારે મરજીમાં આવે તે સાધનોનો ઉપયોગ બાળક કરી શકે છે. આથી એક બાળક એક જ સાધન ઉપર કલાકના કલાક થાક્યા વિના તલ્લીન રહી શકે છે અને બીજું બાળક થોડા જ વખતમાં ઘણાં સાધનો બદલાવી મનગમતું સાધન ખોળી કાઢી વિનાશ્રમે સંતોષ અને વિકાસ મેળવે છે. એક વાર

જ્યારે મૉન્ટીસોરી શાળાનાં બાળકોને માનસિક શ્રમમાપક યંત્રથી તપાસવામાં આવ્યાં હતાં ત્યારે માનસશાસ્ત્રમાં પ્રયોગ કરનારાઓને ખાતરી થઈ હતી કે મૉન્ટીસોરી પદ્ધતિથી બાળક ગમે તેટલો વખત કામ કરે તો પણ તેને શ્રમ લાગતો નથી. રસરૂપી અતિ ઉત્તેજકથી આખો વખત તરબોળ થએલું કિન્ડરગાર્ટન બાળક ઘેર પણ આકુળવ્યાકુળ બને છે; અને ઉકળેલ પાણીને જેમ ઠંડું પડતાં વખત જાય છે તેમ ઉશ્કેરાએલા મગજને શાન્ત પડતાં વખત જાય છે. મૉન્ટીસોરી પદ્ધતિથી શીખતાં બાળકો પ્રત્યેક ક્ષણે શાન્ત અને સ્વસ્થ જોવામાં આવે છે; કૃત્રિમ પ્રવૃત્તિથી આંવી જતો આવેશ અને પ્રત્યાઘાત મૉન્ટીસોરીનાં બાળકોમાં પ્રવૃત્તિ પછી પણ જોવામાં આંવતો નથી.

૮ કિન્ડરગાર્ટન પદ્ધતિમાં સામાજિક જીવનનો પાઠ રમતો દ્વારા અને વાર્તાઓ દ્વારા આપવામાં આવે છે. આથી બાળકોનું જીવન કૃત્રિમ શિષ્ટાચારવાળું થઈ જાય છે. મૉન્ટીસોરી શિક્ષણ પદ્ધતિમાં સામાજિક શિક્ષણનો પાઠ ભણાવવામાં આવતો નથી, પરંતુ બાળકો

સામાજિક શિષ્ટાચારમાં જ ઉછરે છે; તેમને સામાજિક શિષ્ટાચાર સ્વાભાવિક થઈ પડે છે. આથી ત્વરા, નિર્ણય કરવાની શક્તિ, વિવેક વગેરેનો જે સાચો વિકાસ થાય છે તે કિન્ડરગાર્ટન પદ્ધતિ દ્વારા થતો નથી.

કિન્ડરગાર્ટન શાળામાં કેટલાએક વિષયો હાથ ધરવામાં આવતા નથી. તેવા વિષયો મોન્ટીસોરી શાળામાં પ્રમુખસ્થાન ભોગવે છે. શરીરની સંભાળ કેમ લેવી અર્થાત હાથ, આંખ, નાક, કાન, દાંત વગેરે કેવી રીતે સ્વચ્છ રાખવાં, લુગડાં કેમ પહેરવાં, શાળાની વ્યવસ્થા અને સ્વચ્છતા કેમ રાખવી, ભોજન માટે બેઠક કેમ ગોઠવવી, ભોજન કેમ પીરસવું, વાસણો કેવી રીતે સ્વચ્છ રાખવાં વગેરેનું શિક્ષણ મોન્ટીસારી શાળામાં જ અપાય છે. બાળકની જુદી જુદી ઇન્દ્રિયોને કેળવણી આપવાનું કાર્ય તો મોન્ટીસોરી પદ્ધતિમાં જ છે. ત્રણથી છ વર્ષનાં બાળકો માટે લેખન, વાચન અને ગણિતશિક્ષણ તો મોન્ટીસોરી પદ્ધતિમાં જ છે. બાળકો સાથે તેમના વર્તન સંબંધે વાતચીત એ વિષય તો મોન્ટીસોરી પદ્ધતિની વિશિષ્ટતા છે.

મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો અને કાર્યોનો ક્રમ

આ ક્રમના પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગ

બાળક જ્યારે પ્રથમ શાળામાં આવે ત્યારે તરત જ તેને નીચેનાં કામો બતાવવામાં આવે છેઃ—

(૧) અવાજ કર્યા વિના શાળાની વસ્તુઓની હેરફેર કરવાનું.

(૨) બટનો, ચાંપો, દોરીઓ વગેરેવાળાં ચોકઠાં ઉપર બટનો ભીડવો ઉઘાડવાનું, ચાંપો ભીડવો ઉઘાડવાનું, ગાંઠો પાડવા છોડવાનું વગેરે.

(૩) દડાઓની પેટીઓ નંબર ૧-૨-૩ અનુક્રમમાં.

પહેલું અને બીજું કામ વ્યવહાર કેળવણી માટે છેઃ ત્રીજું કામ બુદ્ધિવિકાસ માટે છે.

બીજો વિભાગ

(૧) અ શાન્તિથી ઉભા થવાનું અને બેસવાનું. (આ) લીટી પર ચાલવાનું.

(૨) અ મિનારો, આ પહોળી સીડી, ઇ લાંબી સીડી, ઈ સુંવાળી અને બરબચડી સપા-

ટીવાળાં પાટિયાંઓ, ઘ ઠંડા ઉના પાણીના પ્યા-લાઓ કે કોયળાઓ, ઙ રંગની તખ્તીઓ (મૂળ રંગો) ચ સંગીત, છ શાન્તિની રમત (ધ્યાન).

પહેલું કામ વ્યવહારૂ કેળવણી માટે અને બીજું કામ બૌદ્ધિક કેળવણી માટે છે.

ત્રીજો વિભાગ

(૧) અ જાતે હાથ ધોવાનું, આ કપડાં પહેરવાનું, ઇ કપડાં ઉતારવાનું, ઈ સંજવારી કાઢવાનું, ઉ ઉપસ્કર લુવાનું, ઊ જુદા જુદા નાના મોટા પદાર્થોને સંભાળથી લઈ જવા લાવવાનું.

(૨) અ રંગોનો ક્રમ, આ સુંવાળા અને ખરબચડા રેશમ મખમલ સૂતર વગેરેના ટુકડા-ઓનો પરિચય (સુંવાળપ અને ખરબચડાઇના ક્રમમાં), ઇ મૂળ રંગોની ચડતા ઉતરતા દરજ્જાના રંગની તખ્તીઓ, ઈ જુદી જુદી જાતના અવાજોની પારખ માટે સીલેન્ડ્રીકલ બૉક્સીઝ, ઉ વજનની પા-રખ માટે જુદા જુદા વજનના લાકડાની તખ્તીઓ.

(૩) અ ઉપલાની સાથે લાકડાની ભૂમિતિની આકૃતિઓ અને જુદી જુદી જાતનાં સ્પર્શનાં સાધનો, આ ભૂમિતિની આકૃતિઓની બરાબર

ઓળખ થયા પછી પૂંઠા પર આલેખેલી ભૂમિતિની આકૃતિઓ સાથે લાકડાની આકૃતિઓની સરખામણી.

પહેલું વ્યવહારૂ કેળવણી માટે, બીજું બુદ્ધિવિકાસ માટે અને ત્રીજું લેખનની શરૂઆત રૂપે અને સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની શરૂઆત તરીકે.

ચોથો વિભાગ

(૧) અ ભોજન માટે સાહિત્યો ગોઠવવાનું, આ ભોજનમાં વાપરેલાં વાસણો સાફ કરવાનું, ઇ ઓરડાની વસ્તુઓને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું, ઈ દાંત નખ આંખો વગેરે બરાબર કાળજીથી સાફ કરવાનું, ઉ છૂટથી સમતોલપણે સીધી લીંટી પર ચાલવાનું, ઊ શાંતિ રાખવાનું એટલે વસ્તુ પાડ્યા વગર; તોડ્યા વગર અને બડબડાટ કર્યા વિનાં પદાર્થોને મૂકવાનું અને લેવાનું.

(૨) અ ઇન્દ્રિયવિકાસની તમામ કસરતોનું પુનરાવર્તન, આ ઘંટડીઓ વડે જુદા જુદા અવાજોનું જ્ઞાન, ઇ લોઢાની ભૂમિતિની આકૃતિઓ દોરવાનું અને તે આકૃતિઓ જુદા જુદા રંગોના લીંટાથી ભરી દેવાનું, ઈ ઉપલાની સાથે રેતીના

અક્ષરોને સ્પર્શવાનું અને ઓળખવાનું, ઉ લાંબી સીડીથી અંકશિક્ષણની શરૂઆત, ઊ તૈયાર કરેલ જુદી જુદી આકૃતિઓથી ચિત્રિત નોટ બુકોમાં લીંટા કરવાનું અને જુદી જુદી વસ્તુઓના ચિત્રોમાં રંગ ભરવાનું.

પહેલું વ્યવહારૂ કેળવણી માટે અને બીજું બુદ્ધિની કેળવણી માટે.

પાંચમો વિભાગ

(૧) આગળ ગએલ કાર્યોનું દૃઢીકરણ.

(૨) અ ચલ અક્ષરોથી શબ્દો અને વાકયોનું લખાણ, આ શબ્દો અને વાકયોના લેખનનું સ્વતઃ આવિર્ભાવપણું, ઇ તૈયાર કરેલ કાપલીઓનું વાચન, ઈ વૉટર કલરોનો ઉપયોગ, ઉ કુદરત ઉપરથી ફ્રી હૅન્ડ ડ્રૉઇંગ, ઊ લાંબી સીડીથી ગણિત શિક્ષણ.

બાળકોનાં રમકડાં

લેખક :
તારાબહેન મોડક

બાલમંદિર, ભાવનગર

પ્રકાશક :
નાનાભાઇ, ગિજુભાઇ
ભાવનગર

મુદ્રક :
સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦

સં. ૧૯૮૨

બાળકોનાં રમકડાં

કિન્ડરગાર્ટન પદ્ધતિ જેમ જેમ પ્રચારમાં આવી તેમ તેમ બાળકોનાં રમકડાં વધતાં ગયાં, એમ કહીએ તો ખોટું નથી. કારણ કે કિન્ડરગાર્ટન પદ્ધતિની પાછળ રહેલા બાળકને પ્રસન્ન રાખવાના વિચારે સમાજની બાળક તરફની સપ્રાધની વૃત્તિ બદલાવી નાખી. શાળામાં જાતજાતનાં રમકડાંની જરૂર પડવા લાગી. એ વિચાર ઝીલી શકે એવાં બાલપ્રેમી માબાપોએ તેવાં ને તેથીએ વધારે રમકડાં પોતાનાં બાળકોને ઘરમાં પૂરાં પાડ્યાં.

રમકડાંની જરૂર વધી તેમ દુકાનો વધી; ને દુકાનો વધી માટે ઘેર ઘેર રમકડાં વધ્યાં. રમકડાં બનાવનાર અનેક બુદ્ધિશાળી કારીગરોએ તેની પાછળ

બુદ્ધિ, બખત અને ધનં બચ્ચ્યાં. કલ્પક લોકોએ સુબક્ક ને સુંદર રમકડાં બનાવવા માટે યંત્રો શોધી કાઢયાં. પરિણામે આજે મુંબઇ, કલકત્તા જેવાં શહેરો-માં દેખાતી રમકડાંની મોટી દુકાનો ને વખારોમાંથી-લોહી ધોરી નસોમાંથી જેમ નાની નસોમાં ને ત્યાંથી કેશવાહિનીઓમાં જાય છે તેમ-જુદાં જુદાં શહેરોમાં ને ત્યાંથી ઠેઠ ગામડા સુધી જર્મન અમેરિકન રમકડાં પહોંચી ગયાં છે. સ્ટેશનો ઉપર ને મેળામાં તો રમ-કડાં ઉભરાઈ આવે છે. આમ બાળકોની રમકડાંથી રમવાની આવશ્યકતા પ્રથમ શિક્ષણપદ્ધતિ ને તેની પાછળ રહેલી ફિલ્સુફીથી સ્વીકારાઇ-ઉત્તેજાઇ-ને આખરે તે વેપારી ધોરણ ફર હાથમાં લેવાઇ ને પૂરી પાડ-વામાં આવી. બોટ બાદને પ્રચાર કાર્ય કરનાર 'શ્રી દક્ષિણામૂર્તિ' કે 'નવજીવન પ્રકાશન મંદિર'ની માફક રમકડાંમંદિરોને બોટમાં ચલાવવાનું રહ્યું નહિ.

લોકોએ વિચાર ઝીલી લીધો. શહેરનાં, બજાર-નાં, સ્ટેશન ઉપરનાં, મેળાનાં તમામ નાનાં મોટાં મંદિરોને ઉદ્ધાર આશ્રય દેવો એમ પોતાનું કર્તવ્ય સમજનારાં માબાપો આગળ આવ્યાં. ભણેલાં ને બાલ્યાવસ્થાના આનંદ ને પ્રસન્નતાને વિશેષ માન આપનારાં, તેમજ શ્રીમંત માબાપો રમકડાંથી પોતાનું ઘર ભરી દેવા લાગ્યાં:

૩

રમકડાંથી બાળકોને પ્રસન્ન રાખવાના તત્ત્વનો

પ્રચાર કોઈ પ્રચારક કે ત્રૈમાસિક કે માસિક પત્રિકા કરતાંયે બહુ જ સરસ રીતે આ રમકડાં મંદિરોએ કર્યો છે. ખાસવર્ગથી આમવર્ગ સુધીના દરેકની પૈસાની કોથળીને માફક આવે ને દરેકની નજર ઠરે એવાં રમકડાં પૂરાં પાડીને, ધ્યાન આકર્ષાય એવી રીતે તેમને ગોઠવીને આ પ્રચાર કાર્ય થયું; ને તે એટલું કે આનંદ નીવડયું કે આજે મહેલે મહેલે, ઘેર ઘેર, ઝુંપડે ઝુંપડે નાનું મોટું એકાદ ચળકતું રંગીન રમકડું નજરે પડે જ છે.

આજના બાલપૂજાના યુગમાં બાલપૂજકો કહી રહ્યાં છે કેઃ "બાળકોને પ્રસન્ન રાખો. બાળકોનો આનંદ એ મહા કિંમતી વસ્તુ છે. બાળકોને માટે આપણે છીએ; માત્ર આપણા સુખવર્ધનને માટે બાળકો નથી." આવે વખતે બાળરમકડાંનો પ્રચાર વધે એ સાહજિક છે. બાળકના હાથમાં રમકડું આપવું એ બાળકને પ્રસન્ન કરવાનો સહેલો અને જાણીતો ઉપાય સર્વના અનુભવનો છે. પરંતુ બાળકોમાં રમકડાંથી ઉપજતી પ્રસન્નતા કેટલે અંશે બાલવિકાસક છે, પોષવા યોગ્ય છે; બાલશિક્ષણશાસ્ત્રી જે પ્રસન્નતા વિષે બોલે છે તે જ એ છે કે એ પ્રસન્નતા કંઈક જુદી છે, વગેરેની તપાસ કરવાની જરૂર છે.

રમકડાં બાળકોની સ્વાભાવિક રમત ઉપરથી

ઉપજેલા પદાર્થો છે. એની પાછળ એક તત્ત્વ એ છે કે બાળક જે જે પદાર્થો લઈને ઘરમાં રમવા માગે છે તે જ તેને નાના રૂપમાં આપવા.

એ રીતે મોટે ભાગે મોટાંઓના સંસારની બધી વસ્તુઓ નાના રૂપમાં બાળકનાં રમકડાં બની ગઈ છે. માના રસોડામાં જે જે જાતનાં વાસણો વપરાય છે તે બધાં નાના આકારનાં રમકડાં તરીકે બાળકને અપાય છે. ટેબલ, ખુરશી વગેરે ફર્નીચર તથા બંડિયો, કલમ વગેરે જે જે સામાન ઘરમાં વપરાતો હોય તે બધું નાના આકારમાં રમકડું બની શકે છે. એમ જ ઢીંગલી પણ મનુષ્યના નાના આકાર તરીકે આવી ગઇ છે.

રમકડાંનો બીજો પ્રકાર બાળકોને ગમતી તેમની આસપાસની દુનિયાની વસ્તુઓનાં રમકડાંનો છે. બાળકોને પશુ પક્ષીઓ ગમે છે માટે લાકડાનાં, માટીનાં કે પિત્તળનાં ગાય, ઘોડા, કુતરાં, બિલાડાં, પોપટ, મોર, એ બધાં રમકડાં થઈ શકે છે. ગાડી, મોટર, આગગાડી, વિમાન એવી બધી વસ્તુઓ પણ એ જ કારણે રમકડાં બન્યાં છે.

રમકડાંનો ત્રીજો પ્રકાર બાળકોને પ્રિય એવી વસ્તુઓનો છે. બાળકોને અવાજ પ્રિય છે માટે

સાદા ઘુઘરા, પંપુડાથી માંડીને જાતજાતનાં વાજાંઓ, નાની હારમોનિયમની પેટીઓ, ગાયનો વાગે એવી કળવાળી ઢીંગલીઓ પાવાઓ વગેરે રમકડાં નીકળ્યાં. બાળકને રંગ પ્રિય છે માટે રંગોના આકર્ષણવાળી વસ્તુઓ આવી. તે જ કારણે ઉપર વર્ણવેલાં બધાં રમકડાંમાં રંગનું તત્ત્વ દાખલ થયું. જેમકે ઘર-સંસારનાં લાકડાનાં રમકડાંને જાતજાતના પીળા, રાતા, વાદળી, લીલા વગેરે રંગોથી શણગારવામાં આવ્યાં. ખાવાની વસ્તુનાં રમકડાં બનાવ્યાં ત્યારે એના ઉપર પણ જાતજાતના રંગો ચડાવ્યા છે. એ જ રીતે બીજાં બધાં રમકડાંમાં રંગનું આકર્ષણ તો રાખવામાં આવે છે. તે સિવાય પેઇન્ટિંગ બોક્સ અને રંગ પૂરવાની ચિત્રોની ચોપડીઓને પણ રમકડાંની દુકાનમાં સ્થાન મળ્યું છે. બાળકોને આકારો પ્રિય છે માટે રમકડાંમાં રંગની જેમ આકારનું તત્ત્વ આવી ગયું છે. બાળકોનાં બિસ્કીટ, પીપરમીટ, ચોકલેટ ઇત્યાદિના આકારો બાસ જોવા જેવા છે. mosaic work માટેની ગોળ, ચોરસ, ત્રિકોણ વગેરે આકારની તખ્તીઓ ને એવા એવા બાસ આકારો ગોઠવવાનાં રમકડાં પણ બની ગયાં છે.

બાલઉદ્યોગો ઉપરથી આવેલાં રમકડાંનો એક જુદો પ્રકાર છે. શીવવાનો સામાન રાખવાની પેટી-

ઓ, બગીચો કરવાનો સામાન, દરિયા કિનારે રમવા માટે ઉપયોગમાં આવે એવો સામાન, મિકૅનો વગેરે પણ રમકડાંની દુકાનમાં દેખાશે.

બાળકોને હલનચલન પ્રિય છે. એ ક્રિયાને પોષક એવાં ફૂટબૉલ, ટ્રાઇસીકલ રૉકીંગહૉર્સ, રમકડાંની બાબાગાડી વગેરેનો સમાવેશ રમકડાંમાં થયો છે. દડો ને ભમરડો તો સર્વદેશિય અને અત્યંત બાલપ્રિય એવાં રમકડાં છે.

બુદ્ધિ કસવાની ઇચ્છાએ તૈયાર કરેલાં પઝલ્સ, કોયડા, ચિત્ર ગોઠવવાના કટકાઓ પણ રમકડાં છે. જાતજાતનાં ચિત્ર સાથે અક્ષરપોથાઓ ને એવી એવી શિક્ષણની વસ્તુઓ પણ રમકડાંની દુકાનમાં આવી ગઇ છે.

રમકડાંની બાબતમાં ખાસ પસંદગી કે શોખ ધરાવનારાં બાળકો થોડાં જ હોય છે. આવાં બાળકો બીજાં રમકડાં હાથમાં લેતાં જ નથી. તેમાં તેમને રસ જ હોતો નથી. તેઓ અમુક જ પ્રકારનાં રમકડાંથી રમવું પસંદ કરે છે. દાખલા તરીકે કેટલાંક બાળકોને ફુટબૉલ, બૅટબૉલ ને એવાં એવાં સાધનો એટલાં પ્રિય હોય છે કે તેઓ બીજાં રમકડાં હાથમાં જ લેતાં નથી. હાથમાં લે તો પણ બૉલની જેમ ફેંકવામાં વાપરે છે. એક સાડા

ચાર વર્ષનો છોકરો હતો, તેને મિકૅનો ઉપર એવી લત લાગી હતી કે બીજાં રમકડાં સામું તે જુએ પણ નહિ. આવાં બાળકો થોડાં જ હોય છે.

સામાન્યતઃ રમકડું ગમે તે પ્રકારનું હોય પણ તેથી લગભગ બધાં બાળકોને તાત્કાલિક હર્ષ તો થાય છે. રમકડાંથી રમનાર કે પ્રસન્ન થનાર બાળકો આપણે તપાસીએ તો આમ દેખાય છેઃ નવું રમકડું આવે ત્યારે પ્રથમ બાળકોને અત્યંત હર્ષ થાય છે. તેઓ નાચે છે, કૂદે છે ને હર્ષઘેલાં બની વાતો કરે છે; પરંતુ એ પ્રસન્નતાનો ઉભરો જેટલાં જોસથી આવે છે તેટલા જ જોસથી શમી પણ જાય છે. ઘણે ભાગે બીજે જ દિવસે બાળકો રમકડાને ભૂલી જાય છે. કોઇનો ઉત્સાહ કદાચ બે ચાર દિવસ ટકે છે. આજ કાલ જાપાને બાલમાનસનો અભ્યાસ કરીને જ જાણે બે દિવસમાં તૂટી ફૂટી જાય એવાં રમકડાં બનાવ્યાં છે. એટલે બાળકના આનંદની ને રમકડાંની જીંદગી બરાબર 'દો દિનકી' જ હોય છે. પછી બીજું રમકડું ન આવે ને નવેસરથી પ્રસન્નતાનો ઉભરો ન આવે ત્યાં સુધી બાળકો અપ્રસન્ન, અવ્યવસ્થિત રહે છે; અથવા જાતે જ નવાં રમકડાં બનાવીને રમત ચલાવે છે. ઘણીવાર આપણે જોઇએ છીએ કે બાળકો એકાદ લાકડાનો કટકો, પથરો,



ઘરમાંની ખુરશી કે ખાટલા વગેરે પદાર્થો સાથે વધારે આનંદથી ને વધારે દિવસો સુધી રમે છે ને જે રમકડાંથી પહેલી ક્ષણે ઘણો આનંદ થયો હતો તે જ રમકડાં કયાંય રખડતાં પડયાં હોય છે. જ્યાં માટી, પથરા, ધૂળ ને એવા પદાર્થોથી પોતાનાં રમકડાં બનાવી લેવાની કે છૂટથી રમવાની બાળકોને રજા હોતી નથી ને રમકડાંથી જ રમવાની ફરજ આવી પડે છે ત્યાં આખરે બાળકો રમકડાંથી સીધાં રમવાને બદલે તે તોડી ફોડીને તેનું કાંઇ જુદું જ રમકડું બનાવે છે, અને મૂળ રમકડું તોડી નાખવા માટે ઠપકો પણ ખાય છે. શ્રીમંતોના ઘરમાં જ્યાં એક તૂટે કે તરત બીજું મળે ને બીજું તૂટે કે તરત ત્રીજું મળે એવું હોય છે ત્યાં આપણે જોઇશું તો બાળકો રમકડાંથી કંટાળેલાં હોય એવાં દેખાશે. દારૂડિયો જેમ દારૂ પીએ ત્યારે જ તેને ઉત્સાહ આવે ને ન પીએ ત્યાં સુધી તેની બધી શક્તિઓ શિથિલ થઇ પડે, તેમજ એ બાળકોને કોઇ પણ નવું રમકડું ન મળે ત્યાં સુધી કોઇ પણ પ્રવૃત્તિમાં રસ પડતો નથી. રમકડું નવું મળે ત્યારે જ તેમને જરા મજા પડે છે. થોડીવાર પછી તે પણ જૂનું થઇ જાય છે. અને તેઓ મંદ અને નિરુત્સાહી બની જાય છે; આખરે કજીયો, બખેડા ને મારામારી વગેરે ઉપર ચડે છે.

રમકડાં વગેરેની અતિશયતાને કારણે માંદાં ન પડેલ બાળકો હરહંમેશ પ્રવૃત્તિ માગે છે. બધાં મા-બાપોનો આ સામાન્ય અનુભવ છે. જો તેમને પ્રવૃત્તિ ન મળે તો તેઓ દુખી થાય છે. બાળક ઘરમાં જે તે વસ્તુને અડવા જાય છે ને ના પાડીએ તો માનતું નથી. મોટાંઓ જે વસ્તુઓ વાપરે છે ને તેનો જેવો ઉપયોગ કરે છે તે જ વસ્તુઓ લઈને બાળકો મોટાંઓની જેમ જ વાપરવાના પ્રયત્ન કરે છે. સાવરણી લઈને વાળવા જશે, લુગડાં ધોવા બેસશે ને વાસણ ઉટકવાની પણ હોંશ ધરાવશે. કાગળ શાહી લઈને લખવા જશે, ને છરો લઈને શાક સુધારવા પણ દોડશે. ગરીબ કુટુંબનાં માણસોને બાળકોને સંભાળવાં ભારે થઈ પડે છે; જ્યારે શ્રીમંતો બાળકોને સંભાળનારી આયા અને રમવાનો જૂદો ઓરડો રાખીને મુશ્કેલીમાંથી બહાર આવે છે; પરંતુ બાળકોની પ્રવૃત્તિ ત્યાં પણ તેવી જ હોય છે. આયાઓ આમ ન કરાય એવો ઉપદેશ દઈ અથવા ક્રિયાને રોકીને તેમની એ વૃત્તિ દબાવી દે છે. સામાન્યતઃ બાળકોને આવાં કામો કરવા મળે તો તેઓ રાજી રાજી થાય છે. એટલે મોટાંઓને જે કામ અનિચ્છાએ કરી નાખવાનું, પતાવી દેવાનું અને

ઉકેલી નાખવાનું છે એ બધું બાળકને અત્યંત આનંદદાયક છે.

બાળકોને છૂટી જગ્યામાં ફરવા લઈ જઇએ તો તે આમ તેમ હર્ષથી ફરે છે. ઘડ કાંકરીથી માંડીને જે જે આજુબાજુ પડયું હોય તે બધું જોવામાં-તપાસવામાં-તેમને બહુ જ મજા પડે છે. બાળકો પરત્વે એ સામાન્ય અનુભવ છે. મોટાંઓની જેમ કામ કરવું એમાં બાળકોને એક પ્રકારનો આનંદ છે. તેમજ કુદરતની નાની નાની, ઝીણી વાતો જે આપણને પરિચયને લીધે સાવ સાધારણ લાગે છે તે તેમને નવી ને અદ્‌ભુત હોવાથી તેમનું અવલોકન અને પરિચય, એ બાળજીવનને આનંદદાયક લાગે છે.

નાચવું, કૂદવું, દોડવું, ઠેકવું, લપસવું, ચડવું, તરવું વગેરે શરીરના હલનચલનના વ્યવહારો પણ બાળકોને મન અત્યંત પ્રિય એવાં કામો છે. બાલઅવલોકનકારોના સાધારણ અનુભવની આ વાત છે.

ઉપર વર્ણવ્યા બાલઆનંદના પ્રકારો નૈ બાળકોના સ્વાભાવિક આનંદના પ્રકારો છે. એ સિવાય બાળકો રમત રમે છે ને રમકડાંથી પણ રમે છે.

આ સ્થળે આપણે રમકડાંની રમતોનો જ વિચાર કરવાનો છે.

ખરી રીતે એમ છે કે ઉપર જે રમતો બાળકોની સ્વાભાવિક રમતો તરીકે વર્ણવી છે તે બાલવિકાસને પોષક અને આવશ્યક રમતો છે, તે દ્વારા તેમનો શરીરવિકાસ થાય છે ને સ્નાયુ ઉપરનો કાબુ આવે છે. આસપાસની દુનિયા પરત્વે ઉત્પન્ન થતી સ્વાભાવિક જીજ્ઞાસા તૃપ્ત કરવી એ બધું તેમની શારીરિક તેમજ માનસિક સુદૃઢતાને પોષક છે. બાળક તે તરફ એટલી સ્વાભાવિકતાથી જાય છે કે જાણે ધાવણું બાળક ભૂખ લાગે ત્યારે પોતાની બા પાસે ધાવવા જાય અને ભૂખ તૃપ્ત થતાં ધાવવાનું મૂકી દે તેવી જ રીતે બાળકો રમતની જરૂર પૂરી થતાં રમતને મૂકી દે છે.

રમકડાં એ બાળકોની રમતો ઉપરથી નીકળેલાં હોવાથી કોઇ તેને બાલરમતોનાં સ્વાભાવિક સાધનો કહી બેસશે પણ તેમ નથી.

બાળકોની પહેલા પ્રકારની રમતો એટલે ઘરનાં કામકાજો સંબંધીની રમતો, ને તેને લગતાં રમકડાં લઇએ. આમાં મુખ્ય તફાવત એ છે કે બાળક જ્યારે સ્વયંસ્ફૂર્તિથી કામ કરવા લાગે છે ત્યારે તેના મનમાં મા કે બાપની કામ કરતા વખતની ગંભીરતા

હોય છે. તેને ખરેખર સાચું કામ કરવાની ઇચ્છા હોય તે વખતે આપણે રાંધવાનાં ને એવાં બીજાં રમકડાં આપીને કામની રમત અથવા નાટક કરવા તરફ તેમને પ્રેરીએ છીએ. ખોટું ખોટું રાંધવાનું, ખોટું ખોટું વાળવાનું ને બધું ખોટું ખોટું. તેથી એક તો આપણે તેને તરંગી રમતોમાં જવાનો રસ્તો બતાવીએ છીએ, બીજું ખોટાં ખોટાં કામમાં ખરા કામની ગંભીરતા, કાળજી કે મહત્ત્વ રહેતું નથી; જો કે ઘર ઘરની રમતમાં ઘણીવાર છોકરાંઓ રમતનું ખોટાપણું ભૂલી જાય છે; પરંતુ તે કામનાં ખરા-પણાને લીધે નહિ, પણ આરોપિત કાર્યને લીધે. ત્રીજું રમકડાંનાં વાંસણો લઇને કેટલુંય રાંધે કે વાળે-ચોળે અથવા એવાં જ બીજાં કામો કરે તોયે ખરા કામમાંથી મળતો કામ કર્યાનો સંતોષ તેમને એમાંથી મળતો નથી. એટલે બાળકોની સાચેસાચું કામ કરવાની કેટલીએક જંખના કાયમ જ રહે છે; જ્યારે કેટલાંએકમાં કામની જાગૃત થયેલી વૃત્તિને તે વખતે રસ્તો ન મળવાથી તે મરી જાય છે, ને આગળ જતાં તેમનામાં લગભગ જીંદગી સુધી કામ પ્રત્યે કંટાળો જ રહે છે. કારણ એ છે કે જે વખતે સ્નાયુઓ હીલચાલ માગતા હતા તે વખતે તેમને તેવાં કામો ન મળવાથી સ્નાયુઓમાં એક જાતનું

અણઘડપણું રહી જાય છે. આવા સ્નાયુઓનો વપરાશ મનુષ્યને કંટાળા ભરેલો લાગે છે. ચોથું ધરધર જેવી તરંગી રમતો ઉપર જ્યારે બાળકો ચડે છે ત્યારે સાચે સાચો કામનો આનંદ લેવાને બદલે ઘરમાં જોયેલાં કે સમાજમાં જોયેલાં એવાં અનેક કૌટુંબિક ને સામાજિક તત્ત્વો એમાં એટલાં બધાં દાખલ થાય છે કે ઘર સંબંધીનાં કામો ઘણે ભાગે ગૌણપદ જ ભોગવે છે. એકંદરે બાળકોની ઘરકામ કરવાની સ્વાભાવિક ઇચ્છા તેમને ઘરને લગતી વસ્તુઓનાં રમકડાં આપવાથી તૃપ્ત થતી નથી. ઉલટી તે વિકૃત થાય છે; તેના શુદ્ધ સ્વરૂપમાં અનેક બીજાં તત્ત્વો દાખલ થઈને કંઈક જુદી જ વસ્તુ બાળકો આગળ આવે છે. સ્નાયુઓને વાપરીને તેના ઉપર કાબુ મેળવવાનો આનંદ લેવાને બદલે કંઈ જુદી જ વિકૃત વસ્તુ તેમના આગળ આવે છે.

ઢીંગલીની રમત ઘરઘરની રમતનું એક અંગ છે. એ છોકરીઓની અતિ પ્રિય રમત છે. એની પાછળ બાળકમાં ને ખાસ કરીને છોકરીઓમાં દેખાતો વાત્સલ્યભાવ છે, પણ ઢીંગલીની રમતમાં એ ભાવને બળવાન રીતે કેળવવાને બદલે ઘણીવાર છોકરીઓ એ બાબતમાં વધારે પડતી તરંગી બને છે; કારણ સામેથી ઢીંગલી પોતે ધારે તે પ્રમાણે પ્રત્યુત્તર આપે

છે એમ બાળકે માની લેવાનું હોય છે. સાચેસાચું બાળક કે ગલુડિયાં અથવા બિલાડીનાં બચ્ચાં વગેરેને રાખવાં હોય તો તેમને જીવંત વિકસતી વસ્તુઓની સાથે સંબંધ બંધાય છે. તેથી વાસ્તવિકતાથી દૂર જઈ ગમે તેમ કલ્પના કરી લેવાનું અને પોતાને ગમે તે જાતનો પ્રત્યુત્તર કલ્પી લઈ, તરંગની દુનિયામાં જ જીવન ગાળવાનું હોતું નથી. સાચેસાચા પ્રત્યુત્તરો મળે છે, જેમકે નાનું બાળક હસે છે, રડે છે; બચી ભરે છે; ગલુડીયું વ્હાલથી ચાટે છે; આનંદથી નાચે છે, વગેરે સાચા પ્રત્યુત્તરો જ ખરું વાત્સલ્ય કેળવી શકે છે. નાનાં ભાંડુઓને રાખવાં, રમાડવાં, તેમનાં કામો કરવાં; કુતરાં, બિલાડાં પોપટ, મેના અને નાનાં ઝાડવાંને ઉછેરવાં વગેરે- ઢીંગલીની જગ્યા વધારે સારી રીતે લઈ શકે છે. એમાં પ્રેમતત્ત્વ ખીલી શકે ને સંભાળ ને સાવચેતી પણ વધે.

બાળક એની મેળે કલ્પનામાં ચડીને મોટી મોટી કે ખરી ઢીંગલી લઈને વખતે રમી લે, તો તે બહુ નુકશાનકારક ન નીવડે, પણ જ્યારે તે રમતને ખાસ પોષણ મળે છે, ઉત્તેજન મળે છે, ત્યારે તો તે બહુ જ નુકશાનકારક બને છે. બે રીતે આ રમત પોષાઇ છે. એક સામાજિક રીતે. આજે ઘેરઘેર રમાતી ઢીંગલીઓની રમતો એ જાતની છે. એમાં સમાજના

કુરિવાજનાં બધાં તંત્રો આસ્તે આસ્તે દાખલ થાય છે. બાળકોની સમજણની બહારની જેમકે લગ્ન, અધરણી અને સુવાવડ સુધીની વાતો પણ તેમાં આવે છે. વર વહુ, સાસુ વહુ, નણંદ ભોજાઇ, વગેરે સામાજિક વ્યવહારનું ત્યાં નાટક થાય છે ને તે વડે આ સંબંધોમાં ટંટાઓ કેમ ચલાવાય, હલકાઇ કેમ કરાય, વગેરે સંકુચિત સમાજજીવનના પાઠો દીકરીઓ ત્યાં ભણે છે.

બીજી રીતે શાળાએ આ રમતને સંસ્કારી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. ઢીંગલીનાં કપડાં શીવવાં, ઢીંગલીની નાની ઉજાણીઓ માટે રાંધવું વગેરે વગેરે; એમાં ઢીંગલીની રમતને બહાને ઘરગથ્થુ કામો શીખવી દેવાની યોજના અથવા યુક્તિ છે; પરંતુ ઘરગથ્થુ કામોમાં બાળકો સ્વતઃ આનંદ લઇ શકે છે, ત્યાં તેમને ફોસલાવવાની કે છેતરવાની શી જરૂર ? સાચા કામને રમતપણું એટલે બોટાપણું આપીને તેનું બરાપણું કે મહત્ત્વ શા માટે ઓછું કરવું ? આવાં બોટાં કામોમાં કામ કર્યાની તૃપ્તિ મળતી નથી. બાળકો સાચેસાચ શીવે, રાંધે, પીરસે, ઉજાણી કરે તો શું બોટું ? બાળકોને આમાં રસ નહિ પડે, કોઇ પણ ઉપયુક્ત કામો સ્વતઃ પ્રિય હોતાં નથી, કામ અપ્રિય વસ્તુ છે, માત્ર રમત - પ્રિય છે, વગેરે પ્રકારની

માન્યતાઓ -- આની પાછળ છે, જે અનુભવથી ખોટી ઠરી છે.

સ્વતઃ કામ આપવાને બદલે રમકડાં આપવામાં બે વિચારો રહેલા છે. એક તો બાળકો મોટાંઓની મોટી વસ્તુઓ ઉપાડીને કામ કરી શકતાં નથી તેથી બાળકોને માટે તે જ જાતની પણ તેઓ વાપરી શકે તે કદની નાની વસ્તુઓ બનાવવી જોઇએ એ વિચાર યોગ્ય જ છે; પરંતુ તે એટલી બધી નાની ન થવી જોઇએ કે તેનો મૂળ હેતુ જ નિષ્ફળ જાય. સિવાય આમ જૂઠી વસ્તુઓ આપવા કરતાં મોટાંઓનાં કામમાંથી જ બાળકો કરી શકે એવાં કામો જો બાળકોને બતાવવામાં આવે તો કામનું સાચાપણું સચવાય. કામ સાથે બાળકની એક બીજી ભાવના રહી છે; પોતાની બા કે બેન ભાઇ વગેરેને મદદ કરવી, ને તેમની સાથે સહકાર કરવો; એ વૃત્તિ પણ પોષાય અને તૃપ્ત થાય. રસોયો રસોઇ કરતો હોય તો તેમની પાસે જઇને બાળકો કામ કરવા માગતાં નથી, પરંતુ જ્યારે બા રસોડામાં જાય છે ત્યારે બાળકો તેની પાછળ જઇને કંઇક કરવા માગે છે. તે વખતે તેઓ કરી શકે એવો ઉદ્યોગ 'બા' આપી શકે તો તે રાજીના રેડ થાય છે.

રમકડાં દેવામાં બીજો વિચાર એ છે કે મોટાં-ઓને પોતાનાં કામો જલ્દી પતાવવાનાં હોય છે. એ કામો બાળકો સાથે રમતાં રમતાં કરે તો કયારે પાર આવે ? બીજું બાળકો કામમાં મદદ કરવા કરતાં કામો બગાડે છે, ને મોટાંઓનું તેટલું કામ બગડે છે. આ લપમાંથી છૂટાં થવાને બાળકો આગળ ચાર રમકડાં મૂકી દીધાં એટલે પત્યું. ગરીબોનાં ને મધ્યમ સ્થિતિનાં ઘરોમાં આને બદલે ઘરનો એકાદ ખૂણો બાળકોને આપી દે છે. વાસણ ઉટકતી વખતે બે છાલિયાં કે વાટકા અગર ચમચા તેમની પાસે મૂકે છે. કપડાં ધોતી વખતે એકાદ ચોળા કે તેમનું એકાદ ઝબલું ને એક કળશો પાણીનો આપે છે. રાંધતી વખતે પણ બાળકો કરી શકે એવાં કાંઇ કાંઇ કામો તેમને આપે છે. આથી બાળકો ખુશ થાય છે. ગરીબ લોકો ઘણીવાર નાનાં છોકરાંઓને આમ કામે લગાડે છે. આ રીત સારી છે પણ ત્યાં બીજી ભૂલ થવાનો સંભવ હોય છે. આવી રીતે કામો સોંપીએ તેમાં બે વાત ખાસ ધ્યાનમાં રાખવી.

પહેલી એ કે આ કામો બાળકોને માટે રમતો છે એ મોટાંઓએ ભૂલવું નહિ. બાળકો એમનાં રમ-કડાંથી રમે છે ત્યાં સુધી મોટાંઓ તેમની રમતમાં પડતાં નથી; પરંતુ જો તેઓ કામ કરવા આવે તો

"કેલાણું કેામ અધુરૂં મૂકીને કેમ ગયાં?" "કેલાણું જલદી કેમ ન કર્યું?" એમ ઠપકેા દેવા લાગે, કામ પૂરૂં કરીને જવાનું કહે, અથવા ફેાસલાવીને કામ કરાવવાનેા આગ્રહ રાખે તેા તેમની કામ કરવાની હેાંશ ભાંગી જાય; તેમને જેટલેા વખત કામ કરવું હેાય તેટલેા વખત કરીને પાછું પડતું મૂકવાની છુટ હેાય તેા જ તેઓ બીજે દિવસે ફરીવાર હેાંશથી તે કામ ઉપર આવે છે; નહિ તેા તેઓ રમકડાંનાં વાસણેાથી અથવા ઠીંકરાં ને પથરાનાં કાલ્પનિક વાસણેાથી રમવું વધારે પસંદ કરશે, કારણ જ્યારે ગમે ત્યારે તેઓ તે મૂકી દઇ શકે છે.

બીજું જ્યારે તેઓ આપણી સાથે કામ કરવા આવે ત્યારે 'આમ કરેા' 'તેમ નં કરેા' એવી કામ સંબંધે ઘણી બધી સૂચના દઇએ છીએ અને તે સૂચનાઓ પ્રમાણે કેમ ન કર્યું માટે ઠપકેા આપીએ છીએ. આને આપણે ટેાકવું કહીએ છીએ. બાળકેા તેથી બહુ ત્રાસે છે. તેમના રંગમાં ભંગ પડે છે. પહેલાં જે રમતરૂપ લાગતું હતું તે હવે કંટાળા ભરેલું લાગે છે એક વખત મેાટાંઓએ બાળક જૂએ તેમ આસ્તેથી કામ કરી બતાવવું ને પછી બાળકેાને તે કરવા દૃષ્ટાં મૂકવાં જોઇએ. થેાડા જ દિવસમાં તેઓ તેમની મેળે, ધીમે ધીમે સરસ રીતે

કામ કરવા લાગશે. ન લાગે તો ફરીવાર સારી રીતે તે કેમ કરાય તે તરફ મોટાંઓ તેમનું ધ્યાન ખેંચે. વચ્ચે કયારે ને કેવી રીતે પડવું એની બબર ન હોવાથી તે સંબંધમાં ભૂલો થઇ બેસે છે. જ્યારે બાળકો ઘર ઘર રમતાં હોય ત્યારે જેમ મોટાંઓ તેમની વચ્ચે પડતાં જ નથી તે જ ધોરણ આમાં રાખે તોયે ઘણો લાભ છે.

પહેલા પ્રકારનાં રમકડાં વિષે ટૂંકામાં એટલું જ કે બનતાં સુધી બાળકોને સાચા કામમાં જ જોડાવા દેવાં. રમકડાંથી તેમની બરી ભૂખ ભાંગવાની નથી.

આસપાસની દુનિયાની બાલપ્રિય વસ્તુઓનું પણ એમ જ છે. બનતાં સુધી સાચાં પ્રાણી, સાચી વસ્તુઓ જોવા તેમને લઇ જઇએ; તેમનું મન તૃપ્ત થાય ત્યાં સુધી તે વસ્તુઓ તેઓ જુએ એ જરૂરનું છે. સામાન્યતઃ બાળકો આસપાસની દુનિયામાંથી જ રમકડાના પદાર્થો પસંદ કરે છે, જેમકે ચકલી, કાગડા, કૂતરા, ગાય, બળદ, ઘોડા વગેરે જે બધાં સાચેસાચાં જોવા મળી શકે છે. પ્રાણીજીવન બાળકોને બહુ આકર્ષક હોય છે. તેમને છૂટાં મૂકીએ તો પોતાની આસપાસની દુનિયામાંથી જે જાતનાં પશુ, પક્ષીઓ, કીડી, બીસકોલી જે મળે તેની પાછળ જઇને તેમના જીવનનું અવલોકન

કરવાની તેઓ મજા લે છે. એ કામ તેમને ચિત્રો કે માટીના કે લાકડાના ઘોડા કે કૂતરા આપવાથી કોઇ દિવસ સરવાનું નથી. શહેરના રહેવાસી બાળકોને ચકલી, કૂતરું, બિલાડું વગેરે જોવા મળી જ શકે. ગાડીના ઘોડા વગેરે પણ તેઓ જોઇ શકે છે. બાળકોની દુનિયાની બીજી પ્રિય વસ્તુ તે ગાડી, આગગાડી, વહાણ વગેરે પદાર્થો છે. તેમની ગતિને લીધે બધાં બાળકોને તે આકર્ષે છે. શક્ય હોય ત્યાં આવા પદાર્થના પ્રત્યક્ષ અવલોકનથી ખરી મજા લેવાની અનુકૂળતા કરી આપવી. મુંબઇ જેવાં શહેરનાં છોકરાં — બીજી રીતે તેમની ભૂખ મરી ગઇ હોય તો — ટ્રામગાડી, મોટર ને સાઇકલોને જોતાં ધરાતાં નથી; કલાકો સુધી જોયા જ કરે છે. છતાં તેમને માથે પણ મોટરનાં રમકડાંથી રમવાનું આવી પડે છે. આ વસ્તુઓમાં રહેલ તેમના જીવંત રસને જુદું જ સ્વરૂપ મળે છે. સિવાય આ પદાર્થો પ્રત્યક્ષ જોવાથી તેમને રોજ ને રોજ જે કાંઇ કાંઇ નવું જ નજરે આવે છે, કાંઇ કાંઇ નવું જ જાણવાનું મળે છે, તેવું કશું જ રમકડાંમાંથી મળવાનું નથી. ખરી મોટર જોતાં હોય તો એક દિવસ તેની ગતિ તરફ ધ્યાન જાય છે; કેટલાય દિવસ તે જુએ છે ત્યારે એકાદ દિવસ મોટર કેમ ઉભી રહે છે

અથવા ક્રેમ ઉપડે છે અથવા ક્રેમ વળે છે તે તરફ ધ્યાન જાય છે; ક્રોઇ દિવસ મોટરનો રંગ તો ક્રોઇ દિવસ મોટરનું હૉર્ન એમ નવી નવી વસ્તુ રોજ ને રોજ બાળક આગળ આવે છે. ક્રોઇ દિવસ એનું પેટ ઉઘડેલું જોઇને ખુશ થાય છે, તો ક્રોઇ દિવસ ટાયરમાં હવા ભરતાં જુએ છે. ગાડીનું, આગગાડીનું પણ એમ જ છે. આપણી આસપાસ ઘરમાં કે બહાર પડેલા પદાર્થોની રચના ને તેને ચલાવવાની રીત બાળકોને મન એક અત્યંત રસભરી વાત છે. બાળકો પોતાના અવલોકનમાંથી પોતાની વૈજ્ઞાનિક વૃત્તિ ખીલવે છે, ને મનમાં ને મનમાં કાર્યકારણો શોધે છે જ્યારે રમકડાં તો એ વૃત્તિના વિકાસને આડે આવનારી જ વસ્તુ થઈ પડે છે. બેશક આપણા પ્રિય જનનો ફોટો આપણે પાસે રાખીએ છીએ તેમ બાળકો પ્રિય વસ્તુઓનાં ચિત્રો કે રમકડાં પાસે રાખવા માગતાં હોય તો તેમને આપણે ના ન પાડીએ; પણ આપણે તે તેમના ઉપર લાદીએ નહિ. સાચા પદાર્થો તરફનું તેમનું આકર્ષણ રમકડાંથી મટશે એમ માનવું નહિ, અને ઇચ્છવું પણ નહિ. તેમને ગમતા સાચા પદાર્થો તરફ તેમને લઇ જવાની કે તેમને જવા દેવાની ફરજ તો ઉભી જ રહે છે.

૨૯

ત્રીજા પ્રકારનાં રમકડાં એટલે અવાજ, રંગ, રૂપ, રુચિ વગેરે બાળકોની સ્વાભાવિક હાજતોને લીધે જે બાળકોને પ્રિય છે તેવાં થોડાં ઘણાં રમકડાં બાળકોને આપવામાં આવે તો બહુ વાંધો નથી. પરંતુ આ રમકડાં વતી બાળકોનું ઇંદ્રિયશિક્ષણ થાય છે; તેમની રંગની ઇંદ્રિય કે અવાજની ઇંદ્રિય કે આકાર ગ્રહણ કરવાની ઇંદ્રિય કેળવાય છે; અથવા ઇન્દ્રિયવિકાસ થાય છે એમ જો લોકો માનતા હોય તો તે ભૂલભરેલું છે. એને વિષે ચર્ચામાં અહીં ન ઉતરીએ; કેમકે તેથી ઇન્દ્રિયવિકાસ અને ઇન્દ્રિય-કેળવણી સંબંધેની ઝીણવટમાં ઉતરવું પડશે. ચોક્કસ પદ્ધતિથી બિકસનારી ઇન્દ્રિયોને આવી જાતનાં રમકડાં પ્રિય થઇ પડશે; એમના ઉપર તેમને કંઈ પુનરાવર્તન મળશે અને જરા મજા આવશે. જેમકે રંગની તખ્તીઓ (મોન્ટીસોરી શાળાનું એક સાહિત્ય) ઉપર કામ કરનાર બાળકને દુનિયા આખીના રંગો ઓળખવાની મજા પડે છે. તેઓ રમકડાંમાં પણ રંગો જોશે. પરંતુ રંગની ઇન્દ્રિય ખીલવવા માટે આ રંગીત રમકડાંની જરૂર હોય એવું નથી જ. આવાં રમકડાં વાંપરનારાઓએ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે એ પ્રકારનાં ધ્વનિ, રંગ, કે રૂપથી વિશેષ આકર્ષક બનાવેલાં રમકડાં જે

થોડાએક વિલાસ તરીકે આપવા જેવા પદાર્થો છે. જેમ મીઠાઇ કે મિષ્ટાન્નો એ રુચિના વિલાસો છે અને ક્વચિત તહેવારે આપવા જેવા છે, પણ રોજના શરીરપોષણના કામના નથી; તેમજ રમકડાં પણ થઇ શકે તો વિલાસ તરીકે જ બાળકોના જીવનમાં થોડા પ્રમાણમાં દાખલ થઈ શકે. આજની ઘડીએ આજુબાજુના વાતાવરણને લીધે ઘણીવાર બાળકો રમકડાંની માગણી કરે છે. રમકડાં ન મળે તો અસંતુષ્ટ રહે છે, માટે કોઇ વખતે તેમને થોડાંએક અપાવીએ. પ્રણ આપનાર સ્વજન તેની વિકાસ વિષયક ખરી કિંમત જાણતો હોય તો તે બહુ નુકશાન ન કરે; પરંતુ મોટાંઓ જ્યારે એમ માને છે કે એ બહુ જ સારી વસ્તુ છે, ત્યારે રમકડાંના આકર્ષણ સાથે મોટાંઓના મતનું વજન પણ રમકડાંથી જ રમાડવા તરફ પડે છે, ને ત્યારે બાળકને વધારેમાં વધારે નુકશાન થાય છે.

બાળઉદ્યોગોને પોષક રમકડાં આપવામાં હરકત નથી. જેમકે શીવનાર બાળકને શીવવાની પેટી, મિકૅનીકલ વલણના બાળકને મિકૅનો, કાગળ કાપવાનાં સાધનો, સાદડી ગુંથવાનાં સાધનો, મોતી પરોવવાનાં તોરણો વગેરે બનાવવાનાં સાધનો,

બગીચા કરવાનાં સાધનો વગેરે બાળકોને તંદુરસ્ત રમત થઇ પડે છે. એમાં આમ કરો ને તેમ કરો, એમ જરૂર વગરની સૂચના આપવાની તસ્દી મોટાંઓ ન લે તો બાળકો પોતાની મેળે સુંદર સર્જનોની ભેટ આપણને આપે છે. રમકડાંનો ઉપયોગ કરી દેખાડવામાં વાંધો ન જ હોય.

હલનચલનને પોષક રમકડાં પણ નુકશાનકારક નથી; માત્ર તેની અતિશયતામાં નુકશાન છે. જેમકે ફૂટબોલ, ટ્રાઇસીકલ, સ્કીપીંગ રોપ (કૂદવાની દોરી) વગેરે બાળકને આનંદ સાથે કસરત આપે છે. એવી રમતોમાં સ્પર્ધા વગેરેનાં તત્ત્વો દાખલ ન થાય તો બાળક તેનાથી જરૂર જેટલું રમીને તેને મૂકી દે છે. તેથી વધારે પડતી કસરતની બહુ બીક રહેતી નથી. આવાં રમકડાંમાં ને તેમની રમતમાં એટલું જ ધ્યાન રાખવાનું છે કે તે વધારે પડતાં આકર્ષક બનીને બાળકના સ્નાયુઓને ઇજા થાય એટલો વ્યાયામ કરાવે નહિ. એમાં મોટાંઓ કે બીજાં છોકરાંઓ વચ્ચે પડે ને સામાજિક કે સ્પર્ધાત્મક તત્ત્વો દાખલ થાય ત્યારે એ જાતની અતિશયતાની બીક રહે છે; અર્થાત્ એ સાધનો વગર કસરત કે શરીરવિકાસ થવાનો નથી એમ તો નથી જ; એ શ્રીમંતોના વિલાસો તો છે જ; પણ

નુકશાનકારક નથી. બુદ્ધિ કસનારાં રમકડાંનો બાળકોને શોખ હોય તો તે આપવામાં બહુ હરકત નથી; પરંતુ એવાં રમકડાંથી બાળકોની બુદ્ધિનો વિકાસ થાય છે એવું માનવાની ભૂલ કરીએ નહિ. ખરી રીતે વિકસેલી બુદ્ધિને તેઓ વ્યાપાર આપે છે. તે પ્રમાણમાં હોય ત્યાં સુધી આવાં રમકડાંથી રમવામાં હરકત નથી. આનું જ વ્યસન બની ન જાય અને સર્જનાત્મક બુદ્ધિનાં કામો મૂકીને બાળકો કોયડા અને એવાની જ પાછળ ન પડે એટલું જ ધ્યાનમાં રાખવું.

રમકડાં અપાવતી વખતે બે ચાર વાતોનું ધ્યાન રાખવું ઘટે.

૧ બાળકો અંદરના આકર્ષણથી રમકડાં માગે છે ?

૨ રમકડાંની દુકાનમાં લઇ જઇએ તો પોતાની પસંદગીથી રમકડાં ઉપાડે છે કે ગમે તે રમકડું એને ચાલે છે ?

૩ બાળકો પોતાની ઇચ્છાથી રમકડાંથી સ્વયં રસપૂર્વક કેટલો વખત રમે છે ને કયા પ્રકારનાં રમકડાંથી વધારે વખત રમે છે ?

આ રીતે થોડુંક પોતાનાં બાળકનું અવલોકન કરતાં રહીએ તો કયા પ્રકારનાં રમકડાં અપાવીએ તો ઠીક એ નિર્ણય કરવામાં તેમજ પોતાના બાળક પરત્વે રમકડાંથી ફાયદો શો છે તે નક્કી કરવામાં મદદ રૂપ થશે.

શિક્ષણની ગંગોત્રી

લેખક :
ગિજુભાઈ

પ્રકાશક :
નાનાભાઇ, ગિજુભાઇ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રક : સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦

સં ૧૯૮૨

શિક્ષણના વહેમો

આપણે શિક્ષણનું પવિત્ર કાર્ય હાથ ધરી બેઠા છીએ, છતાં હજી આપણામાંથી કેટલાએક શિક્ષણના વહેમો દૂર થયા નથી. એ વહેમોને લીધે આપણે આપણું કર્તવ્ય કરવામાં પછાત રહીએ છીએ. આપણે આજે જૂના વહેમોને હસી કાઢીએ છીએ, છતાં એ વહેમો કરતાંએ વધારે નુકસાનકારક વહેમો તો પોષી રહ્યા છીએ.

આપણે એમ માનીએ છીએ કે પ્રત્યેક વિદ્યાર્થી શીખના ઇચ્છતો જ નથી. જો તેમના ઉપર શીખવાની ફરજ મૂકવામાં ન આવી હોત તો આપણી શાળામાં આજે એક પણ વિદ્યાર્થી ન હોત.

આપણો ખ્યાલ એવો છે કે આજે જે વિદ્યાર્થીઓનો સમુદાય કેળવણી લઇ રહ્યો છે તે

કેવળ માતપિતાના દબાણને લીધેજ અથવા શિક્ષકની ધાકને પરિણામે જ. આ માન્યતા મોટો ભ્રમ છે. એ વાતમાં સત્ય છે કે આજે આપણે વિદ્યાર્થીઓને જે શીખવી રહ્યા છીએ તે બધું મોટે ભાગે વિદ્યાર્થી દબાણ તેમજ ભય કે લાલચને અધીન થઇને જ શીખે છેઃ આનું કારણ એ નથી કે વિદ્યાર્થી શીખવાને નથી જ ઇચ્છતો કે અભ્યાસ તરફ તેને અરૂચિ જ છે, પરન્તુ ખરી વાત એ છે કે આપણી શિક્ષણપદ્ધતિ એટલી બધી નીરસ, અશાસ્ત્રીય અને અર્થહીન થઇ પડી છે કે વિદ્યાર્થી તેની સામે કંટાળો બતાવી રહેલ છે. વિદ્યાર્થીની આ માનસિક સ્થિતિને આપણે અભ્યાસના અનાદર તરીકે ભૂલથી લેખી લઇ ઠરાવી માર્યું છે કે વિદ્યાર્થીને સ્વભાવથી શીખવું ગમતું જ નથી. વસ્તુતઃ એમ છે કે પ્રત્યેક મનુષ્યપ્રાણી એકલું પ્રેરણાબદ્ધ નથી. પશુ કેવળ પ્રેરણાને વશ વરતી પોતાનો જીવન વ્યવહાર ચલાવે છે. મનુષ્યપ્રાણી પશુ એટલા જ માટે નથી કે તેમાં કેટલીએક પ્રેરિત શક્તિઓ જન્મથી હોવા ઉપરાંત તે બુદ્ધિશાળી છે, વિચારશીલ છે. બુદ્ધિનો સ્વાભાવિક ઉપયોગ જ્ઞાનપ્રાપ્તિ અર્થે થાય છે. આ કારણથી જ બાળકમાં જન્મ વખતે જેટલી શક્તિ હોય છે તેટલી જ શક્તિઓ તેનામાં કાયમને માટે ન રહેતાં તેમાં દિનપ્રતિદિન વધારો

થતો જાય છે. વિકાસ મનુષ્ય બુદ્ધિના યોગ્ય ઉપયોગમાં રહેલ છે. આ બુદ્ધિનો ઉપયોગ કરવાની વૃત્તિ એનું જ નામ અભ્યાસ કરવાની વૃત્તિ. જો બાળકમાં અભ્યાસ કરવાની વૃત્તિ સ્વાભાવિક ન હોત, તેમજ જો મનુષ્યને માટે નવી નવી બાબતોનો અભ્યાસ એક અતિ આવશ્યક હાજરત ન હોત તો બાળક હમેશ માટે બાળક જ રહ્યું હોત. આપણા અનુભવ ઉપરથી આપણે જાણીએ છીએ કે સમાજનો હરેક મનુષ્ય સામાજિક બનવા અને રહેવા માટે પ્રતિદિન તેની શક્તિમાં વધારો કરતો જ જાય છે. જીવવા માટેનો તેનો પ્રયાસજ મનુષ્ય સ્વભાવતઃ અભ્યાસપરાયણ પ્રાણી છે એમ બતાવી આપે છે. જે અનેક મનુષ્યો કદિ પણ શાળાનાં પગથિયાં ઉપર ચઢેલ નથી તે બધાને આપણે બીનકેળવાયેલ નથી કહી શકતા; તેઓ કદાચ બે વિષયોનું તલસ્પર્શી જ્ઞાન ધરાવતા ન હોય એ બનવાજોગ છે, છતાં તેનામાં જ્ઞાન છે એમ તો સ્વીકારવું જ પડે. આ જ્ઞાન કયાંથી આવે છે? આજે એવી અનેક બાબતો છે કે જે શાળામાં શીખવાતી ન હોય છતાં વિદ્યાર્થીઓ જાણે છે. આ જ્ઞાન પણ કયાંથી આવે છે? ઉત્તર એજ છે કે એ જ્ઞાન વિદ્યાર્થીની જ્ઞાન મેળવવાની કુદરતી હાજતમાંથી જ આવે છે.

જીજ્ઞાસાવૃત્તિ એ એક કુદરતી બલાણુ છેઃ તે વૃત્તિને સંતોષવાની ક્રિયામાં જ્ઞાનપ્રાપ્તિની ક્રિયા થયાજ કરે છે. એ બલાણુને ખોલવામાં કેળવણી–શિક્ષણ–નું કાર્ય ચાલે છે. આજની શાળાઓમાં આપણે વિદ્યાર્થીની જીજ્ઞાસાને પોષતા નથી. આપણે તો આપણી ભણાવી દેવાની મહત્વાકાંક્ષાને પોષવા પ્રયત્ન કરીએ છીએ. આપણી મહત્વાકાંક્ષા અને બાળકની જીજ્ઞાસાનો જ્યાં મેળ મળે છે ત્યાં તો બાળક શીખતું દેખાય છે, પરન્તુ જ્યાં એનો પરસ્પર વિરોધ હોય છે ત્યાં બાળક આપણને અભ્યાસવિમુખ, મંદ ને મૂર્ખ લાગે છે. આથી જ આપણને લાગે છે કે વિદ્યાર્થી શીખવા ઇચ્છતો નથી. આથી જ આપણે તેના ઉપર દબાણ, ભય અને લાલચનો ભાર મૂકવા માગીએ છીએ; પણ એકવાર આપણી આ ભૂલ ભાંગે અને આપણે સમજી લઇએ કે વિદ્યાર્થી તો ભણવા ચાહે છે, પણ આપણે તેની જીજ્ઞાસા સમજી શકતા નથી, આપણે તેને સંતોષી શકતા નથી, આપણે તેને દોરી શકતા નથી; તો આપણે આપણી શિક્ષણપદ્ધતિમાં ઘણોજ ફેરફાર કરી નાખીએઃ આપણે તેની જીજ્ઞાસા શેમાં છે તે શોધીએ, જીજ્ઞાસાનું પૂરું પ્રતિબિંબ પડે તેવાં સાધનો યોજીએ અને જીજ્ઞાસાને તૃપ્તિ મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરીએ. આપણે તેને જેનું

જ્ઞાન લેવાની ભૂખ હોય તેનું જ જ્ઞાન આપીએ. જે વસ્તુ તેના સ્વભાવને અનુકૂળ ન હોય, જે વસ્તુ તેને નુકસાન કરે તેવી લાગતી હોય તે તેના શિક્ષણમાંથી છોડી જ દઇએ.

આપણી એક બીજી માન્યતા એવી છે કે શબ્દના જ્ઞાન માત્રથી વસ્તુનું જ્ઞાન થાય છે. બાળક કે વિદ્યાર્થી જ્યારે કોઇ દોષ કરે ત્યારે જેઓ બાળકને સવાલ પૂછે છે કે: "એમ કેમ થાય?" "એમ તે શી રીતે થાય?" ત્યારે તો તેમની આપણે દયા જ ખાઇએ. આવા પ્રશ્નોની નિઃસારતા અને પૂછનારની અમુઝાણ આપણે સહેજે સમજી શકીએ છીએ. એમને આપણે જવા દઇએ. વ્યવહારમાં આપણે જે વાત સમજીએ છીએ તે વાત પણ શિક્ષણમાં ભૂલી જઇએ છીએ. 'વાતોનું વાળુ' થાય નહિ એ આપણે જાણીએ છીએ છતાં વિદ્યાર્થી બોધ માત્રથી નીતિમાન થઇ જાય એમ માનવાની ભૂલ આપણે જ કરીએ છીએ. વિદ્યાર્થી બોધનો શબ્દ યાદ રાખી શકે, બીજાને તે સંભળાવી પણ શકે; પરન્તુ તેથી તેના જીવન ઉપર તેની કેટલી અસર થાય? ઘણા ઉપદેશકો સુંદર બોધ આપી બીજાને મુગ્ધ કરી નાખે છે, છતાં તેને પોતાને માટે તો પોથીમાંનાં રીંગણા જ રહે છે. આનું કારણ એમનું જ્ઞાન શાબ્દિક છે, હાર્દિક નથી:

હરેક જ્ઞાન વાસ્તવિક હોય તો જ તે હાર્દિક થાય. આજે શિક્ષણ માત્ર શબ્દ ઉપર રચાયું છે, વસ્તુ ઉપર નહિ; અને તેથી જ મનુષ્ય કેવળ તરંગ સૃષ્ટિના ધુમાડાના બચકા ભરી રહ્યો છે. વાસ્તવિક સૃષ્ટિથી તે સદૈવ દૂર રહે છે ને તેથી તેમાં તે જીવી શકતો નથી. તેમાં જીવવાને માટે નાલાયક થાય છે. આવો માણસ વેદિયો ગણાય છે. આવું શિક્ષણ આપણને ઘણાં વર્ષોથી મળતું આવેલું છે; અને હજી તો ચાલુ જ છે. આને લીધે જ આપણે કર્તવ્ય છોડી વારંવાર દલીલબાજી ઉપર ચડી જઈએ છીએ. વાત એમ છે કે શબ્દના જ્ઞાનથી શબ્દનું જ જ્ઞાન થાય છે. વસ્તુનું નહિ. કેળવણીની શરૂઆત વાસ્તવિકતાના જ્ઞાનથી થવી જોઇએ. આનો અર્થ એવો ન થાય કે માણસને સ્થૂળ અને જડસૃષ્ટિનો ઉપાસક બનાવવાનો શિક્ષકનો ઉદ્દેશ હોય અથવા રહેવો જોઇએ. એ સ્થિતિ વળી શાબ્દિક જ્ઞાનની સ્થિતિને બીજે છેડે છે: વાસ્તવિક કેળવણીનો અર્થ સ્થૂળ કેળવણી એવો કરી નાખવામાં કેવળ જડવાદ રહેલો છે—સાચી કેળવણીમાં નથી કેવળ શબ્દને સ્થાન કે નથી એકલું નરી વાસ્તવિકતાને સ્થાનઃ

જીવનને ભાવનાપ્રધાન બનાવવા માટે, તેમાં કવિતા ને સૌન્દર્ય ભરવા માટે કલ્પનાને જોટલું સ્થાન

આપ્યા શકાય તેટલું જ સ્થાન જીવનને સાચી રીતે સમજવા માટે વાસ્તવિકતાને ઘટે છે. આ બધું ધ્યાનમાં લઈ આપણે કેળવણીની પદ્ધતિનું યોગ્ય નિર્માણ કરવું જોઇએ. માટે આપણે જે બધું શીખવીએ છીએ તે કેવળ વ્યાખ્યાનથી ન શીખવીએ. શિક્ષણના વિષયના મોટા ભાગનું જ્ઞાન આપણે વિદ્યાર્થીને તેના પોતાના અનુભવ, અખતરા અને અવલોકનથી જ કરાવીએ. બની શકે ત્યાં તમામ શિક્ષણ સાક્ષાત વસ્તુના પરીચયથી જ આપીએ. જ્યાં જ્યાં જ્ઞાનેન્દ્રિયોદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય ત્યાં ત્યાં તે ઇન્દ્રિયો વડે જ જ્ઞાન લેવરાવીએ. આ માટે આપણે કેળવણીની યોજનામાં ઇન્દ્રિય વિકાસને પ્રથમ સ્થાન આપીએઃ ઉપરાંત વિદ્યાર્થીઓમાં અવલોકન કરવાની શક્તિ વધે તે માટે તેને શાળામાંથી બહાર કાઢી વિશાળ દુનિયાની સામે ખડા કરીએ પ્રત્યક્ષ દુનિયામાં જીવવાથી માણસમાં અનેક વિધ શક્તિઓ ખીલી જાય છે, અનેક માણસોના પરિચયમાં આવવાથી, અનેક ભિન્ન ભિન્ન પ્રકારની ઉપકારવૃત્તિમાં જોડાવાથી અને બને તેટલો પ્રવાસ કરવાથી વિદ્યાર્થીનું અવલોકન ને અનુભવ વધે છે; આને લીધે તેનું જ્ઞાન વૃદ્ધિ પામે છે, અને તે શબ્દને પણ સમજણપૂર્વક ઝીલવાને યોગ્ય બને છે. જેની કાનની ઇન્દ્રિય કેળવાઇ નથી તેમજ જેને

દુનિયાનું વાસ્તવિક જ્ઞાન તથી, જે વાસ્તવિકતાથી દૂર છે તેને શબ્દમાં રહેલ ચમત્કૃતિ સમજાતી નથી. તેના આગળ કવિતા નકામી છે, કોઇ પણ શબ્દ ચિત્ર અર્થ વિનાનું છે; કોઇ પણ ભાવના ગોટાળા રૂપ ભાસે છે. આજે સમાજની આ દશા છે. શુદ્ધ કાવ્યને આજે સમાજમાં સ્થાન નથી. આજે સમાજ ભાવનાને કેવળ અસંભવ કલ્પના ગણી કાઢે છે. સમાજ આજે ક્ષુદ્ર નાટકોમાં રસ લે છે. સમાજનું વાચન આજે સામાન્ય નવલકથાઓમાં પરિસમાપ્ત થાય છે. સમાજની ભવિષ્યના ગર્ભમાં ડૂકી મર્યાદામાં પણ દૃષ્ટિ પડતી નથી તેનું કારણ આજની શબ્દ ની કેળવણી છે. આપણે ભાવિ-પ્રજાના હિતની ખાતર આપણો ભ્રમ દૂર કરવો જોઇએ અને બનતી મહેનતે આપણા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અને વાસ્તવિક જ્ઞાન વધારે આપવું જોઇએ.

આપણો એક ખ્યાલ એવો છે કે બુદ્ધિશાળી વિદ્યાર્થીને જ ભણવાનું ગમે છે ને ઠોઠ વિદ્યાર્થીને ભણવું નથી ગમતું. ઉલટાવીને બોલીએ તો એમ કહેવાય કે જે વિદ્યાર્થીને ભણવું ગમે છે તે બુદ્ધિશાળી છે ને જેને ભણવું નથી ગમતું તે ઠોઠ છે. આ માન્યતામાં પૂરે પૂરી ભૂલ છે. પ્રત્યેક મનુષ્ય બુદ્ધિશાળી તો છે જ,

પણ પ્રત્યેક મનુષ્યને બધું જ ભણવું ગમતું નથી. કોઇને કંઈ ભણવા પ્રત્યે આદર હોય છે, કોઇને કંઇ ભણવા પ્રત્યે. કેટલાક એવા હોય છે જેમને ગણિત ઉપર અસાધારણ પ્રેમ હોય છે, જ્યારે ઇતિહાસ સાથે તેમને દુશ્મનાવટ હોય છે. આ માણસમાં બુદ્ધિ નથી એમ તો કેમ જ કહેવાય? બુદ્ધિવિના ગણિત જેવા વિષયમાં રસ લેવાનું બની જ નથી શકતું. ત્યારે તેને ઇતિહાસ કેમ ગમતો નથી? એનો ઉત્તર એટલો જ કે એ વિષયમાં તેને મઝા પડતી નથી. એ વિષયનું તેના મનમાં વાતાવરણ નથી. માટે જો આપણે કોઇને એકાદ વિષયમાં રુચિ બતાવતો ન જોઇએ તો એમ ન કહી શકાય કે તે ઠોઠ છે કે નાલાયક છે; પણ અમુક વિષયમાં તેને મઝા નથી પડતી એટલું કહેવું જ વ્યાજબી અને ડહાપણ ભરેલું છે.

આપણું કામ તો એટલું જ છે કે વિદ્યાર્થી કયા વિષયમાં ખાસ રૂચી ધરાવે છે તે જાણી લઇને તે વિષયમાં પ્રવીણ બનાવવામાં આપણે તેને મદદ કરીએ. આજની આપણી શાળાઓની પરીક્ષાપદ્ધતિ અને વિદ્યાર્થીને ઉપલા વર્ગમાં ચડાવવાની રીતિને લીધે એકાદ બે વિષયમાં પ્રવીણ અને પ્રતિભાવંવાળા કેટલાએ વિદ્યાર્થીઓને ઠોઠમાં ખપી સાડવું પડ્યું

છે. ઘણીવાર એવું બને છે કે જેને નિશાળનો એકેય વિષય આવડતો નથી હોતો તે જીંદગીમાં બુદ્ધિભર્યા, હેરત પમાડે તેવાં કામ કરે છે, એટલું જ નહિ પરન્તુ ઘણીવાર જે જે વિષયો તેને શીખવા ગમતા ન હતા, જેમાં જેમાં તે ઠોઠ હતા તેમાં જ તે સમાજમાં પ્રતિષ્ઠા ભોગવતા જોવામાં આવ્યા છે; કારણ એ છે કે બુદ્ધિ શાળી કહેવાતા વિદ્યાર્થીઓને શાળાઓ બધા વિષયો એકસાથે શીખવવાની યોજના કરી રહી છે. એકાદ વિષયમાં પ્રવિણતા મેળવવા માટે પણ આજે તો બધાય વિદ્યાર્થીઓને એક જ બીબામાંથી નીકળવું પડે છે. જેને એ બીબામાંથી નીકળતાં આવડ્યું તે હોંશિયાર ને બીજા બધા ઠોઠ એવી આપણી ગણના છે. ઘણીવાર વિદ્યાર્થીને શાળામાં આવીને ઠોઠ બનવું પડે છે, એને માથે એવી ફરજ જ આવી પડે છે. શાળા જે શીખવવા માગતી હોય તેને માટે જો તેનું વલણ જ ન હોય, તો તેણે તો શાળાના કાર્યને નમસ્કાર કર્યા વિના ચાલતું જ નથી, એટલામાં તો તે ઠોઠના ઉપનામને પામે છે; પણ જો પ્રત્યેક મનુષ્યને આ સમાજમાં સ્થાન છે જ તો પછી એ સ્થાન માટે મનુષ્ય યોગ્ય થાય એવી વ્યવસ્થા કરવાનું કામ શિક્ષકોનું છે અને તે કામ આપણે સમજણ પૂર્વક ઉપાડી લેવું જોઇએ.

આપણો એક ખ્યાલ એવો છે કે વિદ્યાર્થીઓ શિક્ષા વિના અભ્યાસપરાયણ થાય જ નહિ. આ ખ્યાલ આપણા દેશના શિક્ષકોમાં જ છે એમ કાંઇ નથી. યૂરોપ અમેરિકા જેવા આગળ વધેલા દેશોમાં પણ આવો ખ્યાલ રાખનારાઓ આજે પણ પડયા છે. યુરોપિયન કાયદો શિક્ષકને વિદ્યાર્થી ઉપર યોગ્ય હાથ ચલાવવાની છૂટ આપે છે: થોડા જ વખત પહેલાં ઇંગ્લાંડમાં વિદ્યાર્થીને શિક્ષા કર્યાના ગુન્હા માટે એક શિક્ષકને તકસીરવાળો ગણવામાં આવ્યો ન હતો. સમાજની માન્યતા ગમે તે હોય, કાયદો ગમે તે હોય પરંતુ શિક્ષણના વિષયમાં તો માનસશાસ્ત્રી અને જીવનશાસ્ત્રને પ્રમાણભૂત ગણવાં જોઇએ. માનસશાસ્ત્રીઓ કહે છે કે શીખવાની શક્તિ, પછી આપણે તેને બુદ્ધિ કહીએ, ગ્રહણધારણ શક્તિ કહીએ; ગમે તે નામે ઓળખીએ પરન્તુ તેને શિક્ષા સાથે કશો સંબંધ નથી. શરીરને શિક્ષા કરવાથી બુદ્ધિનો વિકાસ થાય નહિ, સ્મરણ-શક્તિ ખીલે નહિ; આવું મત આજના ડૉક્ટરોનું પણ છે. શિક્ષાથી વિદ્યાર્થીના શરીરને ચોક્કસ રીતે બેસવાની ફરજ પાડી શકાય, પરન્તુ તેના મનને વિષયાભિમુખ તો ન જ કરી શકાય; કારણ કે મન શરીરથી પર છે. શરીરની ગમે તેટલી બાહ્ય

સ્થિરતાની પેલે પાર ચંચળ મન ભટકી શકે છે. શિક્ષામાં ભય રહેલો છે, આજે આપણે આપણી પ્રજાને ભયભીત થયેલી જોઇએ છીએ તેનું એક કારણ આપણી શિક્ષાપદ્ધતિ છે. શિક્ષાથી ભયની વૃત્તિને પોષણ મળે છે, તેનાંથી માણસ ડરપોક અને ગુલામ બને છે. બાળકના કોમળ મગજ ઉપર શિક્ષાની ભારે ભયંકર અસર થાય છે. શિક્ષા તેનું જીવન ખાડું બનાવી શકે છે. શિક્ષાનો ભય તેની આંખ સમિપ નિરંતર ખડો રહેતો હોવાથી, નથી વિદ્યાર્થીમાં તેજ આવતું કે નથી તેનામાં બળ આવતું. બાળક ધીમે ધીમે શિક્ષાથી એટલું તો બીતું થઇ જાય છે કે તે શિક્ષા થવાના કોઇ પણ પ્રસંગની સામે થઇ શકવાની શક્તિ ખોઇ બેસે છે. દેશ કે દીન ખાતર પણ તે શિક્ષા થવાનાં પ્રસંગે નાસી છૂટે છે. શિક્ષાના પરિણામે મોટી ઉમ્મરે પહોંચેલા સુદૃઢ બાંધાવાળાઓ પણ 'ચોર મારશે તો?' એમ કહીને રાત પડે છે ત્યારે ઘણીવાર સ્વપ્નમાં ચોરથી બીએ છે.

શિક્ષા માણસને ભયનું શિક્ષણ આપે છે. નિર્ભયપણાનો એ મૂળમાંથી જ નાશ કરે છે. જો આપણે નિર્ભય માણસો જોઇતા હોય; જો આપણે અન્યાયની ખાતર મોટા માન્ધાતા સામે પણ

થંઇ જાય એવા પ્રાણવંત માણસો પેદા કરવા હોય તો આપણે વિદ્યાર્થીને આપણી શાળાઓમાં શિક્ષકની સોટીથી ડરતો બનાવવો કરતાં કશાથી ન ડરે તેવો જ બનાવવો જોઇએ. શિક્ષા કરવાથી માણસમાં શિક્ષા ખમવાની શકિત આવે છે એ દલીલનું મોકળપણું અને ક્ષુદ્રતા બન્ને એવાં છે કે એ વિષે કશું કહેવાની જરૂર જ ન હોય. જો એમ હોય તો તો બાળકને યોગ્ય સિપાઇ બનાવવા માટે તેને રોજ શિક્ષા કર્યા જ કરવી જોઇએ. મનુષ્યો આ દુનિયાનાં દુ:ખો સહન કરી શકે તેટલા માટે શિક્ષાની શાળા કાઢવી જ જોઇએ. પણ એ દલીલની સામે તો આટલો ઉત્તર પણ ન ઘટે.

" સોટી વાગે ચમ ચમ
ને
વિદ્યા આવે રમ ઝમ "

એ ભયંકર અસત્યથી તો આપણે વેગળા જ રહીએ. એ કહેવત આપણું ધર્મશાસ્ત્ર કે શિક્ષણ-શાસ્ત્ર ન જ બને. 'પરમેશ્વર પણ પાપીઓને શિક્ષા કરે છે, માટે શિક્ષા ધર્મ્ય છે' એ વિચાર પરમેશ્વરની મહત્તા અને દયા ન સમજનારનો છે. પરમેશ્વર તો પ્રત્યેક મનુષ્યને પોતાનાં પાપો ધોવાય તે માટે તેનું પ્રાયશ્ચિત્ત કરવા સુંદર એવી તક આપે

છે; તે વૈર લેતો નથી કે શિક્ષા કરતો નથી. કોઇ પાપી માણસ ખુશીથી પ્રાયશ્ચિત્ત લઇ શકે છે, પણ શિક્ષક વિદ્યાર્થીને શિક્ષા કરીને પ્રાયશ્ચિત્ત કરાવી શકતો નથી. વિદ્યાર્થીમાં પ્રાયશ્ચિત્તની બુદ્ધિ શિક્ષક જાગૃત કરે અને વિદ્યાર્થી પોતે પોતાના પાપ માટે પ્રાયશ્ચિત્ત લે એ જૂદી વાત છે. એમ કરવામાં શિક્ષક શિક્ષા કરી વિદ્યાર્થીને બાયલો બનાવતો નથી. જે પોતાની ઇચ્છાથી પ્રાયશ્ચિત્ત લે છે તે તો શૂરવીર છે, જે બીજાને હાથે શિક્ષા સહન કરી આવે છે તે કેવળ કાપુરુષ છે. આવા કાપુરુષને શિક્ષા કરનાર મનુષ્ય અધમ છે.

આલુજીવનમાં

ડોકીયું

આળજીવનમાં ડોકીયું

લેખક :
ગિજુભાઇ

પ્રકાશક :
નાનાભાઇ ; ગિજુભાઇ
શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રક: સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય,
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦

સં. ૧૯૮૨

રેતીમાં કુવા

કેટલાંએક બાળકો રેતીમાં કુવા બનાવે છે, કેટલાંએક તેમની પાસે બેહાં બેઠાં બધું જુએ છે. કુવા બનાવતાં બનાવતાં તેઓ અલક મલકની વાતો કરે છે; કોઇ વાર બાની, બાપાની, કાકાની, મામાની ને માશીની કથા ચાલે છે; તો કોઇ વાર નિશાળની ને માસ્તરની તો વળી કોઇ વાર લગ્ન કે સંમેલન જેવા હમણાં જ ગયેલા પ્રસંગોની વાતો ચાલે છે. બાળકો કામ અને વાતોમાં તલ્લીન છે, મુખ પર મહેનત ને તેની મઝાનાં ચિન્હો સ્પષ્ટ છે. સૌ એક બીજાને મદદ કરે છે. કોઇને તરસ લાગે છે તો બીજું દોડીને પાણી લાવે છે, કોઇનો કુવો ઘણો બધો સુંદર થયો હોય છે તો બીજાં બધાં તેને વખાણે છે. કુવાની વિવિધતા, તેની સ્વચ્છતા, તેનું પાકું કામ, તેનાં ફરતી પૂરેલી રાંગોળી, તેની ચારે

બાજુએ બાંધેલો કિલ્લો ને કુવા ઉપર ૪૨કતી ધજા ને મહીં પધરાવેલ મૂર્તિઃ આ બધું બાળકો વારંવાર લળી લળીને જુએ છે ને ૪રી ફરીને ખુશી થાય છે. હરખ માતો નથી. ગમ્મતમાં આવી જંધ કુવા ફરતાં ગોઠવાઇ જાય ધ્યાન કે પ્રાર્થના કરવા બેસી જાય છે; અથવા ત્યાં ને ત્યાં જ એકાદ વાર્તા જમાવે છે. લહેરમાં આવી જાય તો મોટાભાઇ કે બ્હેનને બોલાવી લાવી પ્રેમપૂર્વક બધું બતાવે છે. પોતાની મઝાનો તેને સ્વાદ ચખાડે છે. કેટલા કલાક નીકળી ગયા તેની તેમને ખબરે પડતી નથી. ખાવાનું ને પીવાનું બંને ભૂલી જાય છે. બાપ કહેઃ 'એલા છોકરાંઓ ચાલો છો કે? હવે અંધારૂં થયું.' જવાબ મળશેઃ 'હા, હમણે આવીએ છીએ.' બા કહેશેઃ 'એલી આવે છે કે? વાળુનો વખત થયો છે.' ઉત્તર આવે છેઃ ના, 'આજે મારે નથી ખાવું.'

સુંદર કુબાને, મિત્રોની મંડળીને, મીઠી વાતોને અને મનના આરામને છોડીને કોઇને જવું ગમતું નથી.

પણ રાત્રિ પડે છે, અંધારૂં થઇ જાય છે. પ્રસન્ન આંખોની વીજળીથી એકબીજાં એકબીજાંને મળે છે ને જૂદાં પડે છે. આનંદભીનાં હૈયાં કયાં ઠલવવાં? કોઇ મા પાસે કાલી કાલી વાતો કરી કુબાનું પુરાણ

કહે છે, ને બાપાને કહે છે: "કાલે આવજો કુંભા બતાવીશ." કોઇ ઘેર જઈને કુંભાના આનંદમાં ગાવા માંડે છે, તો કોઇ વળી માને વાસણ ઉટકાવે છે, તો કોઈ બાપાને પાણી પાય છે. કોઇ તો આનંદમાં ને આનંદમાં ભૂખ્યું ને તરસ્યું ઊંધી પણ જાય છે.

(૨)

સંધ્યાટાણે

બાપા ગામમાંથી આવે છે. નાનાં બાળકો તેની ફરતાં વીંટાઇ વળે છેઃ "બાપા શું લાવ્યા?" "બાપા શેરડી તો લાવ્યા છોને? બાપા મારે સારૂ ગરિયો લાવ્યા કે?"

બાપા છત્રી જોડા કોરે મૂકી પાઘડી ઉતારી બેસને છેડે બાંધેલું પોટકું છોડે છે. જમરૂખ ખાતાં ખાતાં છોકરાંનાં મોં મલકાય છેઃ નાનો રમુ ગરિયો લઇ દોડયો જાય છે, મોટો રમુ નવી આણેલી બાળ-પોથી ઝટઝટ ઉઘાડી વાંચવા બેસે છે, ને નાની બેન બાપાએ આણેલી ચોળી લઇ બાને બતાવવા રસોડા-માં દોડે છે.

વાળુપાણી થયા પછી બા કહે છે, "ચાલો

એવાં વાર્તા કહીએ.”. નાની બેન વચ્ચે બેસે છે. બીજાં બધાં ફરતાં બેસે છે.

“એક હતો રાજા,
રોટલા તાજા;
ઘી થોડું,
માટલી ફોડું.”

બધાં ખડખડ હસી પડે છે.

રસિલા કહે છે, “બા, બોલી કિસ્સી ડોશીની વાર્તા કહોને.”

બા ધીરેથી ઉપાડે છે:

“એક હતી ડોશી.”

બધા ઘડીકમાં જાણે ચુપચાપ. બાની સામે બધાં બેપ્રીટશે જોઇ રહ્યાં છે. કોઇને મટકું મારવુંય ગમતું નથી. ડોશીનું શું થયું તેનો સૌ વિચાર કરે છે: ત્યાં તો ડોશી ઢમ્ લઇને અવાજ કરીને રાખ ઉડાડી ભાગે છે, ને છોકરાં બધાં ખડખડ હસી પડે છે. બાને ખોળે આળોટે છે, ગળે બાઝે છે, બંભે ચડે છે. વાર્તાના મીઠા ઘેનમાં બાળકોની આંખો ઘેરાય છે. એક પછી એક સૌ નિદ્રાને ખોળે ઢળે છે. ઉંઘતા ચહેરાઓ ઉપર પેલી વાર્તાની ગમ્મતનાં નિશાનો ચોકખેચોકખાં વારે વારે નજરે પડે છે.

(૩)
બાકસની મઝા

કોઇ એક નાનું બાળક એકાદ બાકસમાં દીવાસળીઓ ભરે છે, ને પાછું કાઢે છે. વળી ભરે છે ને પાછું કાઢે છેઃ એમ કયારનુંય કરે છે. મા પાસે છે કે દૂર તે સાવ ભૂલી ગયું છે. ઘરમાં ભાઇબ્હેનો રડે છે કે હસે છે તે તેના કાને આવતું નથી. બા કહે છે: "બાપા, શું કરો છો?" પણ ઉંચું કોણ જુએ? જરાક મોઢું મલકે છે. કામવાળી કહે છે: "બેન, આમ તો જુઓ." પણ કોને પરવા છે? બાકસની મઝા જુદી છે. પિતા અખતરો કરે છે; કહે છેઃ "ચાલો બેન, આ કાચ તો જુઓ." બેનને મન બાકસની રમત વધારે છે. બધાં ભેગાં થાય છે. સૌ દૂર દૂરથી બેનની રમત જોવા બેસે છે.

રમત ચાલે છે. બાકસ ભર્યું, પાછું ઠલવ્યું. બેન પ્રસન્ન છે, એકાગ્ર છે. અંદરનો આત્મા બાકસ ઉપર એકતાન થયો છે. બાકસમાં તેને જીવનરસ લાગે છે. આનંદઅવધિ ભાસે છે. નાનો રમતીયાળ વિનુ જઇને બચી ભરી લે છે.

બાપા કહે છે, "બેન બચી આપોને." બેન 'ચુ' કરતી એક મીઠી બચી લઇ રમતે ચડે છે.

(૪)

પતંગીઆ સાથે

ઘરને ફરતી વાડી છે. હજારો ફૂલો થયાં છે. ભમરા ને પતંગીઆં ઉડાઉડ કરે છે. વિસુ લીલુને કહે છે, "ચાલો પતંગીઆં પકડીએ."

લીલુ કહે છે, "ચાલો."

વિસુ લીલુ પતંગીઆની પાછળ પડયાં છે. પતંગીઆં જેમ ઉડવા જાય છે પણ નથી ઉડાતું ત્યારે એક બીજાના સામું જોઇ હસે છે.

પતંગીઆને કહે છે, "ઉભું રહે, હમણાં તને પકડું. જઇશ કયાં?" હળવેથી લીલુ પાસે જાય છે. પગનો અવાજ નથી, હાથનો અવાજ નથી, શ્વાસ પણ રોકયો છે, આંખો પાંખ ઉપર સ્થિર છે; બધું જાણે શાંત અને સ્થિર છે, હલતી પાંખો સ્થિર થાય છે. નાની આંગળીઓ ઉડે છે ને ટપદઇને પતંગીઆને પકડી લે છે. વિસુ દોડે છે:

લીલુ કહે છે, "લે જો, પકડયું કે નહિ? લીલુના મ્હોં સામું તો જુઓઃ હૈયાનો હરખ જાણે મોઢા ઉપર આવીને બેઠો. નાના દાડમની કળિયો જેવા દાંત ઝિલઝિલ હસે છે. જાણે ફૂલો ખરે છે. બે ગાલે બે ખાડા પડયા છે. વિસુ કહે છે, "લીલુ

હવે પતંગીઆને ઉડાડી મૂક. બિચારૂં રોતું હશે. એની મા પાસે જવું હશે.”

લીલુ કહે, “લે ત્યારે”

પતંગીઉં ઉડી ગયું. લીલુ વિસુ બીજું પંતંગીઉં પકડવા દોડ્યાં. પતંગીઆંનો કયાં પાર હતો? લીલુ વિસુ કયાં થાકે એવાં હતાં?

(૫)

મોઢાં ચીતર્યાં

મા રાંધે છે, બાપા વાંચે છે; નાનાં નાનાં બાળકો ભેગાં થાય છેઃ કહે છે, “ચાલો આપણે મોઢાં રંગીએ.” ચંદન બાપાજીના કબાટમાંથી વૉટર કલરની પેટી લઇ આવે છે. હળવેથી બાપાની જેમ રંગો કરી પીંછીથી બાપા જેમ બધાંને રંગે છે. વિણા કહે, “બા, મારે ગાલે વાદળી ચાંદલો કરજે. એક દાઢી ઉપર પણ કરજે. બરાબર બા જેવો.” ભાનુ કહે, “એને, મારા મોઢા ઉપર મોટી મોટી મૂછો બનાવી દે. બરાબર કાળી ને લાંબી.”

ચંદને મોહનના ગાલે પીળા સાથિયા કર્યા, ચંદુના નાકે ધોળું તિલક કર્યું, ને ચિનુના ગળે લીલો

રાતો ગળપટો પાડયો; પછી પોતે કપાળે ચાંદલા જેવડો ચાંદલો કર્યો.

બાપા કહે, "વાહ આ તો અત્યારમાંથી મારા જેવા ચિતારા થયા. એલા આ બધું કોણે શીતર્યું ?"

ચંદન, "મ્હેં."

બાપા કહે, "ઠીક, આ રંગની પેટી તમારી. હવેથી મોઢાંને બદલે કાગળમાં ચીતર કાઢજો; તમને હું કાગળ આપીશ."

---

(૬)

વરસાદનો આનંદ

વરસાદ વરસે છે; નેવે પાણી માતાં નથી; ફળિયામાં પાણીનું તળાવ ભરાયું છે. ધડીકમાં આમથી ઝપટ આવે છે, ધડીક વરસાદ મોળો પડે છે, તો ધડીક તો વળી એવો ઝાપટે છે કે વાત કરો. મા. ભીખુ કહે, "લાવ હું અને નભુ ન્હાવા પડીએ." બાપા કહે, "હા જાઓ અને જરાક કૂદી આવો."

એ તો છલંગ મારીને કૂદ્યા. ત્યાં તો આજુબાજુના છોકરાં આવ્યાં ને બધાં બોલ્યાં:

" આવરે વરસાદ
ધેવરીઓ પરસાદ,
ઉની ઉની રોટલી ને
કારેલાંનું શાક.
આવરે વરસાદ,
નેવલે પાણી
નહારાની છોકરીને
દેડકે તાણી. "

બધાં નેવાં નીચે ન્હાયાં, ધોરિયામાં ન્હાયાં, બાડામાં ન્હાયાં, બાડે બાડે કૂદી આવ્યાં, સામે પવને ચાલ્યાં, વરસાદ સામે દોડ્યાં, બૂબ ને બૂબ ન્હાયાં. ઘરાયાં ત્યાં સુધી ન્હાયાં.

બાપા કહે, " અલ્યાં આવો હવે, ટાઢ ચડી છે. ઘરમાં જઈને સગડી પાસે જ બેસી જાઓ. " બધાં સગડી પાસે બેસી ગયાં, ને બેઠી તો ટાઢ ઉડાડી કે પાછાં સગડી જેવાં ગરમાગરમ થઇ ગયાં.

વિજુ કહે, " બાપા, હું મોટો થઇશ ત્યારે મનેય ન્હાવા જવા દેશોને ? "

ચમન કહે, " બાપા, કા'લે મારો વારો. "

વિષ્ણુ કહે, "આપણે તો વરસાદ પછી ૪૨વા નીકળવાના."

વરસાદની વાતો કેટલેાય વખત ચાલી. વરસાદની ને દેડકાંની ને પવનની ને નદીની કેટલીએ વાતો ચાલી. બાપાએ તો વરસાદનું મહાભારત કીધું.

---

(૭)

નવી શાળાની નવી રમત

એક સ્વયંશિક્ષણની નિશાળ હતી. નાનું બાળક ફરતું હતું. ખબર નહેાતી પડતી કે તે આનંદમાં છે કે શેાકમાં. ઘડીક આમતેમ ફર્યું. એક રમકડું હતું. નામ તેા કેાણ જાણે જે હેાય તે ખરું. લીધું ને રમવા માંડ્યું. બાવલું કે ઘેાડાગાડી કે એવું રમકડું ન હતું. લાકડાની લાંબી પેટી જેવું હતું. એમાં દસ ગેાળ દડા જેવું હતું. બાળકે તેા દસેય દડા કાઢ્યા ને તેને ફરીને નાંખવા માંડ્યું. ખેાટા બાનામાં નાખે તેા તેને કાઢીને સાચામાં નાખે. એ તેા એમાં એવું રેાકાઇ ગયું કે જાણે ક્યાંનું ક્યાંઈ ઉંડું ઉતરી ગયું. જાણે મનના ઉંડા કુવામાં ગયું. શરીર બધું સ્થિર થઇ એકલી આંગળીએા હાલતી'તી: મેાઢા ઉપર ઘડીક સ્મિતની તેા ઘડીક આશ્ચર્યની રેખાએા દેખાતી

હતી. થાક લેવાનું તો તેને સાંભરતુંએ નહોતું. બીજાં બાળકો આમ તેમ રમતાં હતાં, તે ક્યારે ચાલ્યાં ગયાં તેનીએ એને ખબર ન પડી. રમત રમાઇ રહી. બાળકે આમતેમ જોયું. મુખ ઉપર શાંતિ, ગંભીરતા ને ઉંડો આનંદ હતો. તે કોઇને શોધતું હતું. એકાએક તેની નજર શિક્ષિકા ઉપર પડી. તે દોડ્યું. નાના હાથ લંબાવી એ શિક્ષિકાને બાઝી પડ્યું. શિક્ષિકાએ પ્રસન્નતાને પ્રસન્નતાથી વધાવી. બીજી બધી વાતચીતમાં મૌન હતું. બાળક કૂદતું કૂદતું બહાર રમનારાં બાળકોમાં ભળી ગયું. તેના આનંદે બીજાંની ગમ્મતમાં વધારો કર્યો.

---

(૮)

નાની સેવાભાગિની

રમા આમ જાય ને તેમ જાય; જે મળે તેને હસતી હસતી કંઇ ને કંઇ વાત કરે છે. કોઇની ઓઢણી નીકળી ગઇ હોય તો તેને પહેરાવે છે. કોઇને નાડી બાંધી આપે છે. કોઇને હંગવા મૂતરવા લઇ જાય છે. કોઈ રડે તો રમાથી ન ખમાય. રડે તો કહેશેઃ ‘લે આ મારૂં ખુતાન લે,’ ‘તને મારી પેન્સીલ

આપું,' લે મારી નોટમાં તું ચિત્ર કાઢ,' રમા શિક્ષિકા પાસે આવીને કહે છે, "સારીબહેન, આજ તો અમારે ત્યાં મહેમાન આવ્યા'તા. ને તે લાડવા કર્યા હતા, દાળ કરી હતી, ને ભજીયાં કર્યા હતાં. કાલે મહેમાનને આપણી નિશાળ જોવા લાવીશ."

રમા આખો દહાડો ઝીણું ઝીણું હસે છે. કોકને મદદ કર્યા પછી કાચમાં જોઇ માથું ઓળે છે, ને ઓળતાં ઓળતાં જાતજાતનાં મોઢાં કરી હસે છે. શિક્ષિકા તેને ભાળી જાય છે, તો હસતી હસતી ક્યાંની ક્યાંય ભાગી જાય છે. શરીર જાણે હાથી જેવું. ચાલે તો ધમ-ધમ. પણ કામકાજ તો આખો દહાડો ચાલે. દિવસ ક્યાં જાય છે તેની રમાને ખબર ન પડે. એ તો કહેશે, "લ્યો નિશાળ બંધ થઇ ગઇ? ઠીક ત્યારે આવશું હવે કાલે."

રમાનો આનંદ સેવામાં છે.

(૯)

રમવાનો દિવસ—કામનો દિવસ

આજેએ રામજીને ચિત્રો કાઢવાં ગમે છે. એવો તો મોજી કે કાઢવા બેસે તો આખ્ખો દહાડો ચિત્રો કાઢયા જ કરે; ને ન કાઢે તો એક લીટો પણ ન કાઢે. ન કાઢવાં હોય તો તેની મરજી. શિક્ષકને કહેતોય નથી કે "મારે ચિત્રો નથી કાઢવાં." એતો કંઈક બીજું કામ લે-છે, ને તેમાં મંડી પડે-છે. વખતે કહે-છે પણ ખરો કે, "ભાઇ, આજે હું એક લીટી પણ નહિ દોરું. આજે વાંચીશ પણ-નહિ. બસ આજે તો રમ્યા જ કરીશ." ત્યાં ભીમજી આવે છે. "આજે તો રમવાની મઝા આવે એવું-છે." દામુને-શામજી કહે છે, "તડકામાં ફરવાનું મન થાય-છે." બધાય કહે-છે, "અમે તડકામાં રમીએ?" શિક્ષક કહે, "હવે ઉપડો. કામ વળી કાલે કરજો." બધા પટ પટ ઉપડવા લાગે-છે. કોઇ શિક્ષકને અડતો જાય છે, કોઇ એની સામે એકાદ પ્રેમભરી નજર ફેંકતો જાય છે, તો કોઇ સામુંએ જોતો નથી. બધા ખૂબ રમે છે. આખ્ખો દહાડો રમે-છે. કોઇ એમને બોલાવતું નથી. બે કલાકે પાછા આવી સૌ એની મેળાએ લખવા, વાંચવા કે ચિત્ર કાઢી શિક્ષકને બતાવવા દોડે છે; પણ શિક્ષક જડતા નથી

એટલે ગોતે છે. ચંદ્રા હસતી હસતી પોતાના અક્ષર શિક્ષકને બતાવવા દોડે છે, ને કહે છે, "પહેલા કરતાં આ અક્ષરો સારા છે." પુષ્પા કાલુંકાલું બોલી રમતોની વાતો કરે છે.

બધાં આનંદ અને ઉત્સાહથી કામે વળગ્યાં છે.

---

(૧૦)

ઘેરથી નિશાળે

એક વાણિયો હતો. રોજ છોકરાને નિશાળે લઇ જાય. છોકરાને નિશાળે જવું ન ગમે. વાણિયો તેને પરાણે પકડીને લઈ જાય. કોઇ વાર ટંગાટોળી કરે, કોઈ વાર સોટીના માર મારતો જાય, ને કોઇ વાર ચોંટિયાં ને ધબ્બાનો વરસાદ પણ ચાલે. બાકી ગાળોની અંજલિઓની તો વાત જ શી? બિચારો છોકરો રમે, જમે ને ભમે. કલ્યાગરો પણ ખરો. પણ નિશાળનું નામ પડે ત્યાં ટાઢ વાય, શરીર સંકોચાય, મન ઝાંખું પડે ને કંઇનું કંઇ થઇ જાય. જઇને વાણિયો માસ્તરને કહે, "એને મારી મારીને સીધો કરશો ત્યારે ઠેકાણે આવશે. જો, જો, ઘેર ભાગી આવવા દેશો નહિ." પછી માસ્તર કેવી રીતે ભણાવે તે કહેવાની જરૂર છે?

---

(૧૧)

“ ધ્યાન નથી રાખતો ? ”

નિશાળના ઘોંઘાટમાં છોકરાઓ બેઠા છે. માસ્તર પલાખાં પૂછે છે. ચટચટ સવાલજવાબો થાય છે. એક છોકરાને એની નાની રૂપાળી બેનનું મોઢું ને બોલ સાંભરે છે. મનથી તે બેન પાસે જાય છે. માસ્તરનો પ્રશ્ન કાને પડે છે, પણ તેને સંભળાતો નથી. “ અલ્યા, કયાં ધ્યાન રાખે છે ? સાંભળતો નથી ? ” એક સોટીનો ચમકાર, ને બાળકની એકાગ્રતાનો ભંગ. અશ્રુના પ્રવાહ સાથે માસ્તરને લેખાંના ઉત્તર મળે છે. ઉત્તર ખોટો છે. વળી બીજી સોટી ને એક ધબ્બો મળે છે. “ જો ભણવા આવ્યો છે. ધ્યાન નથી રાખતો ? ”

---

(૧૨)

નિશાળમાં મ્હેમાન

એક છોકરાને દિશાએ જવાણી લાગી છે. બિચારો બીતો બીતો રજા લેવા આવે છે. મ્હેતાજી મ્હેમાન સાથે વાત કરે છે. મોઢા ઉપર અમલનો નિશો છે. છોકરાને ધમકાવીને પાછો કાઢે છે.

"જા બેસી જા, હેઠો મૂર્ય." છોકરો ફરી ઉભો થાય છે. દમાણ વધ્યું છે. "ભાઇશાબ, બહુ લાગી છે. જાવાદોને." "મુંગો મર્ય. બમ, હમણાં રજા આપું છું." વર્ગમાં હોા હોા થાય છે. બધું ગંધાય છે. છોકરાને બગણો માર પડે છે. "એટલુંએ ભાન નથી? અહિં ઝાડે જવાનું કોણે કીધું'તું?" પડ્યા ઉપર પાટુ, છોકરાઓ તેને ખીજવે છે. મહેતાજીના ક્રોધની આગ બળે છે. તે ઝબકી ઉઠે છે. "ચુપ, ચુપ, જે બોલશે એનો નંબર હેઠો. તેનો છેલ્લો પૂરીશ." મહેમાન વિચારમાં પડે છે. "આપણે આંહ ક્યાં આવ્યા?"

---

(૧૩)

એક છોકરાને ઇતિહાસ નહોતો આવડતો. ન ભણે તો નાપાસ થાયને? ઘ્યારો ગોખી ગોખીને થાકયો પણ આવડે જ નહિ. મહેતાજી કહે, "એલા હજી નથી આવડતું? આમ આવ્ય." ધ્રૂજતો ધ્રૂજતો છોકરો મહેતાજી પાસે જાય છે. વાંકો વાળી મહેતાજી એક ડોંસો લગાવે છે; બિચારા છોકરાના મોઢામાંથી અવાજ આવે છે, "ભાઇશાબ, નથી આવડતું...;"

---

(૧૪)

માસ્તર આવ્યા પહેલાં ને પછી

થોડી વાર પહેલાં બધા હો, હો, ને કિકિયારી કરીને રમતા હતા. નકશો ને ગણિત ભૂલી ગયા હતા. નિશાળમાં છીએ કે બહાર છીએ એ વાત પણ વીસરી ગયા હશે. ટોપીઓ ઉડતી હતી. કબુતરો ઉડતાં હતાં. અટ્ટહાસ્ય અને મધુર રમતોનું મિશ્રણ ઉભરાયું હતું. એક જણે મહેતાજીનો વેશ કાઢ્યો. ખુરશી ઉપર બેસી પગ હલાવવા લાગ્યો. સોટી પછાડતા પછાડતા મહેતાજી છોકરાને પાઠ પૂછે છે. છોકરા બિચારા શિયાવિયા થઈ જાય છે. ગરીબડે મોઢે જવાબ આપે છે. એકને નથી આવડતું ત્યારે તેનો વાંસો હળવો થાય છે. એક છોકરો માસ્તરને ખબર ન પડે તેમ તેના ચાળા પાડે છે. બીજો કાગળની ગોળીઓ કરી ત્રીજા ઉપર ઉડાડે છે. મહેતાજીની નજર બીજે જાય ત્યાં એક છોકરો બીજાની પાટીમાંથી જોઇ જોઇને લખી લે છે. બધા કવિતા બોલવા ઉભા થાય છે. એક બીજાથી જુદા જુદા રાગોનું મેળાણ કરી આડાંતેડાં માથાં નમાવીને નિષ્પ્રાણ રીતે અવાજ વિના, સૂર વિના, રાગ વિના કવિતા ગાય છે.

બરાબર નાટક ચાલી રહ્યું છે. નટોની રંગભૂમિ ઉપર સાચા માસ્તર એકાએક આવે છે. બિલાડી આવે ને ઉંદર ભાગે તેમ બધા ભાગવા જાય છે, પણ ત્યાં તો માસ્તરની સોટી કામે લાગે છે. નાટક બાટક ક્યાંય ભાગી જાય છે. છોકરાંઓનો આનંદ તો ઉડી જ ગયો.

નકશા ઉપર ભુંગળીઓ દોડે છે. "ભાવનગર, ભાવનગર, ભાવનગર." દાખલા લખાવાય છે. લખો: "ત્રણ માણસને સત્તર પગ તો તેવીસ માણસને કેટલા?" આખો ઓરડો ચુપ થઇ જાય છે. રાત્રે જેમ એકલા ધ્રુવડનું રાજ્ય ચાલે તેમ માસ્તરનું સામ્રાજ્ય ચાલે છે. ડિક્ટેશન લખતાં લખતાં બાળકો બાડી આંખે એક બીજાની સામે જોઇ પેલી ગમ્મત સંભારે છે. એક છોકરાને દાખલો નથી આવડતો. ભોગજોગે માસ્તર તે ભાળી જાય છે. બસ બાર જ વાગ્યા. પાટીનો ઘા સામી ભીંત ઉપર ને પાટીના કટકા. મંત્રપુષ્પાંજલિ તો ખરી જ. "જો ચિત્ર કાઢવાવાળો નહિ ભાળ્યો હોય!" બિચારાનું ચિત્રેય પડયું રહે છે ને બિત્રેય પડયું રહે છે, ને વિલે મોઢે, કયવાતા મને કદી નથી આવડવાનો એવો હિસાબ ગણવા બેસે છે.

(૧૫)

નિશાળમાં ભાઈબંધ

પાંચ છોકરા મળીને શેરીની જાતજાતની વાતો કરે છે. બે છોકરા ધૂળમાં લીટા કાઢી ચિત્રો કાઢે છે. એક જણ લીમડાની સળીઓ લઇ તેના આકારો બનાવે છે. બે જણા સામસામા વરતો ને ઉખાણાં નાખી ગમ્મત ઉડાવે છે. એક કહે છે, "કાલ મને ભારે સ્વપ્નું આવ્યું હતું." બીજો કહે છે, "તને ન આવડતું હોય તો મારે ત્યાં આવજે." ત્રીજો કહે છે, "ચોપડી નથી તો મારી લેતો જજે. મને બધું આવડે છે." ચોથો કહે છે, "એમાં બ્રહીએ છે શા માટે? હું તારા બાપાને કહીશ. એ તો માસ્તર અમથા ફરિયાદ કરે છે. તને તો બધું આવડે છે, પણ માસ્તરને રમવા ન દેવું એટલે એમ કહે છે."

પણ ત્યાં તો માસ્તર નિરીક્ષકને વળાવીને આવે છે. "એ એલા પાછા ભેગા થયા કે? મેં ના નથી પાડી કે નકામી વાતો કરી વખત ગુમાવવો નહિ? પરીક્ષા આવી છે, ભાન નથી? ચાલો આટલા પાઠના શબ્દો પાકા કરી નાખો, ને આ મનોયત્નના દાખલા ગણી કાઢો."

છોકરા મોં મચકોડી એરંડીયું પીધા જેવું મ્હોં કરી કામ કરવા બેસે છે.

---

(૧૬)

કુશળ શિક્ષક

બાળકો હારબંધ બેઠેલાં છે. બોલવામાં કુશળ એવા શિક્ષકના મ્હોં સામું, હાવભાવ સામું, એકટી નજરે જોઈ રહ્યાં છે. શિક્ષકની વાણીમાં બધાં મંત્ર-મુગ્ધ છે. ભલેા શિક્ષક વાટીને મસાલેા નાખીને જાતજાતની વાનીઓ લાવેલ છે. તૈયાર વાનીઓ પ્રેમપૂર્વક પીરસે છે. બાળકને નથી-પડતું ચાવવું કે નથી પડતી ગળે ઉતારવાની મહેનત. બધું સટસટ ગળે ઉતરી જાય છે. શિક્ષક પૂછે છે, "કેમ સમજ્યાં?" બાળકો કહે છે, "હાજી, બરાબર સમજ્યાં?" શિક્ષક પૂછે છે, "શું સમજ્યાં?" સાંભળેલું બધું બાળકો બેાલી જાય છે. શિક્ષક કહે છે, "પણ પ્રશ્નાણાનું કારણ શું?"

બાળક શિક્ષકે રજુ કરેલ કાર્યકારણની પરંપરાને જેવી મળી હતી તેવી પાછી અર્પે છે. શિક્ષક માને છે આજનું કામ સરસ થયું. વિદ્યાર્થી ધારે છે કે, "મને આવડયું."

પરીક્ષક એક સાદો નવો પ્રશ્ન પૂછે છે. બધાં મુંઝાય છે. "વિદ્યાર્થીને સમજણ છે, યાદદાસ્ત છે, રાંધેલું ખાવાની શક્તિ છે; પણ જાતે જ પકાવવાની શક્તિ નથી, સ્વયંબુદ્ધિ નથી; કલ્પના નથી." એવો શેરો કરી પરીક્ષક જાય છે.

શિક્ષક વિચારમાં પડે છે, "મને વખાણ્યો કે વખોડ્યો?"

---

(૧૭)

ઠોઠ સગુણ

આંખમાંથી આંસુ ટપક ટપક પડે છે. ચોપડી પકડેલો હાથ વારે વારે ધ્રૂજે છે, ને ચોપડી નીચે પડે છે: આજુબાજુ છોકરાઓ રમે છે. એક વરઘોડો પસાર થઇ ગયો. ઘર સાંભર્યું. 'નાના ભાઇબંધો ભેગા ક્યારે થાઉં ને રમું?' એમ થયું પણ પરીક્ષા આવી છે. સગુણ સૌથી ઠોઠ છોકરો ગણાય છે. એના બાપે શિક્ષકને ટ્યુશન આપ્યું છે. કહ્યું છે કે "તમને રાજી કરીશ. મારા સગુણે ઉપલા ધોરણમાં જવું જોઇએ." બાપાને સગુણને પંડીત કે કારકુન બનાવવો છે: સગુણ મોટો ખેલાડી છે. સિનેમા, નાટક ને સરકસ કાઢે એવો છે. પણ

અત્યારે તેને ઇતિહાસ ભૂગોળ ગોખવા બેસાર્યો છે. ભાઈનું મન રમતમાં છે, પણ માસ્તરે કીધું છે, "આટલું ગોખીશ પછી જ ઘેર જવાનું." બાપે કીધું છે, "માસ્તરની ચિઠ્ઠી હશે કે સગુણ બરાબર મહેનત કરે છે ત્યારે જ બાવા મળશે."

સગુણની આંખમાંથી આંસુ ટપક ટપક પડે છે. ચોપડી હાથમાંથી પડી જાય છે.

---

(૧૮)

મંદિરના દર્શને

ત્રણ વર્ષની જીવી નાની ટાંટુડીઓ ટેકવતી હતી. આમ આમ ડોક હલાવતી જાય ને નવી પાંખે ઉડતાં પક્ષીના બચ્ચાની જેમ ચોલતી જાય. પડતી આખડતી પોતે જ ઉભી થતી હતી. ચાલવાનો ધાટ જાતે જ શીખતી હતી. ખુલ્લા આકાશ નીચે ઉંધાડી ધરતી ઉપર બાલા ટેકરાની નિશાળમાં જીવી સ્વયંશિક્ષણ લેતી હતી. બાને દર્શને જવાની ઉતાવળ હતી, પણ જીવીને કાંઇ નહોતી.

"જીવી, જીવી, આમ તે બાપુ મંદિરે ક્યારે પહોંચ્યાશે? લે તેડી લઉં. જીવીએ 'ઉંહું' કહીને ડોકું

ઘુણાવ્યું. જરાક હસી, નાકનું ટીચકું ચડાવી, આંખ મીંચી ચાલવા માંડી. જીવીને શરીરવિકાસ કરવો હતો. માને દર્શન બંધ થતાં હતાં. ઝડપ દઈને જીવીને ઉપાડી ને કેડે બેસાડી. જીવી ઘણું રડે, ઉતરવા માટે ઘણાંય હાથ પગ તડફડાવે, પણ બા આગળ તેનું કાંઇ ચાલે ? જીવીએ રોશ બતાવ્યો, પ્રકોપ કર્યો, માના ખંભા સાથે માથું પછાડ્યું, પણ મા કહે, "રો તું તારે, રોવું હોય એટલું રો. હું ક્યાં નવરી છું તે તારી વાંહે હળવે હળવે હાલું ?" જીવી બિચારી શું કરે ?

ઘણું એને ચાલવાનું ગમતું હતું. એને તો ત્યાં જ મંદિર ને દેવ હતા. પણ બાને દર્શને જવું હતું, ને બેનને દર્શન કરાવવા'તાં. જીવીએ દર્શન કર્યાં નહિ, હાથ જોડ્યો નહિ, પગે લાગી નહિ; મોઢા ઉપર જરાય આનંદ હોય ત્યારે ને ?

ખરો આનંદ તો ચાલતી વખતે હતો.

---

(૧૬)

બા મને નહાવું બહુ ગમે છે

રમણુ—"બા, હું મારી મેળાએ નહાઉં?"

બા—"ના, ના, તને નહાતાં ક્યાં આવડે છે?"

"આવડે છે. નથી કેમ આવડતું? નહાવા દે જોઇએ: કેવું નહાઉં છું?"

"નહાયાં, આ પાણી ઢોળ્યું. નથી ધોતો પગ, નથી ધોતો નાક, નથી ધોતો કાન, નથી કરતો માંથું સાફ, નથી કરતો કોગળા; એમ તે નહવાતું હશે!"

"ના બા, મને તો ચોળીને બરાબર નહાતાં આવડે છે: હું તો આ નહાવા બેઠો."

"જો જે હો! બાર્યો સમજજે. એક તો નહાતાં આવડે નહિ. ક્યાંક કોરૂં રાખીશ ને ક્યાંક બીનું કરીશ. ચોકડી બગાડીશ ને પાણી ઢોળીશ એ તો જુહું. આવવા દે મને. આ શાક વધારીને આવું છું."

રમણુ નહાવા લાગ્યો. માથે સાબુ લગાડ્યો. હાથ ચોળવા લાગ્યો. બૂબ ઘસતો હતો. નહાતાં નહાતાં બાને કહે, "એ બા, જો આવ તો ખરી. જો મને કેવું સરસ નહાતાં આવડે છે!"

"હવે તો રોજ ન્હાવા દેજે. ક્યાંય પાણીએ ઢોળ્યું નથી. હાથ પગ તો એવા ઘસું છું કે બસ. સાબુય જરા જરા વાપરું છું. હવે મને ન્હાતાં આવડી ગયું. હાથે ન્હાવું મને બહુ ગમે છે."

બા—"રોયા, એટલી બધી ઉતાવળ શી હતી? હું ન્હોતી મુઈ? ક્યાં મલ્લગરીએ જવું'તું તે આટલો ઉતાવળો થયો? આ બે ટીપાં ચોકડીની બહાર પડ્યાં."

"ઇ ટીપાં તો બા, હમણે પાણી લેતાં તારાથી પડ્યાં."

"રોયો દોઢ ડાહ્યો; વાંહો હળવો કરવા દે."

રમણને બા નવરાવવા બેઠી. કળશો આંચકી લીધો, સાબુ કોરે મૂકી દીધો, દાઝમાં ને દાઝમાં માએ ખૂબ ઘસ્યું.

"હાથે ના'વું છે! પાણી રેઢું પડ્યું છે, કાં? આવડે નહિ ને રોયો જીવ જ બાધા કરે."

બા આગળ રમણ બિચારો શું કરે? કહે છે ન્હાવાથી મન પ્રસન્ન થાય છે. રમુ બિચારો રહેતો રહેતો ન્હાયો. ન્હાઇને હુસકાં ભરતો ભરતો સૂઈ ગયો.

સ્વચ્છ શરીરે, અસ્વસ્થ મને રમણ ઉંઘમાં બોલતો હતો: "બા, મને ન્હાવું બહુ ગમે છે. મને મારી મેળાએ ન્હાવા દે."

(૨૦)

આ તો બહુ ડાહ્યો.

બાપા મોટાં મોટાં પોથાં વાંચતા હતા. કાયદાનાં હશે કે વૈદકનાં કોણ જાણે ?

બચુ પહેલી ચોપડી વાંચતો હતો. વાંચતાં વાંચતાં બચુ કહે, "બાપુજી, આ

"એ ઇશ્વર તું એક છે,
સરજ્યો તેં સંસાર;
પૃથ્વી પાણી પર્વતો,
તેં કીધાં તૈયાર."

આ ઈશ્વર તે કોણ હશે ? એણે બધું કેવી રીતે બનાવ્યું હશે ?

બાપઃ "હવે બેઠો ણેઠો પાઠ કર. નકામો વખત ગાળમાં."

"પણ બાપા વાત તો કહો. આવડો મોટો ચાંદો ને આવડો મોટો સૂરજ તે કેમ બનાવાતા હશે ? ઈશ્વર કોક મોટો માણસ હશે ?"

બાપ: "ભાઇ હવે જાને, મારું કામ કરવા દે. તારે કવિતા મોઢે કરવાનું કામ છે કે ઇશ્વરનું કામ છે ?"

"પણ કવિતા તો મોઢે આવડી ગઇ છે."

"ઠીક ત્યારે પત્યું. બીજું લેસન થઇ ગયું છે?"

"હા, બધું લેસન થઇ ગયું છે. પણ હું તો પૂછું છું કે આ સંસાર એણે શી રીતે સરજ્યો હશે? આ પૃથ્વી, આ પાણી, એ બધાંનો સરજનહાર તે કેવોક હશે?"

બાપ: "બહુ દોઢ ડાહ્યો. ધ'તો તારા માસ્તરનેય નહિ આવડતું હોય."

"પણ બાપા તમને તો આવડતું હશેને?"

"લે હવે માથું કુટાવ્યમા."

"પણ બાપા—"

"જા તારી બા બોલાવે. મફતની વાતો કરે છે તે કાંઇક કામ કર."

× × × ×

બચુ—"હેં બા, આ ઈશ્વર ક્યાં રહેતો હશે?"

બા—"એ તારા બાપુને બબર. મને શું પૂછે છે?"

"પણ બાપુ તો વાંચે છે ને કાંઇ જવાબ દેતા નથી."

"ત્યારે હું ક્યાં નવરી છું. હું તો રાંધું છું."

"રાંધતાં રાંધતાં ન બોલાય?"

"એ મારે માથાળીક કેાણ કરે? એવું તે પૂછવાનું હેાય? ભગવાન તેા બધે છે એમાં પૂછવું'તું શું?"

"લે ત્યારે રેાટલીમાં કયાં છે? બતાવ્ય."

"એમ તે કાંઇ દેખાતેા હશે?"

"ત્યારે કેમ દેખાય?"

"લે રાખ્ય બહુ ડાહ્યા છું તે. !"

---

(૨૨)

જમનાનેા અંબેાટ

"સાંભળ્યું કે? આ દીકરીની જાત ને આમ દી આંબેા ભટકયા કરે છે, એ મારાથી નહિ ખમાય. કયાં ગઇ એલી જમના? અંબેાટ કરે છે કે નહિ?"

"એ આવી બા: આ એક વાર્તા વાંચી લેવી છે."

"સાંભળતી નથી? આ કામ પહેલું કે વાર્તા પહેલી?"

"પણ બા બહુ સરસ વાર્તા છે. આ એક જ પાનું છે."

"બાળ્યને તારી વાર્તાને! દીકરીની જાતને વળી

બહુ વાંચ વાંચ શું? ક્યાંને કેવું સાસરું મળશે એ કાંઇ ખબર પડે છે!"

"બાડી એમ શું કહે છે?... અબોટ પડયો રહે તો કહેજે."

"હા, હું જાણું છું, તે પછી મારે જ કરવાનો. આ 'હમણે કરું છું' 'હમણે કરું છુ' એમ કરતાં બાર વાગ્યા. મારે તે કોણ માથું કૂટે? આ રોજની હૈયાજીક. હૈયું બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા!"

"શું છે? જમનાને શું છે? જમના?"

"હાં બાપુ."

"ઉઠ જા, અબોટ કરી નાખ્ય. એમાં કેટલી-વાર? કેમ કહ્યું નથી માનતી?"

"બાપુ પણ હવે અધું જ પાનું છે."

"ચાલ ચોપડી કોરે મૂકી દે, ને આજથી ધ્યાન રાખજે, તારી બા કહે એમ કરવાનું છે. એ આખો દી વાંચ વાંચ કરવાનું ભણતર મારે નથી જોઇતું."

જમનાનો વાર્તાનો રસ ઉડી જાય છે. મન વાર્તામાં છે ને અબોટ કરે છે. એ અબોટમાં શો શક્કરવાર હોય?

---

(૨૬)

ભાનુ ને તેની બા

"એલા ભાનુ, મારી બાએ કાલે વાર્તા કીધી છે તે તને કહું. ચાલ આપણે પણે બેસીએ."

રમુ વાર્તા કહે છે, ખૂબ હસે છે, ને ગમ્મત કરે છે.

મા ત્રાહુકી, "વળી રમુડી આવી છે કે? રાંડ કેાણ જાણે શું ય ગુસપુસ ગુસપુસ કરે છે. સાફ કહું છું કે તારે અહીં આવવું નહિ."

રમુ—"લે બા, હું તેા આ ચાલી. તારી બા વાર્તા કયાં કે'વા દે છે?"

ભાનુ—"લે હવે પૂરી કરતી જાને. વઢે તેા ભલે વઢે."

બા—"એલા આવ્યેા કે? આ છૂટું છાણું મારૂં છું. કહું છું તે સાંભળતેા નથી?"

"આ જરાક વાર્તા સાંભળું છું."

"હવે વારતાયેા ધતેા. ધ રમુડીમાં કયાં વેતા બળ્યા છે, તે વાર્તા કહેતી'તી?"

"પણ બા—"

"લે ઉઠ હવે; બાયલો થઇ જઇશ બાયલો. બધ્ધો દી છોકરી હારે શું રહે છે?"

"હવે તો જરાક બધુરૂં છે."

"લે બધુર્યાં ધતો, ઉઠે છે કે નહિ?"

---

(૨૩)

કીડીનું અવલોકન

"એલા ક્યારનો ત્યાં બેઠો બેઠો શું કરે છે?"

"ધતો આ કીડીઓનાં દર પાંસે બેઠો છું. આમ તો જો, આ કીડીઓ તો ભારે દેખાય છે. એક ઝીણા સરખા કાણામાંથી હજારો બહાર આવે છે. માંયલીકોર મોટો કોઠાર લાગે છે. આ ઘોળાં ઘોળાં એના ઇંડા છે હોં—"

"હવે જાણી તારી વાત. એમાં શું દાળિયા થવાના હતા?"

"પણ આ જોવા જેવું છે. હારબંધ એવી ચાલે છે કે જાણે લશ્કર ચાલ્યું. એમાં મોટી મોટી કીડી છે. ધ એની ઉપરી તો નહિ હોય ને?"

"તું તારે ફૂટ માથું, કાંક લેસન કર્ય તો દી વળશે. ન્યાં કીડીઓ ગણ્યે શું વળશે?"

"અહા! જુઓ તો ખરા; આ ઘડીકમાં તો ધૂળનો ઢગલો થઇ ગયો. કાડીઓ થાકતીઓ નહિ હોય?"

"આ ચંદુને કહેશો કે? કયારનોય કાડીના દર પાસે બેઠો છે. હવે કાંઇ ન્હાય ધૂએ અને નિશાળે જવા તૈયાર થાય તો ઠીક."

"બાપા, આવો તો. આ કીડીઓની ભારે ગમ્મત છે. જોવા જેવી છે."

"ઠીક દીકરા વાત. લે હવે તારી બા કહે છે તે ન્હાઇ લે. મોડું થશે તો પાછા માસ્તર વઢશે, ને નંબર જાશે."

બાળકોનું બીજું

લેખક :
ગિજુભાઇ

પ્રકાશક :
નાનાભાઇ, ગિજુભાઇ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રક: સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦



સં. ૧૯૮૨

બાળકોનું બીકણપણું

બીક એટલે શું? બાળકો અને મોટાંઓ બીકનો અર્થ એટલો બધો ખોટો કરે છે કે આપણે બીકને કેવળ નુકસાનકારક ગણીએ છીએ. ખરેખર શું બીક બહિષ્કાર કરવા જેવી વસ્તુ છે? બધા માનસ-શાસ્ત્રીઓ એકમતે સ્વીકારે છે કે મનુષ્યમાં બીક એક પ્રમુખ અને સહજ વસ્તુ પ્રેરણા–છે. પ્રત્યેક પ્રેરણા (Instinct) સહેતુક છે ને બીકની પ્રેરણા જીવનરક્ષણ માટે છે. મનુષ્યેતર પ્રાણીઓમાં આપણે બીકનું સાદું સ્વરૂપ જોઈશું. જ્યારે પ્રાણી ઉપર કોઈપણ જાતનું જોખમ આવી પડે છે ત્યારે બીકની પ્રેરણાને લીધે તે પોતાનું રક્ષણ કરવા વિધવિધ પ્રયત્નો

કરે છે. કાંતો તે નાસી છૂટે અથવા ત્યાં ને ત્યાં ખીલો થઇ ઉભું રહેઃ કાંતો તે ચીસો પાડવા માંડે અથવા તો તે ચૂપ થઇને ઉભું રહે. આપણે પણ એવા પ્રસંગોએ પ્રાણીઓ જેમ જ વર્તીએ છીએ. પરંતુ તે વખતે આપણામાં જે વૃત્તિ જાગે છે તે કેવળ આત્મરક્ષણની જ નથી હોતી. એ વૃત્તિ મિશ્ર હોય છે. આમાં સ્વાભિમાન, પરાજયની ધીક્કર વગેરે વસ્તુઓ હોય છે. જીવનરક્ષણ માટે બીકને સ્થાન છે. પરંતુ જ્યારે તેનું બળ વધી જાય છે ને માણસ બીકણ કે ઢીલો 'Nervous' થઇ જાય છે ત્યારે તો બીકને હાંકી કાઢવાની જરૂર પડે છે.

બાળકો બીકણ છે કે નહિ તે તપાસવા જતાં તેમનામાં વિવિધતા માલુમ પડે છે. કેટલાંએક બાળકો બીક શું છે તે સમજતાં જ નથી. બાળકોનો એક એવો વર્ગ પણ છે કે જેને આપણે 'નિર્ભય' એવું વિશેષણ આપી શકીએ. ત્રીજો વર્ગ ખરેખર બીકણ બાળકોનો છે. આવું બાળક Neurotic બાળકને નામે ઓળખી શકાય. આવું બાળક બીક અને ભયનું જાળ છે. Neurotic બાળકોના વર્ગને બાદ કરીએ તોપણ બાળકોનો એક એવો વર્ગ છે અને આ વર્ગ ઘણો મોટો છે કે જે અમુક ચોક્કસ બાબતમાં જ બીએ છે. અમસ્તું

૫

શારીરિક દુઃખના પ્રસંગોમાં આવું બાળક અજબ જેવું સહિષ્ણુ અને બળવાન હોય છે પરંતુ રાત્રે પથારીમાં એકલું સૂતું બીએ છે.

બાળકોની બીકના પ્રશ્નોનો અભ્યાસ કરવામાં એક મોટીબધી મુશ્કેલી છે. તે એ છે કે બાળકો પોતાની બીકો સંબંધે આપણી સાથે વાતો કરતાં નથી. તેઓ તેમની બીકની વાતો ઘણુંખરૂં મનમાં રાખે છે. આપણે માબાપોને બોલતાં સાંભળીશું કે પણ "અમને એ કહેતું શું કામ નથી, કંઇક ઉપાય તો થાયને." પણ વાત એમ છે કે ઘણુંખરૂં બાળક કંઇક Intangible પોકળ — ન દેખાય કે ન સમજાય કે ન જણાય — થી બહુ બીએ છે. તે જાણે છે કે પોતાની બીક શેની છે કે શા કારણે છે; પણ તેને લાગે છે કે જો તે પોતાની બીકની વાત કોઇને કરશે તો લોકો તેને હસી કાઢશે. જેમ મોટાઓ પોતે બીએ છે એમ કહેતાં શરમાય છે એમ જ બાળકોનું છે. એવું બને છે કે જ્યારે કોઇ બાળક કોઇ અપરિચિત વ્યક્તિના પરિચયમાં આવે છે અને તેનામાં તેને વિશ્વાસ બેસે છે ત્યારે તે તેને બીકની વાતો કહે છે. મોટાઓ પણ આ જ પ્રમાણે અજાણ્યાને પોતાની મુશ્કેલીઓ સહેલથી કહે છે. માણસને જાણીતાને પોતાની વાતો કહેતાં કેટલીક બાબતોમાં શરમ

આવે છે. બાળકની આ મૌનવૃત્તિ તેને બીકમાંથી મુક્ત કરવામાં ઘણી આડે આવે છે.

ઘણીવાર એવું બને છે કે બાળકો ઉપર ઉપરથી રક્ષણને કારણે બીક બતાવતાં હોય છે. સ્વરક્ષણની બીકની પાછળ ઘણીવાર બીજી જાતની બીક હોય છે. આવી જાતની બીક બાળકોમાં છે તે આપણું ધ્યાન બહાર ન જવું જોઇએ. સામાન્ય રીતે બાળજીવનમાં અંધારાની બીક મોટું સ્થાન ભોગવે છે. એવું પણ બને છે કે આ બીકની પાછળ બીજી બીકો હોય છે કે જે અંધારામાં વધારે તીવ્ર બને છે. આપણે મોટાઓનો અનુભવ આવો છે. દિવસે જે ચિંતાઓ ધમાલમાં એક બાજુએ પડી રહે છે તે જ્યારે મધ્ય-રાત્રે જાગી ઉઠીએ છીએ ત્યારે આપણી આગળ મોટા સ્વરૂપમાં ખડી થાય છે અને આપણને બીવરાવે છે. મતલબ કે બાળકો જે બીજી બીકોથી બીએ છે તે બીકો અંધારામાં મોટાં સ્વરૂપો લે છે.

બાળકો બીએ છે તેનાં કારણોના બે ભાગ પાડી શકાય. કેટલાંએક કારણો માટે મોટાઓ જવાબદાર છે અને કેટલાંએકને માટે બાળકોને પોતાને જવાબદાર ગણી શકાય.

મોટાઓ તરફથી ઉત્પન્ન થતી બીકનાં મુખ્ય કારણો મોટાઓની કર્કશતા અને ધમકી આપીને

બાળક પાસે સદ્‌વર્તનરૂપે અમુક અમુક કરાવવાના પ્રયત્નો છે.

માબાપો મોટે ભાગે રીઢાં અને ખૂબ બડતલ હોય છે: તેમને ખબર નથી હોતી કે બાળક તેમનાથી જુદા પ્રકારનું પ્રાણી છે જે બાબતો તેમને સ્પર્શે પણ નહિ તે બાબતો બાળકના ઉપર ઉંડામાં ઉંડી અસર કરે છે તેની તેમને સમજણ નથી. વગર વિચારે મને બચપણમાં જે ધમકી આપવામાં આવી હતી તેની મારા ઉપર જે ઉંડી અસર થઇ હતી તેની મને હજી સ્મૃતિ છે. મોડું બચપણ હિંદુસ્તાનમાં ગયું છે. અમારા ઘર પછવાડે એક સીડી હતી. તે ઉપર ચડી અમારો ભીસ્તી પાણી લાવતો હતો. મારાં માબાપો મને ધમકાવતા કે જો તોફાન કરીશ તો પાછલી સીડીથી ભીસ્તી આવશે ને મને લઇ જશે. આ ધમકીની મારા ઉપર ભયંકર અસર થઇ હતી. મારા મનમાં રાક્ષસ અને ભીસ્તીના મિશ્રણથી બનેલ કોઇ ભયાનક પ્રાણીની કલ્પનાનો જન્મ થયો. વર્ષો પછી જ્યારે હું મોટો થઇ હિંદુસ્તાનમાં પાછો આવ્યો ત્યારે પેલી લાકડાની સીડી જોતાં પૂર્વસ્મૃતિ તાજી થઇ ને મારા મનને એકજાતનો આઘાત થયો. મેં આ ભયની વાત કદીપણ કોઇને કહી નથી.

એવું બને છે કે બાળક બીકની વાત બીજાને કહેતું નથી પણ પોતે મનમાં ને મનમાં ડરી ડરીને ખૂબ હેરાન થઇ જાય છે.

ઘણીવાર બીલકુલ ડરાવ્યા વિના માબાપ બાળકમાં ભયનો સંચાર કરી મુકે છે. કેટલીએક પ્રચલિત રીતો જ એવી છે કે જેને લીધે આમ બને છે. માબાપોને આની ખબર પણ હોતી નથી. ઘણીવાર માતાઓ નાનાં બાળકોને મારી પાસે દવા કરાવવા લાવે છે. બાળકોને પહેલેથી મારી બીક લાગેલી હોતી નથી. પરંતુ જ્યારે હું બાળકો પાસે જાઉં છું ત્યારે વિના પ્રયોજન માતાઓ બોલી ઉઠે છે કે 'જોજે બીશ નહિ. દાક્તરશાબ તને કાંઇ કરવાના નથી.' બાળકને આ વચન સાંભળી નહિ સમજી શકે તેવી કોઇ જાતની બીક લાગે છે. અર્થાત્ આવી વાણી બીકનું સૂચન કરે છે અને બાળક ધબકતે હૈયે વિચાર કરે છે કે "હવે શું થશે? દાક્તર શું કરશે? મા કહે છે કે બીશ નહિ તો હવે શું બીકરામણું આવશે?"

આવે વખતે ઘણીવાર બાળક એકાએક રડી પડે છે. 'જોજે સંભાળજે' એ વાક્યથી પણ બાળકના મનમાં ભય પેસી જાય છે. આવાં વાક્યો ઘરમાં

વારંવાર વપરાય છે. આને પરિણામે જે વસ્તુઓની કાળજી લેવા બાળકને વારંવાર કહેવામાં આવે છે તે વસ્તુ સંબંધે તેનામાં એક જાતનો ભય દૃઢ થઇ જાય છે. હું એક આયાને ઓળખું છું. એ એની પાસે રહેતાં બાળકને વારંવાર જ્યારે બાળક દાદરેથી નીચે ઉતરતું ત્યારે કહેતી કે "જોજે બેટા જાળવજે, પડતો નહિ." પરિણામે બાળકમાં દાદરથી નીચે ઉતરવાની બાબતમાં સજ્જડ બીક ઘર કર્યું.

માએ બાળકને ઘોડીયામાં કે પથારીમાં ઢબુરીને કહેવું જોઇએ નહિ કે "બાપા બીશ નહિ. હું આ તારી પાસે જ છું. બાપુના ઓરડામાં જરા કામ કરૂં છું." બાળક સાશ્ચર્ય વિચાર કરે છે કે મને જેનાથી ન બીવાનું કહે છે તે શું હશે. આ વિચાર એના મન ઉપર એટલો દૃઢ થાય છે કે અરેઅર બાળક 'કંઇક' કે જે પોતે જ જાણતો જ નથી તેનાથી બીવા લાગે છે.

જ્યારે અરેઅર બીક ઉત્પન્ન કરે તેવો બનાવ બને ત્યારે એ પ્રસંગને બાળક આગળ કેવી રીતે મૂકવો તેનો ખૂબ વિચાર કરવો. આ બાબતમાં આપણે ઘણી ભૂલો કરી બેસીએ છીએ. સાધારણ રીતે આવા પ્રસંગો બાળકો ભૂલી જ જાય તેવું આપણે વર્તન કરવું. કેટલાએક Neurotic બાળકોને તેના ઉપર

થયેલી અસરમાંથી મુક્ત કરવાનું કામ આકરું છે. તેઓ તે ભૂલી જતાં નથી. આપણે જ ઘણીવાર આપણા વર્તનથી બાળક ઉપર બીકની જે ભયંકર છાપ પડે છે તેને દ્રઢ અને ન ભુંસાય તેવી કરીએ છીએ. ઘણીવાર આ પ્રમાણે બને છે. બાળક બીએ એવું કંઇક બન્યું હોય તો પ્રથમ બાળકની હાજરીમાં તેનો બાપ ઘેર આવે છે ત્યારે તે મોટી ગંભીરતાથી વર્ણવી બતાવવામાં આવે છે. ત્યાર પછી આડોસીપાડોસી અને બધાં મિત્રો આગળ એની એજ વાત થયા કરે છે. આમ પ્રત્યેક ચર્ચા કે વાતને પ્રસંગે બાળક ઉપર પેલા બનાવની છાપ બળવાન થતી જાય છે અને આખરે તેના મગજ ઉપર કાયમને માટે ચોંટી જાય છેઃ

આપણે ખરી રીતે શું કરવું જોઇએ? ભય ઉત્પન્ન કરે તેવા પ્રસંગે આપણે શું કરવું તેની અખરે ન પડે તો છેવટે કાંઇ પણ કર્યા વિના આપણે વિચાર કરવા માંડવું. વગર વિચારે કંઇ પગલું લેવું તેના કરતાં વિચાર ઉપર મુલતવી રાખવું. એકવાર જ્યારે મારા મિત્રના બાળક ઉપર કુતરો ધસી આવ્યો અને તેને ગભરાવી નાખ્યો ત્યારે તેને વધારે ગભરાવવાને બદલે કહેવામાં આવ્યું કે એ કુતરો કાંઇ શરીર ઉપર ચડવા નહોતો આવતો, એ કાંઇ તને ઇજા કરવા નહોતો કુદયો,

એને જરા વધારે ભાષેબંધી બતાવવાનું મન થઇ ગયું હતું: આથી બાળકને નિરાંત થઇ ને ભયની અસર હતી તે ઓછી થઇ.

બનતાં સુધી આપણે બાળકોને ભય ઉપજાવે તેવી વાર્તાઓ કહેવી નહિ કે વાંચી સંભળાવવી નહિ. જો કે વાર્તા સાંભળનારાઓમાં બે વર્ગ દેખાશે જ; એક વર્ગ વાર્તા સાંભળતાં જ બીવા લાગશે અને બીજો વર્ગ વાર્તામાં બીવરાવે એવી વાતો આવવાને કારણે જ એ સાંભળવા ઉત્સુક અને પ્રસન્ન રહેશે. અર્થાત્ વાર્તા સાંભળીને ખુશી થશે. ઘણું બાળકોને કંપારી ઉત્પન્ન કરે તેવી વિગતોવાળી વાર્તાઓ ગમે છે. આનો અર્થ એવો નથી કે આપણે તેને એવી વાર્તાઓ કહીને તેની આવા પ્રકારની રૂચીને વધારવી જોઇએ. પરંતુ આપણે એટલું સમજવું જોઇએ કે જુદાં જુદાં બાળકોને વાર્તાઓની જુદી જુદી અસર થાય છે.

બીજા પ્રકારની બીક કે જે બાળકોમાંથી જ જન્મ પામે છે તેમાં આપણી જવાબદારી ક્યાં અટકે છે ને બાળકની ક્યાં શરૂ થાય છે તે કહેવું બહુ મુશ્કેલ છે.

મોટી ઉમરનાં ઘણા માણસો પોતે જ અંધારાથી બીએ છે. આવી માતાઓ પોતાનાં બાળકોમાં પોતાની બીકને તુરત જ દાખલ કરે છે.

આપણે સાંભળીએ છીએ કે કેટલાંએક બાળકો હવાઇ હુમલાઓને પરિણામે ઉત્પન્ન થયેલ દર્દથી પીડાય છે. જો મોટાંઓ પોતાને લાગતી બીક બાળકોને જણાવતાં ન હોય તો ઘણાં બાળકો આવાં પરિણામોમાંથી બચી જાય. એકવાર એવું બન્યું કે એક બૉમ્બ પડવાથી કોઇ ઘરનું છાપરૂં તૂટ્યું અને તેમાં કાણું પડ્યું. માતા અને પિતા ડ્રૉઇંગરૂમમાં હતાં અને બાળકો પોતાના ઓરડામાં રમતાં હતાં. ધડાકો સાંભળી માબાપ તત્ક્ષણ બાળકોના ઓરડામાં દોડી ગયાં. આ ઓરડો મકાનને છેલ્લે માળે હતો. જ્યારે તેઓ દાદરને છેલ્લે પગથીયે પહોંચ્યાં ત્યારે નાનાં બાળકે કહ્યું "બાપા જુઓ તો છાપરામાં કાણું પડ્યું છે. એમાંથી આકાશના તારા દેખાય છે." આવે વખતે માબાપમાં યોગ્ય સમયસૂચકતા હોય તો તેઓ પોતાને લાગેલી બીક છુપાવી દઇ જાણે કે કાંઇ નથી બન્યું તેમ બાળકોની સાથે તેમની વાતમાં ભળી જાય પણ સમયસૂચકતા ન હોય તો તેઓ પોતાનો ભય ત્યાં ને ત્યાં વ્યક્ત કરી બાળકને એવા પ્રસંગોએ બીતું કરી મુકે. કેટલાંએક બાળકો કલ્પક હોય છે. આવાં બાળકો બીકણ થઈ જાય છે. તેની જવાબદારી મોટાંઓ ઉપર મૂકી ન શકાય. ગમે તેટલી સંભાળ લઇએ તોપણ આવાં બાળકોમાં ગમે ત્યાંથી બીક પેસી જાય છે.

હું એક કુટુંબને પીછાનું છું. એવું સુખી કુટુંબ ભાગ્યેજ હશે. ત્યાં બાળકો અને વડીલોનો સંબંધ ઘણો મીઠો છે. પાનખર ઋતુ હતી. રાત્રિ વધી હતી. બહાર વરસાદ અને વંટોળીયાનું ભયંકર તોફાન ચાલી રહ્યું હતું. મા અને બાળક બહારથી બાપા આવવાની રાહ જોતાં બેઠાં હતાં. એટલામાં પિતાના પગનો અવાજ સંભળાયો. મા બારણું ઉઘાડવા ઊઠી. બારણું ઉઘડે છે ત્યાં તો પવનના ઝપાટાને લીધે બાપ એકદમ બારણાંની અંદર ધકેલાઇ આવ્યો. તેની ટોપી તેના મોંપર આવી ગઇ હતી. તેનો કૉલર ઉંચો ચડી ને અવળો થઇ ગયો હતો. નાના બાળકને આ દૃશ્ય વિચિંત્ર લાગ્યું. તે પોતાના બાપને ઓળખી શકયું નહિ. એકાએક તેણે ચીસ પાડી ને માને બાઝી પડ્યું. છાતી ફાટ રડતાં રડતાં તેણે કહ્યું, "મેં ધાર્યું કે એતો વરસાદનું ઝાપટું હશે તે અંદર આવ્યું હશે." કદાચ બાળકને વારંવાર વરસાદનું ઝાપટું અંદર ન આવે તેટલા માટે બારણું બંધ રાખવાનું કહેવામાં આવતું હશે. ત્યાંથી તેણે ઝાપાટાની કંઇ અસ્પષ્ટ કલ્પના ઘડી હશે. વરસાદમાં તેને પોતાનો પિતા 'ઝાપાટા' રૂપ લાગ્યો તેનું કારણ આ 'કલ્પિત સૃષ્ટિ' હોવાનો સંભવ છે.

જોઈએ શકાશે કે ગમે તેટલી સંભાળ લઈએ તોપણ આવું કલ્પક imaginative બાળક બીજા બધાં કરતાં જુદું પડી જશે અને તેનાથી ઘેરાયેલું રહેશે. ઉપરથી આનંદી દેખાતા બાળકના મનમાં કેવી કેવી બીકો છુપાએલી છે તે જાણવું મુશ્કેલ છે.

હજી એ જાતનાં બાળકો છે કે જેઓ પોતાની બીકને માટે પોતે જ જવાબદાર છે.

એવી જાતનું બાળક પણ થાય છે કે જે જાણી જોઈને બીકને પોતાના લાભ અર્થે વાપરે છે.

એકાદ પ્રસંગે આવું બાળક ખરેખર બીધેલું હોય છે અને તે વખતે તેને ખબર પડેલી હોય છે કે પોતે બીધું હતું ત્યારે ઘરમાં ઘણી ધમાલ થઈ રહી હતી. પછીથી પોતે જ આવી ધમાલ કરવામાં રસ લે છે. બીવાનો પ્રસંગ ઉભો કરે છે, બીજાને છેતરે છે, ઘરનાં માણસોને બનાવે છે.

ઉપર જણાવેલ પ્રકૃતિના બાળકથી જુદી પ્રકૃતિનું બાળક બીકની લાગણીને એટલે કે બીકથી થતી મન-પરની અસરને આનંદથી અનુભવે છે અને મજા લેવા ખાતર તેને શોધે છે. તેનો હેતુ બીજાઓને બનાવવાનો નથી હોતો. ઉપરનાં બંને પ્રકારનાં બાળકોમાં તફાવત એ છે કે પહેલી જાતનું બાળક પોતાની જાતનો દેખાડો કરવા માગે છે, તે ઇચ્છે છે કે

પોતાની આસપાસ માણસો ભેગાં થાય તે ઠીક; બીજી જાતનું બાળક ઉલટું એકલું રહીને કે બીજાં બાળકોની સોબતમાં રહીને બીકની મજા લેવા માગે છે.

મારા નાનપણની એક બીજી વાત યાદ આવે છે. મારા પિતા હિંદુસ્તાનમાં દાક્તર હતા. અમારા ઘરમાં એક કબાટમાં હાડપીંજર રાખવામાં આવ્યું હતું. કબાટ ભોંય ઉપર બરાબર સરખી રીતે ગોઠવાયો ન હતો તેથી જરા હલે કે અંદરના હાડકાનો કડકડ અવાજ સંભળાતો હતો, અમને કોઇવાર જરા મીઠી અને આનંદદાયક મઝા લેવાનું મન થતું ત્યારે કબાટ ઉઘાડતા, હાડપીંજર જોતા ને પછી ઝટ દઇને બારણું બંધ કરતા કે જેથી હાડકા કડકડતા અને અમારા હૃદયમાં એક જાતની મીઠી બીકનો સંચાર થતો.

જ્યારે કોઇ બાળકને મારી પાસે દવા કરાવવા લાવે છે ત્યારે તે બાળક શરીરથી કેવું છે તે હું તપાસું છું. અને તેમાંથી ઘણો પ્રકાશ મેળવું છું. મારી આગળ એક નવ વર્ષની ઉંમરના બાળકનો 'કેસ' આવ્યો. આ બાળકની શારીરિક તંદુરસ્તી ઘણી નબળી હતી. તે ઘણું શરમાળ હતું અને ભૂત જેવું—ના હાવડું—દેખાતું હતું. મને તરત જ લાગ્યું

કે. બાળક બીકનો ભોગ થઇ પડ્યું છે. માબાપોએ મને કહ્યું કે બાળક એકવાર પથારીમાં સૂવા જતુ હતુ તે વખતે બીતું હતું. ધીરે ધીરે બાળકે પોતાનું હૃદય ઉઘાડ્યું અને તેણે કહ્યું, "હું એકવાર રાત્રે સીલીંગ ઉપર પડેલા અજવાળાથી બીધું હતું." (આવું અજવાળું કદાચ પાસેથી પસાર થતી મોટરના દીવાનું પણ હોય.)

જ્યારે આપણે શરીરથી છેક દુબળા બાળકનો પ્રશ્ન વિચારવાનો હોય ત્યારે આપણે પ્રથમ તેની શારીરિક તંદુરસ્તીનો વિચાર કરવો; અર્થાત્ તેનું શરીર સુદ્રઢ થાય તે પ્રથમ જોવું. ખોરાક, શરીરના હંમેશના ધર્મો, ગળું, આંખ, કાન, નાક વગેરે ઉપર આપણે ધ્યાન આપવું. આવા બાળકને તેની ચાલુ પરિસ્થિતિમાંથી ફેરવી નાંખવું જોઇએ. થોડો વખત તેના ઘરનો ફેરબદલો આપવો જોઇએ. તંદુરસ્ત વાતાવરણમાં તેને મૂકવું જોઇએ કે જેથી તેની અમુક સ્થળ સાથે જોડાયેલા વિચાર અને અનુભવની સાંકળ તૂટી જાય.

એક બીજા છોકરાની વાત છે. એ છોકરો એવો હતો કે કોઇની સાથે બંદા બોલે જ નહિ. જીભ જ ન ઉપાડે. રાત્રે પથારીમાં સૂવા જતાં બીએ. તેને પૂછ્યું: 'અલ્યા તું ડરે છે?'

જવાબ આપ્યો, " નહિ, બીલકુલ નહિ, હું તો બીતો નથી. " પણ ખરી રીતે તે એટલો બધો બીકણ હતો કે તેના બાપને તેની સાથે સુવાડવા જવું જોઇએ. છોકરો બાપાને કહેતો કે સુવાના ઓરડાનું બારણું બંધ કરી દો ; પરંતુ બાપા તેમ કરતા નહિ. કારણ કે બાજુના ઓરડામાં બીજા બાળકને સુવાડયું હતું અને તે જાગીને રડે તો તેની પાસે જવાનું હતું. પહેલા તો લાગ્યું કે બાપા પાસેથી તે વધારે લાડ માગે છે, કારણ કે ઘરમાં નવો ભાઇ જન્મ્યો હતો અને તેને બાપા વધારે સાચવતા હતા, અને તેથી તે બાપાને પોતાની પાસે સુવાડે છે; પરંતુ આ વાત સાચી ન નીકળી. સદ્‌ભાગ્યે મને સૂઝયું કે તેને એક જુદો જ ઓરડો આપવો જોઇએ ને તેની સાથે તેના નાના ભાઇને સુવાડવો જોઇએ. મેં આ દરખાસ્ત મૂકી. તરત જ છોકરાએ રાજીખુશીથી તે સ્વીકારી લીધી. બન્યું પણ એમ કે જ્યારે આ છોકરાને એના નાના ભાઇ સાથે સુવાડયો ને બારણાં બંધ કર્યાં ત્યારે તે શાંતિથી સૂઇ ગયો. મેં એક દિવસ તેને પૂછ્યું, " અલ્યા તું જાનવરોથી બીએ છે ? " જવાબ મળ્યો ' હા, હું ગાયોથી ડરું છું. " આ છોકરો કેટલાએક માસ પહેલાં ગામડામાં ગયો હતો. ત્યાં તેણે ગાયોને પહેલવહેલી જ જોઇ. તેને ગાયો એવી વિચિત્ર

લાગી કે તે તેનાથી ડરી ગયો ને ત્યારથી કલ્પનામાં તે તેનાથી ડરવા લાગ્યો. જોકે તેણે આ બાબતમાં કોઇને કદી કશું કહેલું નહિ પરંતુ તેને રોજ બીક લાગતી રખેને ગાયો તેના સૂવાના ઓરડામાં રાત્રે પેસી જાય. આ કારણથી તે બારણાં બંધ કરવાનું કહેતો હતો. જ્યારથી બારણાં બંધ કરવાની ગોઠવણ કરવામાં આવી ત્યારથી તેની આ બીક ચાલી ગઇ.

બાળકોની બીક દૂર કેમ થાય તે બાબતમાં આપણે આપણી જવાબદારી વિચારવી જોઇશે; આપણે એ બાબતમાં કેવી કાળજી રાખવી તેનો નિર્ણય કરવો પડશે. આપણે જે કાંઇ કરશું તેથી કોઇને કોઇ બાળક પોતાનામાં બીકનું પોષણ કરી ન બેસે તેનું ખાસ ધ્યાન રાખવું. બાળકો ભિન્નભિન્ન પ્રકારના હોય છે. કેટલાંએક બાળકોને ભયમાંથી બચાવવા એ લગભગ અશક્ય છે; પરંતુ જો આપણી પૂર્વ તૈયારી સારી હોય, આપણે આ બાબતમાં અગાઉથી વિચારી રાખ્યું હોય તો કેટલાએક અનિષ્ટોમાંથી બાળકોને બચાવી શકીએ. એક પિતા જે નાનપણમાં અંધારાથી બીતો હતો તેણે શરૂથી પોતાનું વર્તન એવું રાખ્યું કે બાળકો અંધારાને ઉલટા ચાહે, તેમાં પણ મઝા લે. તે પોતાના બાળકને અંધારામાં ફરવા લઇ જતો. ધીરે ધીરે

બીજાં બાળકો પણ જોડાણાં. આખરે બધાં બાળકો અંધારાની પણ એક જાતની મઝા લેવાં લાગ્યાં.

બીકની વૃત્તિ કે લાગણીને બદલે બીજી જ લાગણીનો વિકાસ કરવો ઘણીવાર લાભદાયક છે. ઘણીવાર બીજા માણસની સંભાળ લેવાની જવાબદારી આવી પડતાં બાળકમાં હિંમત આવી જાય છે.

એકંદર તંદુરસ્ત શરીર અગત્યની વસ્તુ છે. Neurotic ની બાબતમાં પ્રથમ શારીરિક તંદુરસ્તીનો વધારો થવાની જરૂર છે. તેની આગળ બીક વિષે ઝાઝી વાત કરવી નહિ. જે ઓરડામાં બાળક બીતું હોય કે જેમાં જતાં બીકનાં સંસ્મરણો તાજાં થતાં હોય તે ઓરડામાંથી બાળકને દૂર કરવું વધારે સારૂં છે.

બાળકોમાં બીક શાથી પેઠી છે તે શોધવામાં તેમનાં સ્વપ્નો બહુ કામ આવે છે.

એવું જાણવામાં આવ્યું છે કે એક બાળક પ્રાર્થનામાં "મારી પથારી પાસે ચાર દેવદૂતો છે" એવું આવતું હતું તેને લીધે દેવદૂતોથી બ્હીતું હતું.

જો બાળક ઓરડામાં બત્તી રાખવાથી ઓછું બીતું હોય કે તેને રાહત મળતી હોય તો જરૂર તેમ કરવું. કેટલીએક વાર રાત્રે પ્રકાશને લીધે વસ્તુના ઝાંખા પડછાયા બાળકને બીવરાવે પણ છે.

કેટલાંએક બાળકો અત્યંત નિર્ભય હોય છે. તેઓ કશાંથી બીતાં જ નથી. એક છોકરો ગમે તે રસ્તે જતાં જરાપણ બીતો ન હતો. તે પોતાની જરાપણ દરકાર રાખતો ન હતો. તેને એની માએ કહ્યું કે બેટા મને પેલા રસ્તાની પાર સાચવીને લઈ જા. છોકરો માને કાળજીથી રસ્તાની પેલી પાર લઇ ગયો. મા માટે કાળજી લેતાં તેને પોતાને પોતાની જાત માટે કાળજી લેવાની પણ ધીરે ધીરે ટેવ પડી. *

---

* [Now Era ના ' Fear in Children ' નું ભાષાંતર

બાલસંહિતા

લેખકઃ
ગિજુભાઇ

પ્રકાશકઃ
નાનાભાઇ, ગિજુભાઇ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રક : સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦

સં ૧૯૮૨

ભગવાનલાલ :

સંગીત ચાલતું હતું. ભગવાનલાલ ધમધમે રોફથી ચાલતા નીકળ્યા.

"કયાં ચાલ્યા ભગવાનલાલ?"

"કાંતવાં જાઉં છું"

મેં કીધું:

"સંગીતમાં આવોને. આજ લડાઇ છે."

"આજે લડાઇમાં નથી આવવું. આજે તો કાંતવું છે."

ભગવાનલાલ ભંડકમાં ગયા. સંગીતનો એક કલાક પૂરો થયો. સંગીત પંછીનું કામ શરૂ થયું.

મને થયું ચાલ જોઉં. ભગવાનલાલ હજુય કાંતે છે?

"ભગવાનલાલ, ચાલો, ઉપર ગણિતમાં નથી આવવું?"

"નહિ."

ભગવાનલાલ ઉંધું જોઇ કાંતવા મંડ્યા. રેંટિયો ઘરઘર ફરવા માંડ્યો. ભગવાનલાલ એકાગ્ર હતા. હું ગયો છું કે ઉભો છું એની એને લેશમાત્ર ચિંતા ન હતી. છોકરાં ઉપર દોડતાં હતાં. ભગવાનલાલને તેની ગડબડ ન હતી. તેના પરમ મિત્ર મૂળજી ને સતિષચંદ્ર બારણા પાસેથી વાતો કરતા પસાર થયા. ભગવાનલાલના કાને સાંભળ્યું નહિ. સમગ્ર ભગવાનલાલ રેંટિયા ઉપર એકચિત્ત થઇ ગયા હતા. સૂતર નીકળ્યે જતું હતું, ચક્કર ફરતું હતું. ભગવાનલાલ ગોઠણભર બેઠા હતા. મને થયું આનું નામ એકાગ્રતા. આનું નામ તલ્લીનતા! આનું નામ ખરો રસ. ભગવાનલાલને મરજી ન હોત ને કાંતવા ઉપડ્યા હોત તો ક્યાંથ આવો રસ આવત? આ રસ તો ભગવાનલાલના કાંતવાના શોખમાંથી આવેલો. કાંતવાના બદલામાં એને કશું મળવાનું ન હતું. કાંતવા માટે એ કોઇની સાથે વાદ નહોતા વદ્યા. એને તો અંદરથી જોસ આવ્યું હતું.

હું ઉપર ગયો. બીજાં બાળકો ગણિતનું કામ કરતાં હતાં. કલાકેક પછી પાછો ભંડકમાં ગયો. ભગવાનલાલ કાંત્યા કરે છે! આડુંઅવળું ક્યાંય જોતા નથી. હું પાછળ આવીને ઉભો છું તેની પણ તેને ખબર પડતી નથી. સૂતર ઘણું બધું કાંત્યું હતું.

ભગવાનલાલના હાથ સતત ક્રિયા કરી રહ્યા હતા: થાક લેવાય રોકાતા ન હતા.

મેં કીધું: "કાં ભગવાનલાલ; ચાલો ગણિત કરવું છે ને?"

"નહિ"

ચમત્કાર ભગવાનલાલ ગણિતના શોખીન. કલાકોના કલાક સુધી ને દિવસોના દિવસો સુધી ભગવાનલાલ ગુણાકારની કાપલીઓ ભર્યા જ કરે. ક્રિયા કરવાનું બળ જબરૂં.

ભગવાનલાલે કહ્યું:

"જુઓ કેટલું બધું કાંત્યું છે!"

મોઢા ઉપર ગંભીરતા સાથે પ્રસન્નતા હતી. ભારે કામ કરી નાંખ્યું હોય એમ ભગવાનલાલ છાતી કાઢી ઉભા હતા.

મેં મનમાં કીધું: "આનું નામ ક્રિયાશક્તિનું બળ. આ સૂતર એનું પરિણામ. એક નાના બાળકમાં કેટલી બધી ક્રિયાશક્તિ (will) છે! ત્રણ કલાકથી ભગવાનલાલ કાંત્યા કરે છે! મોટા પણ કંટાળે. ભગવાનલાલે ક્રિયાનું પુનરાવર્તન કરીને ક્રિયાશક્તિને સરસ કેળવી છે. નવા આવ્યા હતા ત્યારે રોજ દફ્તાની ત્રણ પેટીઓ અધી કલાક સુધી એકચિત્તથી કાઢે ને નાખે. કોણ જાણે છ બાર

મહિના સુધી તેણે આ ક્રિયા કર્યા કરી હશે. ભગવાનલાલે બેહાં બેહાં વિચાર કરીને ક્રિયાશક્તિને નહોતી કેળવી. પણ કામ કરીને કેળવી હતી. ક્રિયા-શક્તિ તો ક્રિયા કરવાથી કેળવાય.

નાસ્તાનો વખત થયો.

ભગવાનલાલ આ સ્વયંપ્રવૃત્તિને ક્યારે છોડી દે છે તેનું હું નિરીક્ષણ કરતો હતો. ભંડકર્મા જઈને ભગવાનલાલને કહ્યું: "ભગવાનલાલ નાસ્તો કરવા આવશો કે?"

ભગવાનલાલ કહે: "આજે અમે નાસ્તો અહીં લઈ આવીએ? અમારે હજી કાંતવું છે."

"ભલે લઈ આવો."

ભગવાનલાલ કાંતતા જાય છે ને નાસ્તો કરતા જાય છે. ચાર વાગી ગયા. સૂતર ઉતારી લીધું. ભગવાનલાલ રેંટિયો સરખો કરી, જગ્યા વાળી બહાર આવ્યા. હસતી આંખે મારી સાથે વાત કરી. બીજાં છોકરાં રમતાં હતાં તેમાં ભળી ગયા ને જુસ્સાથી રમવા લાગ્યા.

આટલા બધાં કલાક કાંત્યું, એકધારું કાંત્યું પણ ભગવાનલાલ થાક્યા? ના. પાછળથી આરામ લીધો? ના. ત્યારે?

ભગવાનલાલ આજનું કામ સ્વયંસ્ફુરણાથી કરતા હતા. એકાગ્રતા અને ક્રિયાશક્તિના વ્યાપારો ઉચ્ચ અંશના હતા. તે વ્યાપારોને લીધે જ ભગવાનલાલ પોતાની શક્તિઓનો વિકાસ સાધતા હતા, આગળ વધતા હતા. એમાં એને શ્રમ શેનો લાગે? વિકાસની સ્વાભાવિક ક્રિયામાં શ્રમ કેમ જ પડે?

નાનુભાઈ

જ્યારે નાનુભાઇ પહેલવહેલા બાલમંદિરમાં આવ્યા ત્યારે હું તેમના ડહાપણથી ચકિત થઇ ગયો.

મેં કહ્યું: "નાનુભાઇ, આ માથે મુંડો શું સારો લાગે?"

નાનુભાઇ—"આપણે તો મુંડોય સરખો ને મોટા વાળેય સરખા."

મેં કીધું: "આ આવાં વિચિત્ર કપડાં શું પહેર્યાં છે?"

નાનુ—"આપણે તો લુગડાં પહેરવાનું કામ છે ને: આપણે તો જેવાં હોય એવાં ચાલે."

મેં કહ્યું: "નાનુભાઈ તમે તો બહુ પાતળા છો."

નાનું—"જેવું ભગવાને શરીર આપ્યું એવું હોય."

હું હસી પડ્યો. ઓહો આ તો નાનો ફિલસુફ!

થોડા દિ થયા. હાથ ધોતાં ધોતાં નાનુભાઈની બાંય પલળી. નાનુભાઇ દડદડ રૂએ.

"શું કામ રડો છો?"

"અમારાં લુગડાં પલળ્યાં"

"તેમાં શું? હમણે સૂકાઇ જશે."

"પણ પલળ્યાં એવી ખબર પડે તો મારી બા મારે."

મને દુઃખ થયું. છોકરાને માની આટલી બધી બીક!

"એક દિવસ મેં કહ્યું: "ઓલ્યા ખાડામાંથી પથરો લઇ આવોને."

"ના, ગિજુભાઇ મારાથી ખાડામાં નહિ ઉતરાય. એવડો પથરો કેમ ઉપાડાય?

ખાડો પૂરો એક હાથ પણ ઉંડો નહોતો. મેં કીધું: "ચાલો આપણે જઇએ?"

જઇને પથરો લઇ આવ્યા. નાનુભાઇને કીધું "કાં પથરો લવાણો કે નહિ?"



નાનુ—" પણ મારી બા હોય તો મને પથરો લાવવા ન દે. કહેશે, બાપુ, કયાંક હાથપગ ભાંગી જાય."

મને લાગ્યું કે માએ છોકરાને સાવ અપંગ બનાવી મૂકેલો છે.

એકવાર મેં પૂછ્યું: " નાનુભાઇ, ફરવા બરવા જાવ છો કે ?"

" કયાંક ગાડી ઘોડામાં આવી જઇએ ને ? બોટનો છું તે બા કંઇ જવા દે ?"

" ચાલો આજે આપણે ફરવા જઇએ "

" ના ભઇ, આપણે તો અહીંયાં બેસશું: તમે ફરી આવો. રસ્તામાં કોણ જાણે શું'ય થાય ?"

મને થયું કે છોકરું બોટનું હોય તે કાંઇ નભાલું બનાવવા માટે ?

માતાજી

માતાજી બાલમંદિરમાં આવે. એક ભગત જેવી ભલી છોકરીને જોતાં જ મેં એનું નામ 'માતાજી' પાડેલું. માતાજી ગાય જેમ પાસે ઉભાં રહે, ગાય જેવી શીળી ને સરલ પ્રકૃતિનાં.

માંતાજીને સીનેમા જોવો બહુ ગમે. એના કોઇ સગાનો જ સીનેમા. ત્રણ વાગે એટલે માતાજી આવે ને કહેઃ

"ગિજુભાઇ, સીનેમા જોવા જવું છે." મને થાય કે કરવું શું? સીનેમા જોવા જવા દઉં તો કામના બે ત્રણ કલાક પડેને? હું ના પાડું.

પણ માતાજીને રોકી રાખ્યે માતાજી કામ થોડુંક કરે? એ તો સીનેમાના વિચારમાં ને વિચારમાં આંટા મારે. આંખમાંથી જાણે હમણે પાણી પડશે એમ લાગે. ભાંવથી મારા સામે પણ ન જુએ. હું એને કહુંઃ "માતાજી, ચિત્ર કાઢશો? માતાજી કહેશેઃ "નથી ગમતું." હું એને જાતજાતનાં કામ બતાવું પણ માતાજીનું મન સીનેમામાં. મને ખાત્રી થઇ કે જ્યાં સુધી માતાજીનું મન સીનેમામાં છે ત્યાં સુધી કામે લાગશે નહિ. ત્રણ વાગ્યા સુધી કામ કરે. એકાગ્ર થાય. વ્યવસ્થિત દેખાય. પણ ત્રણ વાગ્યા પછી માતાજી કોકને આઘે આવે, કામ કરે નહિ ને ટલ્લા મારે. મને થયું કે માંતાજી રાજીખુશીથી ત્રણ જ વાગ્યા સુધી ખૂબ કામ કરીને સીનેમા જોવા જાય તો શું ખોટું? આમે વખત બગાડે છે ને આમે વખત જવાનોઃ આમાં તો ઉલટું એ કામથી કંટાળે છે, મારી સામે

અસંતોષ રાખે છે અને જાતથી હીજરાય છે. એકંદર આગળ વધવાને બદલે સડે છેઃ સીનેમા કંઇ એટલો બધો ભયંકર નથી દેખાતો કે મારે તેને સડવા દઇને પણ ત્યાં જતાં રોકવાં જોઇએ.

મેં નક્કી કર્યું કે માતાજીને રોજ ત્રણ વાર્તા જવા દેવાં.

માતાજી રોજ ત્રણ વાગે જતાં. પ્રસન્ન પ્રસન્ન થઇને જતાં. બીજે દિવસે ખુશી ખુશી થઇને આવતાં. ખૂબ કામ કરતાં ને ત્રણ વાગે નમસ્કાર કરી ચાલ્યાં જતાં.

મને માતાજી વારંવાર સાંભરે છે.

—:o:—

રંભા

બાલમંદિરમાં રંભા કરીને એક છોકરી આવતી. શરીરે હૃષ્ટપુષ્ટ, મનથી આનંદી અને અંદરથી હેતાળ.

રંભાબેન ભારે સુંદર શરીર લઇને હસતે મોઢે આખો દહાડો આમતેમ ફર્યાં કરે.

ચંપાબેન દોડતાં દોડતાં પડી જાય. રંભાબેન દોડીને તેને ઉભાં કરે, ધૂળ ખંખેરી નાંખે, જરાક હસે, બે મીઠા બોલ કહે ને રમતે ચડાવે,

૧૨

ચંપકલાલને મૂતરવા જવું હોય. રંભાબેન કહેશેઃ "હાલો હું મૂતરવાની જગા બતાવું."

વિનોદકાન્ત ચોયણીની નાડી બંધાવવા ફરતા હોય. રંભાબેન સામાં મળે; કહેશેઃ "લાવો, નાડી બાંધી આપું?"

રંભાબેન પોતાના ટેબલમાં પેન્સીલો ને કાગળો રાખે. આકૃતિ પણ રાખે. કોકને પેન્સીલ ન હોય તો કહેશેઃ "લ્યો આ મારી પેન્સીલ. તમે ચિત્ર કાઢો."

કોક વૉટર કલર કરતું હોય તો રંભાબેન પાણી લાવી દેવાને હાજર હોય જ.

આમ રંભાબેનની સેવા જ્યાં ત્યાં ચાલતી જ હોય. સેવાથી ઉપકૃત નાનાં બાળકો રંભાબેનની પાછળ પાછળ ફરતાં જ હોય, ને એકબીજાં હસીહસાવીને બાલમંદિરને બાલ આનંદથી ભરી દેતાં હોય.

માબાપે રંભાબેનને બાલમંદિરમાં મોકલ્યાં હોય ભણવા. ભણવા એટલે ઓકડા શીખવા. બાલમંદિરનાં શિક્ષકો એની સામે ઇંદ્રિયવિકાસનાં સાધનો ધરે; પણ રંભાબેન તો બેમાંથી એકેયને કોરે મૂકી નાની નાની સેવાઓમાં પડ્યાં હોય.

એના બાપા પૂછેઃ "રંભાને કંઈ એકડોબેકડો આવડશે ?"

બાલમંદિરના શિક્ષક કહેશેઃ "આ રંભાબેન અસ્થિર લાગે છે. સાધનો લેતાં નથી."

મને થાયઃ રંભાબેનને એકડા વિના નહિ ચાલે? મૉન્ટીસોરી શિક્ષકને આ નાનાં સેવાકૃત્યોનું મહાત્મ્ય કેમ દેખાતું નથી ?

મૉન્ટીસોરી શિક્ષકોને તો હું સમજાવી શકયો. આ સેવાભગિનીના આત્માને સેવા કરીને વિકસવા દેવામાં જ આપણું ખરૂ કર્તવ્ય છે. એના આત્માને સેવાની ભૂખ છે. - એ એને તૃપ્ત કરવાની પૂર્ણ છૂટ આપો. એની સ્ફૂર્તિને સંગીત કે નાસ્તાના સમય-પત્રકથી પણ રોકો નહિ. અંતરની શાંતિ માટે રંભાબેન નાના બાળકોની જે સેવા કરી રહ્યાં છે તેમાં આપણે જે બધું કેળવવા માગીએ છીએ તે આવી જ જાય છે. હૃદ્દાં ઉપર થતી એકાગ્રતા કોકની નાડી બાંધતાં વખતે જોઇ શકીએ છીએ. આંખો દિ થાકયા વિના કંઇ ને કંઈ ભલાઇનાં કામો કરવામાં ક્રિયાશક્તિનો વિકાસ ઉઘાડો છે. લાગણીનો વિકાસ તો સ્વયં છે જ. આ ભૂખ તૃપ્ત કરવા માટે રંભાબેન એની મેળાએ જ ઇંદ્રિયોનો વિકાસ સાધવા તરફ જશે. બધી વસ્તુ ભૂખ છે. એ જો

આવે. તો ખોરાક તો ગમે ત્યાંથી હાથ થશે જ. આપણાં સાધનો પોષણ રૂપ છે પણ ભૂખ વિના તે નકામાં છે.

મૉ. શિક્ષકની દૃષ્ટિ હું ઉઘાડી શક્યો પણ સેવાકૃત્યોમાં રંભાબેનને એકડો શીખવાની નવરાશ ન જ મળી. હું તેને એકડો શીખવાની ફરજ કેમ પાડી શકું? એનાં માબાપોને એકડો મહત્ત્વનો હતો. રંભાબેનને સેવા મહત્ત્વની હતી. હું સુધી વચ્ચે સોપારી હતો. આખરે એકડાનું મહત્ત્વ જીત્યું. રંભાબેનને એકડો ન આવડ્યો માટે ઉઠાડી લીધાં. હું મનમાં દુઃખી થઈને બોલ્યો. "ભલે રંભાબેનને એકડો આવડશે, પણ એમાં રહેલી પેલી સેવાભગિનીનું શું થશે?

વિદ્યાબેન મોટાં

પાળીતાણાનો ડુંગર ચડતાં હતાં. દડબડ દડબડ છોકરાં ડુંગર ઉપર જતાં હતાં; થાકતાં જતાં હતાં તેઓ ડોળીમાં બેસતાં હતાં. પણ છોકરાંની જાત; બીજાં છોકરાંને કૂદ કૂદ કૂદ ચડતાં જોઈને

ડોળીમાં બેસવું તે કેમ ગમે? વળી પાછા ડોળી-માંથી ઉતરીને પગે ચાલે, પાછાં થાકે ને ડોળીમાં બેસે.

હું પડખે પડખે ચાલ્યો આવતો હતો. ચાલવાની બાબતમાં બાલસ્વભાવ દર્શન કરતો આવતો હતો. કેટલાંક બાળકો બરોબર થાક લાગે તેથી જ અને ત્યારે જ બેસતાં હતાં. કેટલાંક ચાલવામાં શરમાતાં હોય તેમ ડોળીમાં બેસવાનું પસંદ કરતાં હતાં. કેટલાંક મોટા ઘરનાં બાળકો ડોળીમાં બેસવામાં મોટાઈ છે એમ સમજી પગે ચડવું જાણે કે હીણું માનતાં હતાં. કેટલાંક સશક્ત હતાં, ચાલવાનાં શોખીન હતાં છતાં તેમનામાં અનુકરણશીલપણું વધારે પ્રમાણમાં હોવાથી તેઓ વાદે વાદે ડોળીમાં બેસતાં હતાં. ત્યારે કેટલાંએક ડોળીમાં ન બેસવાથી આપણો કંઈક હક્ક ચાલ્યો જશે, અથવા તો બીજા બેસે ને આપણે શેના ન બેસીએ? એવી સ્પર્ધાવૃત્તિમાં જઈને ચાલવાનો આનંદ ગુમાવતાં હતાં.

હું આ બધાં બાળમાનસોને જોઈ રહ્યો હતો. તંદુરસ્ત અતંદુરસ્ત માનસનો તંરાવતં સમજતો હતો. મને દેખાતું હતું કે ડુંગરા ઉપર ચડવું, દોડવું, હાંફીને ઉભા રહેવું, થાક લક્ષને પાછા ઉપડવું એ બધું બાળકોને ગમતું હતું. પરંતુ જાતજાતની

માનસિક વિકૃતિઓને લીધે ઉપર બતાવ્યું તેમ તેઓ ડોળીમાં બેસીને બોટો આનંદ લેવા જતાં હતાં, જે તેમાં ન મળતાં પાછાં પગે ચાલતાં હતાં:

વિદ્યાબેન મોટાં ચાલ્યાં આવતાં હતાં. ડોળીથી તેનું મન લોભાતું ન હતું. બીજાં બાળકો બેઠાં બેઠાં આવે છે તેથી તેના મનમાં વાદ ઉભો નહોતો થયો. બીજાની જેમ અદેખાઈ કરી માત્ર બેસવા ખાતર જ તે ડોળીમાં બેસતાં નહોતાં. તેને મેં કહ્યું: "વિદ્યાબેન ડોળીમાં બેસોને, થાકી જશો."

જવાબ મળ્યોઃ

"થાકે શું? હું તો આખો ડુંગરો ચડીને ઉતરીશ."

વિદ્યાબેનના મોં ઉપર દૃઢતા હતી. પ્રફુલ્લતા હતી. પાતળા એવા પગમાં ખુબ જોર હતું.

પાંચ છ વરસનાં વિદ્યાબેન મારાથી પણ વધારે ઉત્સાહથી ડુંગરો ચડી રહ્યાં હતાં.

મારું ધ્યાન વિદ્યાબેન તરફ વધારે ખેંચાયું. હું મનમાં બોલ્યોઃ આ છોકરી બાલમંદિરમાં આ બીજાં રૂપકડાં બાળકો જેમ થોડું જ ધ્યાન ખેંચે છે, પણ એની ક્રિયાશક્તિ કંઇ અજબ જેવી લાગે છે!

એનાં મન ને શરીરની તંદુરસ્તી કંઇ અસાધારણ લાગે છે. નથી શરીર થાકતું કે નથી મન ડોળીમાં બેસવાનો લોભ કરતું.

બધા લોકોએ વિદ્યાબેનને ડોળીમાં બેસવાનું કહ્યું:

"વિદ્યાબેન, બેસો, થાકી જશો."

વિદ્યાબેન ઠેઠ સુધી પગે ચાલીને ચડી ગયાં. ઉતર્યાં પણ ચાલીને જ. હું તો વિસ્મિત જ થઇ ગયો. કેટલી બધી એની શક્તિ! કેટલું બધું કઠણપણું! ને કેટલું એનું તંદુરસ્ત મન!

અત્યાર સુધી હું એની શક્તિને ઓળખી નહોતો શક્યો એ માટે મને લાગી આવ્યું. મને થયું કે આપણે હજી બાળકને વધારે ઝીણી નજરથી જોવું જોઇએ. તેની શક્તિઓની કદર કરવી જોઇએ. ઘણીવાર આપણે રત્નોને પથરા જેમ ગણી કાઢી આપણી અણઆવડત ને અણઘડતાની કિંમત આંકીએ છીએ.

માનસિક વિકૃતિઓને લીધે ઉપર બતાવ્યું તેમ તેઓ ડોળીમાં બેસીને બોટો આનંદ લેવા જતાં હતાં, જે તેમાં ન મળતાં પાછાં પગે ચાલતાં હતાં:

વિદ્યાબેન મોટાં ચાલ્યાં આવતાં હતાં. ડોળીથી તેનું મન લોભાતું ન હતું. બીજી બાળકો બેઠાં બેઠાં આવે છે તેથી તેના મનમાં વાદ ઉભ્રો નહોતો થયો. બીજાની જેમ અદેખાઈ કરી માત્ર બેસવા બાતર જ તે ડોળીમાં બેસતાં નહોતાં. તેને મેં કહ્યું: 'વિદ્યાબેન ડોળીમાં બેસોને, થાકી જશો.''

જવાબ મળ્યો:

''થાકે શું? હું તો આબો ડુંગરો ચડીને ઉતરીશ.''

વિદ્યાબેનના મોં ઉપર દૃઢતા હતી. પ્રફુલ્લતા હતી. પાતળા એવા પગમાં ખૂબ જોર હતું.

પાંચ છ વરસનાં વિદ્યાબેન મારાથી પણ વધારે ઉત્સાહથી ડુંગરો ચડી રહ્યાં હતાં.

મારું ધ્યાન વિદ્યાબેન તરફ વધારે બેંચાયું. હું મનમાં બોલ્યો: આ છોકરી બાલમંદિરમાં આ બીજાં રૂપકડાં બાળકો જેમ થોડું જ ધ્યાન બેંચે છે, પણ બેની ક્રિયાશક્તિ કંઇ અજબ જેવી લાગે છે!

એનાં મન ને શરીરની તંદુરસ્તી કંઇ અસાધારણ લાગે છે. નથી શરીર થાકતું કે નથી મન ડોળીમાં બેસવાનો લોભ કરતું.

બધા લોકોએ વિદ્યાબેનને ડોળીમાં બેસવાનું કહ્યું:

"વિદ્યાબેન, બેસો, થાકી જશો."

વિદ્યાબેન ઠેઠ સુધી પગે ચાલીને ચડી ગયાં. ઉતર્યાં પણ ચાલીને જ. હું તો વિસ્મિત જ થઇ ગયો. કેટલી બધી એની શક્તિ! કેટલું બધું કઠણ-પણું! ને કેટલું એનું તંદુરસ્ત મન!

અત્યાર સુધી હું એની શક્તિને ઓળખી નહોતો શક્યો એ માટે મને લાગી આવ્યું. મને થયું કે આપણે હજી બાળકને વધારે ઝીણી નજરથી જોવું જોઇએ. તેની શક્તિઓની કદર કરવી જોઇએ. ઘણીવાર આપણે રત્નોને પથરા જેમ ગણી કાઢી આપણી અણઆવડત ને અણઘડતાની કિંમત આંકીએ છીએ.

૧૮

ફોટા પડાવતી વખતે

એકવાર બાલમંદિરનાં બાળકોના ફોટાઓ લેવાનો વિચાર થયો. અમારો વિચાર જે સ્થિતિમાં બાળકો કામ કરતાં હોય તે સ્થિતિમાં જરા પણ કૃત્રિમતા ન આવે તેવી રીતે ફોટાઓ લેવાનો હતો. પરંતુ ફોટોગ્રાફરે તે બાબતમાં અમારી સાથે સંમત થવાની ના પાડી.

તે કહેઃ

"ના, થોડી ગોઠવણ તો કરવી જ જોઇશે."

અનિચ્છાએ ગોઠવવાનું સ્વીકાર્યું. અમને થયું કે આમ કૃત્રિમ ગોઠવણથી ફોટો પડશે એમાં હકીકતનું હમેશનું સત્ય આવશે પણ તેમાં તે ક્ષણનું સત્ય નહિ આવે; પણ 'હશે,' એમ કરીને ચલાવ્યું.

બાળકોએ જુદી જ વસ્તુનું દર્શન કરાવ્યું.

એ ચારને કહ્યું: "તમે ચિત્ર કાઢતાં બેસો, તમારો ફોટો લેવો છે:" ફોટો લેવરાવવા માટે તેઓ બેસવાની ગોઠવણ કરવા લાગ્યાં. પણ ત્યાં તો તરત જ જાણે કે ફોટાની વાત ભૂલી ગયાં હોય એમ હમેશના નિયમ પ્રમાણે બરાબર હમેશની શાંતિથી ને વ્યવસ્થાથી ગોઠવણ કરવા લાગ્યાં. ફોટાની તેમને

જરાય ઉતાવળ ન હતી: પછી તેઓ ચિત્ર કરવા બેઠાં. ચિત્રો પણ હમેશની જેમ ચાલવા માંડ્યા. ફોટોગ્રાફરે કહ્યું "એક, બે, ને ત્રણ કહીએ ત્યારે સામે જોજો."

પણ પૂરું સાંભળે કોણ? બાળકો તો ચિત્રની ધૂનમાં પડ્યાં હતાં.

"એક, બે, ને ત્રણ". કોકે સામું જોયું ને કોક તો ચિત્રમાં તલ્લીન રહ્યું. એકાદ કહે હમણાં જરા ઉભા રહો, આટલું પૂરું કરી લઉં."

આખરે ફોટો તો પડ્યો. પછી બીજો દેખાવ લેવા માટે તેમને ચિત્રકામ મૂકી દેવાનું કહ્યું: પણ બાળકો એ કામ શેનું મૂકે? આપણે એમને માત્ર ફોટો માટે ગોઠવ્યાં હતાં, પણ તેઓ તો સાચેસાચ કામે મંડી પડ્યા હતાં. એમને મન તો કામ કરવું એટલે સાચેસાચું કામ કરવું એમ હતું. ઢોંગ તો આપણી પાસે હતો: તેઓ તો કામ કરતાં બેઠાં. અમને થયું કે આનું નામ સ્વાભાવિક પ્રવૃત્તિ. આનું નામ કોઈ વસ્તુ ઉપરનો ખરો રસ. સ્વાભાવિક ને સ્વયંરસિક પ્રવૃત્તિમાં કેવી નિર્વ્યાજતા ને અકૃત્રિમપણું હોય છે તેનો અહીં ખ્યાલ આવ્યો.

૨૦

તપ્તેશ્વરની ટેકરી ઉપર

નાનાં બાળકોને તપ્તેશ્વર ફરવા લઇ ગયો.

તપ્તેશ્વર એક ટેકરી ઉપર આવેલું મંદિર છે. આરસનું છે.

છોકરાં મંદિરમાં રમવા માંડ્યાં. હું એમનું અવલોકન કરતો બેઠો:

ચમનઃ "ગિજુભાઇ, આ પથરા ઉપર હાથ તો ફેરવોઃ અહા, કંઇ સુંવાળા છે! સુંવાળા સુંવાળા કાચ છેવા!"

વિદ્યા દોડતી આવીને કહેઃ "ચાલો, ચાલો, ગિજુભાઇ; પણે ત્રિકોણને ગોળ કોતર્યા છે!"

હું ગયો. આંગળી ફેરવીને મને ત્રિકોણ, ગોળ, ચોરસ બધી આકૃતિઓ આરસમાં કોતરી હતી તે વિદ્યાએને મને બતાવી.

ચંદુઃ "ગિજુભાઇ, અહીંઆં કંઇ પવન આવે છેઃ મારી ચામડીને બહુ ગમે છે. હળવો હળવો લાગે છે.

ત્યાં તો રાધા ને રમા વાતો કરતાં આવ્યાં; ને આંગળી બતાવીને મને કહે "ગિજુભાઈ ઓલ્યો

દરિયો ભુરો શેણે લાગે છે એની ખબર છે? આકાશ ભુરું છે ને તેથી ભુરો દેખાય છે?"

હું વિચાર કરતો બેઠો. થોડા જ વખતમાં બાળકોનો ઇંદ્રિયવિકાસ સરસ થઇ ગયો છે એ જોઇ ખુશી થયો.

ચંપાબેન આવીને કહેઃ "ગિજુભાઇ, પણે થાંભલા આગળ અમે કાન માંડીને ઉભાં રહ્યાં તો અમને પવનનું ગાયન સંભળાતું હોય એમ લાગ્યું.

મને થયુંઃ આ છોકરીઓ તો વળી ભારે કરી!

લીલુ ને કુસુમ જાતજાતની કાંકરીઓ વીણીને લાવ્યાં.

"જુઓ ગિજુભાઇ, આ લીલા રંગની, આ પીળા ને આ જાંબલી તો એક જ છેઃ કેવી સરસ છે!

મને થયું કે આ છોકરાં બાલમંદિરમાં દડા ને રંગની તખ્તી ને ભૂમિતિની પેટીથી રમીરમીને ભારે બની ગયાં લાગે છે! મૉં. પદ્ધતિમાં જેને ઇંદ્રિયોનો વ્યાપક વિકાસ કહે છે તે આનું જ નામ. જ્યાં રંગની તખ્તીઓ બાળકોએ વાપરી ત્યાં તો રંગીન પીંછા, રંગીન કાંકરીઓ, રંગીન આકાશ વગેરે કેટલુંય જોવાની આંખ ઉઘડી ગઇ! આમ જ

ઇન્દ્રિયવિકાસનાં સાધનો વાપરવાથી બાળકો આગળ દુનિયાની બધી ચીજો પોતપોતાનાં રૂપ રંગ બતાવવા લાગે છે.

આ પ્રત્યક્ષ અનુભવને હું કેમ ભૂલી જઉં..

પતુભા

પતુભા ત્રણ વરસના અને લલિતા પાંચ વરસની.

કોણ જાણે શું કામ લલિતા રડવા લાગી. પતુભાની નજર લલિતા ઉપર પડી. પતુભા દડાની રમત પડતી મૂકી, ઉભા થઇને લલિતા પાસે ગયા.

"લલિતાબેન, તું કેમ રૂવો છો?

લલિતાબેન ન બોલ્યાં.

પતુભાનું મન દુઃખાણું.

લલિતાબેન ને પતુભા બાલમંદિરમાં સાથે રમતાં.

પતુભા ક્યાંક જઇ આવ્યા. એક ફૂલ લઇ આવ્યા!..

'લલિતાબેન, લ્યો આ ફૂલ બહુ સારૂં છે હોં?"

લિતાબેન રડતાં રહ્યાં નહિ.

હું એકેાં એકેા જોતેા હતેા. મને થયું: જોઉં જોઈએ લલિતાબેનને પતુભા કેવી રીતે છાના રાખે છે!

પતુભા એક ગુતાન લઈ આવ્યા.

"જુઓ લલિતાબેન, આ ગુતાન કેવું સારૂં છે!"

લલિતાબેન રડતાં રહે નહિ.

પતુભા હવે શું કરશે?

ઝીણી મગ્નની રંગેલી કાંકરી પતુભાએ ગેાતી. ગળગળા થઈને કહેઃ

"લલિતાબેન લ્યેા હવે રેાવેા મા. લ્યેા; આ કાંકરી લ્યેા, બહુ સારી છે."

લલિતાબેનનું મન રીઝયું. રડતાં રડતાં જરાક હસ્યાં. પતુભા પણ હસ્યા. હું મનમાં મનમાં હસ્યેા.

વાતેા કરતાં કરતાં બંને જણાં ગયાં.

મેં કીધું: "આ છેાકરાં તેા જુઓ, કેવી એનામાં માયા છે! સાથે રહીને કેવાં હેતાળ થયાં છે!"

બાલમંદિરમાં સાથે રમવાનું ન હેાત તેા?

દફ્તામાં જ ભણતર બધું આવી જાય છે એમ મનાતું હેાત તેા?

પતુભાને મેં કીધું હેાત કેઃ "તમે શું કામ રખડેા છેા? તમે તમારૂં કામ કરેા, તેા?

લલિતાબેનને ધમકાવ્યાં હોત કેઃ "અહીં રોવા નથી આવ્યાં. રોવું હોય તો ઘેર જાવ, તો ?"

તો લલિતાબેન માટે પતુભા આટલું આટલું કરી શકત ? એને રડતાં જોઈને દુભાઈ શકત ? એને હસાવવાની મરજી થાત ? એને હસાવીને રાજી થાત ?

બાળકોનો પહેલો પ્રવેશ

લેખક:
તારાબેન

પ્રકાશક:
નાનાભાઇ, ગિજુભાઇ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રક: સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

મૂલ્ય ૨૫૦૦
૬૬૬
સં. ૧૯૮૩

બાળકોનો પહેરવેશ

સામાન્યતઃ આપણે બાળકોનાં જીવન વિશે થોડો જ વિચાર કરીએ છીએ. એમાંય તે કદાચ આપણે તેમનાં શરીર સાજાં સારાં કેમ રહે તે બાબતમાં થોડો ઘણો વિચાર કરતાં હોઇશું પરન્તુ તેમનો પહેરવેશ કે તેવી બાબતોને તો ક્ષુલ્લક ગણીને વિચારની બહાર જ રાખીએ છીએ: પરન્તુ જો આપણે બાળકો શરીરે અને મને સુદ્રઢ થાય તેમ ઇચ્છીએ તો જરૂર આપણે તેમનાં જીવનને લગતી નાની મોટી બધી બાબતોને પૂરી ઝીણવટથી તપાસવી જ જોઇએ; અને જ્યારે શાન્તિ અને ગંભીરતાથી એ બધું તપાસવા જ બેસીશું ત્યારે સ્પષ્ટ દેખાશે કે જેને આપણે નાની બાબતો ગણી કાન તળે કાઢી નાખી હતી તેમાં પણ ઘણું ગંભીર



તત્વો રહેલાં છે. જે તત્વો ઉપર બાળકોનાં માનસિક અને શારીરિક સ્વાસ્થ્યનો ઘણો આધાર છે.

બાળકોનો પહેરવેશ એક આવો જ વિષય છે. કદાચ આપ સૌને લાગશે કે ગીતા ઉપનિષદ જેવા તત્વજ્ઞાન ઉપર ઉહાપોહ કરવા બેસનાર અમારે આવી મામુલી વાતો ઉપર સાંભળવું? એમ પણ ધારવામાં આવે કે આવી વાતો સ્ત્રીઓ પાસે થાય તો ઠીક ગણાયઃ આપનાં મનમાં આવા વિચારો આવે તે પહેલાં જ હું જણાવી દઉં કે આપણે સૌએ —સ્ત્રીઓએ કે પુરૂષોએ—આ વિષયને તત્વજ્ઞાનની ઝીણવટથી અને સૂક્ષ્મતોલનથી વિચાર કરવાની મને જરૂર જણાય છે માટે જ હું આ વિષય આપની પાસે લાવી છું. બાળકો પોતે મામુલી કે ક્ષુલ્લક નથી એ વિચાર આપણી સામે રાખીએ તો વિષયનું મહત્વ સમજાશે.

પ્રથમતઃ આપણે બાળકોના પહેરવેશનો વિચાર શરીરસ્વાસ્થ્યની દૃષ્ટિએ કરીએઃ આમાં બે ચાર વાતોનો સમાવેશ થાય છે. બાળકનાં શરીર આરોગ્યની દૃષ્ટિએ તો આપણે ડાકટર લોકોને પૂછવું જોઇએ અને પહેરવેશમાં જોઇતો ફેરફાર તુરત જ કરી નાખવો જોઇએઃ દેખીતી રીતે આ વાત સહેલી અને સાદી લાગે છે છતાં અનેક કારણોને લીધે

૫

તેમની સૂચનાઓ અમલમાં મૂકાતી નથી એ દેખીતું છે: આના કારણોમાં એક આપણી બેદરકારી અને બીજું રૂઢી સામે જવામાં આપણી નિર્બળતા કે ના હિમ્મત.

દરજી ગમે તેવાં કપડાં શીવે તેની કાળજી વિના આપણે તે ચલવી લઇએ છીએ. એમાં આપણી બેદરકારી છે. બાળકોનાં કપડાં દરજી તંગ શીવે છે કે વધારે પડતાં લાંબા ઢુંકા શીવે છે તે તરફ ઓછું ધ્યાન આપીએ છીએ. બીજી બેદરકારી ઉપેક્ષાની છે. કોને આવ્યું હોય તે પણ વ્યવહારમાં ન મૂકવાના અનાદરની છે. બહુ તંગ કપડાં ન હોવાં જોઇએ, કપડાં એવાં ન હોવાં જોઇએ કે તેના ભાર તળે જીવ ગભરાય કે ગુંગળાય, તે એવાં પણ ન હોવાં જોઇએ કે ઝટ ધોઇને સાફ ન થઇ શકે કે ભીનાં થયે સૂકાતાં કેટલીયે વાર લાંગે, કપડાં "ઋતુ અનુકૂળ હોવાં જોઇએ." વગેરે વાતો સાદી છે, હંમેશના અનુભવની છે, ઝટ અમલમાં મૂકાય તેવી છે છતાં એમાં કશો ફેરફાર નથી થતોઃ કારણ? આપણો આવા મામુલી દેખતા વિષય તરફનો અનાદર.

બીજું કારણ સામાજિક છે. આપણે એમ માનીએ છીએ કે અમુક પ્રસંગે બાળકે આવાંજ

કપડાં પહેરવાં જોઇએ. અમુક સ્થળે—શાળા વગેરે—માં તો આવાં જ કપડાં પહેરવામાં શોભા અને સભ્યતા : દાક્તરી દૃષ્ટિએ કપડાં નુકશાનકારક હોય તો પણ સમાજમાં સરખાં દેખાવા માટે આપણે બાળકો ઉપર કપડાં લાદીએ છીએ.

પરન્તુ મારી અંતરની ખાત્રી છે કે જે દિવસે આપણાં જીવનમાં બાળક પહેલામાં પહેલું સ્થાન લેશે, તેનું હિતાહિત એ આપણો પહેલો અને સૌથી મહત્વનો—વધારે મહત્વનો—વિષય બનશે ત્યારે આપણી ઉક્ત બેદરકારી કે અનાદર તેમજ આપણી સામાજિક માન માન્યતાનો વિચાર એની મેળે જ ટળી જશે, ઢળી જશે, તે વખતે માત્ર પહેરવેશમાં જ નહિ પણ બાળજીવનને સ્પર્શતી બધી બાબતોમાં આપણે કેટલાયે ફેરફાર કરીશું :

એક ડાક્ટરની દૃષ્ટિએ નહિ પણ છતાં અનુભવીની દૃષ્ટિએ શરીરસ્વાસ્થ્યની રીતે બાળકનાં કપડાં કેવાં હોવાં જોઇએ તે હું કહીશ.

બાળકનાં કપડાં બહુ તંગ ન જોઇએ. શરીરમાં ચાલતી રૂધીરાભિસરણની ક્રિયાને તંગ કપડાંથી તેમજ ટાંઇટ નાડીઓના બાંધવાથી હરકત પહોંચે છે ઝભલાં કે પહેરણ જેવાં કપડાં હોય તો રૂધિરાભિસરણ છૂટથી થાય તેમજ ચામડીને પણ હવા સ્પર્શી શકે, અને

પેટ કે છાતીના અવયવો ઉપર ખાસ ભાર આવે નહિ. તેમ થતાં તેમનાં વર્ધનમાં પણ હરકત પહોંચે નહિ. છોકરીઓનાં પોલકાં કે ફરાકો સામાન્યતઃ ટાઇટ હોય છે. છોકરાંઓના કોટો ટાઇટ થતા જાય છે. કારણ કે છોકરાઓ શરીરે વધતા જાય છે તેમ તેમના કપડાં જાડાન કપડાંનાં બનાવેલા કોટ મોટા અને પહોળાં થતાં જતાં નથીઃ આવાં હરેક જાતનાં ટાઇટ થતાં કપડાંને શિષ્ટતાને, ફેશનને કે લોભને કારે મૂકી દૂર કરીએ ને તેને બદલે ખુલતાં, શરીરમાં રમતાં કપડાંને દાખલ કરીએઃ છોકરા છોકરીઓ બન્નેને માટે સામાન્યતઃ ખુલતી ઘાઘરો કે ખુલતી ચડ્ડીઓ અને ઉપર પહેરણ કે ઝભલું સુન્દર પોષાક છેઃ ખુલતું શબ્દ એટલા માટે મૂકું છું કે ચોરણીઓ ચડ્ડીઓ વગેરે ટાઇટ હોવાથી નુકશાન સાથે બાળકને તે બેચેન રાખે છેઃ શરીર સાથે ઘસાઇને ઘણીવાર તેને લાલ કરે છે, હરવા ફરવાની મજા આવતી નથી.

હીલચાલની દૃષ્ટ અને સગવડની દૃષ્ટિએ આપણી છોકરીઓનો ઘાઘરી પોલકાનો પોષાક બહુ સારો જણાતો નથી. છોકરીઓ દોડે કરે તો ઘાઘરી પગમાં હડફેટે આવે છે. નાચે, કૂદે, કે ઝાડે ચડવા કરવાનું કરવા માગે તો પણ ઘાઘરી છૂટા હલન ચલનની આડે

આવે છે. પોલકું એ કાંધકે અંશે તંગ કપડાંમાં જાય છે. એની જગ્યાએ આજકાલ પાશ્ચાત્ય સંસ્કૃતિમાંથી ફ્રૉક આવ્યાં છે. પણ આજે ફ્રૉકની જે તરેહ આપણે લીધી છે તે છાતીએ તંગ બેસે અથવા કેડે કે પેટે તંગ બેસે એ જાતની છે. આમાં વળી આપણી નીચે સુધી ઘાઘરી પહેરવાની ટેવને લીધે ફ્રૉક પગ સુધી શીવડાવીએ છીએ. એટલે બધી રીતે તે પોષાક અગવડતા વાળો બની જાય છે.

એના કરતાં મુસલમાનની ઇજાર અને ઉત્તર હિંદુસ્તાની કુલતાનો પોષાક વધારે ઠીક દેખાય છે. છોકરીઓ પણ ઝભલું અને ચડ્ડીઓ જ પહેરે તો મને કાંઇ હરકત નથી.

વળી કપડાંમાં વપરાતી નાડીઓની જરૂર પડે તેટલી કાઢી નાખીએ તો સારું. બાળકોની કેડનો ભાગ કાંધકે નાનો હોય છે, ને પેટ પ્રમાણમાં મોટું હોય છે તેથી પેટ ઉપર ચડ્ડી કે ઘાઘરી રહેતી નથી. કાંતો બાળકને તે ખૂબ તાણીને બાંધવી પડે છે. તેથી તેને તેમજ કરવાની ટેવ પડે છે. પેટ ઉપર આંકો પણ પડે છે. અથવા તો બાળકોને વારંવાર તે નીચે ન જાય માટે તેને ઉપર સરકાવવી પડે છે. તેમને તે સાચવવાની ઉપાધી પડે છે, અને કામમાં આડે આવે છે. ફેરફાર તરીકે ચડ્ડીઓ

ઉપરના પહેરણના ખુતાન સાથે જોડેલી રાખીએ તે પસંદ કરવા જેવું છે. આથી થતું નુકશાન અને અગવડ ટળી જશે. ધાધરીઓને માટે પણ ઉપર નાની પેટી હોય તો એજ સગવડ સચવાય.

એક ઉપર એક એમ ઘણાં કપડાં પહેરવાથી બાળકનું શરીર કપડાંના ભાર નીચે દબાઇ જાય છે અને ઘણીવાર બાળકો તેથી મુંઝાય છે. ઠંડીના દિવસોમાં તેમજ ખાસ સારા પ્રસંગે વધારે કપડાં પહેરાવવામાં આવે છે તે વિચારવા જેવું છે. બાળકને ઠંડીથી બચાવવા માટે બે ચાર કપડાં ઉપરા ઉપર પહેરાવવા કરતાં બાળકને એકાદ હળવું ગરમ કપડું પહેરાવીએ તો કામ સરે એમ છે. અંદર એક ઝીણું પહેરણ અને ઉપર એક ગરમ ઢીલો ઓવરકોટ પહેરાવીએ તો પણ ટાઢથી સારી રીતે રક્ષણ થાય અને શરીર આરોગ્યના નિયમો સચવાય; અલબત્ત શરીરને ચોંટી રહે તેવા ટાઇટ ગંજીફરાકોને ત્યાજ્ય ગણવા જોઇએ. એ વાત ધ્યાનમાં રાખવાની છે કે બાળકોને આપણા જેટલી ટાઢ વાતી નથી. તેમની હીલચાલ ઘણી હોવાથી તેઓ અંદરથી જ ઉષ્ણતા ઉત્પન્ન કરીને ઠંડીનું નીવારણ લે છે. બીજું ઠંડી છે એ ભાવનાથી આપણને ઠંડી લાગે છે તેમ બાળકોમાં હોતું નથી. આથી આપણી ઠંડીના

ધોરણે તેમનું નક્કી કરવાને બદલે તેમને જ પૂછીને તેઓ માગે ત્યારે ને જોઇએ તેટલીજ ગરમી તેમને આપીએ તે સારૂં છે. બરી રીતે તંદુરસ્ત બાળકમાં દોડી કૂદીને ઠંડીનું સ્વાભાવિકપણે નિવારણ થાય છે. જ્યારે આપણે તેને ઓઢીને બેસવું કે સગડી પાસે બેસવું એવા નિઃસત્વ ઉપાયો બતાવીએ છીએ, તેમને ઘણા કપડાં પહેરાવીએ છીએ ને તેમના છૂટા હલન-ચલનમાં એક મોટી બધી અડચણ ઉભી કરીએ છીએ

બાળકો માંદા હોય ત્યારે પણ બાળકોને કપડાં નીચે દબાઇ મરવાનો વખત હોય છે. ઘણા બરા રોગોમાં બાસ કપડાંના રક્ષણની જરૂર હોતી જ નથી; ઉલટું શરીર અને ચામડીને પોતાનાં કામો કરવા માટે છૂટની જરૂર હોય છે. એને બદલે બાળક માંદુ પડ્યું કે પહેરાવ ઘણાં બંધાં કપડાં અને ઓઢાડ ગોદડાં એ આપણી સામાન્ય સ્થિતિ છે. આ બાબતમાં આપણે ડૉક્ટરી મતને અનુસરીને જ ચાલીએ. છાતીને યોગ્ય રક્ષણની જરૂર હોય તે તો આપવું જ પડે. એમ ન થાય ત્યાં કપડાં ન પહેરાવવાની બાબતમાં બીજે છેડે જઇને તાવ ઉધરસ કે મરડા કે ઝાડા જેવા રોગોમાં પણ ટાઢ કે પવનથી રક્ષણ કર્યા વગર બાળકોને મરજીમાં આવે તેમ ફરવા

દઇને છોકરાંઓને બોધ બેહોના દાખલાઓ પણ આપણે ત્યાં ઓછા નથી.

વળી આપણે આપણા બાળકોને વધારે કપડાં પહેરાવીએ છીએ તેમાં કહેવાતા સુધરેલા અથવા ગોરાલોકોનું અનુકરણ છે. ગોરા લોકો ઠંડા મુલકના છે તેથી તેમને કંઇક વધારે કપડાં પહેરવાની ટેવ હોય છે. ઋતુ અને હવા જોઇને કપડાંમાં ફેરફાર કરવાનું તેમને હમણાં હમણામાં સુઝવા લાગ્યું છે. એ લોકો આપણા ગરમ મુલકમાં પણ તેમનાં બાળકોને ગરમ મોજાં ને બુટ ને માથે ગરમ ટોપી ને શરીરે નીચે એક ચેટી તેના ઉપર ગંજીફરોક, તેના ઉપર બહારનું ફ્રૉક કે કોટ વગેરે પહેરાવી તેમને બેચેન બનાવે છે તે જોઇ આપણને હસવું આવવું જોઇતું હતું તેને બદલે આપણે જ તેનું અનુકરણ કરી બેઠાં છીએ ને એમાં જ આપણે મોટાઈ માનીએ એ આપણી વિચિત્રતા છે.

આવી રીતે આજે આપણે ત્યાં જેઓ up to date અદ્યતન રહેવાવાળાઓ છે તેમનાં બાળકોનાં શરીરો ઉપર આવો નકામો ભાર વધ્યો છે. વિલાયત જઇ આવેલા માણસો વિલાયત ગયા ને ઘણું ભણ્યા એટલા જ માટે બારે બાર કલાક ગરમ મોજાં અને બુટમાં પોતાનાં પગ બાંધી રાખે છે.

જ્યાં ગરમ હવામાં પોતે જ ગરમ કપડાનો કોટ. અને પાટલુન પહેરે છે ત્યાં તેમનાં બાળકો કપડાં નીચે દબાઇ મરે એમાં શી નવાઇ ! પરન્તુ આવા અંધ અનુકરણને તો આપણે નવ ગજના નમસ્કાર જ કરીએ.

વળી ઘણીવાર જ્યારે આપણે હોંશથી આપણાં બાળકો માટે ભારે કિંમતી કપડાં કરાવીએ છીએ ત્યારે આપણે તેના ઉપર ઉપકારને બદલે અપકાર કરી બેસીએ છીએ. જૂની રીતે ઉંચી જાતના કપડાં એટલે જાડી મખમલ કે સાટીનનું કપડું અને તેના ઉપર જરીનું ભરતકામ હોય એવાં લુગડાં શીવડાવીએ છીએ આજે પણ જૂની કે નવી રીતે બાળકોને કપડાં શીવડાવવામાં આવે છે ત્યાં આ ઉંચા કપડાંનો મોહ આપણામાં છે જ. સારાં કપડાં શીવડાવવાની હોંશ કદાચ સ્વાભાવિક માનીએ તો પણ એ બાબતમાં બે વાતો ધ્યાનમાં રાખવી જોઇએ. એક તો જે કપડું ધોઇને સાફ ન થઇ શકે તેવું કે ભરત-કામવાળું કપડું બાળક માટે તો કદી પણ વપરાય જ નહિ. બીજું સારાં કપડાં સાચવવા ખાતર બાળકની હરવા ફરવાની કે રમવાની છૂટ આપણે ન જ લઇ લઇએ. ન ધોવાય એવું કપડું વાપરીએ છીએ ત્યારે બાળકનો પરસેવો, થુંક, લાળ ને વખતે મળ

મૂત્રથી બગડેલાં કપડાં આપણે તેને ફરી ફરીથી પહેરાવીએ છીએ એ ખૂબ હાનીકારક છે. રમવાની છૂટ લઇ લઇએ તો પણ બાળક થોડાંઘણાં કપડાં તો બગાડવાનું જ. તેને માટે ઠપકો આવાનું અને રમત અને શરીરની છૂટી હિલચાલ જતી કરવાનો અસંતોષ તો છે જ; ઉપરાંત મેલાં કપડાંને ઉંચા અને કિમતી હોવાથી પહેરવાનું તો આવે જ. આમ ત્રણ રીતે આપણી તેમને સારાં કપડાં પહેરવાની હોંશ અથવા સામાજિક ફરજ તેમને હેરાન કરે છે.

કપડાંની બાબતમાં ચોથી વાત એ છે કે તેમનાં કપડાં તેમની સ્વાધીનતાની આડે ન આવે. બાળક પોતાની મેળે પોતાના કપડાં પહેરે અને કાઢે એ રસ્તે આપણે તેને વહેલામાં વહેલી તકે મૂકવું જોઇએ. બુતાન કેમ બીડાય, નાડી કેમ બંધાય, વગેરે વાતો જો આપણે આસ્તેથી તેની અંદરની ક્રિયા સ્પષ્ટ કરીને બતાવીએ, ને પછી તેના ઉપર મંડી પડીને તે સાધ્ય કરવા બાળકને છૂટું મૂકીએ તો બાળકને અઢી ત્રણ વર્ષની નાની ઉંમરે પણ એવા કામોમાં ખૂબ રસ આવશે. પરંતુ આપણે બાળકની કામ કરવાની ધીમી ગતીથી કંટાળવું ન જોઇએ 'આમ નહીં આમ,' 'આમ નહીં પણ આમ,' એમ વારંવાર બતાવીને અગર તો ટોકીને આપણે તેનામાં કંટાળો ઉત્પન્ન ન કરવો.

જોઇએ. તેમ જ 'પહેર તારી મેળે,' 'હું નથી પહેરાવતી' એમ કહી તેને છેક અસહાય પણ ન મૂકવું. આ બધી બાબતો સાધ્ય કરવા બાળકને ઘણો પ્રયત્ન અને મહેનત કરવી પડે છે. મારો અઢી વર્ષનો એક ભાણેજ ચડ્ડી પહેરતી વખતે દરેક વેળાએ કહે "भीं भा" ચડ્ડી આપીએ ત્યારે ૧૫-૨૦ મીનીટની સંખત મહેનત પછી ચડ્ડીના એક પગમાં પોતાના બે પગ નાખીને આપણને બોલાવે. જો આપણે તેની મદદે જઇને તેના પગને બંધ મુક્ત કરીએ ને ચડી બરાબર પહેરાવવા લાગીએ તો તરત એ કહે 'भीं, भीं' વળી જાત મહેનત શરૂ કરે એમ બે બાંયમાં બે પગ નાખવાની સાદી ક્રિયામાં તેણે કેટલાયે કલાકો ગુમાવ્યા. કેટલીએ ક્રિયાશક્તિ એકધ્યાન રાખીને વાપરી ત્યારે બેચાર મહિના પછી તેને તે સાધ્ય થઈ. આવે વખતે જો આપણે ઉતાવળા થઇને એને ચડ્ડી પહેરાવી દઇએ કાં તો એ માગે ત્યારે એની મદદે ન જઇએ તો એ વસ્તુ સાધ્ય કરવાનો પ્રયત્ન નિષ્ફળ જાય.

આ બાબતમાં આપણે બે રીતે ભૂલ કરીએ છીએ. કાંતો 'તને તારી મેળે નહી આવડે' 'ઝટ કરવા દે' 'તારી પાછળ રમત કરવા મને વખત નથી' બીજી રીતે બીજે છેડે જઇ 'પહેર તારી મેળે'

'એટલું નથી આવડતું' 'બુતાન બીડતાંયે નથી આવડતાં?' 'તારે એટલું તો શીખી લેવું જોઇએ.' વગેરે કહીને આવાં કામો પ્રત્યે તેમને કંટાળો ઉપજાવીએ છીએ. આને બદલે ઉપર કહ્યું તેમ એકવાર રસ્તો બતાવી બાળકને તે સાધ્ય કરવા છૂટું મૂકીએ ને માગે તેટલી જ સહાય આપીએ.

વળી બાળકો પોતાની મેળે કપડાં પહેરી કાઢી શકે માટે બુતાન નાડી વગેરે આગળ જ આવે આપણાં જુના કપડાંમાં આગળ જ નાડી ને બુતાન દેખાશે. હાલના ફ્રોક, ઝભલાં, વગેરેમાં બુતાન નાડી પાછળ દેખાશે, આમાં સુધારો કરવો ઘટે છે. ઘણીવાર બાળક બુતાન વારંવાર કાઢી નાખે છે ને નાડી છોડી નાખે છે. એટલા માટે જ બુતાન પાછળ રાખવામાં આવે છે. પણ એમ કરીને તો પોતાની મેળે બટન કાઢતાં બીડતાં અને નાડી બાંધતા છોડતાં બાળકને અડચણ કરીએ છીએ. બુતાન બીડવાની ક્રિયા શીખવા ખાતર જ બાળક આમ કરે છે. આપણે આ કામમાં તેને મદદ કરીએ. જેમકે તે બુતાન કાઢીને કપડું ઉતારી નાખતું હોય તો આપણે તેને ફરીથી પહેરાવીએ જેથી તે ફરીથી કાઢી શકે. પરંતુ કપડાં ન જ જોઇતાં હોય ને એટલા માટે તે કાઢી નાખીને ભાગતું ભાગતું હોય તો તેને પહેરાવી

પહેરાવી હેરાન ન કરીએ અથવા માંદુ હોય ને કપડું પહેરાવી રાખવાની જરૂર હોય તો આવે વખતે પાછળ મુતાન કરી બાળક-કપડું-કાઢી નાખી ન શકે તેમ કરીએ. પરંતુ જ્યારે બાળક મુતાન કાઢવાની બાતર જ કાઢે છે ત્યારે તો તેને તેમ કરવા જ દઇએ.

પાંચમી વાત એ છે કે જો આપણે હાલના સુધારામાં એવું શીખ્યા હોઇએ કે બાળકને જરાવારે કપડાં વિના રખાય જ નહિ તો તે વાત ભૂલી જવી જોઇએ. ઘણાં બાળકો ઘણે ભાગે કપડાં ભાગતાં નથી. કપડાં કાઢી નાખી તેમને રમવું દોડવું ગમે છે. તેનાં બે કારણો છે. એક તો એ કે કપડાં તેના શરીરને બંધનરૂપ લાગે છે. છૂટથી દોડવા કુદવામાં તેને તે આડે આવે છે. બીજું કારણ એ છે કે જ્યારે તેઓ હવા, પવન તડકો વગેરે કુદરતી બળોની મઝા તેમના શરીર ઉપર લેવા ચાહે છે ત્યારે તેઓ તેને ભાગતાં નથી. સખ્ત ઠંડી હોય ત્યારે તેઓ તેની મેળે હુંફ શોધે છે. જ્યારે બીજી ઋતુમાં તેઓ નિર્વસ્ત્ર રહેવું પસંદ કરે છે. શારીરિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ બાળક ઇચ્છાપૂર્વક નિર્વસ્ત્ર રહે એ ઇચ્છવા જેવું છે. પવન અને તડકો ચામડીને સીધો લાગે એમાં ચામડી મજબૂત અને નિરોગી બને છે.

સ્વચ્છતાની દૃષ્ટિએ પણ બાળકો નિર્વસ્ત્ર રહે ત્યાં અનુકૂળતા છે. બાળક શેડા અને ધૂળ વગેરેથી કપડાં વારંવાર મેલાં કરી કાઢી નાખે છે તેને વારંવાર ધોવાં મુશ્કેલ છે. તેમ જ તેવાંને તેવાં પહેરાવવાં તે સારૂં નથી. તેને બદલે ગંદા થાય ત્યારે શરીરે ધોઈ નાખવા એ સહેલું છે આમ આપણે ઘણે ભાગે કરીએ પણ છીએ.

બીજે છેડે જઇને એમ પણ ન કરવું જોઇએ કે આપણે બાળકોને હંમેશ નાગા જ રાખીએ. આ બાબતમાં બાળકોની ઇચ્છાઓને જોતાં રહીશું તો વચ્ચેનો માર્ગ દેખાશે. આપણી સામે સામાજિક બંધન અથવા આચાર કરતાં બાળકના શરીરસ્વાસ્થ્યનો પ્રશ્ન હોય. કપડાં પહેરાવવા માટે જુલમ ન થાય. કપડાં રક્ષણ માટે છે એ વાત આજે આપણે ભૂલી ગયા છીએ. આજે કપડાં આપણા ઉપર સામાજિક ફરજ રૂપે આવી પડ્યાં છે. પાશ્ચાત્ય સુધારાનો પવન મુંબઇ કલકત્તા જેવાં મોટાં શહેરોમાં વધારે ફેલાયો છે. પરિણામે આપણે ખૂલ્લી હવામાં છૂટથી વસ્ત્ર વગર ફરીને રમવાનું પસંદ કરતાં બાળકોને કપડાં પહેરાવી નાજુક બનાવી દીધાં છે અને આપણે માની બેઠાં છીએ કે પહેરવેશની બાબતમાં આપણે સુધર્યા છીએ.

છેવટે આ બાબતમાં બાળકોની શારીરિક સુદૃઢતાને જ આધ્યસ્થાન આપી શરીરશાસ્ત્ર પસંદ કરે તે માર્ગે જવું જોઇએ. તેને લીધે ભલે આપણે આજની સુધારા કુધારાના કાચા પાકા વિચારોની દુનિયામાં જંગલી કે અસભ્ય દેખાઇએ. બાળકોને વધારે પડતાં નાજુક કરવાં, તેમને કુદરતી બળોથી દૂર રાખવાં, શરીરનું સ્વાભાવિક વર્ધન રોકવું, અને છૂટી હિલચાલમાં મુશ્કેલી ઉભી કરવી ને એમ કરીને તેમનાં શરીરો બગાડવાં એના કરતાં વધારે જંગલીપણું, કે અસભ્યતા, કે બેજવાબદાર વર્તન બીજું શું હોઈ શકે. બાળકોને નગ્ન રાખીને સુશિક્ષિત સમાજમાં આપણે જંગલી દેખાઇને પણ આપણે આપણાં બાળકોને સુદૃઢ કરવાનો સંતોષ અને યશ લઇએ.

હવે આપણે બાળકના માનસિક સ્વાસ્થ્ય અને સુદૃઢ વિકાસની દૃષ્ટિએ પહેરવેશ વિષે વિચાર કરીએ.

ઉપર વર્ણવ્યું તે પ્રમાણે જો પહેરવેશની બાબતમાં બાળકને પૂરેપૂરું શારીરિક સ્વાસ્થ્ય હશે તો એ સ્વાસ્થ્ય જ સ્વતઃ માનસિક વિકાસનું કારણ બને છે. બાલમંદિરમાં અમને આવો અનુભવ વારંવાર થાય છે કે માબાપો છોકરાંને જાડો એવો કોટ ને છોકરીને પગમાં અથડાય એવી ઘાઘરી પહેરાવીને મોકલે છે.

આથી બાળકને કશું કામ કે હરવા ફરવાનું રૂચતું નથી. જ્યારે તેનો કોટ કાઢી નાખીએ છીએ કે ધોધરીનો કચ્છ વળાવીએ છીએ ત્યારે તેને કામ-કાજમાં મઝા આવે છે. ખૂબ ધામ થતો હોય છતાં શિષ્ટતા ખાતર જ્યારે કાંઇ કપડાં પહેરીને આપણે જવું પડે છે ત્યારે આપણે મોટાંઓ પણ માનસિક સ્વાસ્થ્ય કેટલું બધું ખોઇ નાખીએ છીએ એ સંભા-રીને આપણે બાળક વિષે ખ્યાલ કરવો ઘટે છે. બાળકનું જીવનસુખ આપણાં કરતાં શરીર સ્વાસ્થ્ય ઉપર વધારે અવલંબિત છે. વળી તેમને આપણાં કરતાં શારીરિક હિલચાલની વધારે જરૂર છે ને તે જ તેનો આનન્દ છે. બીજું આપણું શરીર જન્મટીપના કેદીઓ પેઠે ૨૫–૩૦ વર્ષની ટેવથી કપડાંને સહન કરવા શીખી ગયું છે. બાળકને તો આ બન્ધન નવે-સરથી સ્વીકારવાનું રહ્યું. ત્રીજું ચામડીના કે શરીરના સંવેદનો તેમને વધારે તીવ્ર હોય છે. એટલે અસ્વા-સ્થ્ય ઉપજાવે તેવાં કપડાંથી તેઓ મુંઝાય છે. આપણે મોટાંઓ બે શેરની પાઘડી ખરા તડકામાં ઉપાડીએ છીએ ને મુંઝાતા નથી પરન્તુ બે માસનું બાળક માત્ર બે ઔંસની ટોપીથી એટલું તો મુંઝાઇ જાય છે કે જાણે હમણા શ્વાસ નીકળી જશે. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે બાળકનું શરીર સ્વાસ્થ્ય અને શારી-

ઋષિ હિલચાલ એમાં જ એમનું ૯૯ ટકાનું માનસિક સ્વાસ્થ્ય રહેલું છે. માટે શરીર સ્વાસ્થ્યની દૃષ્ટિએ કપડાંનું જે ધોરણ રાખીશું તે તેમની માનસિક પ્રસન્નતા અને સ્ફુર્તિને મદદરૂપ નીવડશે.

માનસિક સ્વાસ્થ્ય અને પહેરવેશની કલાની બાજુને ઘણો સબન્ધ છે.. મનુષ્યમાં જેમ ફેફસાં કે હૃદય કે પેટ છે અને આપણે ન ભાળીએ તો પણ એ બધાં એનાં કામો કર્યે જ જાય છે તેમ જ મનુષ્યમાં કલાવૃત્તિ કેવળ સ્વાભાવિક છે. બાળકોમાં તેમનાં શરીરની જેમ જ તેમની માનસિક શક્તિઓ વિકસે છે. "આ સારૂં લાગે છે ને આ સારૂં નથી લાગતું" "મારે આજ આ પહેરવું છે ને આ નથી પહેરવું" એ બધું બાળકોમાં હોય જ છે. બાળકો જાતજાતનાં કપડાં, અમુક રંગ કે ભાત કે કપડાંના સ્પર્શ ખાતર પસંદ કરે છે. આપણે વિકસતી કલાવૃત્તિને પોષતાં બાળકોને અવલોકવાનું છે. તેમને ગમે તે પુરૂં પાડીને તેમની કલાવૃત્તિ ખીલવવાનો તેમને અવકાશ આપવાનો છે.

ઘણીવાર બાળક, આપણને કઢંગુ લાગે એવું એટલે કે આજની લોકમાન્ય સુંદર કે શિષ્ટ પોષાકની દૃષ્ટિએ અસુંદર એવું પસંદ કરે છે. પરન્તુ આપણે તેને કઢંગુ કે કદરૂપું કહીને કાઢી નાખવાનો હક નથી.

આપણને જે સુંદર કે કદરૂપું લાગે છે તે આપણી સૌન્દર્ય નીરખવાની દૃષ્ટિ વધારે ખીલી છે માટે છે કે નથી ખીલી માટે છે તે પ્રશ્ન છે. આપણી કલાવિષયક સુરુચિ ખીલવાની આડે તો ઘણાં તત્વો આવી ગયાં છે ને અત્યારે પણ હાજર જ છે. આપણે સામાજિક વિચારોથી વધારે દોરવાઇએ છીએ. આપણે પૈસાથી ઉત્પન્ન કરેલી કૃત્રિમ કિમતની કલ્પનાથી દોરવાઇએ છીએ. તેમ જ બીજા અનેક વિચારોથી આપણી કલા વિષયક માન્યતાઓ ઘડાય છે. આપણે આજે કેટલાએ વરસોથી પેઢી દરપેઢી આપણામાં ઠસાવી દીધું છે કે બ્રાહ્મણોનો પોષાક આવો, ગરાસીઆનો આવો, કણબીનો આવો, દક્ષિણીનો આવો, ગુજરાતીનો આવો. પછીથી આપણે આપણા જ પોષાકને સુંદર તરીકે ઓળખવા લાગ્યા. આ સુન્દરતા જોવાના ખ્યાલમાં સૌન્દર્ય જોવાની દૃષ્ટિ કે શક્તિ કરતાં ટેવનો પ્રભાવ વધારે છે. આપણે માની જ લીધું છે-નહિ-આપણને નાનપણથી આપણા વડીલોએ અને તેમને તેમના વડીલોએ ઠસાવી શીખવાડયું છે કે પોષાકની આ ઢબ સુંદર દેખાય, સારે પ્રસંગે પહેરવા જેવી કહેવાય. માટે આપણે સુન્દર પોષાક કરાવવો હોય ત્યારે આપણે આપણા ઋઢ વિચારોને અનુસરીને કરીએ છીએ,

સામાજિક રીતે અમુક માણસો ડાહ્યા કે શ્રેષ્ઠ મનાતા હોય તેઓ જેને સુંદર માને તેને આપણે પણ સુંદર કહેવા લલચાઇએ છીએ. આપણને તે સુંદર લાગવા જ માંડે છે. કલારસિકો અને અભ્યાસીઓ જેને સુંદર કહે તેને આપણે પણ આંખ મીંચીને સુંદર તરીકે ગણી જઇએ છીએ. આમ અનેકાનેક રીતે આપણે આપણી શુદ્ધ કલાવૃત્તિનો નિર્ણય પૂછવાની તસ્દી લીધા વગર જ સુન્દર અસુન્દરનો ખ્યાલ બાંધી દઇએ છીએ. આપણી અંદરની કલાવૃત્તિ તો બીજમાં કચરાઇ ગયેલી હોય છે અને આપણે બીજા અનેકાનેકના ચશ્મા પહેરી બજારથી મેળવેલું સૌન્દર્ય વિષયક ખ્યાલોનું એક પોટકું આપણા માથા ઉપર મૂકી તે ઉપાડીને ફરીએ છીએ. અને આપણો ભાર હલકો કરવા અને બાળકોને કિમતી વારસો આપવા તેમના ઉપર તે જ ભાર લાદીએ છીએ. બીજી વાત એ છે કે કલા વિષયક પસંદગી નાપસંદગીમાં હર હમેશ વ્યક્તિગત ભિન્નતાને અવકાશ હોય છે ને એમાં જ નવી દીશામાં નવી રીતે વિકસવાનો અવકાશ પણ છે. ધારો કે આપણી કલાવૃત્તિ બહુ સરસ રીતે ખીલેલી છે ને તેનો વિકાસ પૂર્વાગ્રહો કે પરાગ્રહોથી મુક્ત રહી સ્વતંત્ર રીતે થયો છે છતાં આપણને જે સુન્દર દેખાય તે આપણે

માટે જ સુંદર છે. આપણી દૃષ્ટિએ આપણે અમુક લુગડાં કે અમુક રંગની જમાવટ સારી દેખાતી હોય જ્યારે આપણાં બાળકને બીજું જ કંઈ સારૂં લાગવાનો સંભવ છે. માટે તેની રૂચિને માન આપવામાં જ આપણી કલારસિકતા રહેલી છે. આપણી દૃષ્ટિએ મહેશ્વરી નાજુક ગર્ભરેશમી ખંડની ઘાઘરીઓ સુંદર દેખાતી હોય ને આપણી દીકરીને ધારવાડના કે મદ્રાસી ભાતના રાતા પીળા ચટ્ટા પટ્ટાવાળી ખંડની ઘાઘરી ગમે એ સંભવિત છે. એમાં આપણે એમ કહીએ કે 'તું કાંઇ સમજતી નથી' 'એ નથી સારૂં લાગતું' 'એ જ સુન્દર છે' તો તો આપણે આપણો સ્વમતાગ્રહ તેના ઉપર લાદ્યો છે, તેની ઉગતી કલાવૃત્તિના અંકુરને દાબ્યો છે ને આપણી કલાવૃત્તિ શુદ્ધ નથી પણ પૂર્વાગ્રહી છે એમ સાબીત કર્યું છે. બ્રાહ્મણની દીકરી કણબીની ભરત ભરેલી ઘાઘરી પહેરવા માગે કે દક્ષિણીની છોકરી મારવાડી પહેરવેશ પસંદ કરે એમ બનવું સંભવનીય છે. આવે વખતે તેને વખોડી કાઢીએ એ કલાની દૃષ્ટિએ તો ઠીક જ નથી પરન્તુ સામાન્ય વ્યક્તિ સન્માનને પણ વિઘાતક છે.

ત્રીજી વાત એ છે કે બાળકો અને આપણામાં ઉંમરનો ભેદ છે એ આપણે ભૂલી નહિ જઇએ.

બાળક ગોળનો કટકો લઇ મોઢામાં નાખી દે છે તેનો સ્વાદ આજે આપણે નથી લઇ શકતાં. પણ આપણે નાના હતાં ત્યારે ગોળ કે સાકર પર તૂટી પડયાં હોઇશું જ. આજે આપણે કચુંબર ને ચટણીઓ તે બીજી જાત જાતની તીખી ખારી વાની-ઓનો સ્વાદ લઇએ છીએ તેમાં આપણી ટેવાયેલી રૂચિ તેમજ ઉમ્મર પરત્વે વિકસેલી રૂચિ છે. તે બાળકમાં આરંભમાં હોતી નથી. માટે એની ઉમ્મરે એને જે ગમે તે આપવામાં જ તેની શક્તિના વિકાસને આપણે અવકાશ આપીએ છીએ. એની પસંદગી આપણી દૃષ્ટિએ અણવિકસીત કે પ્રાથમિક લાગવાનો સંભવ છેઃ પણ તે બાળક છે, પ્રાથમિક અવસ્થામાં જ છે. એ આપણે ભૂલવું ન જોઇએ. એમ કહેવાની મતલબ એ છે કે કાપડની જાત, તેની ભાત, કે કયા ઘાટનું કપડું શીવડાવવું એની પસંદગી આપણે બાળક ઉપર છોડીએ એ જરૂરનું છે. એ પસંદગીને આપણે પૂરેપૂરા માનથી સ્વીકારીએ.

બેશક બાળક પોતાની પસંદગી શા શા કારણે કરે છે તે આપણે તપાસતાં રહેવું પડે. કેવળ કલાત્મક વૃત્તિથી કઇ પસંદગી થાય છે તે આપણે જોવું પડે. બધાં બાળકો અમુક જ જાતનો પહેરવેશ પહેરતાં હોય ત્યારે બાળક સમૂહની પસંદગીથી દોરવાઇ જાય

છે, અને સમૂહથી જુદું ન પડવાને ખાતર અમુક પસંદગી કરે છે. બધાં કહેતાં હોય કે આ સારું છે તો બાળક પણ માની લે છે કે સારું છે. કેટલીએક વાર સમૂહથી જુદું પડીને પોતાનું અસ્તિત્વ વ્યક્ત કરવાની ઇચ્છા તેનામાં દેખાય છે. તેને માટે તે વધારે સારાં કપડાં, વધારે ઘરેણાં વગેરે પસંદ કરે છે તો કોઇવાર સાવ વિદુષક જેવું વિચિત્ર પણ પહેરી બેસે છે. વિચિત્ર વેશ પહેરવાની પાછળ હંમેશ લોકોની નજરે ચડવાનો હેતુ હોય છે એમ આપણે ન કહી શકીએ. એમાં બાળકની વિનોદવૃત્તિ પણ હોય, ગમત રમત હોય. વળી પોશાકની પાછળ શ્રીમંતાઇ ગરીબાઇ અને તેને લીધે સમાજમાં વધારે માનનું સ્થાન અને ઓછા માનનું સ્થાન હોય છે. આ વગેરેનો ખ્યાલ બાળકમાં વહેલી ઉમરે જાગતો દેખાય છે. આપણી કૃત્રિમ વ્યવસ્થાને પરિણામે આવાં મોટાં અને કૃત્રિમ કારણોથી પણ બાળકની શુદ્ધ કલાત્મક પસંદગીને યોગ્ય ન્યાય મળી શકતો નથી. આપણો વર્તનથી કે બોલવા ચાલવાથી બાળક મોટે રસ્તે ન ચડી જાય - એ જોવાનું છે. સામાજિક વાતાવરણમાં જે વિચારો પ્રચલિત હોય તેનાથી અમુક હદ સુધી તેને બચાવી લેવાનું છે. છતાં તે બાળક આગળ આવવાનું છે એ તો નક્કી જ છે. માત્ર

આપણી આંખ ઉઘડી હોય તો શુદ્ધ પસંદગી અને વિકૃત પસંદગીને આપણે શોધી શકીએ. અને વિકૃત પસંદગીને રસ્તામાંથી દૂર કરી શકીએ તો તેમ કરવાનો પ્રયત્ન કરીએ.

વળી આપણે આપણાં બાળકો વચ્ચે વગર વિચાર્યે બોલ્યે જ જઇએ છીએ. તેનો પણ જરા અભ્યાસ કરીએ તો આપણા બોલવા ચાલવામાંથી કયાં તત્વો આવ્યાં એ આપણે પકડી શકીશું. "છીટ આ શું ભિખારી જેવું પહેરે છે." "વળી આ શું? આ તો વાણીયા જેવું દેખાય છે" "આ તો મારવાડી રંગો છે." "આ ખરાબ દેખાય છે." "આ સરસ ફેશનેબલ છે" "આ તારી મઝમ શિક્ષિકાને બહુ ગમશે આ પહેર." "આ તો ઢેડીયા પહેરે" "આ પહેરીશ તો તું સુન્દર લાગીશ" વગેરે અનેક નાનાં નાનાં વાક્યોમાંથી આપણે બાળક આગળ શ્રીમંત, ભિખારી, બ્રાહ્મણ વાણીયા, સાહેબ મઝમ ને જંગલી ઉંચી જાતીઓ, નીચી જાતીઓ બીજાને સુંદર લાગવાપણું વગેરે મૂકી બાળકને ચોખ્ખી કલાની દૃષ્ટિએ કરવાની પસંદગીમાંથી ખસેડવાના અનેક દૃષ્ટિબિન્દુઓ રોજ આપીએ છીએ. એમાં જેટલી સાવચેતી રાખીએ તેટલું ઓછું છે.

બાળક જ્યારે પોતાની પસંદગીથી કપડાં પસંદ કરે છે ત્યારે આપણી સાથે તેને આપણી સમાજમાં લઇ જવું કેટલું મુશ્કેલ પડે છે એની કલ્પના હું સારી રીતે કરૂં છું.

જૂના નવાં, ભણેલા અભણ, શ્રીમંત ગરીબ, આપણે બધાં સામાજિક રૂઢીને માનીએ છીએ. પોશાક સંબંધે પણ આપણી નવી અને જૂની ઋઢીઓ છે. પણ બાળકને સ્વતંત્ર વિકાસ આપવા માટે આપણે આપણી હાંસી થવા દઇએ. સામાજિક નિંદા સહન કરીએ. ભલે આપણે આપણી સમાજમાં સુરૂચિહીન ગણાઇએ. આપણી અને આપણા સમાજની દૃષ્ટિએ સારાં, સુન્દર, ને યોગ્ય એવાં કપડાં પહેરાવવામાં આપણે પોતે આપણી સમાજ સમક્ષ સારાં કહેવરાવીએ છીએ પણ તેમાં આપણે બાળકનું વ્યક્તિત્વ ભૂલી જઇએ છીએ.

આપણી ભાષામાંથી જેમ બાળકને બીજા અનેક ખ્યાલ આપીએ છીએ તેમ એક મોટો ખ્યાલ તો શિષ્ટતાનો અને સભ્યતાનો ખ્યાલ આપીએ છીએ.

શિષ્ટતાની કેળવણી એ એક સામાજિક જરૂર છે. છતાં જ્યારે એ વધારે પડતી થઇ જાય છે ત્યારે બંધનરૂપ થાય છે. માણસો શિષ્ટ અશિષ્ટ વચ્ચેનો વિવેક ભૂલી જઇ સામાજિક ગુલામ બની

જાય છે. શિષ્ટતાને નામે કેટલીએ અનાવશ્યક વસ્તુઓ હવા પાણી જેટલી જ જરૂરી બની જાય છે. કારણ કે જ્યારે અમુક વસ્તુ સમાજમાં શિષ્ટ ગણાતી હોય તો તેના વગર સમાજમાં જવાની વ્યક્તિને હિંમત થતી નથી. સામાજિક શિષ્ટતા એ સંસ્કારી સમાજનું ભૂષણ છે. શિષ્ટતા કે ખાનદાની સ્વભાવની હોય; અન્તરની હોય ત્યારે જ તે સુંદર છે. સમાજને ઉપકારક છે. જ્યારે તે હૃદયના ભાવને છોડી માત્ર પોશાક કે એવી બીજી બાહ્ય વસ્તુને પકડી બેસે છે ત્યારે તેજ સ્વતઃ દંભનું રૂપ લે છે અને શિષ્ટતા પાળનારો ગુલામ બને છે.

આપણે બાળકોને શિષ્ટતાની ગુલામીમાંથી બચાવીએ. ડગલે ને પગલે 'પહેરણ પહેર્યા વગર બહાર ન જવાય' 'ચડ્ડી પહેર્યા વગર માણસોમાં ન અંવાય' 'બાધરી આમ ન પકડાય' "ચોળી આ જાતની ન પહેરાય" એવું કહી કહીને આપણે બાળકોને બાહ્યતઃ શિષ્ટ બનાવીએ છીએ, અને પોશાક સંબન્ધેની શિષ્ટતા કયાં રહેલી છે તે શોધી કાઢવાનો અવકાશ જ આપતાં નથી. બાળક પ્રથમ શિષ્ટતાની સામે બંડ કરે છે. પછી તેનો ગુલામ બને છે.

ઘણીવાર સભ્યતાનો ખ્યાલ શિષ્ટતામાં સમાઇ જાય છે. પણ કેટલીએક વાર તો તેથી એ ઉંડો

જાય છે ને તેટલા પ્રમાણમાં તે ભયંકર બને છે. સભ્યતામાં આપણે કેવળ શિષ્ટતા અશિષ્ટતા નહિ પણ નીતિ અનીતિનો ખ્યાલ આપીએ છીએ. એનો આત્યંતિક દાખલો- લઇએ, તો મેં એક માને તેની દીકરીને શિખામણ આપતી સાંભળી તેનો છે. દીકરીને અમુક પ્રકારની સાડી પહેરવાની ઇચ્છા હતી. મા કહે, 'એવી સાડી આપણાથી ન પહેરાય એવી તો નાયિકા પહેરે..' નાની ઉમરની કન્યાઓ ખુલતા રંગો, ને બટ્ટા પટ્ટાવાળી કે ફૂલ પાનની ભાતવાળી સાડીઓ શુદ્ધ કલાંવૃત્તિથી માગે એ કેટલું સ્વાભાવિક છે એનો આપ ખ્યાલ કરી શકશો. અને છતાં માતા એની અંદર અનીતિનો ખ્યાલ મૂકે તો માતાની દૃષ્ટિએ એ ભલે ક્ષમ્ય હોય તો પણ કન્યાની દૃષ્ટિએ કેટલો આત્મઘાતી છે એની કલ્પના કરી શકાશે.

બાળકોએ ચડ્ડા કે લંગોટ કાઢી હોય તો 'એ નાગા ન ફરાય' "જા, જા, ચડ્ડી પહેર' એમ કહીને આપણે ત્રાસી ઉઠીએ છીએ અથવા "ફલાણા ભાઈ નાગા, એ બેન નાગી" કહીને મશ્કરી કરીને નાગા પણાની અસભ્યતા શીખવાડવાનો પ્રયત્ન કરીએ છીએ. મારી દૃષ્ટિએ આ બધું જરૂર વગરનું ઝેર રેડવા પણું દેખાય છે, ઉમર વધે તેમ તેમ સભ્યતા

અસભ્યતાનો ખ્યાલ બાળકો તેમની મેળે જ લઈ લે છે. ને એવી રીતે જાતે લીધેલો ખ્યાલ સચોટ, કારણ સહિત ને યોગ્ય વિવેક ભર્યો હોવાનો સંભવ છે. આપણાં બાળકો મનુષ્યનાં જ બાળકો છે. સામાજિક જીવનની શિષ્ટતા અને સભ્યતા તેઓ સમાજમાં ફરીને જ નજરે નજર જોઈને લે એ જરૂરનું છે. ખરી રીતે સભ્યતા ને નીતિમયતા એ અન્દરના ગુણો છે. અંદરથી ચંચળ મનુષ્ય સભ્યમાં સભ્ય પોશાકમાં તેને તેજ દેખાય છે જ્યારે અંદરથી ઠરેલ મનુષ્ય ગમે તે પોશાકમાં તેનો તે જ દેખાય છે. આ બધું બાળકો આસ્તે આસ્તે જોઈ શકે છે. તે જોઈને સમજીને આગળ વધે તો તેની સભ્યતા સમાજની ખાતર પહેરેલા પોષાકની જેમજ ઉપરથી ઓઢેલી વસ્તુ ન રહે પણ માનસિક નીતિ અને સભ્યતામાંથી આવેલી વસ્તુ તરીકે દેખાશે.

મૂળે પોશાકની જરૂર કેટલે અંશે છે એ પ્રશ્ન મેં અહીં ઉભો નથી કર્યો. એની ફિલ્સુફીમાં ઉતરીએ તો ક્યાંના ક્યાં ઉંડે ઉતરી જઈએ. આજે તો કપડાંની બાળકને જરૂર છે એમ લઈને જ ચાલી છું.

આમ જ પહેરવેશને લગતાં બીજા કેટલાએક પ્રશ્નોને અડવાનું છોડી દઉ છું.

ઉપર કહ્યું તેમ પ્રથમ બાળકોને શરીર સ્વાસ્થ્યની દૃષ્ટિએ પોશાક આપવો જોઇએ. બીજું માનસિક વિકાસની આડે ન આવે એટલું જ નહિ પરન્તુ પોષાક બને એવી રીતે પહેરવેશની બાબતમાં તેમને છૂટાં રહેવા દઇએ તો પણ આપણે બાળકો માટે ઘણું કર્યું કહેવાશે.

તારાબેન

બાળકોનો ખોરાક

લેખક:
ગિજુભાઇ

પ્રકાશક:
નાનાભાઈ, ગિજુભાઈ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રકઃ સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦

સં. ૧૯૮૩

બાળકોનો ખોરાક

આ વિષય ઉપર હું એકાદ લેખ લખવા બેઠો છું. પણ મારે શું લખવું એ જ પ્રશ્ન છે. મારે પોતાને ચાર બાળકો છે ને તેઓ સાંજ સવાર બે વખત મારી સાથે જ જમે છે. મારે આ બાબતમાં જેટલા પ્રયોગો કરવા જોઇએ તેટલા તો મેં કર્યા જ નથી. કદાચ પ્રયોગો જ કર્યા નથી એમ કહું એ જ વધારે સાચું છે. પણ કેટલીએક બાબત મારા અવલોકનમાં આવી છે. એ ઉપરથી આ વિષયમાં હું થોડુંએક કહી શકું ખરો.

મને એક વાત તો બરાબર લાગી છે કે આજે આપણાં ઘરોમાં 'બાળકોનો ખોરાક' અને 'મોટાંઓનો ખોરાક' એવા બે ભેદો કયાંય જ જોવામાં આવતાં નથી. બાળકો માટે અમુક વાનીઓ ખાસ

જ થાય અને અમુક વાનીઓ મોટાંઓને જ કામની એવો સ્પષ્ટ તફાવત મારે ત્યાં તો નથી જ પણ એવું લગભગ કોઇ જ ઘરમાં મારા જોવામાં આવ્યું નથી. સામાન્યતઃ મોટાંઓનો ખોરાક એ જ બાળકોનો ખોરાક હોય છે. સવારે જે કુટુંબોમાં ચહા, કોફી, દૂધ, કોકો વગેરે લેવામાં આવે છે તે કુટુંબોનાં બાળકો માબાપ સાથે તે જ લે છેઃ લોકના ઘરમાં જ્યાં બાપ રોટલો ને છાશ કે રોટલો ને 'સા' ='ચા' શીરાવીને કામે જાય છે તે ઘરોનાં નાનાં બાળકો પણ 'સાં' ને રોટલી રોટલો જ ખાતાં જોવામાં આવે છે. જ્યાં સવારમાં ઉનાં ઉનાં ગાંઠિયા કે જલેબી ખવાતાં હોય છે ત્યાં બાળકોને તેનો લાભ મળે છે. મતલબે સવારમાં જે મોટાંઓને મોટે થાય છે તેમાં નાનાંઓ પણ ભળે છે. બપોરના તો સાધારણ રીતે આખા ઘર માટે જે રાંધવામાં આવ્યું હોય છે તે જ બાળકોને પણ ખાવાનું હોય છે. સાંજે પણ એમ જ ચાલે છેઃ આમ સાધારણ રીતે બાળકો માટેનો ખોરાક અને મોટાંઓ માટેનો ખોરાક એવો ભેદ દેખાતો નથી. બાળકો થોડું ખાય છે મોટાંઓ વધારે ખાય છે. પણ આ ભેદ ખોરાકનો નથી પણ પ્રમાણનો છે. આ બાબતમાં આપણે હજી વિચાર જ થોડો કર્યો જણાય છે.

કદાચ બાળકો જ્યાં સુધી બાફું, બાટું, તીખું મોટાંઓના પ્રમાણમાં બાવા ટેવાઇ જતાં નથી ત્યાં સુધી તેમને માટે મોળી દાળ કે શાક વખતે જૂદાં કાઢવામાં આવે છે; જો કે ઘણેખરે ભાગે તો માબાપો એમ જ ઇચ્છે છે કે બાળકોએ ધીરેધીરે પોતાની જેમ પોતે માનેલા સ્વાદવાળું અને મશાલાદાર બાતાં શીખી જવું જોઇએ અને કોઇ કોઇ ઘરોમાં તો બાળકોએ આંખોમાંથી આંસુ પાડતાં પાડતાં પણ એ ટેવ પાડવી પડે છે. બાળકની જીભ પહેલેથી મશાલા બાઇ બાઇને વિકૃત થએલી હોતી નથી. આપણા મશાલાદાર ખોરાકમાં તેને સ્વાદ આવતો નથી. તેને ઉલટું તેવો ખોરાક બાવામાં પીડા થાય છે. બાળકું કહે છેઃ "તીખું નથી ભાવતું, આં તો આવું છે તેથી નથી બાઇ શકાતું" તો મા કહે છેઃ "ભાવે નહિ શેણે? બધુંય ભાવવું જોઇએ. અમને કેમ ભાવે છે?" આપણે એમ કહીએ છીએ કે "જો બાળકને બધું નાનપણથી ન ભાવે તો મોટપણે તે બાવાની બાબતમાં બાગલું થઇ જાય; મોટપણે તેને ગમે ત્યાં જવું પડે, ગમે તેવું બાકું પાતળું નશીબ મળે તો જાડું પાતળું બાવું પડે ને દીકરીને તો કેવું સાસરે મળશે તે અગાઉથી કોણે ભરી ધાલ્યું છે; માટે બાળકને પહેલેથી જ ટેવ પડાવવી કે તેને

બધુંય ભાવે" આપણી આ માન્યતાને પરિણામે આપણે બાળકોને તેની પોતાની રૂચી પ્રમાણે પોતાના સ્વાદ પ્રમાણે ખાવા દેવાને બદલે આપણી રુચી અને સ્વાદ તેના ઉપર લાદીએ છીએ. ઘણીવાર ઉપરનાં કારણો સિવાયના બીજાં કારણો પણ હોય છે. વળી બાળકોને કયો ખોરાક શીજતો છે, જૂદા જૂદા ખોરાકોમાંથી કયો ખોરાક તેને કઇ ઉમ્મરે જરૂરનો છે ને ભાવતો છે તેના કશા જ્ઞાન વિના જાણે કે આપણે ખોરાકની બાબતમાં ઘણું જાણીએ છીએ એમ માની બાળકને અમુકતમુક ખવરાવવાની બાબતમાં આગ્રહ રાખીએ છીએ. મા કહે છે, 'શાક તો તારે આવું જ જોઇએ. શાક ખાવાથી ઝાડો આવશે. ગોળ બહુ ખાઇશ નહિ. એથી તો પેટમાં કૃમિ વધશે. છેલ્લે થોડાં દાળભાત ન ખા તો બીજું ખાવાનું જ ન આપું. દાળભાત વિના પેટ શી રીતે ભરાય. રાતે ખીચડી હલકી માટે રોટલો નહિ મળે વગેરે." આમાં આપણા ખોરાકની બાબતના વહેમો અને મનસ્વીપણા સિવાય બીજું કશું નથી.

આમ એક તરફથી બાળકો માટે ખાસ ખોરાક-નો વિચાર આપણી સામે છે જ નહિ; ઉલટું

આપણા પોતાના ખોરાકને બાળકે અનુકૂળ થઇ જવું જોઇએ એવો આપણો આગ્રહ છે.

જ્યાં આવું છે ત્યાં ઘરમાં બાળકોના ખોરાકની ચીજો જૂદી હોય અથવા બાળકો માટે જૂદી વાનીઓ બનતી હોય એવું તો ક્યાંથી જ હોય.

પરન્તુ જો આપણે ખોરાકની બાબતમાં થોડું પણ જાણતા હોઇએ તો? જો આપણે એટલું જ જાણતા હોઇએ કે તે જ ખોરાક ખરું પોષણ આપે છે કે જે મનગમતો છે, જે સ્વાદ આપનારો છે; જે જે પસંદગીથી લીધો છે, જે શરીરને જોતો છે ને જે જોતા પ્રમાણમાં છે તો? તો બાળકોનું શરીરનું બાંધકાંગલાપણું બદલાઇને તેમનાં શરીરો સુંદર થઇ જાય, તેઓ ભવિષ્યના ઘણા રોગોમાંથી બચે ને લાંબુ તન્દુરસ્ત જીવન ગાળે.

બાળકે બધું આવું જોઇએ કારણ કે થોડું થોડું બધું આવાથી બધો ખોરાક બાળકના પેટમાં જતાં સામટો લાભ થાય એ માન્યતામાં આપણું આરોગ્ય-શાસ્ત્રનું અજ્ઞાન છે. તેમજ બાળકને બધી જાતનું આવાનું આવાની ટેવ પાડવી જોઇએ કારણકે તેવી ટેવ એક કિમતી વસ્તુ છે ને તેવી ટેવ વાળું બાળક ગમે તે સ્થિતિમાં ચલવી લઇ શકે છે ને તેથી તે

સ્વાધીન રહી શકે છે. આ માન્યતામાં આપણું માનસશાસ્ત્રનો નિયમોનું અજ્ઞાન છે.

શરીર પોતાના વિકાસ માટે અમુક વખતે અમુક જ જાતનો ખોરાક વધારે ઓછા પ્રમાણમાં લે છે. હાડકાં બંધાવાનો વખત હોય ત્યારે શરીર અમુક તત્ત્વોવાળો ખોરાક સવિશેષ માગે છે: અમુક સ્નાયુઓ વગેરેને સુદૃઢ કરવા માટે અમુક ક્ષારો વગેરેની તેને વધારે જરૂર છે. અમુક વખતે અમુકની અને અમુક વખતે અમુકની જરૂર પડે છે. અને એ જરૂરનું ધોરણ ખાસ કરીને બાળપણમાં ઝટ ઝટ ફરતું તેમજ વિવિધ રહે છે. કારણકે બાળપણ શરીરના બંધારણનો કાળ છે. મોટાંઓનું શરીર બંધાઈલું છે. તે શરીરને તન્દુરસ્ત અને બળવાન્ રાખવા પૂરતી જ આપણી કાળજી હોઇ શકે છે. પરન્તુ બાળકોનું બંધાતું શરીર આપણાથી જૂદી જ વાત માગે છે. આપણા શરીર રક્ષણના નિયમો અને સાધનોને બદલે શરીર સંવર્ધનનાં સાધનો તે માગે છે. આથી જ બાળખોરાક મોટાના ખોરાકથી અચૂક જૂદો પડવો જોઇએ એટલું જ નહિ પરન્તુ બાળકના પોતાના હાથમાં જાતજાતના ખોરાકમાંથી પસંદ કરવાની પુષ્કળ છૂટ હોવી જોઇએ. માટે જ બાળકે બધું

ખાવું જોઇએ કે તેને બધું ભાવવું જોઇએ એમ ન કહેવાય. છૂટ મળતાં બાળક પોતે જ કહી આપશે કે તેનો બરો ખોરાક શો છે કેટલો છે અને તેમાંથી આપણને બાળખોરાકની બાબતમાં જાણવાનું મળશે.

ટેવ પડાવવી જોઇએ, ટેવ પડી હોય તો બાળક આગળ જતાં દુઃખી ન થાય એ માન્યતાથી બાળકને ઘણી બાબતમાં નુકસાન થાય છે. ટેવ પડાવવી અને પડવી એ બેમાં તફાવત છે. આપણે કોઇ કામ પોતાની ઇચ્છાથી વારંવાર કરીએ તો તે કામ કરવાની આપણામાં ટેવ આવે છે. આપણે રાજી-ખુશીથી પોતાના જ શોખથી દૂધ ઉપર લાંબો વખત રહીએ તો દૂધ ઉપર રહેવાની ટેવ પડે. પરન્તુ કોઇ આપણી ઇચ્છા વિરૂદ્ધ કશું આપણી પાસે વારંવાર કરાવીને સિદ્ધ કરે તો ત્યાં ટેવ પડાવી કહેવાય. આપણી ઇચ્છાનુસાર વારંવાર કરવાથી ટેવ પડે તે ઇષ્ટ છે, પણ ઇચ્છા વિરૂદ્ધ ટેવ પડાવવામાં આવે તે ભયંકર છે. ઇચ્છાપૂર્વક કામ કરવાથી ઇચ્છાશક્તિ — ક્રિયાશક્તિ —will વધારે ને વધારે બળવાન્ થાય છે. પણ ઇચ્છાવિરૂદ્ધ થવાથી તે પ્રત્યેક ક્રિયા વખતે નિર્બળ બને છે આથી જ્યારે આપણા થકી ટેવ પડે છે ત્યારે ક્રિયાબળ વધે છે અને બહારથી ટેવ પડાવવામાં આવે છે ત્યારે તે

ઘટે છે. ક્રિયાબળ વધવાની સાથે પડેલી ટેવ કાયમ રહેશે પણ જે ટેવ પડતાં ક્રિયાબળ ઘટયું છે તે ક્રિયાશક્તિની અશક્તિને લીધે જ લાંબો વખત ચાલશે નહિ. આમ પરાણે ટેવ પડાવવાથી માનસિક શક્તિની હાનિ છે.

પરાણે ટેવ પડાવવામાં માનસિક હાનિ કરતાં નૈતિક હાનિ વિશેષ છે.

જ્યારે બાળકોને આપણી ઇચ્છાનુસાર ખાવા-પીવાની બાબતના વિધિ નિષેધોને અનુસરવું પડે છે ત્યારે તેમનું સ્વત્વ નાશ પામે છે. સ્વપસંદગી જતાં સ્વાધીનતા જાય છે ને તે આપણી રૂચિનો દાસ થતાં વ્યક્તિત્વને ગુમાવે છે. ગુલામ બને છે.

આધુનિક વિજ્ઞાને બતાવ્યું છે અને આપણો અનુભવ પણ છે કે જે બાળકો ઉપર અમુક ખાવું અને અમુક ન ખાવું કારણકે તેમાં કાં તો ધર્મનો લોપ છે, અગર તો શિષ્ટ આચાર વિરૂદ્ધ છે, અથવા અછાજતું છે, અથવા આપણા ઘરમાં એવું ન હોય; એમ સજ્જડપણે લાદવામાં આવે છે તે બાળકો આખરે મોટાં થતાં તેને પળાવવામાં આવેલા બધા નિયમોનો બેધડકપણે ભંગ કરવામાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

'ભાવે તો ખા નીકર થા ઉભો' એમ કહીને આપણે બાળકને ન ગમતું ખાવાની ટેવ પાડીએ છીએ ને તેનામાં બળ અને સદ્‌ગુણ કેળવ્યાનો આનંદ લઇએ છીએ. ઘણીવાર બાળક આપણી સામે લડે છે. ખાતું ખાતું ઉઠી જાય છે. આપણે કહીએ છીએ ન ખા'વું હોય તો રહેવા દે. બાળક અમુક વખત સુધી તો પોતાના આત્મબળ ઉપર ટકે છે. પણ આખરે શરીરની માગણી આગળ હારણ થાય છે ન ગમતો જ ખોરાક ચાર છ કલાકે પાછો ખાય છે. આપણે કહીએ છીએ "એમ જ બાળકોને ટેવ પડે, એમ જ તેમની શક્તિ વધે." પણ આમાં કેવળ ક્રિયાશક્તિના હ્રાસનું દર્શન છે. ભૂખના દર્દથી હારી જઇ માણસ ન ગમતો ખોરાક સ્વીકારે એવી સ્થિતિમાં બાળકને મૂકનારની એમ જ મૂકાનારની એમ બન્નેની આમાં નૈતિક અધોગતિ છે.

અમુક ખોરાક ખાવો, અમુક નિયમથી ખાવો અમુક માપથી અને સમયસર ખાવો વગેરે. કડક નિયમો બાળકને ખાવાની બાબતમાં જે છૂટ જોઇએ તેના વિરોધી હોવાથી તેને જ પરિણામે આખરે બાળક સ્વચ્છંદી, આંધળું અને બાષ્કળ બની જાય છે.

બાળકને જે ખાવું હોય તે ધરાય તેટલું ન ખાવા દેવાથી અને આપણને ગમતું તેમને ધરવીને ખવરાવવાથી બાળકને ખોરાકની તૃપ્તિ થતી નથી ને તેથી તેને ચોરી કરવી પડે છે. બાળકો છાનુમાનું ચોરીને ખાઇ જવાના દાખલા કંઈ શોધવા જવું પડે તેમ નથી.

અર્થાત્ બાળકના શરીરના સાચા વિકાસ માટે શરીરને પોષક અને રોચક એવો ખોરાક બાળકને જાતે જ પસંદ કરી લેવાનું ક્ષેત્ર આપણે ઉભું કરવું જોઇએ.

જેઓએ આ બાબતમાં થોડા પણ પ્રયોગો કર્યા છે તેઓ પાસેથી જાણવા મળે છે કે આજ વાત ખરી છે.

નાનપણમાં મને પોતાને રોટલી ને ગોળનો લાડવો બહુ ભાવતો અને તે જ હું ખાતો. મને બીજું ખાવું થોડું જ ગમતું. કોથમરીવાળી દાળ, કારેલાનું શાક એવું એવું ન જ ભાવતું. એવું થતું ત્યારે મારે રડવું પડતું. પણ મને મારા ઉપર લખ્યો ખોરાક મનમાન્યો મળી રહેતો. તેને પરિણામે મારું શરીર ઠીક બંધાયું. ખાવાની બાબતમાં મારી પસંદગી આડે ક્રોધ ન આવવાથી મારી ક્રિયાશક્તિને નબળું પડવું ન પડ્યું. એ બળવાન ક્રિયાશક્તિ આજે મને ગમે તેવો જાડો પાતળો ખોરાક-રોચક કરી લેવાનું

બળ આપે છે. આજે કોથમરી આદું બધું ખાવા સામે મને કશો વિરોધ બંધાયો નથી.

આથી વિરૂદ્ધ દાખલો મારા દીકરાનો છે. એને ભાત ભાવે નહિ ને અમે એને ખવરાવીએ. દરેક વખતે તે રડે જ. વર્ષો સૂધી આમ ચાલ્યું. આજે તેને ભાત સામે સખ્ત અણગમો છે. તેની માનસિક શક્તિના નુકસાનનું માપ તો કેમ કઢાય !

મારા બાપા મને જે જોવે તે લાવી આપતા. ખાવાની બાબતમાં 'એ આ ખાશો તો માંદા પડશો ને તે ખાશો તો મરી જશો' એવું વારે વારે કોઇ સંભળાવતું નહિ. જે ગમતું તે ભાવતું ત્યાં સુધી ખાતો. રેવડી અને કાજુનો એક હડફો ભરીને મારી પાસે રહેતો.

પરિણામે આજે મને જે તે ખાવાની અબળખા નથી રહી.

વળી મનગમતું અને ધરાઇને ખાવાની છૂટ હોવાથી સાધારણ રીતે મને ખોરાક પચી જ જતો. છતાં હું ખાવાની મરજી ઉપર અન્દરથી સમતોલતા કેળવવાના અનુભવમાંથી પસાર થતો હતો તેથી ઘણીવાર અજીર્ણ થતું. પણ મારી સાંભરણ પ્રમાણે નાનપણ પછીથી એ અનુભવોમાંથી બે જાણે કે અજીર્ણ કદિ પણ ન થાય એવી મારામાં મિતાહારીની ટેવ આવી

ગઇ છે એમ કહી શકું. કહેવાનું એમ નથી કે બાળકોને અજીર્ણ થાય ત્યાં સૂધી ખવરાવવું; મતલબ એ છે કે મને છૂટ હતી તેથી કંદિ કંદિ અજીર્ણ થતું. પણ એમાંથી જ મારામાં મિતાહારીપણું આવ્યું.

મિતાહારીપણું એ બહારની વસ્તુ નથી. એ ઉપદેશથી શરીરને ફક્ત જ ચોંટે. એ તો પોતાના મનમાંથી જ આવવું જોઇએ. અને એ જાત અનુભવમાંથી આવે છે.

*"એક માતાનો અનુભવ" પણ ઉપલા કથનને સમર્થન આપવાની દિશામાં જાય છે.

પરન્તુ આજે જ્યારે હું બાળકોને ખોરાકની બાબતમાં જોઉં છું ત્યારે મને દુ:ખ થાય છે.

એક બાજુ માબાપોનું બાળકોના ખોરાક સંબંધે કેવળ અજ્ઞાન છે, બીજી બાજુ પુષ્કળ વ્હેમો છે ને ત્રીજી બાજુ અર્ધદગ્ધ એવું આરોગ્યશાસ્ત્રનું જ્ઞાન છે. આ ત્રણે સ્થિતિ ભારે ભયંકર છે. બાળકોના ખોરાક સંબન્ધે જેઓના મનમાં કશું છે જ નહિ તેઓને મન "બાળકોનો ખોરાક" એ વિચાર જ નવી વાત છે. એ બાબતમાં આપણે તેમને પૂછીશું તો "આપણે ખાઇએ તે ભાવે તો બાળકો ખાય: એમાં વળી વિચારવાનું શું? આપણે બધાં

* શિક્ષણ પત્રિકા અંક ૮ વર્ષ ૧ લું

એમ જ મોટાં થયા હોઇશું ના ? આપણાં છોકરાંને માટે વળી કયો બાળખોરાક જૂદો પડયો છે ?" એમ તેઓ કહેશે. બાળકોના શરીરોમાં જૂદે જૂદે વખતે થતા ફેરફારો અને તેને લીધે જોઇતી જૂદી જૂદી વસ્તુઓ અથવા બાળકોના ભાવાભાવોનો વિચાર ઉભો જ થયો નથી. 'आगे से चली आती है' એમ ચાલ્યે આવતે માર્ગે તેઓ અજાણપણે ચાલ્યા જાય છે. તેઓ બાળકોને અમુક વખતે આવા દેવું, અમુક ખોરાક તો ન જ દેવાય, અમુક જ ખોરાકને અમુક રીતે રાંધીને દેવાય, અમુક ખોરાક દવાઓરૂપે દેવાય એવું એવું જે ભણેલાઓ કે જાણકારો કહી રહ્યા છે તેનો ઉપહાસ કરે છે. તેઓ બાળકોના ખોરાકની બાબતમાં 'મેતો મારેય નહિ ને મેતો ભણાવેય નહિ' એવી વૃત્તિ ધરાવે છે ને પરિણામે પેલા અર્ધજ્ઞાની અથવા બહેમી માબાપોનાં બાળકો કરતાં કેટલીએક વાર પોતાનાં બાળકોને શરીરે રૂષ્ટપુષ્ટ બતાવે છે. પરન્તુ એમનાં થોડાંએક રૂષ્ટપુષ્ટ બાળકો સાથે બાળમૃત્યુ સંખ્યા કેટલી જોડાએલી છે એમ જો જાણીએ તો આપણને ખબર પડે કે અજ્ઞાનને. કારણે બાળકને કેટલું નુકસાન થાય છે. છતાં આ અજ્ઞાની લોકોમાં જેમ હરહમેશ જ્યાં અજ્ઞાન છે, જ્યાં સુધારાનો નવો પ્રકાશ આવ્યો નથી ત્યાં પરંપરિત

રીતોનો લાભ છે તેમ છે. સાધારણ રીતે આ લોકો એટલે કે જેને આપણે લોકવર્ણ—કોળી કણબી વાઘરી — કહીએ છીએ તેઓમાં થોડુંએક વારસામાં ચાલ્યું આવતું જ્ઞાન છે. તેઓ છેક નાનાં બાળકને લાળીયું બવરાવી તેને યોગ્ય ખોરાક આપશેઃ રોટલાનો ગરમલો ઘી અને ગોળનો ખોરાક પણ તેમનામાં વધારે જોવામાં આવશે. તેઓ તેમનાં નાનાં બચ્ચાંને શેડ કઢા દૂધનાં રીણ બવરાવતાં જોવામાં આવશે. બાકી તો પોતે જે ખાય તે બાળકો ખાય; બાળકો ભૂખ રમે રખડે તો પચી જાય ને સાજાતાજા રહેઃ આમ એની મેળાએ ચાલ્યું તો ચાલ્યું નહિતર બાળકોનાં શરીરો બગડે એથી વધારે આગળ ગયા નથી. આજના સુધારામાં તેઓ પણ સપડાએલાં છે. તેઓ જેમ આજની હોટેલની 'ચા'એ હળ્યા છે તેમ જ તેમનાં બાળકો આજે પાઇ પૈસો લઇ દુકાને જવા શીખ્યાં છે.

ઠેઠ મધ્યમ વર્ગના બાળકો સૂધી બજારનું ચવેણું —ગમે તે જાતનું—સામાન્ય વસ્તુ થઇ પડી છેઃ અલપલ ખાવાની સામે લોકનો વાંધો હોય છતાં તેમનાં બાળકો તે તરફ વધારે ને વધારે ઘસરકાતાં જાય છે. મારા પાડોશી સાહુળ કોળીનાં છોકરાં સવારમાં ઘરમાં 'સા' નીકળે છે તે પીએ છે. રામા કોચમૅનનો છોકરો શીરામણમાં 'સા' અને રોટલી

ખાય છેઃ વિનુ ગામમાં જાય છે તો પ્રાઇ પૈસાની ગોળીઓ લેતો આવે છે. અજ્ઞાન માબાપો ગામનું ચવેણું બાવા દેવામાં ફાયદો ગેરફાયદો સમજતાં નથી તેથી તેમ ચાલવા દે છે.

વહેમી માબાપો અજ્ઞાન માબાપો કરતાં વધારે નુકસાન કરી રહ્યાં છે. તેઓ પોતાનાં બાળકોનાં શરીરો પ્રત્યેના અતિમોહને લીધે જ તેમનાં શરીરોને બગાડે છે. બાળક માંદુ જ ન પડે તેમ તેઓ ઇચ્છે છે. ખૂબ બાવાથી ઝાડા થાય, બાંડ બાવાથી કરૂ થાય, બોર બાવાથી આંચકી થાય, તલ બાવાથી ઉધરસ થાય એવું એવું પોતાની કલ્પનાથી બેસારીને બાળકોને ન બાવા દેવાની એટલી સખ્તાઇ ઉભી કરે છે કે કાંતો બાળકો ભૂખે મરે છે, કે કાંતો તેઓ અર્ધ ભૂખ્યા રહે છે, માબાપ ધારે છે કે તેમનાં શરીરો સાજા છે કારણ કે તેમને જાડો ઉલટી થતાં નથી પણ બરી રીતે માય કાંગલા જેવાં રહે છે. કયારે બાવાનું મળે ને બાઉં તેવું તેમના મનમાં બાબો દિ રહે છે. તેઓ ચોરીને બાધા પછી માર અને ઉપવાસનો દંડ મેળવે છે. ઘણીવાર બીજાને ઘેર કે પોતાને ઘેર લાગ મળતાં ખૂબ બાઇને માંદા પડી જાય છે. માબાપો આવાં બાળકોને સાથે લઇ કોઇને ત્યાં જાય છે તો બાવું છે બાવું છે કહીને માબાપ કહે છે તેમ તેમન

કવરાવે છે ને ભોંઠા પાડે છે. પોતે બાળકોને પૂરું બાવા નથી આપતાં તેથી બાળકો આમ કરે છે તે સમજવાને બદલે તેઓ બીજાઓને નક્કી કરે છે કે બસ બાવા જ ન દેવું. ઘણા ઘરોમાં બાવાની ગરીબાઇ નં હોવા છતાં આવી વ્હેમી માન્યતાને લીધે બાળકો અપૂર્ણ પોષાએલાં રહે છે. બાવાનું ન દેવાની ચોકસી જેમ જેમ વધતી જાય છે તેમ તેમ બાળકમાં બાધરાપણું આવતું જાય છે. બાળકની પાચનશક્તિ અનુપયોગને લીધે નબળી પડે છે. ને બાળક દિવસે દિવસે બાવાની બાબતમાં કોઇપણ જાતનો સંયમ રાખવા અશક્ત બને છે. છેક ગરીબ માબાપોને ત્યાં તો બાળકોના ખોરાકનો પ્રશ્ન જ કયાંથી રહે ત્યાં તો માંડ પેટ ભરવાનું હોય. આપણો ત્રીજો વર્ગ અર્ધજ્ઞાનવાળા માબાપોનો છે. આ વર્ગ બાળઉછેરની બાબતમાં પેલા બે વર્ગ કરતાં વધારે કાળજી રાખવાનો દાવો કરે છે. તેઓ બાળકના ખોરાક વિષે ચોપડીઓ વાંચે છે. શ્રદ્ધાપૂર્વક વાચનનો અમલ કરે છે. બાળકો માટે નીકળેલાં ટૉનીકો અને તૈયાર ખોરાકો વાપરવા માટે જરૂર પડે તો પોતાના પેટમાં પણ કરકસર કરે છે. તેઓ બાળકોનું હિત પોતાનાથી આગળ ધરનારા છે. હરેક રીતે બાળકને સુદૃઢપણે ઉછેરવાનો વિચાર

તેમના સમક્ષ રહે છે. આ વર્ગ મોટે ભાગે આપણા ભણેલાઓમાંના જેને સુધરેલાઓ કહીએ છીએ તેનો છે. તેમની બાળઉછેરમાં જેટલી શુભેચ્છા છે તેટલી જ તેમનામાં જો આવડત હોત તો તેઓ વધારેમાં વધારે જશ મેળવત. તેમનો બાળક પ્રત્યેનો પ્રેમ અને જવાબદારી તેમની પાસે પૈસા ખરચાવે છે. મેલીન્સ ફુડ અને બીજા ખોરાકો તેમને મન દેવતાને ઘેરથી આવેલા ખોરાકો છે. ચોપડીમાં લખેલું તેમને માટે શાસ્ત્રવચન છે. તેઓ ચોપડીઓ વાંચે છે, તે પ્રમાણે જ ખોરાક આપે છે; ચોપડીમાં લખેલું હોય કે ત્રણ વખત ખોરાક આપવો તો ત્રણ વાર આપશે ને પાંચ વાર લખ્યું હશે તો પાંચ વાર આપશે. ચોપડીના લેખકોએ લખેલા લખાણમાં તેમને વિશ્વાસ છેઃ

ઉપલો જ વર્ગ વધારે દ્રવ્ય ખરચી શકે તેવો હોય છે તો જામ, ચૉકલેટ, જાતજાતનાં બિસ્કેટ, કેક વગેરેને બાળકોનાં ખોરાક તરીકે વાપરે છે.

તેઓ તૈયાર ખોરાકની જાહેરાતથી કે દેશપરદેશ ફરી આવેલા મિત્રોની ભલામણથી કે અહિં વસતા પરદેશીઓ અને Anglo Indians ની દેખા-દેખીથી પરદેશી લોકોમાં પ્રચલિત એવા બાળકોના ખોરાકોને સીધા બન્દરમાંથી રસોડામાં લાવીને વાપરે છે.

આ વર્ગના આ પ્રયત્નોનું કેવું ફળ આવ્યું છે તે વિષે મારો જાત અનુભવ એટલો નથી કે હું એક અથવા બીજી બાજુ ખાસ વિશેષ કહી શકું; પરન્તુ એમાંથી કેટલાયે પ્રશ્નો વિચારવા માટે ઉઠે છે. પરદેશી બાળકો માટે પ્રચલિત થએલાં અને વિલાયતથી આવતા ખોરાકો આપણાં બાળકોને શું ખરેખર માફક આવે છે? ગરીબ માબાપો માટે તે મોંઘા નથી શું? તેવા ખોરકો પરદેશમાં હજી આરોગ્ય શાસ્ત્રીઓએ માન્ય કર્યા છે? અથવા તો તે માત્ર માંદગીની સ્થિતિનાં બાળકો માટે જ કામના છે? કદાચ તેવા ખોરાકોમાં ગુણો છે તો તે ગુણવાળા ખોરાકો વધારે સસ્તાં અને તાજાં આપણે બનાવી ન શકીએ?

આ બધા પ્રશ્નો ઉપરાંત મહત્વના પ્રશ્નો એ છે કે જે બધું ચોપડીઓમાં લખેલું છે તે આપણને કબૂલ હોઈ શકે? તેની પાછળ આપણો જીવન્ત જાગૃત અને પ્રયોગસિદ્ધ અનુભવ ન જોઇએ?

એથી પણ વધારે મહત્વનો પ્રશ્ન એ છે કે આપણે પોતે જ આપણાં બાળકોના ખોરાકની બાબતમાં પ્રયોગ કરવાની જરૂર નથી? મોટા માણસને મોટો ડોઝ ને નાનાં બાળકને નાનો ડોઝ જેમ એક જ રોગના દર્દી માટે ચાલે છે એમ જો ખોરાકની બાબતમાં આપણી માન્યતા હોય તો કોઇ

પણ જાતના પ્રયોગને અવકાશ નથી, પણ આગળ કહ્યું તેમ આપણે મોટાઓનાં અને નાનાં બાળકોનાં શરીરોની જરૂરીઆતોમાં તફાવત છે તેમ ખોરાકના તફાવતની જરૂર છે તો જરૂર પ્રયોગ કર્યે જ છૂટકો.

વ્યવહારિક દૃષ્ટિએ બાળકોનાં ખોરાક સંબન્ધે કંઈક આમ કહી શકાય.

છેક નાનાં બાળકો માટે તેની માનું ધાવણ ઉત્તમોત્તમ ખોરાક છે; માનું ધાવણ તંદુરસ્ત તો જોઇએ જ. મા પોતે બાળકને જોઇએ તેટલું ધાવણ પૂરું પાડે તેવાં આરોગ્યવાળી ન રહે તો તે બાળકના શરીરના પોષણમાં આવતી ઉણપની જવાબદાર જ છે.

યરપમાં આજે પણ 'Wet Nurse' ધાવને રાખવાનો રિવાજ છે. આજના વિજ્ઞાને આ રિવાજ યાને ફેશનને છેક નિંદી છે. જેમ બાળકને પોતાની માના પ્રેમનો હક્ક છે તેમ જ તેને તેના ધાવણનો હક્ક છે; ધાવને રાખનારી મા બાલપ્રેમમાં પૂરેપૂરું સમજી જ નથી. બાળક થોડો વખત વધારે ઉંઘવામાં પડયું હોય કે દૂર હોય અને ધાવ્યું ન હોય તો માને ધણેણી ચડે છે એ અનુભવ માનો છે. આ ધણેણી એટલે બાળકને પોષવાનો પ્રેમભર્યો ઉભળકો. બાળકને લેતાં લેતાં માની છાતીમાંથી દૂધની ધાર વછુટે છે પણ ધાવની છાતીમાંથી નથી વછુટતી. મા

બાળકને ધવરાવે છે ત્યારે તે પોતાનો પ્રાણ દૂધ સાથે બાળકમાં રેડે છે. એ વખતનો માનો અનુભવ અદ્‌ભુત છે. એ વખતે માને જે સુખ મળે છે તેમાં માતૃત્વની સહજેચ્છાની પરિતૃપ્તિ મળે છે. ધવરાવતી વખતે માતા, લગ્નજીવનની, પ્રેમજીવનની, માતૃત્વની સાર્થકતા અનુભવે છે. માનાં ધાવણવાટે મનુષ્ય, પ્રેમને બાળકમાં ઉતાર્યા કરે છે.

ધાવમાં આ ઉમળકો આવે ખરો? ધાવ તો ભાડુતી હોય: તેણે થરથરતી નાંગે શેઠનું બાળક જણ્યું નથી. તેને તો પૈસા લઇ પોતાના બાળકનાં ખોરાકનો વેપાર કરવાનો છે. ધાવની સંસ્થા સદ્‌ભાગ્યે આપણે ત્યાં હજી એવી વધી નથી.. યૂરપમાં તેનું આર્થિક અને નૈતિક નુકસાન સમજાયું છે ને એનો જુવાળ પાછો વળ્યો છે. ધાવનું ધાવણ બાળકને માફક ન પણ આવે. લોહીના સંબન્ધથી બાળક અને મા બન્નેમાં જે પ્રેમ પ્રવાહ વહે તે ધાવમાં ન વહે તેથી ધાવણ એટલું પોષક ન બને. ખોરાકમાં પોષણરૂપ બવરાવનારનો પ્રેમ પણ છે જ. ધાવણમાં તે વધારેમાં વધારે છે. भोज्येषु माता એ વાક્ય રહસ્યભર્યું છે. વળી ધાવ રાખવી એ આર્થિક દૃષ્ટિએ હાનિકારક છે. કારણ કે એમાં એક બાળકના મોઢામાંથી દૂધ લઇ લઇ બીજાને

આપવાનું હોવાથી ધાવના બાળકને ભૂખ્યા કે અર્ધ ભૂખ્યાં જ રહેવું પડે. કુદરત પ્રત્યેક માતાને પોતાનાં બાળક માટે દૂધ આપે છે. એક બાળકનું દૂધ બે ચાર બાળકો માટે પૂરું ન જ પડે. એક તરફથી પૈસા માટે પોતાના પ્રિય બાળકનો ખોરાક શ્રીમન્તોને વેચવો અને બીજી તરફથી સૌન્દર્ય ટકાવવાની ઘેલછાથી પોતાના જ બાળકને ધાવ પાસે ધવરાવી મોટું કરવું એમાં નૈતિક અધોગતિ તો ઉઘાડી જ છે. માટે બાળકોના ખોરાકમાંથી અપવાદના પ્રસંગ શિવાય ધાવના ધોંવણને સદાને માટે દૂર જ કરવું ઘટે છે. મા ન હોય ત્યાં પણ ધાવના બાળકનો વિચાર કર્યા પછી જ તેનો ઉપયોગ લેવો શકાય. - અણછૂટકે ધાવનું દૂધ વાપરતાં બે વાત ધ્યાનમાં રાખવી જ જોઇએ. એક તો ધાવને પોતાને કેટલા વાસાનું એટલે કે કેટલી ઉમ્મરનું બાળક છે; ધાવ તાજી સુવાવડમાંથી ઉઠી હોય ને તેને ધવરાવવાનું બાળક મોટું હોય તો તેને ધાવનું દૂધ બરાબર માફક ન આવે. વળી ધાવનું બાળક વરસ દોઢ વરસનું હોય ને ધવરાવવાનું બાળક તાજું જન્મેલું હોય તો ધાવનું દૂધ પારેટ થઇ ગયું હોવાથી બાળકને ભારે પડે.

બીજી વાત એ છે કે ધવરાવવાનો ધંધો કરનારી ધાવોને ઘણીવાર અંગના અથવા ધાઇના

રોગો હોય છે. આવા રોગવાળી ધાવ ન આવી જાય તે ખાસ જોવું.

માના દૂધ સાથે કે તેના બદલામાં બાટલીથી દૂધ પાવામાં આવે છે. ઘણે ભાગે આ સદ્‌ભાગ્ય માંદી માતાઓનાં બાળકોનું જોવામાં આવે છે. મા કાંઇ નહિ તો બાળકો માટે જ તંદુરસ્ત રહેવા અગર માતા ન થવા અને સંયમ સાચવવા આગ્રહ રાખે તો બાળકો બાટલીના દૂધમાંથી બચે; છતાં માની માંદગીના સમયે કે એવા સંજોગોમાં બાળકને ગાયનું કે બકરાંનું દૂધ ઉત્તમ ખોરાક છે. બાટલીથી દૂધ પીતાં બાળકો બાટલીની સાફસુફ ન રાખવાથી તેમાં દૂધ બગડી જવાને કારણે ઉલટાં માંદાં પડે છેઃ ધવડાવ્યા પહેલાં અને પછી બાટલી અને ડીટડી બન્ને જ ઉન્હા પાણીથી બૂબ સાફ કરવી; એમાં દૂધ તો ભરી ન જ મૂકવું. બાટલી ચોરસ કે ખાડાવાળી નહિ પણ ગોળ વાપરવી. ગધેડીનું દૂધ તેથીયે વધારે ગુણકારી છે.

ધાવણ છોડાવ્યા પછી બાળકને પૂરેપૂરા દાંત આવી ન જાય ત્યાં સુધી પેય, લેહ્ય અને ચાવીને ખાવા જેવા છતાં નરમ એવા પદાર્થો અનુક્રમે આપવા શ્રેષ્ટ છે.

પેયમાં ગાયનું દૂધ સર્વોત્તકૃષ્ટ છેઃ ગાયના શેડકઢા દૂધનો ગુણ તેનું તાજાપણું ગરમી અને હળવાપણામાં છેઃ માના લોહીની જે સીધી ગરમી અને પ્રાણ ધાવણમાંથી મળે છે તેજ વસ્તુઓ ગાયમાતાના દૂધમાંથી મળે છે. બધા ડૉકટરોનો એ મત તો સરખો જ છે કે દૂધ અમૃત છે. બાળકની તન્દુરસ્તી માટે પ્રત્યેક ઘરમાં એક એક ગાય રાખીએ તો પણ કાંઇ ખાસ વધારે પડતું કર્યું ન કહેવાય. માબાપે નાનાં બાળકો માટે બનતા પ્રયત્ને ગાયનું દૂધ મેળવવું જ જોઇએ.

પોષણમાં ઉપયોગી તત્વો જેવા કે વિટેમીન્સ દૂધમાં સારા પ્રમાણમાં છે. પણ તે તાજાં દૂધમાં; દૂધ ઉકાળીને પાવામાં આવે તો ઉક્ત તત્વો બળી જાય છે. પરન્તુ દૂધ તાજું ન મળી શકે કે આપી ન શકાય તો તો દૂધ અવશ્ય ઉકાળીને જ આપવું; કારણ કે ઠંડા પડી ગએલ દૂધમાં રોગ કરનારાં જંતુઓ ક્ષણે ક્ષણે અસંખ્યપણે વધતાં જાય છે.

છાશ સારૂં પેય છે. ભાવે તેટલા પ્રમાણમાં બાળકને આપવી. ''છોકરાંથી છાશ ન પીવાય'' એ કહેવતનો કોઇ ખોટો અર્થ ન કરે. છાશ ખાવાથી માથું દુઃખે કે તાવ આવે એ વ્હેમ છે.

ચ્હા, કોફી, વગેરે ખોરાક જ નથી. તેઓ માત્ર ઉત્તેજકો છે. બાળકો માટે તે ત્યાજ્ય છે. બાળકોને

એકવાર આવાં પીણા પાઇને કે પીવા દઇને આપણે તેની શુદ્ધ રૂચી બગાડીએ છીએ. પછીથી તેને દૂધ નથી ભાવતું માટે 'શું કરીએ ચ્હા આપવી જ જોઇએ' એવો બચાવ કરીએ છીએ. વળી ચ્હા વગેરે ઘરમાં પીવાય તે જ કારણે બાળકો તે તરફ જવાં કરતાં હોય તો કાંતો ઘરમાંથી તેવાં પીણાને રજા આપવી જોઇએ અગર તો બાળકો માટે તે બંધ જોઇએ. આ બંધી સખ્ત ન લાગે માટે તેને રૂચીકર એવું બીજું પીણું બાણું આપણે આપવાની સરસ યોજના પ્રથમથી કરી રાખવી.

ચાટવા જેવા પદાર્થોમાં લાળીયું, ચોખાની પેજ, સારી વસ્તુઓ છે. જુવાર, બાજરો કે ચોખાની ઘાણીના લોટની કાંજી અગર બાળકો માટે સંપૂર્ણ અને હળવા ખોરાકો છે. નરમ ચોખા માખણ કે ઘી નાખી આપવા ઠીક છે: રોટલાનો ગરબલો ઘી અને ગોળનો લાડવો પણ સારો છે. ઢોકળાં બાફેલાં સારાં; તળેલાં નહિ. મુરબ્બાઓ અને જૅમ નાનાં બાળાકોનાં ખોરાક તરીકે સારાં નથી. થુલીનો દૂધપાક, થુલીની કાંજી સારી બનાવટો છે.

બ્રેડ અને બિસ્કોટોમાં બ્રેડ ફુલેલો પદાર્થ હોવાથી સારી ચીજ છેઃ બ્રાઉન બ્રેડ સારીઃ દુકાનની બ્રેડ

તાજી નથી મળતી. તે અસ્વચ્છ નીકળે છે. ખરાબ લોટ વાપરેલો હોય છે ત્યારે ઘનેડાં નીકળે છે. માટે બ્રેડ ઘરની તાજી બનાવેલી જોઇએ. બજારમાં જે નાનાં નાનાં રમકડાં જેવાં બિસ્કેટો નાનાં છોકરાંને લઈ દેવામાં આવે છે તે મેંદાના હોય છે તો બહુ નુકસાનકારક નીવડે છે. તે પૂરેપૂરાં કુલેલાં હોતાં નથી, બિસ્કુટ પણ ઘરનાં બનાવેલાં અને તાજાં જોઇએ.

બાળકને દાંત આવવા લાગે ત્યારે દાંતને મજબૂત કરે તેવા અને ચાવીને ખાવા જેવા પદાર્થો ખોરાકમાં ભળવા જોઇએઃ બાળકને પોચું પોચું ખવરાવવાથી દાંતના પેઢાં મજબૂત થતાં નથી. ખાવાના પદાર્થો એવા જોઇએ કે જે એમ ને એમ ગળે ઉતરી જાય જ નહિ. આ વખતે રોટલાના કટકા, ઢેબરાં, ખાખરા, એવી ચીજો આપી શકાય. તેની સાથે ગળપણ ઝાઝું ન આપવું. ગળપણ ઝાઝું આપવાથી ચાવીને લાળ ઉત્પન્ન કરવાપણું ન રહેવાથી રોટલી રોટલાના બટકાં ચવાયા વિના ગળા હેઠે ઉતરી જાય છેઃ તે નુકસાન કરે છે. આ વખતે બાળકને ચાવવાની ટેવ તરફ લઇ જવું. વારંવાર તે બતાવી આમ ચાવ્યું કહેવાય તે સમજાવવું. નરમ પદાર્થો ખાવામાં આવતા હોય તો તે કઠણ પદાર્થો સાથે નહિ પણ

આગળ પાછળ આપવા. શેકેલાં અને કડકડ બોલાવીને ખવાય તેવી ફળથી જેવી ચીજો સારી છે.

મીઠાઇ બાળકોને ભાવે છે. તેમને સાકરના તત્વની વિશેષ જરૂર છે એમ મનાય છે. મીઠાઇથી બાળકો માંદાં પડે છે તેનું કારણ તો તેઓ વધારે પ્રમાણમાં ખાય છે તે છે: ટીકડી પિપરમેન્ટ ચોકલેટ ઓછા પ્રમાણમાં અપાય તો સારૂં. મીઠાઇ વગેરે ગળ્યા પદાર્થો ખાધા પછી બાળકો પોતાનું મોઢું સાફ કરી જ નાખે તેવી ટેવ પાડવી જ: મોઢું ગળ્યું રહેવાથી દાંત બગડે છે. મીઠાઇનું મોટું નુકસાન તેમાં છે. કઇ મીઠાઇ આપવી ને કઇ ન આપવી તે બાબતમાં બાળકોની રૂચી અને ગમવા ઉપર છોડવું. બજારની મીઠાઇ કે જેના ઉપર માંખીઓનો થર જામે છે તે સર્વથા ત્યાજ્ય જ છે.

ફળોનો ખોરાક સારો છે. તેમાં વિટેમીનનાં તત્વો વધારે પ્રમાણમાં છે. ફળો ગળ્યાં હોવાથી બાળકોને ભાવે પણ છે. સુકાં કરતાં લીલાં ફળો સારાં છે. ફળો તાજાં તો જોઇએ જ: કેરી વગેરે રસવાળાં અને ગરવાળાં ફળો વધારે સારાં. ઋતુ ઋતુનાં તાજાં ફળો ધરાય તેટલાં ખાવામાં હરકત નથી. માત્ર ખાનાર બાળક તંદુરસ્ત અને તેની રૂચી અવિકૃત જોઇએ. ફળોમાં સંતરાં, નારંગી, દાડમ, અંજીર, દ્રાક્ષ લીંબુ, પોપૈયા, આલુ, અંજીર એ

ફ્રળો ખાસ વાપરી શકાય. ઓછા પ્રમાણુમાં બદામ પણ સારી.

અક્રોડ–અખ્રોટ, બ્રેાર સફરજન જેવાં ફ્રળો સારાં નથી :

અન્નની બાબતમાં ઘઉં મુખ્ય બ્રેારાક છે. શરીર બંધારણમાં પ્રેાટીનની જરૂર ઘઉંમાંથી સરસ રીતે પૂરી પડે છે. ફ્રેાતરાં કાઢી નાખેલા ઘઉંનેા વપરાશ ઓછી શક્તિવાળેા બને છે. ફ્રેાતરાં સુદ્ધાંત છેાડાંની થૂલી ઘણેા પેાષક બ્રેારાક છે. ઘઉંમાં વિટેમીન્ટસ પણ પૂરતા પ્રમાણુમાં છે: ઘઉં કરતાં ભાતનેા બ્રેારાક ઉતરતેા ગણાય. ઘઉંની રેાટલીનેા લાડવેા પૌષ્ટિક અને સ્વાદુ બ્રેારાક છે.

કઠેાળમાં તુવેર, મગ, ચણા વટાણા સારાં કઠેાળેા છે. કઠેાળનું વધારે પ્રમાણ બહુ સારૂં નથી. જેને ખૂબ અંગ મહેનત કરવાની હેાય તેવાંઓને કઠેાળ વધારે પ્રમાણમાં લેવામાં હરકત નથી. બાફેલા કઠેાળ થેાડા પ્રમાણમાં સારા. બાફેલા ટેટવા, પલાળેલા ધાન્યેા, બાજરી, મગ વગેરે તેમજ, ઘઉં, ચણા જુવાર, મકાઇનેા પેાંક શીજરતા પ્રમાણમાં સારા. એમાં ઋતુની વિવિધતા છે તેમજ બ્રેારાકની નવીનતા છે.

ઘણું બાળકોને શાક ભાવે છે. શાક ભાજીમાં વિટેમીન્સ ઘણા મોટા પ્રમાણમાં રહેલાં છે. તેના ઉપયોગથી સ્ફુર્તિ મળે છે. મળ સાફ સાફ આવે છે. છતાં ગુવાર જેવા તરણાંવાળાં શાકો આંતરડામાં ભરાઇ કબજીયાત કરે છે. શાકોનો રસો ખાસ કસદાર છે. રાંધેલા શાકમાંથી રસો ખાવાનું બાળકોને બતાવવું. શાકોને ઉકાળીને તેની પાતળભાજી અને સૂપ કરવાં એ સારું છે. શાકના ક્ષારો વગેરે તત્વો એ રીતે વધારે ચોખ્ખા પ્રમાણમાં મળશે: શાકોમાં કેટલાંએક શાકો જેમકે મૂળા, મોગરી, કુણી, શકરીયાં, ગાજર વગેરે કાચાં ને કાચાં ચાવીને ખવાય તો વળી વધારે સારું. શાક મસાલેદાર બનાવવાથી શાકનો મૂળ સ્વાદ ઘટે છે. બાળકો પોતાને જોઇતો મશાલો મીઠું વગેરે ઉપરથી લઇને ખાય તે માટે શાકો બાફેલાં રાખીને બતાવી જોવું જોઇએ. એકન્દરે મશાલા પ્રિય વૃત્તિ બાળકમાં પરાણે દાખલ ન કરવી. બાળકને તેની ટેવ પડાવવા આગ્રહ પણ ન રાખવો. બાળકની રૂચીનો અભ્યાસ કરી તેની જીભને ગમતું ને ભાવતું આપવું.

ઓસામણ—બાળકોને જૂદા જૂદા કઠોળોનું ઓસામણ કરી આપવું. તે રોચક અને ભુખને તાજી કરનારૂં તથા પાચક નીવડશે.

વળી ખોરાકની બાબતમાં કેટલાએક વ્હેમો ચાલે છે. તે આવી જાતના છે. હવે આપણે આવા વ્હેમોને છોડીને આપણું આરોગ્યશાસ્ત્ર તથા સૂપશાસ્ત્રનું જ્ઞાન વધારીએ.

*"આપણે એમ માનીએ છીએ કે છોકરાંઓને ગળપણ નં આપવું જોઇએ. ગળપણથી પેટમાં જીવડાં પડે ને બાળકો માંદા પડે.

વાત એમ છે કે બાળકોને ગળપણની બહુ જરૂર હોય છે. સાકર શરીરમાં ગરમી ઉત્પન્ન કરનાર પદાર્થ છે. મોટાં માણસો ભાત બટેટાં વગેરે પદાર્થો પુષ્કળ પ્રમાણમાં ખાય છે. આ પદાર્થોની પેટમાં સાકર થાય છે. બાળકોની હોજરી અને આંતરડા ભાત વગેરે થોડા પ્રમાણમાં પચાવી શકે છે. તેમને ખાંડ ગોળ વગેરે આપવાની જરૂર છે.

ખાંડ ગોળથી બાળકો માંદા પડે છે એનું કારણ ગળપણ પોતે નહિ પણ ગળપણ ઉપર માખીઓ વધારે બેસે છે. ધૂળ વગેરે પણ ગોળ ઉપર ચોંટી જાય છે. માખીઓ અને રસ્તાની ધૂળ એટલે રોગ માત્રનું સંગ્રહસ્થાન. ખાંડ ગોળ ધોઇ શકાતાં નથી. માટે બાળકો માટે ખાંડ ગોળ કાચા નં વપરાયએ સારૂં છે.

* શિક્ષણ પત્રિકા અંક ૧૧ વર્ષ ૧ લે. તારાબેન

આપણામાં એ પણ વ્હેમ છે જ કે 'કાચી ખાંડ કે ગોળ નુકશાન કરે.' એનો અર્થ એ છે કે ખાંડ ગોળ ઉપરનાં રોગના જંતુઓનો નાશ કરીએ ત્યારે તે નુકશાન ન કરે. ખાંડ દૂધમાં ઉકાળી શકીએ. રોટલી સાથે ખાવા માટે ખાંડ કે ગોળની ચાસણી કરીને રાખી શકાય. ગોળ ને ઘી ગરમ કરીને રોટલી સાથે આપી શકાય.

ગળપણને મુખ્યતઃ માખીઓથી બહુ સાચવવું જોઇએ. માખીઓ ગંદકી ઉપરથી ઉઠીને ગળપણ ઉપર બેસે છે ને રોગો ફેલાવે છે.

'બાળકને તીખું ખારું બધું ખાવાની ટેવ પાડવી જોઇએ. તીખું ખારું ખાવાથી તે વધારે તંદુરસ્ત બને છે.' આ પણ એક વ્હેમ છે.

બાળકને તીખાની રૂચી છે જ નહિ. તીખું તો જીભને બાળનારો પદાર્થ. તીખાથી રૂચી સ્વાભાવિક મટીને અસ્વાભાવિક થાય છે. તીખું ખારું એ ખાસ ટેવાયેલી રૂચિ છે. તીખા ખારામાં ઉત્તેજકપણું હોવાથી અન્ન વધારે ખવાય છે. પણ સ્વાભાવિક ભૂખ શમાવવા જેટલું જ અન્ન શરીરને હિતકારક છે. બાળકની જીભ નાનપણથી મશાલાવાળાં કે તેલ મરચાં વાળાં ખોરાકથી બગાડવી ન જોઇએ.

તેને તે પરાણે તો ન જ અપાય. બાળક પોતાની મેળે રૂચીથી શાક દાળ વગેરે ચાખવા માગતું હોય તો આપણે ખાઇએ તે પ્રકારના તો નહિ પણ કાંઇક મોળા પદાર્થો તેને અપાય.

'છાશ કે દહીં ખાવાથી બાળકને ઉધરસ થાય ને તે માદુ પડે.' આ ત્રીજો વહેમ.

છાશ કે દહીં શરીરને બહુ જ ઉપકારક વસ્તુઓ છે છતાં કેવળ વહેમથી જ આપણે બાળકને તેનાથી વંચિત રાખીએ છીએ.

અતિશય ખાટી છાશ દહીં કે બગડેલા દૂધનું ગંધાતું દહીં તો જરૂર હાની કરે. તાજી ને જરા મોળી છાશ ને સરસ જામેલું દહી બાળકને માગે તેટલું આપી શકાય.

'કેળાં કે ખજુર વગેરે ફળો બાળકને બહુ જ નુકશાન કરે છે' એવો પણ વહેમ છે.

ખરી રીતે કેળાં ને ખજુર બન્નેમાં સાકરનું પ્રમાણ પુષ્કળ છે. ફળો નરમ છે એટલે બાળકો સારી રીતે ચાવી શકે છે ને તેમાં ન પચવા જેવું કશું જ નથી.

બેશક ગંદા ખજુરથી, અને સડી ગયેલા કે ઉતરી ગયેલા ફળોથી ચેતવાનું છે. તેમજ અતિશય વધારે પ્રમાણમાં તો કોઈ પણ સારી વસ્તુ નુકસાન કરે જ.

'બાળકને સાવ નરમ ભાત, કે દૂધમાં ગળી ગયેલી રોટલી વગેરે નરમ ખોરાક સારો એવું પણ માનવું છે.' પણ બાળક ચાવીને મોઢાની લાળ અંદર મેળવીને ખાય એવા પદાર્થો તેને માટે સારા છે. બેશક ખાવાનું બાળકના દાંત ચાવી શકે એટલું જ કડક રાખવું. દાંત દુખવા આવે એટલું નહિ. તેમ ગળી જાય એવું પણ નહિ."

આપણે હજી ખોરાકની બાબતમાં પ્રયોગો કરવાની જરૂર છેઃ ઘરોમાં તેમજ શાળાઓમાં આ પ્રયોગોને અવકાશ છે. એમાં ડાકતરી દૃષ્ટિ અને સહાયની જરૂર છે. ડાકતરો, માબાપો અને શિક્ષણશાસ્ત્રીઓ આ બાબતમાં સાથે મળી પ્રયોગો કરે તેમાં વધારે સરળતા છે.

ખોરાક વિષે વિચારતાં બગડાવનાર અને બાનાર વિષે થોડું એક કહી શકાય.

બાનાર રૂચી હોય ત્યારે જ બાયઃ અમુક સમયે જ બાવાના સખ્ત નિયમનથી રૂચી વિના બાધેલું અન્ન રોગજનક થશેઃ વખત બે વખત બાધા જ કરવું એ પણ રોગ ઉત્પન્ન કરે છે. આપણા બાવાના સમયો અને બાળકોના સમયોમાં તેમજ તેની સંખ્યામાં ફેર હોવો જોઇએઃ બાળકોના સમયો જ્યાં જ્યાં આપણી સાથે ગોઠવાઇ શકે ત્યાં ત્યાં ગોઠવીને બાકીના સમયો તેમને માટે ખુલ્લા રહેવા

જોઇએ.

બાળકોને પોતાના સમયો હોઇ શકે. તેઓ સમયના કોઇ પણ બંધન વિના ગમે ત્યારે ખાય એમાં લાભ નથી લાગતો. પણ ભૂખ લાગે ત્યારે તો ખાવું જ જોઇએ. ખોરાકમાં બાળક પોતાનો ખોરાક પસંદગીથી જ ખાય. આપણે કદાચ એટલું જોવાની દરકાર રાખીએ કે તે પોતાનું પેટ ભરે છે.

બીજું બાળકોને જમાડતી વખતે તેને કશું પરાણે ન ખવરાવવું જોઇએ. ફલાણું ખાવાથી લાભ થાય, ફલાણું ખાવાની ટેવ જોઇએ જ નહીતર જ્યાં ત્યાં જઇને ભૂખે મરીએ એમ કહી તેની મરજી વિરૂદ્ધ ન ખવરાવવું.

પડયું ન રહે માટે તેને પરાણે ખવરાવવું એતો ગટરમાં નાખી દીધાથી પણ ખરાબ છે. ગટરમાં અન્ન નાખી દઇએ તો તે ત્યાં સડી જશે ને અન્નનું જ નુકસાન થશે પરન્તુ પરાણે પેટમાં નાખવાથી તો તે પેટમાં સડીને પેટને પણ સોડવશે.

પીરસવામાં જરા કાળજી રાખીએ, તો પડયું રહેવાનો માઠો સંભવ છે.

કોઇને ત્યાં જઇને પડયું ન મૂકાય પડયું મૂકીએ તો બીજાને ખોટું લાગે, અન્નનું અપમાન કર્યું કહેવાય, એવી શિષ્ટાચાર અને વહેમની વાતો

બાળકોને શીખવવા કરતાં કોઇ ભલે વધારે. પીરસી નાખે પણ આપણને ભાવતું ન હોય તો એક કોળીએ પણ વધારે ન ખાવો એમ સમજાવવું એમાં એનું હિત છે.

વધારે, ઠાંસીઠાંસીને ખાવાથી મજબૂત થવાય છે, એકવારમાં બેવારનું ખાઇ લેવાય છે. નાતમાં લાડવા કે એવું તો જરા તણાઇને ખાવું જ જોઇએ એવા વિચારો આપણે બાળકોમાં રૂઢ કરી તેને બાધરૂં બનાવીએ છીએ. નાનપણથી પડેલી ટેવ ઘડપણ સુધી જતી નથી. આ વાત પણ ધ્યાનમાં રાખીએ.

જમતી વખતે બાળકનું મન પ્રસન્ન રહેવું જોઇએ. મા કે બીજું જે કોઇ પીરસનાર અને જમાડનાર હોય તે બાળકને જમતી વખતે ટોકે નહિ. તેની બેસવાની, કે ખાવામાં હાથ બગડ્યો, પગ બગડ્યો, પેરણ બગડ્યું ને પાટલો બગડ્યો એવી ભૂલો કાઢવી નહિ, અથવા ભણતાં નથી આવડતું, આવો છો ને આવી છો એમ કહી તેનું મન દુઃખાંવવું નહિ. બાળકને ખોરાકનો ખરો લાભ થવા દેવો હોય તો રસોહું ખરેખરા આનંદનું સ્થાન બનવું જોઇએ. આ વાત સમજી શકાય છે. કલેશયુક્ત વાતાવરણમાં કે દુઃખપૂર્ણ માનસિક સ્થિતિમાં ખાધેલો ખોરાક અમૃત ન થતાં ઝેર થાય છે. ભય અને ચિંતામાં ખાધેલું

અન્ન નકામું જાય છે. કંટાળા ભરેલા કે અનુત્સાહક વાતાવરણમાં લીધેલા ખોરાકની અસર થાય જ છે. બાળકોની બાબતમાં આ વાત ધ્યાનમાં રાખવી જ જોઇએ. ઘણી મોટી સંખ્યામાં માબાપો આ વાત તરફ લક્ષ ન આપતા પોતાના રોષો કાઢવાનું, ગામોની લડતો લડવાનું, અને બાળકોને ધમકાવવાનું સ્થાન રસોડું બનાવે છે; તેથી બાળકોને મીઠો એવો ખોરાક પણ પૂરો ફાયદો આપતો નથી.

ટુંકમાં કિંમતી ખોરાકો કરતાં પ્રસન્ન ચિત્તે લીધેલો ખોરાક વધારે પોષક નીવડે છે.

બીજું બાળકો ચાવીચાવીને પહેલેથી બતાં શીખે તે તરફ આપણે તેમનું ધ્યાન ખેંચીએ. આ બાબતમાં વિસ્તાર કરવાનું આ સ્થાન નથી.

છેવટમાં બાળકના શરીરના બંધારણનો મુખ્ય આધાર ખોરાક છે. માટે આપણે તે બાબતમાં જેટલી કાળજી લઇએ તેટલી ઓછી છે.

બાળકોની કુટેવો

લેખક:
ગિજુભાઈ

પ્રકાશક :
નાનાભાઈ, ગિજુભાઈ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

મુદ્રક: સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ

પ્રત ૨૫૦૦

સ ૧૯૮૩

બાળકોની કુટેવો

રતુભાઇ અને રેવાબેન તેવતેવડાં છે. બન્નેને પાંચમું વર્ષ ચાલે છે.

ચંદનબેને ચિંતાપૂર્વક વાત રજુ કરી કે 'રતુભાઇ અને રેવાબેન સાથે રમે છે તો ધ્યાન રાખજો. એને બરાબર ટેવ પડી હોય તેમ લાગે છે.'

મારું એ બાબત પર ધ્યાન છે જ. સાધારણતઃ બાલમંદિરનાં નાનાં કે મોટાં બાળકો મંદિરમા હોય છે ત્યાં સુધી કયાં બેસીને અને શું કામ કરે છે તે હું જોયા જ કરું છું. બને તેટલી તેમની વાતો પણ સાંભળવાનો પ્રયત્ન કરૂંછું.

બાલમંદિરમાં આવીને કેટલાંએક બાળકો 'ચાળા કરવાની' રમતો એકલાં અથવા એક બે જોગા થઇ નહિ જ કરતાં હોય એમ ન કહું; પણ મેં તેમને તેમ કરતાં કદી જોયાં નથી. ઘર-

ઘરની રમતમાં તેઓ પણ ન સમજી શકે તેમ સંસારનું જીવન પ્રતિબિમ્બિત કરે છે. એક રીતે ત્યાં તેઓ જેમ અતૃપ્ત ઇચ્છાઓને તૃપ્ત કરવાનો વખત લે છે તેમજ તેઓ માબાપનું જીવન જીવવાનો પ્રયત્ન કરે છે. તે રમતોમાં જ્યારે જ્યારે ને જ્યાં જ્યાં મને ઠીક ન લાગે તેવું દેખાયું છે ત્યારે ત્યારે મેં તેનું સ્વરૂપ બદલી નાખ્યું છે; દાખલા તરીકે ઘરઘરની રમતમાં ખોટું ખોટું શાક લેવા જવું ને ખોટું ખોટું રાંધવું વગેરે કરવાને બદલે ઘર સાફ કરવું, મોટા મોટા પથરા લાવી તેની દિવાલો બાંધવી વગેરે જાતનું કામ બતાવું છું.

રતુભાઇ અને રેવાબેન સાથે રમતાં જોવામાં આવે છે. ઘણી વાર બાળકો સાથે મૂતરવા કે હગવા જાય છે. શેરીમાંથી કે ઘરમાંથી કોઇ બાળકને 'શી' ચૂંથવાની ટેવ પડી હોય છે તો તે બીજાને તે વખતે તાવે છે અથવા તો તે બીજું બાળક જુએ છે ને તેમ કરવા પ્રેરાય છે.

'શી' ચૂંથવાનું એક અને મુખ્ય કારણ 'શી' રહે છે તે છે. આપણે જાણતાં નથી કે 'શી'ની અંદર ભરાયેલો મેલ કાઢી નાખવામાં ન આવે તો બાળકને ચળ આવે છે ને તેથી તે ચૂંથે છે.

પણ કહેવાય છે કે બાળકને પેટમાં કૃમિવિક્ષર

વધારે બળવાન પ્રમાણમાં હોય છે ત્યારે પણ તેની 'શી' એ ચળ આવે છે. મળદ્વારે પણ ચળ આવે છે.

ઘણીવાર માબાપો 'શી' ને સાફ કરવાનું સમજે છે પણ વધારે સાફ કરવામાં જ એક જાતની ચળ ઉત્પન્ન કરે છે.

કેટલાંએક માબાપો કે સગાસંબંધીઓ ગમ્મત ખાતર પણ બાળકના 'શી' ને સ્પર્શી તેમાં ચળ ઉભી કરે છે. એમાં તેઓ એક જાતનો આનંદ લે છે. 'શી' ને જાતજાતનાં નામથી સંબોધે છે. આવાં માબાપો ઘણું ખરૂં અશિક્ષિત અને ગામડાનાં હોય છે. છતાં શહેરમાં વસતાં પણ એ જ ઢબછબનાં માબાપો પણ એવું જ કરે છે.

ઘણીવાર માનસિક માંદગી વાળા માં બાળકોના 'શી' ની ચળમાં નિ તેથી આવતા ચલનમાં —તેને જોવામાં—આનંદ લે છે.

વળી કે ભાંધભાંહુઓને આવી ચળમાં ગમ્મત આવ્યાનો અનુભવ થયો છે તેઓ બીજા બાળકોમાં ચળ પેદા કરવાનો માર્ગ શોધી કાઢે છે.

બાળકોને ઘણીવાર ચળની મઝાનો માર્ગ એકા-એક જડી આવે છે. ઘણીવાર બાળક ઉંઘું સૂતું હોય છે તેથી 'શી' દૃષ્ટિમાં આવે છે ને તેથી ઘર્ષણ થતાં

તેમાં જાગૃતિ આવે છે ને પરિણામે ચળનો આનંદ આવે છે.

કેટલીકવાર ચડીએ કડક પડતી હોવાથી ચડીનું લૂગડું 'શી' સાથે ભટકાય છે ને તેથી ચળ પેદા થાય છે.

ગરમ ખોરાક, અત્યન્ત ગરમ કપડાં, સખ્ત ગરમ હવા, ઓઢવાનાં ગોદડાં વગેરેનું દબાણ ને એવું એવું પણ ચળ પેદા કરે છે એવું મારૂં માનવું અને કંઇક અનુભવ છે.

જરા આગળ જઇને કહીએ તો વિજાતીય બાળકોનાં સાથે સૂવામાં ચળનો જન્મ સંભવિત છે. વળી શરીરોના સાથે અથડાવાથી તેમ બને છે.

ચળ વાતાવરણમાંથી પણ આવી ચડે છે. માબાપોનું અને સંસારીઓનું વાતાવરણ ચળનું જો કે બિલકુલ માની ન શકાય તેવું અને દેખીતી રીતે દૂરદૂરનું છતાં ચોક્કસ અને મજબૂત કારણ હોય એમ મારૂં માનવું છે.

આમ ચળનાં ઘણાં કારણો છે. બસ કે બરજાતું થાય છે તેને બદલે છે કે ચળ એ રોગમાંથી ઉત્પન્ન થએલી વસ્તુ છે છતાં કેવી મીઠી લાગે છે. ઇંદ્રિયોના સર્વભોગો પણ એક રીતે ચળનું જ પરિણામ છે પરંતુ આપણે તેના વિધિનિષેધો મૂકીને ચાલીએ

છીએ તેથી એ ચળને આપણે ત્યારે જ ખરાબ કહીએ છીએ કે જ્યારે આપણને તેનાથી શારીરિક, માનસિક કે આધ્યાત્મિક કે બીજું કોઇ જાતનું નુકસાન થાય છે.

વળી ચળ મનુષ્યમાં અમુક વખતે સ્વાભાવિક અને અકૃત્રિમ હોવાથી તે ઇષ્ટ અને ધર્મ્ય હોઇ શકે છે પરન્તુ બાળકોમાં તો ચળ શરીર અને મનના રોગનું પરિણામ છે, વાતાવરણની માઠી અસરનું ફળ છે માટે તેનો તો અવશ્ય વિચાર કરવો ઘટે જ છે.

ઉપર કહ્યાં જે જે કારણોથી બાળકમાં ચળ પેદા થાય છે તેમાંનું કયું કારણ અમુક બાળક પરત્વે છે એ શોધી કાઢવું જોઇએ. આ શોધવા માટે આપણે બાળકને તેમની ચળની સ્થિતિમાં અવલોકવાં જોઇએ. ઘણીવાર આપણે આપણી પોતાની જ તેમના પ્રત્યેની વર્તવાની રીતથી આપણે તેમને વિશેનું અવલોકન અશક્ય અથવા મુશ્કેલ કરીએ છીએ. બાળકને જ્યારે લાગે કે આ લોકો આપણી ક્રિયાને જોવાને બેઠા છે, અથવા તેઓ જ્યારે તે વિશે અપિણને બોલતાં સાંભળે ત્યારે તેઓ પોતાની ક્રિયા વિશે આપણે કંઇક ધારીએ છીએ એવો ખ્યાલ લે છે. નાજુક પ્રકૃતિનાં બાળકોને આપણે તેમની પ્રવૃત્તિ વિશે વાતો કરીએ કે તેમને કામ કરતાં જોઇએ તે પણ ગમતું

નથી. તેઓ બધું સંતાપને કરવા માગે છે. તેઓને જાણે કે આપણી શેહ પડે છે કે છાંયા લાગે છે. નાજુક પ્રકૃતિનાં ન હોય તેવાં બાળકો પણ જ્યારે તેમની પ્રવૃત્તિ વિશે ટીકા થતી સાંભળે છે ત્યારે કે જ્યારે તે પ્રવૃત્તિ વેશે આપણે 'યોગ્ય' 'અયોગ્ય' એવું પ્રમાણપત્ર આપી એકનો આદર અને બીજાનો તિરસ્કાર, એક માટે સ્તુતિ બીજા માટે નિંદા, એક માટે ધનાભ બીજા માટે શિક્ષા કરીએ છીએ ત્યારે તેઓ પોતાની પ્રવૃત્તિઓ સંતાડે છે. તેઓને જ્યારે 'ગિજુભાઇ' વિશે એમ લાગે છે ત્યારે તેઓ બને તેટલા છુપાઇ જાય છે. સાધારણતઃ બાળકોનાં દિલ આપણાં તરફ ઉઘાડાં હોય છે. તેમની પ્રવૃત્તિ તેઓ તેમનાં અંગ જેમ ખુલ્લી જ રાખે છે. તેઓ શરીર અને મનથી નગ્ન જ રખડે છે. પણ જ્યારથી આપણી શરમ અથવા ધમકી અથવા વઢવું અથવા પાપ અંપાપની ફિલસુફિ અથવા 'એમ થાય નહિ' અથવા 'છીટ' એવું આવે છે ત્યારથી તે અન્તર બાહ્ય કપડાં પહેરવા માંડે છે. તેને તેમ કરવાની ફરજ પડે છે ને ત્યાર પછીથી બાળકને અવલોકવાનું કામ આકરું થઇ પડે છે.

માટે પ્રથમતઃ આપણે બાળકોને તેઓ જે કરે છે તે વઢ્યા વિના જોઇએ. તેઓ ખરેખર શું કરે

છે તે જોઇને તે શા કારણથી કરે છે તેની ખોજ કરીએ અને પછી તે કારણો જ દૂર કરીએ.

વ્યક્તિગત અવલોકનમાંથી જે જંડી આવે તે ઉપરથી વ્યક્તિગત ઉપચાર કરવા ઉપરાંત અત્યાર સૂધીમાં જાતઅનુભવથી જે જાણવામાં આવ્યું છે તેનો પણ લાભ લઇએ.

બાળકોને બીજાં બાળકો સાથે રમવું ગમે છે. રમવાની જરૂર પણ છે. પણ તેથી બાળકોને ગમે ત્યાં ગમે તેની સાથે અને ગમે તે રમત રમવા છૂટાં ન જ મૂકવાં. બાળકને ન ભાસે તેમ આપણે તેની કાળજી લીધા જ કરવી.

શેરીના પાંચ છોકરાં ભેગાં થાય ને રમે ત્યારે જોવું કે કોણ કોણ કેવી ટેવવાળાં, કેવા ઘરમાંથી આવેલાં, કેવી રમતો તરફ આખી મંડળીને તુરત જ ઉપાડી જાય તેવાં છે. સારા ઘરનાં બાળકો જેને ચળ વિશે કશી ખબર નથી પડી હોતી તેઓ શેરીની અંદર ભેગાં થએલાં બાળકો પાસેથી ચળની વાત જાણે છે. નવીનતા હોવાથી તેમાં મોહ થાય છે. ચળનો નવો અનુભવ વિચિત્ર અને ફરી ફરી ને જોવા જેવો લાગતાં તે ફરી ફરીને કરવા જાય છે એટલામાં તો તે ખરાબ ટેવમાં સપડાઇ જાય છે. આવે વખતે જો બાળકને શેરીમાંથી ખુબીથી દૂર કરવા ઉપરાંત બીજી પ્રવૃત્તિ

ઉપર ચડાવવામાં ન આવે તો અને ઉલટું તેને ધમકાવી શેરીમાં જવા દેવાની કે આમ તેમ ન ફરવાની સખ્ત મના કરવામાં આવે તો બાળક ચળને છાનું માનું કરશે. કંઇક ઓઢીને કરશે. એકાદ અંધારી જગાએ જઇને કરશે.

બાળકને ખોટો પણ જેમાં રસ લાગ્યો હોય તેની સામે જ્યારે વિરોધ થાય છે ત્યારે તે સામો વિરોધ કરે છે; માત્ર તે ગુપ્ત પણે.

માટે આપણે આપણાં બાળકોને પ્રથમ સારી સોબતમાં મૂકવાનો ખૂબ આગ્રહ રાખીએ. પૈસાદાર-ના છોકરાં સારાં ને ગરીબનાં નહિ, ફલેવાતાં ખાનદાનનાં બાળકો સાથે ભળવાં દેવાં અને દેખીતા અજડ માણસોનાં બાળકો સાથે નહિ એવું ધોરણ ખોટું છે. ઘણીવાર ઉપરની ખાનદાની અને સંસ્કારીતા પાછળ વધારેમાં વધારે કચરો હોય છે; જ્યારે ઉપલક અજડ-પણા પાછળ સાંફ સાફ ચોખ્ખાઇ પણ હોય છે. એટલે આપણાં બાળકોનાં સાથીઓની પસંદગી બાળકની પરીક્ષા કરીને કરવી.

બીજું બાળકો જ્યારે આપણાથી છાનાં રમવા માગે ત્યારે આપણે તેમનો વધારે ચિંતા ભર્યો વિચાર કરવો કુટેવ વાળાં બાળકો દૂરની કે એકાંતની જગા માગશે. ત્યાં રમવાનો ડોળ કરશે. પણ તેમાંથી

કુટેવને ચલાવી શકાય તેવી રમત શરૂ કરશે. અનુભવીઓ જાણતા હશે કે બાળકો ઘણીવાર દાક્તર દાક્તરની કે એવી રમતમાંથી 'શી' ચૂંથવાની કે એવી રમત લે છે. અવલોકનકારને ખબર છે કે સાધારણ રીતે બાળકોની રમતમાં ગડબડ ધોંધાટ દોડાદોડ વગેરે હોય છે પરન્તુ જ્યારે તેઓ ચળની રમતે ચડે છે ત્યારે તેઓ ચૂપચાપ અને શાંત બને છે. બહુ શાન્ત રમત ચાલતી હોય ત્યારે શું થાય છે તે તપાસી લેવાની જરૂર છે.

માટે બાળકો જાણીતી જગ્યાએ, આંખ તળે, ઉઘાડી રીતે રમે તે ઇષ્ટ છે. આપણને ગડબડ થતી હોય તો શાન્તિથી રમત કેમ થાય તે બતાવીએ, શાન્ત રમતો બતાવીએ, અગર ગડબડ સહન કરીએ અગર ખુલ્લા હવાપ્રકાશવાળા મેદાનમાં રમવાની વ્યવસ્થા કરીએ. કુટેવવાળાં બાળકોને એકાંત, અંધારૂં, થોડી સંખ્યા વગેરે અનુકૂળ થઈ પડે છે.

કુટેવવાળાં બાળકોને તેમની બોલવાની રીત ઉપરથી ઓળખી શકીએ.

જ્યાં સુધી માબાપ અને બાળકો ઉભય વચ્ચે વિશ્વાસ છે ને બાળક માબાપથી નિર્ભય છે ત્યાં સુધી બાળક પોતાની વાત છૂપાવશે નહિ; છૂપાવવાનું એક મનઘડત કારણ ભય છે. જ્યારે એકવાર

બાળકને ભય લાગી જાય છે ત્યારપછીથી તેને નિખાલસ કરવું ભારે મુશ્કેલ છે. ત્યારપછીથી નિખાલસ કરવાના પ્રત્યેક પ્રયત્ને તેને ઢોંગી થવું પડે છે. એકવાર બાળક ભયવશાત્ જૂઠાં બોલું થયું એટલે તો તેને જ ક્યાં ખોટું છે ને ક્યાં સાચું છે તે પારખવાની ભાંજગડ કરવી જ પડશે.

જૂઠાં બાળકો 'હંમેશ કાંતો નીચું જોઇને, કાંતો ખુશામત ભર્યું હસીને કે ગેલ કરીને, કાંતો ડરતાં ડરતાં, કાંતો અચકાતાં અચકાતાં, કાંતો અગાઉથી જ 'હું કહું છું તે સાચું કહું છું, અથવા તો અમારે તો સારી રમત રમવી છે, ફલાણાભાઇ અમને આમ આમ રમાડે છે પણ અમે એમ નહિ રમીએ' એમ બોલશે. જૂઠાની ઓળખાણ માટે આ બધું ધ્યાનમાં રાખવું.

આગળ લખ્યું તેમ એક ઉપચાર બાળકોને સારી સોબત આપવાનો છે.

બીજો ઉપચાર બાળકોને નિરોગી અને ખાસ કરીને સ્વચ્છ ઇંદ્રિયોવાળાં રાખવાનો છે. આ ઉપરાંત ઉપર જે જે બાબતોથી ચળ પેદા થાય છે તે તે દૂર કરવામાં ઉપચાર રહેલા છે.

આપણે ઉપચાર કરીએ પણ બાળકને તે વિષે બરાબ સારો અભિપ્રાય ન બતાવીએ. તેને દુષ્ટ કે

પાપી કે તોફાની કે ખરાબ કહી ધૂતકારીએ નહિ. જેમ ડાક્તરો રોગનો ઉપાય કરવાનું કામ કરે છે, ઠરદીને વઢવામાં કે દુષ્ટ ઠરાવવામાં કશું વળતું નથી એમ જાણે છે તેમ જ આપણે આ બાબતમાં કરવાનું છે.

આપણા ઉપાય એવા તો ન જ હોય કે બાળક ઇંદ્રિયને ચૂંથે ત્યારે કહીએ કે 'રોયા હાથ અડાડીશ તો હાથ કાપી નાખીશ.' 'રાંડ હવે જો એમ કરીશ તો મારી જ નાખીશ.' આપણે એમ પણ ન કહીએ કે 'જો ને ભૂંડો ભૂખ જેવો લાગે છે. રોયા ચોરણી પહેરી લે.'

આ ગંદું છે, છી છે, હાથ ધોઇ નાખો. એમ એમ કહીએ તો તેમાં કાંઇક ઠીક છે પરંતુ બાળકને એવો ભેદ પાડતાં નથી આવડતું. એને ટેવને લીધે મોઢામાં હાથ નાખવો કે નાકમાં આંગળાં નાખવા ગંદાં નથી લાગતાં. તે માટે તો. તે ટેવો દૂર થાય તેવા સીધા કે આડકતરા ઉપાય જ કરવાના રહ્યા.

બાળકો રમત રમતમાં બથોડાં ભરે છે. કુસ્તી કરે છે. એક બીજાને હાથ ફેરવે છે ત્યાં પણ તીવ્ર દૃષ્ટિથી જોતાં રહેવાનું છે. એમાંનું એકાદ બાળક બાળની કુટેવમાં હોય છે તો તે અન્યને તેમાં લા

જાય છે. શરીર ઉપર હાથ ફેરવતાં ફેરવતાં ગુહ્ય ઉપર હાથ લંબાઇ જાય ત્યાં ગદ્દગદીઆં કરી ચળ ઉત્પન્ન કરે છે ને ત્યારથી નવું બાળક ટોળીમાં ભળે- છે. બથોડા-માં શરીરે શરીરનું સંઘર્ષણ ચળની ગતિમાં બાળકને ઉપાડી ન જાય તે જોવું જોઇએ. બધાં બથોડાં ખરાબ છે એમ નથી પણ અણસમજણે મોટા બાળકો નાનાં બાળકોને ગમે તેવાં ગદ્દગદીઆં કરે છે તેની પાછળ અજાગૃત એવો વિકાર sex નો sensation અનુભવ છે. સામું બાળક ઘણીવાર તેવા જ-ભાવે તે sensation ને અનુભવે છે. અહીં બન્ને પક્ષે નિર્દોષતા છે પણ તે વસ્તુ સારી નથી. એકવાર એમ નો માર્ગ ઉઘડયા પછી તે બંધ થવો આકરો છે. બાળક પોતાની શરૂઆતની ચળમાંથી આગળ જતાં હસ્તદોષ તરફ અને ત્યાંથી અંદર અંદરના સૃષ્ટિ વિરૂદ્ધ કર્મમાં જાય છે.

નાનાં બાળકોને જોવાની કુરસદ લેનાર- અને તેમની વચ્ચે જે કૃત્યો થતાં હોય છે તે જોઇ તે શું થાય છે તે શોધવા માટે ધીરજ રાખનારાઓ જાણે છે કે છેક નાના બાળકોમાં પણ એકજાતીય ધર્ષણના પ્રકારો જોવામાં આવે છે. એકજાતીય કે વિજાતિય બાળકો માબાપો જેમ વર્તન કરતા જોવામાં આ-યાં છે. બાળકો આવું કયાંથી

શીખતાં હશે તે આપણે માબાપ જ કહી શકીએ. જેઓ વાણીથી કે આવી ક્રિયાથી આમાં કશું સમજી શકતાં નથી તેવાં પાંચ અને ચાર વર્ષનાં બાળકો આવું વર્તન કરે છે ત્યારે આપણે પોતાનાં યોગ્ય વ્યવહારમાં બાળકોના હિતની દૃષ્ટિએ કેટલાંબધાં ગાફલ છીએ તે સમજી શકાય છે. માબાપો પોતાનાં દેહદેહના સુખો વધારે સંભાળથી અને સંયમથી કરે એમા બાળકોનુ જ હિત રહેલું છે એટલે એ વિષે ક્રોધને કશું સમજાવવાપણું નથી જ રહેતું. આપણે એમ માનીએ છીએ કે બાળકો એમાં શું સમજે? બાળકો હજી એવું કશું સમજવા શક્તિમાન નથી. પરન્તુ બાળકોને આંખ છે કાન છે અને સૌથી વધારે મન છે. આ સર્વ ઉપર આપણું વાતાવરણ અને આપણું વર્તન છપાયાં જ જાય છે. બાળક મોટું થાય છે તેની સાથે જ જેમ ઝાડનાં પાંદડાં પ્રુટતાં જાય છે તેમ આ છાપો બહાર આવી ક્રિયારૂપે દેખાય છે. પછી આપણે આપણા જ કૃત્યનાં ફળોને જોરથી દાબી દેવા બાળકને મારીએ છીએ, વઢીએ છીએ, આડોશી પાડોશીનાં બાળકો ખરાબ થઇ ગયાં એમ કહીએ છીએ અને દુનિયા બગડતી ચાલે છે એવો આરોપ મૂકીએ છીએ. આપણે આપણી ભૂલ ને શોધીએ.

વિકારવશપણું એ માત્ર શારીરિક વસ્તુ નથી. એ શરીર મન ઉભયની છે. એટલે માબાપની જેટલી માનસિક પ્રકૃતિ સ્વસ્થ તેટલું બાળકનું માનસ આવી બાબતમાં નિરોગી એ વાત કદી પણ આપણા લક્ષમાંથી બહાર જાય નહિ.

બાળકોમાં જીજ્ઞાસાવૃતિ ખૂબ હોય છે. તેમનાથી ન સમજાય તેવું કદાચ તેઓ જોઇ જાય છે તો તેઓ તે બાબતમાં વધારેને વધારે ઉંડા જાય છે. ઘણીવાર બાળકની આવી જીજ્ઞાસાને શેરીના વાતાવરણમાંથી વિકૃત એવું પોષણ મળે છે. તેઓ કંઇક સમજે છે કંઇક નથી સમજતાં છતાં માબાપોમાં આમ હશે ને તેમ હશે એવી કલ્પના ઉપર ચડે છે ને તેવું કરવાનો પ્રયત્ન કરે છે.

ઉપચારની દૃષ્ટિએ બાળકો ઉપર જાગતિ આંખ આવશ્યક બાબત છે. ડામચીઓ, પડદો, બાટલા પાછળ ઘોલકી એ બધાં સ્થળો અવળે રસ્તે ચડી ગયેલાં બાળકો માટે વધારે બગાડનારાં છે. મા કે બાપ કહે છે 'ત્યાં શું કરો છો ?' છોકરાં કહેશે 'એતો રમીએ છીએ.' બસ ત્યાં વાત પતી જાય છે, પણ બાળકો આપણને શરમાવે અને પોતાને નુકસાન કરે તેવું કરે છે તે તપાસીને જોઇશું તો જણાશે. બાળકો માટે એલાયદી જગા હોય તેમના મિત્રો સાથે તેઓ

ક્રમે એવું સ્થળ હોય પણ તે આપણી આંખથી કેવળ અદીઠ ન જોઇએ. કેટલાંએક માબાપો બાળકો માટે ખાસ એારડો Nursery પસંદ કરે છે. હું તેને પસંદ ન કરું. ભાઇબેનો કે નજીકના સંબન્ધના કાકા દાદાના કે મામા માસીનાં છોકરાં પણ આવી એકાન્ત જગામાં ભૂંડા ચાળા કરતાં શીખ્યાના દાખલાએા મારા જાણવામાં છે. બરેબર ઉપચાર કરવાનો આપણો વિચાર જ હોય તો આપણે આપણાં બાળકોમાં આવી બાબત આવે જ નહિ એવું માનવાની ભૂલ કદી પણ ન કરવી. એ તો અનેક કારણોથી આવી જાય છે. ઘણા માબાપો પોતાનાં બાળકો સંબન્ધેના કુલક્ષણો સ્વીકારતાં જ નથી. મોટે ભાગે માબાપો પોતાનાં બાળકોને કેવળ નિર્મળ અને અણસમજુ જ માને છે. કોઇ એવી વાત કરે તો તેની સાથે લડે છે. પોતે એ વાત પોતાની જાત સાથે પણ કબુલ કરવા નારાજ હોય છે. તેથી તેઓ નજરે નજરની વાતને પણ બીજાને માથે ઢોળી નાખે છે અથવા તો ગમે તેવો ખોટો ખુલાસો કરી લે છે. પણ બરો રોગ આપણામાં છે. બરી ભૂલ કે બેદરકારી આપણી છે. સૌ પોતપોતાનો દોષ કાઢે અને સૌ પોતપોતાનાં બાળકો અને જાત માટે દરકાર રાખતાં થઇ જાય

તો ક્રોધને ક્રોધનો વાંક કાઢવાનું નહિ રહે. આપણે મનુષ્ય છીએ, નિર્બળતા વિનાના નથી, સંસારી છીએ, આપણું બાળપણ ભૂલોથી ભરેલું છે એ બધું આપણે કબૂલ કરીએ તો આપણને બાળકોના દોષો સાંભળતાં કે જોતાં જે કંપારી આવવાની ટેવ પડેલી છે તે છૂટી જશે ને આપણે આપણાં બાળકોનું હિત વધારે સારી રીતે સાધી શકીશું.

હું એવા માબાપોને જાણું છું કે જેઓ પોતે જ અનેક દોષો વાળું બાળપણ જીવ્યા હોવાથી તેમને તેમના બાળબચ્ચાંઓની ખૂબ ચિંતા છે. પણ એકલી ચિંતાથી કશો લાભ ન થાય. બાળકો ઉપર તેવાં માબાપો સખ્ત કાબુ રાખે છે ને બંદીવાન જેમ તેમની હિલચાલ તપાસે છે. તેમની સૂચક પ્રશ્નોથી તપાસણી કર્યા કરે છે ને તેમના જીવનના સામાન્ય હક્કોની ઉપર વિના દલિલે કે વિના સમજાવટે તરાપ મારે છે. આમ કરવાથી ઉલટું બાળક ચોર થશે. તેણે માબાપને છેતરવાનું અને લાગ આવે ત્યારે ભાગવાનું જ રહ્યું.

પોતાનાં બાળકો માટે અતિ ઉંચો અભિપ્રાય ધરાવનારાં માબાપો ઘણીવારે છેતરાય છે. મોટાં માણસોમાં આ ટેવ છે: તેમના અભિપ્રાયની ઓટો પાડી તેમનું અભિમાન ખંડિત કરનાર તેમની આસ-

પાસ કોઇ નં હોવાથી તેમનાં છોકરાં વધારે બદ્દેલીમાં પડે છે. આવાં માબાપો, કહેવાતાં મોટા માણસોનાં છોકરાં સારાં જ હોય એવું અનુમાન કરી તેવાં છોકરાંને એકઠાં થવા દેવાની, રમવાની વગેરે જાતની શ્રીમન્તાઇને છાજે તેવી અનુકૂળતા કરી આપવાની સાથે જ કુટેવોની અનુકૂળતા કરી આપે છે. તેઓ ઘણીવાર બાળકો સંબન્ધેના વિચારો કરવા કે તેમની કાળજી લેવાં નવરા જ હોતા નથી તેથી બાળકો પોતાની નવરાશનો ઠીક દુરુપયોગ કરે છે.

માબાપોએ આ બધી ઝીણી ઝીણી બાબતો ધ્યાન પર લેવી ઘટે છે.

બાળકો આપણી સાથે કેમ ગેલ કરે, રમે વગેરે બાબત પણ આપણે સમજી લેવી ઘટે છે. આપણે તેને ભીંસીને કે દાબીને રમાડીએ કે એ પગ વચ્ચે દાબી દઇને રમાડવાનો કે હસાવવાનો આનંદ લઇએ, કે તેને ચુંબનોથી નવરાવ્યા કરીએ તે બધું વિકારી છે કે અવિકારી તે આપણે આપણી જાતને અને આપણા આવેશોને ઓળખતા હોઇએ તો જાણી શકાએ અને તેવું પણ જે બાળકમાં વિકારી પણું દાખલ કરે છે એમ માનીએ તો તેમ કરતાં અટકીએ. કારણ કે બાળક જે સ્થૂળ ક્રિયાઓ કરે છે તેનું મૂળ તો સૂક્ષ્મમાં છે ને તે મૂળને

પોષણ આપનારાં આવાં વાતાવરણનાં, સોબતના, આપણાં સ્પર્શના, આપણા વિચાર અને વર્તનની હેવાનાં સાધનો છે. બાળકોને નિર્મલ રાખવા નિષધાત્મક ઉપચાર તરીકે આપણે આ બધી બાબતનો વિચાર કરીએ.

ચળ આવતી હોય તેવાં અર્થાત્ ખોટાં ચાળા કે ક્રિયા કરનારાં બાળકોને રસ્તે લાવવાનું કામ અઘરૂં છે છતાં તે સાધ્ય છે. ઉપર કહ્યા ઉપચારો ઉપરાંત એક વિશેષ અને અતિમહત્વનો ઉપચાર બાળકોને પ્રવૃત્તિ આપવાનો છે. ઉદ્યોગી મનુષ્યમાં કળજુગને પેસવું અઘરૂં છે. આળસ સેતાનનો દરવાજો છે. બાળકોને સદૈવ તંદુરસ્ત પ્રવૃત્તિ જોઇએ. તે ન મળે તો તેઓ નીચે ઉતરી હલકી ક્રિયાઓ કરે છે. બાળ પ્રવૃત્તિઓમાં ક્રિયાત્મક એટલે કંઇપણ કરવું, રચવું, બનાવવું, ઉત્પન્ન કરવું એવી પ્રવૃત્તિઓ સૌથી સારી છે.

માટીના રમકડાં કરવાં, ગારાનાં ઘર બનાવવાં, રેતીના કુબા કરવા, ખાડા ગાળવા, બાગ કરવો વગેરે આ જાતની પ્રવૃત્તિઓ બાળક ખૂબ કરે તે માટે પ્રબંધ કરવો. બાળક મોટું થતું જાય એમ સંગીત, ચિત્ર, શીવણ, રાંધણ, કાંતવું, વગેરે જાતના હાથઉદ્યોગો આપવા જોઇએ. બીજી જાતનો પ્રકાર છે ને તે પણ

ઉત્તમ કોટીનો છે. મરદાનગીની રમતો, તેમજ ઝાડે ચડવું, દોડવું, કુદવું, લપસવું, દોરડાં ટપવાં, અખાડાની ધોડીએ રમવું એ રમતો બાળકને તંદુરસ્ત પ્રવૃત્તિ આપે છે ને બાળક સવળે રસ્તે ચડે છે. આડે ચડી ગએલ બાળકને લખવું, વાંચવું કે ગણિતનું બૌદ્ધિક કામ પણ ઉપકારક છે. પરન્તુ રમકડાંથી રમવું, તરંગી રમતો રમવું. માત્ર Idle talks કરવી, પડ્યા રહેવું એ બધું તેની કુટેવોને જાગૃત કરનારું છે. ટેવોને વધારનારું છે. પ્રવૃત્તિ પછીનો આરામ એ આળસ નથી એ કહેવાની જરૂર નથી જ.

આમ આપણે જોયું કે શરુઆતમાં બાળકોચળનો ભોગ થઇ પડતાં આગળ જતાં તેઓ વધારે ગંદી ને પતનગામી ટેવોમાં સપડાઇ ન પડે તે મા આપણે શું કરી શકીએ.

શાળાઓમાં આબ્દી વધે નહિ તે બાબતમાં શાળાના સંચાલકો નજર રાખે. સ્વતંત્ર શાળાઓ કે જ્યાં બાળકો છૂટથી ગમે ત્યાં હરેફરે છે કે જાત જાતની પ્રવૃત્તિઓ કરે છે ત્યાં શિક્ષકે જોવાનું જ કે બાળકની પ્રવૃત્તિનો પ્રકાર કેવો છે. તેને લાગે કે તેની પ્રવૃતિનું સ્વરૂપ અનિષ્ટ છે તો તે જરૂર રોકે જ. દરેક શાળાનો નિયમ એજ હોવો જોઇએ કે બાળક

પ્રવૃત્ત રહે, તંદુરસ્ત ક્રિયામાં પ્રવૃત્ત રહે, બળ આપે તેવી ક્રિયમાં, સર્જનાત્મક ક્રિયામાં પ્રવૃત્ત રહે.

બાળકો આપણું પરમ ધન છે. આપણો કિમતી વારસો ભાવિ પેઢી છે. એ માટે આપણે પહેલેથી જ ચિંતા રાખીને ચાલીએ. ન આપણે આવા વિચારો ચર્ચતા કંપીએ કે શરમાઇએ, ન આપણે એમાં શરમ ભરેલું ગણી તેનાથી જાતને અને બાળકને ઉપરથી ધોળા અસ્તરથી ઢાંકીને સડ્યા કરીએ અને બાળકને સડવાને માર્ગ લઇ જઇએ. આપણા જ હિતની દૃષ્ટિએ આ પ્રશ્નને હાથમાં લઇએ અને આપણામાં અને બાળદુનિયામાં જેટલી બને તેટલી સ્વચ્છતા આણવા મહેનત કરીએ.

ગિજુભાઇ